
# વિચારમંથન

ગુણવંત બરવળિયા



# વિચારમંથન

: લેખક :

ગુણવંત બરવળિયા

**નવભારત સાહિત્ય મંદિર**
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ – ૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧
૨૦૧, પેલીકન હાઉસ, નટરાજ ટોકીઝ પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૬
E-mail : navbharat@icenet.net
Visit us at : www.navbharatonline.com

Vichar Manthan
by **Gunvant Barvalia**
**Published by** Navbharat Sahitya Mandir,
Ahmedabad-1 & Mumbai-2
E-mail : navbharat@icenet.net
Visit us at : www.navbharatonline.com

© MRS (DR) M. G. BARVALIA

**પ્રથમ આવૃત્તિ :** ઓક્ટોબર, ૨૦૦૩

**મૂલ્ય : રૂ. ૧૨૫-૦૦**

**પ્રકાશક :**
**અશોક ધનજીભાઈ શાહ**
**નવભારત સાહિત્ય મંદિર**
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ – ૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધી રોડ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૧
૨૦૧, પેલીકન હાઉસ,
નટરાજ ટોકીઝ પાસે, આશ્રમ રોડ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૬

**ટાઈપસેટિંગ :**
**ઈનોવેટિવ પ્રિન્ટ ઍન્ડ પૅક**
કચરિયા પોળ, બાલાહનુમાન,
ગાંધી રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧
ફોન : ૨૧૩૭૯૫૭, ૨૧૭૧૯૪૮

**મુદ્રક :**
**યુનિક ઑફસેટ**
એન. આર. એસ્ટેટ, તાવડીપુરા,
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

અનુક્રમણિકા

# વિચારમંથન


| | | |
|---|---|---|
| ૧. | વિચારમંથન | ૭ |
| ૨. | કિંમત અને મૂલ્ય | ૧૨ |
| ૩. | સમ્યક્ શ્રદ્ધા ધર્મનો પાયો છે | ૧૬ |
| ૪. | ચેતનાનું જાગરણ | ૨૦ |
| ૫. | અવિદ્યાવાન પુરુષોની સંગત કદી કરવી નહીં | ૨૨ |
| ૬. | સંતનું સાન્નિધ્ય, સુગંધ પર્વ | ૨૯ |
| ૭. | નારી ગૌરવને ઉજાગર કરવાની ભાવના | ૩૨ |
| ૮. | શ્રધ્ધાવાન સાધક સહરાના રણ જેવા કઠીન માર્ગને સંયમ બાગમાં પલટાવી શકે | ૩૫ |
| ૯. | ઉપભોક્તાવાદથી ઉપયોગની સંસ્કૃતિ તરફ | ૪૩ |
| ૧૦. | ક્રોધ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે | ૪૯ |
| ૧૧. | વિશ્વવ્યાપી સ્વયંસંચાલિત અદ્દ્ભુત ન્યાયતંત્ર | ૫૫ |
| ૧૨. | અગ્નિકુંડમાંથી બચેલી કળીનો ક્ષમાભાવ | ૬૨ |
| ૧૩. | મદથી વિવેકચક્ષુનો નાશ થાય છે | ૬૪ |
| ૧૪. | દીવાળી પર્વને સાંકળતી કથાનો સંકેત | ૬૯ |
| ૧૫. | અનુભૂતિની શિક્ષા જ ઉચ્ચત્તમ શિક્ષા છે | ૭૪ |
| ૧૬. | શાકાહારીઓ માટે સમય ચિંતન | ૭૮ |
| ૧૭. | સર્વધર્મસમભાવ : ભારતની ભૂમિને ધર્મ અને આધ્યાત્મિકતાનું પિયર ગણવામાં આવે છે ! | ૮૩ |
| ૧૮. | પ્રવૃત્તિઓ ઘણી બદલી, હવે વૃત્તિને બદલીએ ! | ૯૩ |
| ૧૯. | પ્રકૃતિ અને ઋતુની નિંદા કદી કરવી નહીં | ૯૭ |

| | | |
|---|---|---|
| ૨૦. | જ્ઞાન એ અંધારામાં પડેલા આત્માને ઓળખવાનો દીવો છે | ૧૦૧ |
| ૨૧. | દસમી પંચવર્ષીય યોજનાનું સૂત્ર જય કિસાન કે જય કસાઇ ? | ૧૦૮ |
| ૨૨. | લોકમાતા ગંગામૈયા : જળ એક જીવન | ૧૧૧ |
| ૨૩. | મા તારું વેણ વેણ વરદાન ! | ૧૧૬ |
| ૨૪. | સદ્‌ગુરુ : સંસ્કૃતિનો આધાર સ્થંભ | ૧૨૨ |
| ૨૫. | વિશ્વચેતનાના પાયામાં કામધેનું | ૧૨૭ |
| ૨૬. | સમગ્ર જીવસૃષ્ટિને જીવાડી રાખવાની તાકાત મા ધરતી પાસે છે | ૧૩૦ |
| ૨૭. | અનાસક્તિના માર્ગે મુક્તિની યાત્રા : આસક્તિનાં વાદળો કેવળજ્ઞાનના સૂર્યને ઢાંકી દે છે | ૧૩૩ |
| ૨૮. | અનાસક્તિના માર્ગે મુક્તિની યાત્રા : આસક્તિ વિના જીવે તે સંસારમાં રહેવા છતાં સંન્યાસી છે | ૧૩૭ |
| ૨૯. | અનાસક્તિના માર્ગે મુક્તિની યાત્રા : જેણે સ્વાદ જીત્યો તેણે જગત જીત્યું. | ૧૪૦ |
| ૩૦. | 'સ્વ'ની સાથેનો થોડો પરિચય ઘણું આપી દે છે | ૧૪૩ |
| ૩૧. | અંધાપો : કર્મબંધનું મુખ્ય કારણ મિથ્યાત્વ છે. | ૧૪૬ |
| ૩૨. | પ્રાયશ્ચિત કે પારિતોષિક | ૧૪૯ |
| ૩૩. | એકદંડિયા મહેલમાં નિવાસ કરતો માણસ | ૧૫૧ |
| ૩૪. | આદર્શ શ્રોતાનું ઉપનિષદ | ૧૫૪ |
| ૩૫. | ભારતીય સંસ્કૃતિ પર ધર્માંતરણનું આક્રમણ | ૧૬૧ |
| ૩૬. | ગાંધીજીના જીવન ઉપર જૈનધર્મનો પ્રભાવ હતો | ૧૬૬ |
| ૩૭. | સાહિત્ય અને કલાના સર્જનનો ઉદ્દેશ શુભતત્ત્વોનાં દર્શન હોય તો જ સાર્થક | ૧૭૦ |
| ૩૮. | સરળતા જ જીવન સૌંદર્ય | ૧૭૫ |
| ૩૯. | દર્પણ તૂલ્ય બનવાનો પુરુષાર્થ કરીએ | ૧૭૯ |
| ૪૦. | દર્શનસાહિત્યમાં આત્મચિંતન | |

## લેખકનું નિવેદન

પરમ ઉપકારી સંતોની અધ્યાત્મ સભર સંતવાણી, સ્વાધ્યાય, પ્રવચન, આદિ. સાંભળવાનો અવસર પ્રાપ્ત થયો ત્યાર પછી, હૃદયમાં ઉઠેલા ભાવોને કલમ દ્વારા ચિંતન મનન રૂપે રજૂ કરવાનો અવસર મળ્યો. કોઇ મર્મસ્પર્શી પ્રસંગ વાચવામાં આવ્યો અને પછીના વિચાર મંથન દ્વારા કંઇક લખવાની પ્રેરણા મળી આમ આ લખાણોની શ્રૃંખલા રચાણી.

આ બધાં લખાણો મારી સાધના કે વિદ્વતાભર્યા જ્ઞાનથી લખાયેલા નથી આ લખાણો સંતસમાગમ અને વિદ્વતવર્યોના સંબંધો ની નીપજ છે. વિદ્વતજનો ને ગુરુભગવંતોના પ્રવચનો સાંભળીને અને સ્વાધ્યાય દ્વારા જે કાંઇ જાણ્યું તેને મારી રીતે આ લેખો દ્વારા રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. જેમા મારા નિજી સંવેદનો અને નિરિક્ષણો નું આલેખન થયેલું જણાશે.

પ્રસ્તુત ગ્રંથમાં ધર્મ, અધ્યાત્મ, સંસ્કૃતિ વગેરે વિષયક મારા લેખો ગ્રંથસ્થ કર્યા છે. તે છેલ્લા પંદરેક વર્ષ દરમ્યાન લખાયેલા છે.

આ બધા લખાણો 'મુંબઇ સમાચાર', 'જન્મભૂમિ', 'કાઠિયાવાડી જૈન', 'જૈન પ્રકાશ', 'જાગૃતિ સંદેશ', 'જૈન સૌરભ', 'ધર્મધારા', 'શાસન પ્રગતિ', 'વડલો વિહાર', 'પરમાર્થ' વ. વર્તમાન પત્રો અને સામયિકોમાં પ્રગટ થયેલા છે.

આ લખાણોની પ્રેરણા માટે અનેક ગુરુભગવંતો અને સતીજીઓ મારા ઉપકારી છે. પૂ. બાપજી સ્વામીના શિષ્યા પૂ. ડૉ. તરુલતાજી વિદ્યાગુરુ નવલભાઇ જોષી, વિદ્વાન મુરબ્બી ડૉ. જયંત મહેતા, રમણીકભાઇ શેઠ, પન્નાલાલ શાહ અને ડૉ. રસિકભાઇ મહેતાનો હું આભારી છું.

મારા ધર્મ પત્ની ડૉ. મધુબહેન બરવાળિયા પુત્રીઓ અમીષા, નિલેષા, શૈલેષી અને પુત્ર ચિંતને મારા આ કાર્યમાં હંમેશા સહયોગ આપ્યો છે. કૉમ્પ્યુટર ટાઇપ સેટીંગ માટે વિધાતા આર્ટસના ધ્રુવ અજમેરા નો આભાર.

'વિચારમંથન' નું પ્રકાશન કરવા બદલ નવભારત સાહિત્ય મંદિરના શ્રી અશોકભાઇ શ્રી મહેન્દ્રભાઇ તથા મુરબ્બી શ્રી ધનજીભાઇનો આભાર માનું છું.

**– ગુણવંત બરવાળિયા**

૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન,
ઘાટકોપર (ઇ.), મુંબઈ - ૪૦૦ ૦૭૭.
ઓક્ટોબર-૨૦૦૩

## વિચારમંથન

ગુણવંત બરવાળિયા

સૃષ્ટિમાં અનંતા જીવો વિચરણ કરે છે. પરંતુ વિચારશક્તિ તો માત્ર માનવને જ મળી છે. તેથી વિચાર વિષે વિચાર કરવો જરૂરી છે. રોજબરોજના જીવનવ્યવહારમાં આપણે બોલીએ છીએ કે, વિચારીને કામ કરવું હતું ને? આમ વિચાર એ કોઇપણ કાર્યની પૂર્વભૂમિકા છે, જીવનના કોઇપણ કાર્યક્ષેત્રમાં વિચાર એ પ્રથમ ચરણ છે. વિચારથી ક્રાંતિ થાય છે. માનસપરિવર્તન અને માનવજીવનનું સમગ્ર પરિવર્તન પણ વિચારથી થાય છે.

પશ્ચિમની સંસ્કૃતિએ વિચારશૈલી પર ભાર આપ્યો. એમણે વિચારશાસ્ત્રને Philosophyનું નામ આપ્યું. જેમાં તર્ક અને વિશ્લેષણ છે. પશ્ચિમનું વિચારશાસ્ત્ર જ્યાં પૂરું થાય છે ત્યાંથી પૂર્વનું દર્શન આગળ વધે છે. ભારતીય ચિંતકોને અનુભવ થયો કે કેટલાંક સત્યો માત્ર વિચારવાથી પામી શકાતાં નથી, પરંતુ કોઇપણ સત્યને, તથ્યને પામવા તેના વિચારનું દોહન, ચિંતન, મનન અને મંથન કરવું પડે છે, તો જ એ વિચાર આત્મસાત થાય છે. સત્ય પામી શકાય છે. આધ્યાત્મિક પરિભાષામાં તેને આપણે સાક્ષાત્કાર પણ કહી શકીએ.

જે વિચાર ચિંતનસભર બને એ વિચારમંથનમાંથી દર્શન પ્રગટે, તે જ વિચારશાસ્ત્ર બને અને એ વિચાર જ અમર બની જાય છે. શાસ્ત્રની વાત માટે દૂરના ઇતિહાસમાં જવાની જરૂર નથી. નજીકના ભૂતકાળમાં નજર કરીશું તો જણાશે કે યુગપુરુષ શ્રીમદ્‌રાજચંદ્રએ 'આત્મસિદ્ધિ' નામનો કાવ્યગ્રંથ લખ્યો, જેમાં તેમના વિચારમંથન પછી આત્માનાં રહસ્યો પામવાનું નવનીત પ્રગટયું અને તેથી જ એ કાવ્ય 'આત્મસિદ્ધિ શાસ્ત્રરૂપે' અમર બની ગયું.

તત્ત્વચિંતક ઓશોએ અનુભૂતિને વિચારમંથનની સફળતા દર્શાવતાં એક સુંદર વાત કહી છે. એક સર્જકે પ્રેમ વિશે વિચારીને સો પ્રેમ કાવ્યો લખ્યાં, પાંચસાત પુસ્તકો લખ્યાં, પ્રેમ વિશે તેને કોઇ પૂછે તો તે વિષયમાં એક સુંદર ભાષણ પણ આપી શકે પરંતુ, તેણે કદી પ્રેમ નહોતો કર્યો.

જ્યારે ખરો પ્રેમી તો પ્રેમમાં જીવે છે. પ્રેમની સતત અનુભૂતિ કરે છે, શક્ય છે કે તેણે પ્રેમ વિશે એક પંક્તિ પણ ન લખી હોય, તેનો પ્રેમ ન બોલી શકે. એમની આંખો બંધ થઇ જાય અને આંસુનું એક બિંદુ ટપકી પડે. રજનીશજી કહે છે કે સમગ્ર પ્રેમકોષ કરતાં પ્રેમની અનુભૂતિના સાગરમાંથી મળેલા મોતી જેવા એ અશ્રુબિંદુનું મૂલ્ય ખૂબજ ઊંચું છે.

મૌન એ વિચારનું કવચ છે. ચિંતનની પ્રાથમિક અવસ્થાની પ્રક્રિયામાં મૌનનું કવચ મળે તો વિચારનો વિકાસ થાય. મહાવીરની મૌનસાધના આ વાતની સાક્ષી પૂરે છે. સાડાબાર વર્ષ પૂર્વ શરૂ થયેલી શુભ વિચારધારાની તેઓની મૌનસાધના, ઋજુવાલિકા નદીને કિનારે, જેવી ચિંતનની શુદ્ધ વિચારધારામાં પરિણમી અને તેમના જીવનમાં કેવળજ્ઞાનના સૂર્યનો અભ્યુદય થયો અને મૌન પછી પ્રગટેલી તેમની વાણી મંત્ર બની ગઇ.

ચિંતક શ્રી હરિભાઇ કોઠારીએ ૧૭ અક્ષરની એક હાઇકુ કવિતામાં બહુ જ માર્મિક વાત કહી છે:

**મનમાં રામ**
**ને મનમાં રાવણ**
**રામને સીંચો !**

પ્રત્યેક માનવીના મનમાં રામનામના શુભ વિચારોની એક વેલ ઊગે છે અને રાવણ જેવા દુષ્ટ વિચારોની પણ વેલ ઊગે છે. કવિએ અહીં શુભચિંતનને પોષવાની, સદ્‌વિચારની વેલને ઉછેરવાની વાત કહી છે.

દાર્શનિક અપેક્ષાએ વિચારને એક યોગ ગણી શકાય. મન, વચન અને કાયાના યોગમાં મનને પ્રથમ યોગ કહ્યો છે. મૃત્યુ સમયે વિચારના પરિણમન ઉપર જીવની ભવિષ્યની ગતિ નક્કી થાય છે તે સંદર્ભે એક સુંદર વાતઃ

એકવાર રાજા શ્રેણિક, ભગવાન મહાવીરના દર્શન કરવા જઇ રહ્યા હતાં. રસ્તામાં તેણે સૌમ્યમુદ્રામાં શાંતિથી ધ્યાન કરી રહેલા મુનિને ઉભેલા જોયા.

શ્રેણિક મહારાજાએ ભગવાનને વંદન કરી પૂછયું કે, નજીકમાં જ એક મુનિ ધ્યાન કરી રહેલ છે. તેમનું આ ક્ષણે મૃત્યુ થાય તો તે કઇ ગતિમાં જાય ? પ્રભુએ તેમને જવાબ આપ્યો કે તે નર્કમાં જાય! થોડી ક્ષણોના વિચાર પછી શ્રેણિક આશ્ચર્ય વ્યકત કરે છે, આનું શું કારણ હોઇ શકે ? ત્યારે પ્રભુ કહે છે કે, હવે આ ક્ષણે તે મૃત્યુ પામે તો તે સ્વર્ગમાં જાય. થોડીવારમાં દેવદુંદુંભિનો દિવ્યધ્વનિ સંભળાય છે, જિજ્ઞાસુ શ્રેણિક રાજા પ્રભુને કારણ પૂછતાં તેઓ જણાવે છે કે આપ જે મુનિ વિશે જાણવા ઉત્સુક છો તે જ સાધક મુનિને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ ચૂકી છે. દેવો તેનું સ્વાગત દુંદુંભિના દિવ્ય ધ્વનિ અને પુષ્પવૃષ્ટિથી કરી રહ્યાં છે. ઘટસ્ફોટ કરતાં વીરપ્રભુ કહે છે કે, પૂર્વાશ્રમના 'પ્રસન્નચંદ્ર રાજર્ષિ' તે આ સાધક છે. નાની ઉંમરના પુત્રને રાજ્ય સોંપી, સર્વે ત્યાગી તેઓ દીક્ષિત થયાં છે. તેમને સમાચાર મળે છે કે બીજા રાજાએ તેના રાજ્ય પર ચડાઇ કરી છે. જ્યારે ધ્યાનસ્થ અવસ્થામાં બેઠેલા મુનિ શાંત લાગતા હતાં ત્યારે તેનું મન અશાંત હતું, મન વિચલિત થતાં તે રૌદ્ર ધ્યાનમાં વિચાર કરવા લાગે છે કે, હું મુનિને બદલે રાજા હોત તો દુશ્મનોને મરણને શરણ કરી પરાજ્ય આપત. આવા રૌદ્રધ્યાનના વિચારો માનવીને નર્કનાં દ્વાર તરફ લઇ જાય. પરંતુ મુનિ વિચારે છે કે, હું હવે રાજા નથી મુનિ છું. મુનિને માટે કોઇ વેરી ન હોઇ શકે. જગત આખું મારું મિત્ર છે. મૈત્રીના શુભ વિચારો જીવાત્માને સ્વર્ગ તરફ લઇ જાય. મુનિની કલ્યાણ અને શુભચિંતનની વિચારધારા શુદ્ધ વિચારધારામાં પરિણમી જેનાથી કર્મનિર્જરા થઇ, જે કેવળજ્ઞાનનું કારણ બની તે જીવને મોક્ષ તરફ લઇ ગઇ.

આમ મૃત્યુસમયે, અંતિમ વિદાયવેળાએ વિચાર બગડવાથી ભવપરંપરા દુર્ગતિ તરફ લઇ જાય અને શુભ વિચારો સમાધિમરણમાં સહાયક બની જીવનને સદ્ગતિ તરફ લઇ જાય માટે જ શુભચિંતનને ચિંતામણિ કહ્યું છે.

વૈચારિક સંકલ્પબળ દ્વારા માથા પર હાથ મૂકીને કોઇને પણ ભસ્મ કરનાર ભસ્માસૂર પોતાના હાથે જ મૃત્યુ પામ્યો હતો. દુર્વાસાએ અંબરીષને મારવા ઉત્પન્ન

કરેલી હત્યાને અંબરીષની કલ્યાણકારી દ્રષ્ટિવાળું સુદર્શન ચક્ર ખાઇ ગયું તેટલું જ નહિ પરંતુ દુર્વાસાએ ઉત્પન્ન કરેલ દુર્ભાવ (ક્રોધ વિચાર) તેને જ ગ્રસવા દોડયો હતો. મહાવીર પર તેજોલેશ્યા ફેંકનાર ગોશાલક પોતાની જ લેશ્યાનો ભોગ બન્યો હતો પરંતુ ક્ષમામૂર્તિ મહાવીરે તેને ઉગારી લીધો હતો. આમ અશુભ સંકલ્પ મનુષ્યને પોતાને જ સર્વ પ્રથમ હાનિ કરે છે.

શીલધર્મનું પાલન કરનાર શેઠ સુદર્શન પર ચારિત્ર્યભ્રષ્ટતાનું ખોટું આળ ચઢાવવામાં આવ્યું. શૂળી પર ચડાવવામાં આવેલ શેઠે પંચપરમેષ્ટિના નામસ્મરણ સાથે શુભ સંકલ્પ કર્યો શૂળી નહિ પરંતુ સિંહાસન પર બેઠા હોય તેવી અનુભૂતિ થઇ અને સત્યનો વિજય થયો. પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રીભાવની દ્રષ્ટિવાળા અમરકુમારને વિંટળાયેલો સાપ શુભ સંકલ્પને કારણે ફૂલની માળા સમાન લાગે છે. સાપ તેનું કશું જ નુકસાન નથી કરતો. આ વાતો માત્ર દંતકથા નથી પરંતુ શુભ વિચારધારા કે શુભ સંકલ્પ દ્વારા સૌનું કલ્યાણ થાય છે તેની પ્રતીતિ કરાવે છે.

આધુનિક વિજ્ઞાને તો વ્યક્તિના વિચારનો ફોટોગ્રાફ લેવાનું કાર્ય કર્યું છે. અનિયમિત આકાર અને ઝાંખા ઘેરા રંગોના વાદળોના ફોટાએ મનના વિવિધ મનોભાવો પ્રગટ કરે છે. લંડનમાં ડૉ. બુનર, ડૉ.બરાડકે આ અંગે ઘણું સંશોધન કર્યું છે. શુભાશુભ વિચારોને સમજવા માટે જૈનધર્મની લેશ્યાનું વર્ગીકરણ પણ ખૂબજ ઉપયોગી થશે.

સમયના સાંપ્રતપ્રવાહમાં Positive thinking ની વિચારણા ખૂબજ અગત્યની કહી શકાય. Positive thinking એટલે પ્રશાંત અને વિધેયાત્મક વિચાર. રશિયામાં ડોકટર પોઝીટીવ થીંકિંગ દ્વારા અસાધ્ય રોગો મટાડે છે.

પરદેશમાં કેટલાંક સંશોધકોએ એક એવા ઝેરી પદાર્થની શોધ કરી કે તે ઇન્જેકશન દ્વારા આપવામાં આવતા અસહ્યવેદના અને તરફડાટ પછી મૃત્યુ મળે. એક કેદી કે જેને ફાંસીની સજા મળી હતી તેને આ સંશોધકોએ વિનંતી કરી કે આમેય તારે તો મરવાનું જ છે. અમે અમારા સંશોધનનો પ્રયોગ તારા પર કરવા માગીએ છીએ. કેદીએ વિચાર્યું કે હું મરવાનો તો છું જ. મરતાં મરતાંય હું કોઇને કામ આવતો હોઉં તો

થોડી પીડા વધુ સહન કરીશ. તે કેદીએ પ્રયોગ માટે સંશોધકોને સંમતિ આપી. સંશોધકોએ તે કેદીને કહ્યું કે અમે જે ઝેરનાં ઇંજેક્શનનો તારા પર પ્રયોગ કરવાના છીએ તેનો પહેલો પ્રયોગ તારી સામે જ આ બિલાડી પર કરીશું. તું તે જોઇ લે ! બિલાડીને ઝેરનું ઇન્જેક્શન આપવામાં આવતા બરાબર ૪૦ મિનિટ સુધી તે પીડા અને વેદનાથી તરફડી અને પછી મૃત્યુ પામી. કેદીએ આ ભયંકર દ્રશ્ય પોતાની આંખથી જોયું. આવી જ રીતે આવતીકાલે મારું મૃત્યુ થશે તેના સતત વિચારો કેદી કર્યા કરતો હતો.

બીજે દિવસે સવારે સંશોધકો આવ્યા, તેણે કેદીને ઇન્જેક્શન આપ્યું. થોડીવારમાં તે તરફડવા લાગ્યો. તેના મુખ પર અસહ્ય દર્દ, વેદના અને પીડા જણાતા હતાં. બરાબર ૪૫ મિનિટ પછી મૃત્યુ પામ્યો.

આશ્ચર્યની વાત તો એ છે કે તેને ઝેરનું નહીં પણ ફક્ત પાણીનું ઇન્જેક્શન આપવામાં આવ્યું હતું. છતાંય બિલાડી કરતાં વધુ પાંચ મિનિટ પીડા પામી તે કેમ મૃત્યુ પામ્યો ? કારણ સતત ૨૪ કલાક મૃત્યુના વિચારે તેને ભયભીત કરી દીધો હતો. તેની વિચારધારામાં સંપૂર્ણ ભયસંજ્ઞાનું પરિણમન થયું હતું અને તે જ તેના મૃત્યુનું કારણ હતું. આ ઉપરથી જણાશે કે, સાચા ઝેર કરતાં Negative thinking નકારાત્મક વિચારનું ઝેર વધુ ભયાનક છે.

વિચારમંથનની પરાકાષ્ઠા એટલે વિચારશૂન્યતા. વિચારશૂન્ય ક્ષણ અંતરમુખ થવા માટે કિંમતી પળ છે. તે સ્થિતિએ પહોંચવા માટે યોગ, પ્રેક્ષાધ્યાન અને વિપશ્યના સહાયક થાય છે.

વિચાર એક કલા છે, એક સાધના છે. આ સાધના દ્વારા અશુભ વિચારના મરણથી શુભ વિચારધારા પ્રતિ જઇ શકાય જે મંગળમય અને કલ્યાણકારી છે.

આપણને સર્વ દિશાઓથી શુભ વિચારો પ્રાપ્ત થાઓ એ જ ભાવના.

# કિંમત અને મૂલ્ય

ગુણવંત બરવાળિયા

રોજબરોજના જીવનવ્યવહારમાં આપણે કિંમત અને મૂલ્ય શબ્દોને અર્થશાસ્ત્ર અને એકાઉન્ટસની પરિભાષાના સંદર્ભે મૂલવતા હોઇએ છીએ. દા.ત. શેરબજારમાં બજાર ભાવને શેરની કિંમત ગણવામાં આવે છે અને જે કંપનીના શેર હોય તેની બુકવેલ્યુ (ચોપડા પ્રમાણેનું શેરનું મૂલ્યાંકન) એ શેરનું મૂલ્ય કહેવાય છે. બહુધા ક્ષેત્રમાં કિંમત તરફ જ આપણો ખ્યાલ જતો હોય છે. મૂલ્યને નહિવત મહત્ત્વ આપવામાં આવે છે. પરંતુ કોઇપણ ક્ષેત્રે મૂલ્યને લક્ષમાં રાખવાથી ફાયદો છે.

હોટલમાં કે કોઇ બૂફે પાર્ટીમાં આપણે સો રૂપિયાવાળી ડીશ જમીએ તો તેની ઊંચી કિંમત આપણે ગણાવીશું પરંતુ ઘરમાં માતા કે પત્ની થાળીમાં શાક - રોટલી પીરસી પ્રેમથી જમાડે તે અમૃતથાળ છે. તેની રૂપિયામાં કિમત કાંઇપણ હોય પરંતુ મૂલ્યમાં તે કિંમતથી કેટલાય ગણું ચઢિયાતું છે. આમ મૂલ્ય ખરેખર કિંમતથી પર છે. જેની આંકડામાં સરખામણી શકય નથી.

ઘોડિયાઘરો અને ઘરડાઘરોમાં કિંમત ચૂકવીને સેવા મેળવી શકાય છે. વાત્સલ્ય, હૂંફ અને જીવન માટેનો આત્મવિશ્વાસ મેળવી શકાતો નથી. એક અપેક્ષાએ વિચારીએ તો કિંમતમાં માત્ર ક્રિયા સમાવિષ્ટ છે અને મૂલ્યમાં ભાવ અભિપ્રેત છે.

થોડા સમય પહેલા એક જાહેરખબર વાંચેલી. આપના સ્વર્ગસ્થ વડીલ કે સ્વજનના અસ્થિફૂલોનું, શાસ્ત્રોકત વિધિથી, આપની ઇચ્છા પ્રમાણે ખૂબ જ વ્યાજબી કિંમત લઇ પવિત્ર નદીમાં અસ્થિવિસર્જન કરી આપશું. આ આપણી સમયની ખેંચ વાળી સંકુલ જીવનશૈલીનું પરિણામ છે. સ્વજનના અસ્થિફૂલ વિસર્જનનો પણ આપણે કોન્ટ્રેકટ કરીએ છીએ. ખૂબ જ દબદબા સાથે આપણી ઇચ્છાનુસાર એ લોકો આપણા સ્વજનના અસ્થિફૂલનું વિસર્જન કરી અને તે વિધિના ફોટોગ્રાફસ પણ આપણને મોકલાવે છે. અહીં મોટી કિંમત ચૂકવીને આપણે સાંત્વના, આત્મસંતોષ મેળવીએ છીએ પરંતુ વ્યકિત જાતે, પરિવાર કે મિત્રો સાથે નજીકની પવિત્રનદીમાં અસ્થિ વિસર્જન કરે તેનું પેલી મોટી કિંમત ચૂકવીને કરેલી વિધિ કરતાં ઘણું જ મોટું મૂલ્ય છે.

ત્યાં કિંમત ચૂકવી તેની સામે થઇ છે માત્ર ક્રિયા-વિધિ જ્યારે અહીં જાતે કાર્ય કરવાથી એ ક્રિયામાં ભાવ ભળ્યો એટલે એ ક્રિયા મૂલ્યવાન બની ગઇ, જે કોઇપણ કિંમતથી ઉપર છે. જોકે અસ્થિવિસર્જનની ક્રિયાથી મરનારના આત્માને શાંતિ મળશે જ એવું આધ્યાત્મિક સંદર્ભે માની શકાય નહિ. ભાવ વિનાની ક્રિયાનું કોઇ મૂલ્ય નથી. ભાવ એકડો છે અને ક્રિયા મીંડાં છે.

ઘરડા ઘરના એરકન્ડીશન રૂમમાં પરિચારિકાની શુશ્રુષા માણી જીવન જીવતા વૃદ્ધ કરતાં પોતાના દીકરાની ડબલ રૂમની ખાટ પર સૂતેલ વૃદ્ધ પોતાને વધુ સુખી ગણશે પરંતુ કિંમતના માપદંડ પ્રતિ ધસમસતો સમાજ મૂલ્યનો હ્રાસ કરી રહ્યો છે.

દેવાધિદેવ પ્રભુ મહાવીરના દીક્ષા સમયની વાત છે. વર્ષીદાનના વર્ષમાં પ્રભુ દાન દઇ રહ્યાં છે. સુવર્ણ, રત્નો અને ચાંદીનું દાન પ્રભુ દઇ રહ્યાં છે. પ્રભુએ પરિગ્રહનો પહાડ તોડી પાડયો છે. દાનગંગા વહી રહી છે. વર્ષીદાનનો આજે છેલ્લો દિવસ હતો. અસંખ્ય દરિદ્રનારાયણો વીર વર્ધમાન પાસે દાન લઇ રહ્યાં છે. નગરીમાં સોમશર્મા નામના બ્રાહ્મણનું ઘર છે. ધન કમાવા ગયેલ ગરીબ બ્રાહ્મણ, ધન વિના નિરાશ વદને આજે ઘરે પાછો ફરે છે. બ્રાહ્મણી વલોપાત કરે છે કે હાય ! આપણા નસીબ કેવા ફૂટેલા જ્યારે રાજા સમગ્ર લૂંટાવી રહ્યાં છે ત્યારે જ તમારે બહારગામ જવાનું થયું. રાજા જે માગે તે આપે છે. બ્રાહ્મણીની સ્વરમાં અધીરાઇ અને વ્યગ્રતા છે. આજે છેલ્લો દિવસ છે. હવે દોડો અને રાજા પાસે જઇ દાન માગો અને આપણું દારિદ્ર દૂર કરો.

સોમશર્મા એકી શ્વાસે દોટ મૂકીને રાજમહેલ ભણી આવ્યો. દ્વારપાળો તેને કહે છે કે બધું ત્યાગીને રાજા તો ચાલી નીકળ્યા છે. પ્રભુ તો સમગ્રસંપત્તિને તજી અકિંચન ત્યાગી બની ગયા હતા. પોતાનાં વસ્ત્રોનું પણ દાન કરી દિંગબર બની ચાલી નીકળ્યા હતા. પોતાની વિશિષ્ટશક્તિથી ઇન્દ્રે જોયું કે પ્રભુએ પોતાના વસ્ત્રાભૂષણ સુદ્ધાનું દાન કરી દીધું છે. પ્રભુની વસ્ત્રવિહીન સ્થિતિ ઇન્દ્રથી સહન ન થઇ એટલે તેમણે પોતાની દિવ્યશક્તિથી એક રત્નકંબલ દેવદૂષ્ય પ્રભુને ઓઢાડી દીધું એજ સમયે હાંફતો હાંફતો સોમશર્મા પ્રભુની પાછળ દોડતો આવે છે. અને ભિક્ષા માટે હાથ લંબાવે છે. પ્રભુ કહે છે ભાઇ ! તું મોડો પડયો મેં મારી સમગ્ર સંપત્તિનું દાન કરી દીધું. હવે હું તને શું

આપું ? એક ક્ષણ પછી ઇન્દ્રે ઓઢાડેલ રત્નકંબલને ફાડીને પ્રભુ બે ટુકડા કરે છે અને સોમશર્માને કહે છે કે હે વિપ્ર આ એક ટુકડો તું રાખી લે ! બ્રાહ્મણ તો કિંમતી રત્નકંબલનો એક ટુકડો લઇ અને ખૂબ જ ખુશ થતો થતો દોડીને ચાલ્યો જાય છે. રત્નકંબલ જોઇ બ્રાહ્મણની પત્ની પણ ખુશ થતાં કહે છે કે આને વેચી આવો એટલે આપણું દળદર ફીટે.

બજારમાં વેચવા જતા વેપારી સોમશર્માને પૂછે છે આ રત્નકંબલ અડધું છે. આનો બીજો ટુકડો કયાં ? બન્ને ટુકડા હોય તો આની કિંમત એક લાખ સુવર્ણમુદ્રા આપું. પરંતુ આ અડધા ટુકડાની હું કશી જ કિંમત ન આપી શકું. વળી બ્રાહ્મણે પ્રભુ પાછળ દોટ મૂકી કંટક, પથ્થર પગમાં વાગે છે તેની પરવા કર્યા વિના આશામાં ને આશામાં એ પ્રભુ પાછળ દોડે છે. એને આશા છે - શ્રદ્ધા છે કે રત્નકંબલનો બીજો ટુકડો એ પ્રભુ પાસેથી જરૂર દાનમાં મેળવી શકશે. થોડે દૂર જંગલમાં નિજાનંદની મસ્તીમાં પ્રભુ વિહાર કરતા દેખાયા. કંબલ મેળવવાની તીવ્ર અભિલાષાને કારણે સોમશર્માના પગની ઝડપ વધી, હવે તે પ્રભુની ઘણો જ નજીક પહોંચી ગયો હતો. તેવામાં પવનના એક સુસવાટાને કારણે કિંમતી રત્નકંબલ બોરડીના ઝાડના કાંટામાં ફસાઇ ગયું. પ્રભુને તો તેની ખબર પણ નથી તે તો તેની મસ્તીમાં આગળ વધ્યે જાય છે. સોમશર્મા વિચારે છે, હાશ ! પ્રભુ પાસે માગવું પણ ન પડ્યું અને મળી ગયું. બોરડીના ઝુંડમાં કંબલ લેવા હાથ લંબાવે છે તે પળે અનાયાસે, સહજ પ્રભુએ પાછળ દ્રષ્ટિ કરી. પ્રભુની કરૂણાસભર આંખોમાં સોમશર્માની આંખ મળી, માત્ર મૌન અને મૌન જ, મૌનની સિવાય બીજુ કશું નહિ પ્રભુની આંખોમાં સોમશર્માએ ત્યાગનું મૂલ્ય વાંચ્યું અને કંબલ લીધા વિના જ તેનો હાથ પાછો વળી ગયો.

દેવાધિદેવના મૂંગા નેત્રની ભાષામાં અજબ વકતૃત્વ ભરેલું હતું. અહીં સોમશર્મા દેવદૂષ્ય ગ્રહણ કરે તો તેની કિંમત એક લાખ સુવર્ણ મુદ્રા હતી પરંતુ તેના ત્યાગનું મૂલ્ય કિંમત કરતાં અનેકગણું વધી ગયું હતું.

એક યુગલ તેની બાલિકા સાથે રસ્તામાં ચાલ્યું જતું હતું. બાલિકા કહે છે કે પપ્પા તમે કંઇ ગીફ્ટ લીધી ? ગીફ્ટ ? કોના માટે ? કેમ પપ્પા, તમે ભૂલી ગયા ?

આજે મમ્મીનો બર્થ ડે છે. બાળાએ ટહુકો કર્યો. પુરુષ એક પળ થંભીને કહે છે તમે ધીરે ધીરે ઘર તરફ આગળ ચાલો, હું હમણા આવું છું. પત્ની કહે, ના થોભો, કાંઇ પણ ખરીદ કરવાની જરૂર નથી. મારી એક વાત સાંભળો, બાર વર્ષ પહેલા આપણા લગ્ન થયા તે શરૂના વર્ષમાં તમે મને જે પ્રેમ કરતા હતા. મારી સાથે જે પ્રેમાળ વર્તન કરતા હતા. બસ, મને તેવો જ પ્રેમ આજે પણ આપો, પહેલા જેવી મધુર દીર્ઘપળો મારી સાથે ગાળો અને તેવું જ સૌજન્યસભર વર્તન ફરીથી મારી સાથે કરો તો એ મારે માટે કિંમતી સુંદર ભેટ કરતાં પણ વિશેષ છે. પુરુષ એક ક્ષણ અટકી અને કહે છે એ તો ઠીક છે પરંતુ હું બજારમાંથી હમણાં જ કાંઇક લઇને આવું છું !

અહીં પ્રેમના વિકલ્પે પદાર્થની વાત છે. ભાવશૂન્ય ક્રિયા અને પદાર્થ જડનું પ્રતિનિધિત્વ કરે છે જ્યારે ભાવ અને પ્રેમમાં તો ચેતનાનો સ્પર્શ છે. પદાર્થની કિંમત ચોક્કસ અને જાહેર હોઇ શકે જ્યારે પ્રેમનાં મૂલ્ય ગોપિત છે. પદાર્થ અને કિંમતના કોચલામાંથી બહાર નીકળીશું ત્યારે ત્યાગ અને પ્રેમના મૂલ્યને પામી શકીશું.

## સમ્યક્ શ્રદ્ધા ધર્મનો પાયો છે

જીવનમાં સમ્યક્ શ્રદ્ધાનો દીપક પ્રગટાવીએ તો તે અજ્ઞાનતિમિરને દૂર કરી જ્ઞાનના અજવાળા પાથરી દે. શ્રદ્ધા સમ્યક્ હોવી જોઇએ. અંધશ્રદ્ધા, અજ્ઞાન અને મિથ્યાત્વની નિપજ છે અને તે દુઃખની જનની છે.

આત્મધર્મ, રાગ-દ્વેષ રહિત દેવ અને સદગુરુ પ્રત્યેની શ્રદ્ધા સમ્યક્ શ્રદ્ધા કહેવાય. જ્ઞાનીઓએ સમ્યક્ શ્રદ્ધાને ધર્મનો પાયો કહ્યો છે. જેના જીવનમાં શ્રદ્ધાની પ્રતિષ્ઠા નથી થઇ તેની જીવનનૌકા હાલકડોલક થયા કરે છે. અશ્રદ્ધાવાન માનવીની ધજા સાથે સરખામણી થઇ શકે. જે તરફ પવન એ તરફ ઉડવા લાગે, જે તરફ હવા તે તરફ ખેંચાઇ જાય. કોઇપણ પંથ-મત કે સંપ્રદાયના બાહ્ય આચાર-જાહોજલાલી કે લોકોના ટોળાં જોઇને છેતરાઇ જાય, ભરમાઇ જાય, લોકસંજ્ઞાના પ્રવાહમાં તણાઇ જાય. વિવેક ભૂલી જાય. અંતે સત્ય ધર્મને છોડી શ્રદ્ધાથી ભ્રષ્ટ બની, અનુકૂળ આરંભ સમારંભવાળો કે રંગરાગવાળો કહેવાતો ધર્મ અપનાવી લે એટલે જ ભગવાન મહાવીરે આચારાંગસૂત્રમાં ફરમાવ્યું છે કે,

जाए श्रद्धाए नि करवतो

બાહ્ય ભવ્યતાથી ભરમાયા વિના આંતરદિવ્યતાનું દર્શન કરી શ્રદ્ધાને પ્રતિષ્ઠિત કરવાની વાત અભિપ્રેત છે. કોઇપણ સંજોગોમાં શ્રદ્ધાથી વિચલિત થયા વિના સુદેવ સુગુરુ અને સુધર્મનું શરણું સ્વીકારે તેને સફળતા મળ્યા વિના રહેતી નથી.

લંકામાં જવા સમુદ્ર પર સેતુ બનાવવા શ્રીરામના નામ લખેલ મોટી મોટી શિલા જેવા પથ્થરો સમુદ્રમાં તરવા માંડ્યા આ કૌતુક જોઇ વિસ્મયપૂર્વક રામે ખાત્રી કરવા નાનો એવો પથ્થર જયશ્રી રામ લખી સમુદ્રમાં નાખ્યો અને તે પથ્થર ડૂબી ગયો. હનુમાને આ જોઇને કહ્યું કે ભગવાન તમને શંકા જાગી, તમે પારખા કરવા જે વેળાએ પથ્થર નાખ્યો તે વેળાએ જાગેલા વિચારે તમે શ્રદ્ધા ખોઇ બેઠા એટલે તમારો પથ્થર ડૂબી ગયો. અમારા પથ્થરો એટલા માટે તરે છે કે અમને શ્રીરામમાં પૂરી શ્રદ્ધા છે.

અંધશ્રદ્ધાને આંખ નથી, શ્રદ્ધાને આંખ છે, સમ્યક્ શ્રદ્ધાને દષ્ટિ છે. અંધશ્રદ્ધા દોટ મૂકે, શ્રદ્ધાની ચાલ, નીચા નેણ અને મંથર ગતિ છે. જેથી રસ્તો સાફ અને સ્પષ્ટ દેખાય. આંધળી દોટમાં ખાડા અને ઠેંસ ન દેખાય...અંધશ્રદ્ધા પાડે, શ્રદ્ધા જરૂર મંઝીલે પંહોચાડે.

બુદ્ધિની પેલે પાર શ્રદ્ધા શરૂ થાય છે. સમ્યક્ શ્રદ્ધાવાનની દ્રષ્ટિ અનેકાંતવાદી હોય અને અભિગમ વૈજ્ઞાનિક હોય એટલે વિજ્ઞાન કે તર્ક શ્રદ્ધામાં તિરાડ ન પાડી શકે. સુલસા નામની શ્રાવિકાને ભગવાન મહાવીરમાં અનન્ય શ્રદ્ધા. દૈવીલબ્ધિના ધારક અંબડસન્યાસીએ, નગરીના ચાર દરવાજે, અલગ અલગ દેવ-દેવીઓના રૂપ લઇ આખા ગામને ભેગું કર્યું. પરંતુ સુલસા ન આવી તે ન જ આવી. અંતે સંન્યાસીએ પ્રભુ મહાવીરનું રૂપ ધારણ કર્યું. છતાંય સુલસા ન આવી. કેટલાંય લોકોએ સુલસાને કહ્યું કે અમે ભગવાન મહાવીરના દર્શન કરી આવ્યા, તું કેમ જતી નથી. સુલસાને લાગેલું કે કોઇ માયાવી દેવ કે લબ્ધિધારીનું પરાક્રમ છે. ભગવાન અત્યારે આ નગરીમાં આવે તે સંભવ નથી. તેને જૈનધર્મના નિયમો, સિદ્ધાંતો અને જૈન સંતમાં શ્રદ્ધા હતી અને દઢ વિશ્વાસ હતો કે ચાતુર્માસમાં પ્રભુ વિહાર કરી ક્ષેત્રાંતર ન જ કરે.

શ્રદ્ધા હોય તો ભગવાનની વાણીથી ભગવંત બની જવાય.

ભગવાન મહાવીરના જમાઇ જમાલીમુનિનો ભગવાન મહાવીરનાં વચનો સિદ્ધાંતોમાંથી શ્રદ્ધાનો દીપક બુઝાઇ ગયો, તો શાસ્ત્રના અગિયાર અંગના જ્ઞાની ૫૦૦ શિષ્યોના સ્વામી જમાલીની આત્માના ક્રમિક વિકાસના તબક્કેથી પડતી થઇ, (ગુણસ્થાનકેથી પડવાઇ થઇ) આ કર્યાનું પ્રાયશ્ચિત કે પ્રશ્ચાતાપ (આલોચના) કર્યા વિના કાળધર્મ પામતા કિલ્વિષીના (હલકી કોટીના દેવની યોનિ) ભયંકરપણાને પ્રાપ્ત કરી સાધુપણું હારી ગયા.

મહારાજા શ્રેણિકની જૈનધર્મમાં અપૂર્વ શ્રદ્ધા જોઇ દેવને પરીક્ષા કરવાનું મન થયું. રૂપ પરિવર્તન કરી દેવે, જૈન સાધુના વેષે માછલા પકડતા હોય તેવુ દ્રશ્ય ભજવ્યું. રાજા, સાધુને પોતાના મહેલમાં લાવી આજીવિકાનું સાધન કરાવી કહે છે કે જીવ હિંસાથી દુર્ગતિ થશે, અને વળી જૈન સાધુના વેષે આવો ધંધો ન શોભે, બીજે દિવસે નગરના

બહારના રસ્તે જતા દેવે બીજી કસોટી કરી. સગર્ભા અવસ્થામાં જૈન સાધ્વી જોઇ. શ્રેણિક આ જોઇને વિચારે છે કે સાધ્વી બન્યા પહેલાથી જ સગર્ભા હશે. છદ્મસ્થ છે, ભૂલ થઇ હશે કે કોઇ લાચારી હશે, મહેલ પર લાવી સેવા કરવાનું શરૂ કરે છે. અહીં શ્રેણિક મહારાજાની ધીરજ, સમજણ, અનુકંપા અને ધર્મ પ્રત્યેની દઢ શ્રદ્ધાના દર્શન થાય છે.

જે કાર્ય આરંભીએ તે દઢવિશ્વાસ અને શ્રદ્ધાથી શરૂ થાય તો સફળતા નજીક આવવાની. એક ગામમાં દુષ્કાળ પડ્યો. વરસાદ માટે ગામથી દૂર એક મંદિરમાં ગામ લોકોએ ભેગા મળી એક પ્રાર્થનાનું આયોજન કર્યું. ધોમધખતા તાપમાં લોકો પ્રાર્થનામાં આવ્યાં. એક બાલિકા છત્રી લઇને આવી, એક વડીલે પૂછયું વરસાદ નથી ને વરસાદના એંધાણ પણ નથી તો છત્રી કેમ લાવી ? બાલિકાએ બહુજ માર્મિક ઉત્તર આપ્યો, આપણે સૌ વરસાદ માટે પ્રાર્થના કરવા ભેગા થયા છીએ. આપણાં બધાંની સહૃદયની પ્રાર્થના સાંભળી ભગવાન જરૂર વરસાદ મોકલશે. તેથી વરસાદના પાણીથી ન ભીંજાવાય માટે હું છત્રી લાવી છું. જીવનમાં આવી શ્રદ્ધાની જરૂર છે.

એક નવયુગલ પતિ-પત્ની નાવમાં બેસી નદી પાર કરી રહ્યા હતાં. ત્યાં અચાનક તોફાન આવ્યું. નાવ હાલક-ડોલક થવા લાગી. પત્ની ધ્રુજી ઊઠી, વિચલિત થઇ ભયભીત બની ગઇ. પતિ સ્વસ્થ અને શાંત બેઠો હતો. પત્ની ગભરાઇ ગઇ. નાવ ઊંધી વળી ડૂબી જવાનો ભય હતો. પતિએ ઊભા થઇ મ્યાનમાંથી તલવાર કાઢી પત્નીના ગળા પર રાખી કહ્યું, 'તને, ભય લાગે છે ?' પત્ની ખડખડાટ હસી પડી અને કહ્યું હું શા માટે ડરું હું જાણું છું કે તમે મને પ્રેમ કરો છો.

આ સાંભળી પુરુષે તલવાર પાછી મ્યાનમાં મૂકી દીધી અને કહ્યું :

હું જાણું છું કે ભગવાન આપણને ચાહે છે. વાવાઝોડાની તલવાર ભલે એમના હાથમાં હોય પરંતુ પ્રેમ હોય ત્યાં ડરવાનું શું કામ ?

આનું નામ શ્રદ્ધા, પ્રભુના પરમતત્ત્વમાં વિશ્વાસ.

વિશ્વના દરેક ઘટકોનાં દ્રવ્યો સ્વતંત્ર છે. કોઇ કોઇનું બગાડી શકે નહીં. આપણે

માત્ર આપણા કર્મફળને આધીન છીએ, કર્મ સત્તા કરતાં પણ જેમાં સવળો પુરુષાર્થ રહેલો છે તેવી ધર્મસત્તા મહાન છે. એજ શ્રદ્ધા આપણને ઉગારી શકે. શ્રદ્ધાથી સંકલ્પબળ મળે છે અને તે બળ, કાર્ય સિદ્ધ કરવાની ભૂમિકા પૂરી પાડે છે. જીવનમાં હકારાત્મક શ્રદ્ધાની જરૂર છે.

નકારાત્મક શ્રદ્ધા જીવનમાં અશુભ પરિણામ લાવે અને હોનારત સર્જે.

કોઇપર વેર વાળવા, બદલો લેવાના અશુભ કાર્યોની શરૂઆતમાં કાર્યની સફળતા ની શ્રદ્ધા રાખવી તે નકારાત્મક છે. નકારાત્મક સાહસના કાર્યોમાં શ્રદ્ધા તે અવળો પુરુષાર્થ છે. અન્યને દુઃખ આપવા કે બીજાનું અશુભ કરાવવાવાળા મંત્ર, તંત્ર કે લબ્ધિની સાધના શ્રદ્ધાથી કરવી તે પણ અવળો પુરુષાર્થ છે. જેનું પરિણામ દુર્ગતિ માત્ર છે.

હકારાત્મક શ્રદ્ધા સ્વ-પર માટે કલ્યાણકારી છે. શ્રદ્ધા કેવળજ્ઞાનનો મિનારો છે.

સાચી શ્રદ્ધા વિના ગમે તેવું અને ગમે તેટલું જ્ઞાન પણ અજ્ઞાન સ્વરૂપ છે. દર્શન વિના નવપૂર્વના જ્ઞાનીને પણ સાચી શ્રદ્ધાના અભાવે અજ્ઞાની કહે છે. દર્શન વિના માર્ગ નથી અને માર્ગ વિના મોક્ષ નથી. ગીતાના ૧૭માં અધ્યાયમાં સત્ત્વાનુરૂપા શ્રદ્ધાની વાત કહી છે. ભયથી જન્મેલી શ્રદ્ધા અંધશ્રદ્ધા બને માત્ર પ્રભાવથી પ્રગટેલી, શ્રદ્ધા કામની નહિ, સ્વભાવથી પ્રગટેલી શ્રદ્ધા કલ્યાણ કરે. અશ્રદ્ધાથી વિવેકશૂન્યતા આવે અને એજ અશ્રદ્ધા સમાજને ભાવશૂન્ય કરે.

શ્રદ્ધા ઇશ્વરકૃપા આકર્ષવાનું પવિત્ર તત્ત્વ છે. વિવેકહીન શ્રદ્ધા અંધશ્રદ્ધામાં પરિણામે સમ્યક્શ્રદ્ધા, સ્વાશ્રય પુરુષાર્થ સ્વનિર્ભિર, નિર્ભયતાપોષક છે, જે પૂરી સમજવાળા અનુભવસિદ્ધ પરિણામની જનની છે.

મગજની બારીઓ બંધ કરીને જે માન્યતા પ્રતિષ્ઠિત કરાય છે તે બુદ્ધિને કુંઠીત કરે છે. જ્યારે સમ્યક્શ્રદ્ધા વૈચારિક સ્પષ્ટતા સાથે સત્ય ઝીલવાની પ્રક્રિયા છે જેનાથી માત્ર નસીબ પકડીને બેસવાનું નથી પરંતુ પુરુષાર્થલક્ષી કર્મયોગી બનવાની પ્રેરણા આપે તેજ સાચી શ્રદ્ધા.

## ચેતનાનું જાગરણ

એ નૃત્યાંગનાનું નૃત્ય જોઇ આખી સભા દંગ થઇ ગઇ. એનું અંગલલિત્ય, વેશપરિધાન અને સંગીતના સૂરો સાથે એ નર્તકીના નૃત્યનું સામંજસ્ય અદ્દભુત હતું. નૃત્ય સાથેના તેમના ભાવો ઉત્કૃષ્ઠ નૃત્યકલાનાં દર્શન કરાવતા હતા. રાજા-પ્રધાન, શેઠ-શાહુકાર, દિવાન-અધિકારી તમામ પ્રેક્ષકોએ વાહ-વાહ કહ્યું.

નૃત્ય સમાપ્ત થયું ત્યારે મહારાજાએ પૂછયું. આવી સુંદર કલા કયાંથી શીખી? નૃત્યાંગનાએ જવાબ આપ્યો, મહારાજ હું બહુ ભણેલી નથી કે નથી મેં આ કલાનો ઊંડો કે સૂક્ષ્મ અભ્યાસ કર્યો, પરંતુ હું એક વાત ખૂબ સારી રીતે જાણું છું કે જે તર્કશાસ્ત્રી, વિદ્વાન કે દાર્શનિક હોય તેનો આત્મા, હૃદયમાં નિવાસ કરે છે, જે ગાયક હોય તેનો આત્મા, ગળામાં એટલે કે એના કંઠમાં નિવાસ કરે છે પરંતુ જે નર્તક કે નર્તકી હોય તેનો આત્મા, તેના કણકણમાં એટલે કે તેના પ્રત્યેક રોમે રોમમાં-રુંવાડામાં વાસ કરે છે. કારણ કે તેને તો શરીરના પ્રત્યેક અંગને સાધવા પડે છે એટલે તેની ચેતના સમગ્ર શરીરમાં નિવાસ કરે છે. ખલિલ જિબ્રાને નૃત્યાંગના દ્વારા માર્મિક વાત કહી છે. નૃત્યાંગનાંએ કહેલી નાનકડી વાતનો ભાવ બહુ ઊંડો છે. ચિંતન-મનન કરવા જેવી આ વાતનો આધ્યાત્મિક સંદર્ભ તપાસવા જેવો છે. દાર્શનિકદષ્ટિએ આત્મા તો સમગ્ર શરીરમાં વાસ કરે છે. પરંતુ અહીં ચેતનાના જાગરણની વાત સમજવાની છે. સાધક આત્મા આધ્યાત્મિક નૃત્યકાર છે. જીવનની દરેક ક્ષણ અને શરીરના પ્રત્યેક કણ જાગૃત હોય એટલે સાધનામાં ઓતપ્રોત હોય તેને દરેક ગતિ અને પ્રકૃતિમાં આત્માનાં દર્શન થાય છે.

જૈનદર્શન કહે છે કે દરેક જીવ મુક્તિનો અધિકારી છે. લોક-પરલોક, સુખ-દુ:ખ, ભાગ્ય કે પુરુષાર્થ એ માત્ર આપણા હાથની વાત છે.

પૂર્વાચાર્યોએ કહ્યું છે કે આપણે જે કાંઇ કરીએ છીએ તેનાં પરિણામના જવાબદાર માત્ર આપણે જ છીએ. આપણાં દુષ્કૃત્યોનાં પરિણામની જવાબદારી ઇશ્વર પર છોડી દઇ છૂટકારો મેળવવાની કોશિશ માત્ર આત્મવંચના છે.

સૃષ્ટિ કર્તારૂપ ઇશ્વરની માન્યતામાં શ્રદ્ધા ધરાવવાથી જગતમાં જે કાંઇ થઇ રહ્યું છે તે ઇશ્વરની પ્રેરણાથી જ થઇ રહ્યું છે, એને કારણે દુષ્કૃત્યોના પરિણામની જવાબદારી ઇશ્વર પર છોડી દઇ છૂટકારો મેળવીએ છીએ.

પરંતુ જ્ઞાનીઓ કહે છે કે, શુભ કે અશુભ કર્મો, ચેતનની પ્રેરણા-આત્માની પ્રેરણા વિના થતા નથી.

પવિત્ર અને શ્રેષ્ઠ આત્માને, આપણે ઇશ્વર માનીએ છીએ તો એ મહાન આત્મા માત્ર શુભકર્મો કરવાની જ પ્રેરણા આપે, અશુભ કર્મોની કદાપિ નહિ, પરંતુ શુભાશુભ કર્મના જવાબદાર ઇશ્વર નથી. આ સંદર્ભે કર્મબંધની પ્રક્રિયા જાણવી રસપ્રદ થઇ પડશે.

આવકાશમાં રહેલા કર્મનાં કણો આત્મા તરફ ખેંચાઇ આવવામાં કોણ પ્રેરણા કરે છે ? આ કણોને દાર્શનિક પરિભાષામાં કર્મવર્ગણાના પુદ્ગલો કહે છે. આત્મામાં જ્યારે રાગદ્વેષના સ્પંદન થાય, આત્મા કંઇક ભાવ કરે ત્યારે એ ભાવોના તરંગો બહાર આવે છે અને અવકાશમાં વિહરતાં કર્મકણોમાં ખળભળાટ પેદા કરે છે. તે તો તદ્દન સાહજિક સ્થિતિથી વાતાવરણમાં વિહરતા હોય, શરીરને સ્પર્શી સ્પર્શીને ચાલ્યા જતા હોય, શરીર મન કે આત્માને કાંઇ અસર ન કરતાં હોય. પરંતુ જીવના રાગ-દ્વેષવાળા ભાવોના તરંગો શરીરની બહાર આવી આ કર્મકણોને, આત્મા પ્રતિ આકર્ષિત કરે છે.

જીવનની પ્રત્યેક ક્ષણમાં, શરીરના પ્રત્યેક કણમાં, જાગૃતિ જીવને મુક્તિ ભણી લઇ જશે તો, *'સાચા સાધકના હાથમાં મુક્તિ રમે છે.'* એ ઉક્તિ ચરિતાર્થ થશે. નૃત્ય કરતી વખતે નૃત્યકારના સમગ્રશરીરમાં જાગૃતી હોય નૃત્યની ક્ષણે ક્ષણ જાગૃત હોય, તેવી જ રીતે સાધકઆત્મા આધ્યાત્મિક નૃત્યકાર છે.

## અવિદ્યાવાન પુરુષોની સંગત કદી કરવી નહીં

સર્વજ્ઞ ભગવંતોએ જગતના જીવોનું અજ્ઞાન દૂર કરવા માટે દેશના રૂપી જ્ઞાનગંગા વહાવી. ગણધર ભગવંતોએ આ પાવનવાણીને સૂત્રનું રૂપ આપ્યું.

મહર્ષિ ગૌતમના પ્રત્યેક જીવનસૂત્રમાં અનુભૂતિ અભિપ્રેત હતી. 'ગૌતમ કુલક' નામના ભિન્ન ભિન્ન જીવનસૂત્ર દ્વારા તેણે માનવ જીવનને ઊર્ધ્વગમન કરવાની પ્રેરણાનાં પીયૂષ પાયાં.

"ગૌતમકુલક" કે જે શ્રમણ સંસ્કૃતિની પાવનસંપદા છે. તેનું ૫૬મું જીવનસૂત્ર છે.

**न सेवियव्वा पुरिसा अविज्जा**

અવિદ્યાવાન પુરુષોની સંગત કદી કરવી નહિ.

છેલ્લા અઢી હજાર વર્ષથી શ્રમણ સંસ્કૃતિની જ્ઞાનધારાને ગતિશીલ રાખવા માટે પૂર્વાચાર્યોએ ગણધરોએ રચેલા સૂત્ર સિધ્ધાંતોને સમજાવવા માટે ટીકા, ભાષ્યો, ટબ્બા, વિવેચનો અને સમજૂતીના સર્જનની શૃંખલા રચી અને મુમુક્ષો પર પરમ ઉપકાર કર્યો છે.

'અવિદ્યાવાન પુરુષોની સંગત કદી કરવી નહીં' આજીવન સૂત્રનો અર્થ વિસ્તાર અને વિશ્લેષણ પૂર્વાચાર્ય આનંદઋષિએ ખૂબ જ ગહન ઉંડાણમાં જઈને કરેલ છે. અવિદ્યાવાન પુરુષ કોને કહેવાય? તેનાં લક્ષણ કયાં? શા માટે તેનું સેવન સંગ ન કરવો? આવા પુરુષનો સંગ કરવાથી શું નુકશાન થાય?

કોઈના મુખારવિંદ પર વિદ્યાવાન કે અવિદ્યાવાનની છાપ મારેલી ન હોય પરંતુ વ્યક્તિની વાતચીત હાલ-ચાલ અને વ્યવહાર પરથી તેના ગુણ-અવગુણ પ્રગટ થતા હોય છે. આમ તેના આચારવિચારથી વિદ્યાવાન પુરુષની પરખ થાય છે. પરંતુ આ પહેલા આપણે વિદ્યાના સ્વરૂપને સમજી લેવું પડશે.

વિદ્યાનો સામાન્ય અર્થ જાણકારી થાય. પરંતુ શાસ્ત્રો અને ગ્રંથોના પરિશીલન દ્વારા વિદ્યાના અનેક અર્થ આપણને જાણવા મળે. વિશિષ્ટ મંત્રો અને સાધના દ્વારા જે શક્તિ કે સિધ્ધિઓ પ્રાપ્ત થાય તેને પણ વિદ્યા કહે છે. વિદ્યાગુરુ દ્વારા વિદ્યાર્થીઓને જે જ્ઞાન આપવામાં આવે છે તેને પણ વિદ્યા કહે છે પરંતુ જ્ઞાનીપુરુષો તો તેને જ વિદ્યા કહે છે જે, 'સા વિદ્યા યા વિમુક્તયે' બંધનમાંથી મુક્ત કરાવે તે જ સાચી વિદ્યા છે.

લૌકિકવિદ્યા, વ્યક્તિનો આ ભવ સુધારે છે. આ ભવમાં આજીવિકા, ભૌતિક સુખ, પ્રતિષ્ઠા અને ઊંચું જીવનધોરણ આપે છે પરંતુ લોકોત્તર વિદ્યા માનવને માનસિક અને બૌધ્ધિક બંધનોમાંથી દૂર કરાવી અને આત્મિક સુખના રાજમાર્ગ પ્રતિ લઈ જાય છે. જે ભવપરંપરામાંથી મુક્તિ અપાવનારી બને છે.

શંકરાચાર્યે વિદ્યાનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે,
વિદ્યાહિકા? બ્રહ્મગતિપ્રદાયા।
વિદ્યા બ્રહ્મગતિ પ્રદાન કરે છે.
ભગવદ્ગીતામાં, અધ્યાત્મવિદ્યાને સર્વશ્રેષ્ઠ વિદ્યા તરીકે બતાવી છે.
સુવિદ્યા માતા સમાન સુખ દેનારી છે. એક સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે:

**न राजहार्य, न च चौरहार्यं, न भातृभाज्यं नच भारकारम्!**
**व्ययेकृते वर्धत एवं नित्यं, विद्याधनं सर्वधन प्रधानम्।।**

જેને રાજા લઈ શકતો નથી, ચોર ચોરી શકતો નથી, ભાઈઓ ભાગ પડાવી શકતા નથી, જે વાપરવાથી વધે છે એવું વિદ્યાધન, સર્વધનોમાં શ્રેષ્ઠ છે.

સંતભર્તૃહરિએ નીતિશતકમાં કહ્યું છે કે વિદ્યારહિત મનુષ્ય પશુ સમાન છે.

વિદ્યા વિનયથી જ શોભે, વળી વિદ્યાવાન વ્યક્તિના જીવનમાં વિનય-વિવેક અભિપ્રેત હોય.

અવિદ્યાનાં લક્ષણ બતાવતાં જ્ઞાનીજનો કહે છે કે તે વિદ્યાથી ઊલટી વિપરિત છે. અહંકાર, કામ-ક્રોધ જેવા દુર્ગુણો ઉત્પન્ન કરનારી અવિદ્યા દુ:ખ આપનારી છે. વેદાંતમાં માયાને અવિદ્યા કહે છે અને જૈનપરિભાષામાં અજ્ઞાનને અવિદ્યા કહેવામાં આવે છે.

વિદ્યાવાન પુરુષો કોઈપણ સ્થિતિમાં વ્યાકુળ થતા નથી કારણ કે વિપત્તિના સમયમાં તે આવેશમાં નિર્ણય નથી લેતા પરંતુ તેના વિનય સાથે જોડાયેલી વિવેકબુધ્ધિ તેને શ્રેયને માર્ગે લઈ જાય છે.

વિદ્યાવાન અને અવિદ્યાવાનની પરખ માત્ર એ કેટલું ભણેલ છે તેણે કેવી ડીગ્રી પ્રાપ્ત કરી છે તેના પરથી નથી કરી શકાતી.

જેની વ્યાવહારિક, સાત્ત્વિક અને ધર્મ યુક્તબુધ્ધિ, બૌધ્ધિક પ્રતિભા, સિધ્ધાંતનિષ્ઠા, તત્ત્વાર્થ શ્રધ્ધા, જેની વિવેકયુક્ત બુધ્ધિનું ઝરણું પ્રજ્ઞા તરફ પ્રવાહિત થતું હોય તે જ સાચો વિદ્યાવાન છે આના સંદર્ભે ઉપનિષદમાં એક સુંદર પ્રસંગ મળે છે.

આચાર્ય દ્રુમતકૌશલે પોતાની પત્નીને કહ્યું કે, ભદ્રે! મનુષ્યની સંપૂર્ણ સફળતાનો આધાર વિદ્યા છે. ભગવતી! જે સર્વ પ્રકારે આપણી કન્યા વિદ્યાવાન, ગૃહકાર્યમાં નિપુણ, સુશીલ છે એવો જ વિદ્યાવાન પુરુષ તેને વર તરીકે મળે તો તેના જીવનમાં સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય!

આચાર્યપત્નીએ કહ્યું, 'હે આર્યશ્રેષ્ઠ આવા આદર્શયુવકની શોધ કરવી આપને માટે કઠીન નથી કારણ કે તમારા ગુરુકુળમાં માત્ર સામાન્ય નાગરિકો જ નહીં પરંતુ કુરુ, કૌશલ, કાંચી, મગધ, અરૂ, અર્પમારણ્ય, કમ્બોજ, વારાણસી અને અલકાદ્વીપના રાજકુટુંબોના અનેક શ્રેષ્ઠીપુત્રો વિદ્યાભ્યાસ માટે આવે છે તેમાંથી આપ એક પ્રતિભાવંત યુવાનને શોધી કાઢો.

વિદ્યાનો અર્થ માત્ર બૌધ્ધિક પ્રતિભા જ નહિ, નીતિપૂર્ણ વ્યવહારિક જીવન, સત્ત્વશીલ આચરણ જ વિદ્યાવાનનું લક્ષણ છે. હું છાત્રોની કઠોર પરીક્ષા કરીશ, કદાચ એમાંથી કોઈ વિદ્યાવાન મળી પણ જાય.

આચાર્યે ગુરુકુળના સમસ્ત સ્નાતકછાત્રોને આમંત્રિત કરીને કહ્યું કે, તમે સૌ જાણો છો કે મારી કન્યા વિવાહ કરવાને યોગ્ય ઉંમરે પહોંચી છે. મારી પાસે ધન નથી, તમે દરેક પોત-પોતાના ઘરે જઈને મારી કન્યા માટે એક એક આભૂષણ લઈ આવો, જે સર્વશ્રેષ્ઠ ઘરેણું લાવશે તેની સાથે હું મારી કન્યાનો વિવાહ કરીશ. પરંતુ મારી એક શરત છે. આ આભૂષણ લાવવાની વાત ગુપ્ત રાખવી પડશે. માતા પિતા તો શું? અગર ડાબો હાથ આભૂષણ લાવે તો જમણા હાથને પણ ખબર ન પડવી જોઈએ.

દ્રુમત ઉપકૌશલાચાર્યની કન્યા અસાધારણ વિદુષી સુશીલા અને ગુણવતી હતી. પ્રત્યેક યુવક તેને પામવા ઉત્સુક હતો. તેથી દરેક પોતાના ઘરેથી ચોરીછૂપીથી આભૂષણ લાવવા માંડ્યાં, ઘરેણાંનો ઢગલો થયો, આચાર્યને જે ઘરેણાની ઝંખના હતી તે આભૂષણ કોઈ ન લાવ્યું.

બધાની પાછળ છેલ્લે વારાણસીનો રાજકુમાર બ્રહ્મદત્ત આવ્યો, નિરાશ.... ખાલી હાથે. આચાર્યએ પૂછ્યું, વત્સ તું કાંઈ ન લાવ્યો, તેણે વિનયપૂર્વક કહ્યું – હા ગુરુદેવ! આપે આભૂષણ લાવવા સાથે શરત પણ રાખી હતી, જમણો હાથ આભૂષણ લાવે તો ડાબાને ખબર ન પડે તેમ ગુપ્ત રીતે આ કાર્ય કરવાનું હતું. ખૂબ જ યુક્તિપ્રયુક્તિ કરી છતાં આવું એકાંત મને ન મળ્યું. મારા માટે આ શરત પૂર્ણ કરવી અસંભવ લાગી, આચાર્યે કુત્રિમ ક્રોધ સાથે વિસ્મયપૂર્વક પ્રશ્ન કર્યો, વત્સ શું તારા માતા-પિતા કે અન્ય કુટુંબીજનો સૂતા નથી? રાતના તો આભૂષણ લઈ શકાય. બધા જ છાત્રો લગભગ આજ રીતે આભૂષણો લાવ્યા છે.

બ્રહ્મદત્તે વિનમ્રતાથી જવાબ આપ્યો, ગુરુદેવ અન્ય મનુષ્યો વિનાનું એકાંત તો મળવું સુલભ હતું પરંતુ મારો આત્મા અનંતજ્ઞાની પરમાત્માની ઉપસ્થિતિની અનુભૂતિ

મને સતત થતી હતી. તેનાથી છુપાવીને ઘરેણાં-આભૂષણ લાવવાનું મારે માટે અસંભવ બન્યું આ કારણે હું આપની શરત પૂરી કરી શકું એમ ન હતું.

આચાર્યની આંખો આનંદથી ચમકી ઊઠી તેણે સ્નાતક બ્રહ્મદત્તને છાતી સરસો ચાંપી તમામ સ્નાતકોનાં આભૂષણો પરત કરી પોતાની દૈદીપ્યમાન કન્યાનો હાથ બ્રહ્મદત્તને સોંપ્યો.

આ છે વિદ્યાવાન અને અવિદ્યાવાનની કસોટીનો માપદંડ. વિદ્યાવાન વસ્તુની ભીતર સુધી, હાર્દ સુધી પહોંચે છે. એની સૂક્ષ્મદષ્ટિ, વિવેકબુદ્ધિ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી લે છે.

વિદ્યાવાનનું સમક્તિ જ્ઞાન દુ:ખને પચાવવાની શક્તિ આપે છે.

શાસ્ત્રો પર માત્ર ભાષણ કરવા કે સાંભળવાથી મુક્ત ન બનાય એ તો માત્ર વાચા જ્ઞાન છે. તેને જીવનમાં ઊતારી વિવેકયુક્ત આચરણ જ માનવીને બંધનમુક્ત બનાવી શકે. આ સંબંધી વેદોમાં કહ્યું છે કે, **क्रियावान एष ब्रह्मविंदा वरिष्ठ** આત્મવંતાઓમાં ક્રિયાવાન આત્મવંતા શ્રેષ્ઠ છે. વેદોએ આત્મવિદ્યાને ક્રિયાની કસોટી પર કસેલ છે.

મહાભારતના એક પ્રાચીન પ્રસંગમાં આ ઉક્તિનું સત્ય અભિપ્રેત છે.

ગુરુ દ્રોણાચાર્ય કૌરવો અને પાંડવોને સરખી રીતે વિદ્યાઓ શીખવતા હતા. એક દિવસ તમામ શિષ્યોની વચ્ચે બેસીને તેઓએ ઉપદેશ આપ્યો કે મનૂષ્યોએ કદી ક્રોધ ન કરવો. ક્રોધ કરવાથી વિવેક નાશ પામે છે અને વિવેકશૂન્ય મનુષ્યો યથાર્થ નિર્ણય લઈ શકતા નથી.

શિષ્યોને તેમણે આ પાઠ, બીજે દિવસે યાદ કરીને લાવવા કહ્યું. નિયત સમયે બીજા દિવસે દ્રોણાચાર્યે નવો સ્વાધ્યાય શરૂ કરાવતા પહેલા બધાને સંબોધન કરી કહ્યું કે કાલનો પાઠ તમે યાદ કરીને લાવ્યા. લગભગ બધાં છાત્રોએ હા કહી પરંતુ યુધિષ્ઠિર *ચૂપચાપ નતમસ્તકે બેઠા હતા - આચાર્ય સમજી ગયા તેણે કહ્યું ઠીક છે તું કાલે યાદ* કરી લાવજે.

બીજે દિવસે ગુરુએ પૂછ્યું યુધિષ્ઠિર આજ તો તું પાઠ યાદ કરીને આવ્યો જ હોઈશ. પરંતુ યુધિષ્ઠિરનો પ્રત્યુત્તર આજ પણ નકારાત્મક હતો. ગુરુએ રોષપૂર્ણ અવાજે કહ્યું, મૂર્ખ! ત્રણ દિવસમાં એક પંક્તિ યાદ ન કરી શક્યો, તને શરમ આવવી જોઈએ, આજે ક્ષમા કરું છું, કાલે અવશ્ય યાદ કરીને આવજે.

ત્રીજે દિવસે પણ યુધિષ્ઠિરે કહ્યું, ''ગુરુદેવ! આ પાઠ મને સંતોષકારક રીતે હજુ યાદ નથી રહ્યો. ગુરુજીએ ગુસ્સામાં આવી યુધિષ્ઠિરને એક જોરદાર તમાચો માર્યો અને પછી કાન પકડીને કહ્યું કે હવે તો બરાબર યાદ રહ્યો ને?

પીડાને સહેતા સહેતા ધીમેથી યુધિષ્ઠિર બોલ્યો હા, ''ગુરુદેવ હવે બરાબર યાદ આવી ગયો છે.'' ગુરુજી કહે મને ખબર ન હતી કે તને મારવાથી જ પાઠ યાદ રહે છે!

હવે યુધિષ્ઠિરે શાંતિ અને ધીરજથી કહ્યું, ''ગુરુદેવ વાત એમ નથી, પરંતુ આપે કહેલું ને કે મનુષ્યે ક્યારેય ક્રોધ ન કરવો જોઈએ. પહેલે દિવસે મને શંકા હતી કે આપ મને ઊંચા અવાજે પૂછશો અને મને ક્રોધ આવી જશે, બીજે દિવસે પણ મને વિશ્વાસ ન હતો કે આપ મને ગુસ્સામાં અપશબ્દ કહો ને હું ક્રોધ ન રોકી શકું અને ત્રીજે દિવસે આપ માર-પીટ કરોને કદાચ મને ક્રોધ આવી પણ જાય, પરંતુ આવા વિષમ સંજોગોમાં પણ મને ક્રોધ ન આવ્યો, હું સમતામાં રહી શક્યો એટલે. હવે હું ચોક્કસ કહી શકું કે મને પાઠ યાદ રહી ગયો છે.

ગુરુ દ્રોણે યુધિષ્ઠિરને છાતી સરસો લગાવી લીધો અને કહ્યું કે વત્સ સાચા અર્થમાં તું વિદ્યાને પામ્યો છે. જ્ઞાનનું ફળ ક્રિયા છે. આચરણનો ધર્મ જ સાચો ધર્મ છે જીવનમાં ક્રિયાન્વિત થાય તે જ સાચી વિદ્યા. શુધ્ધ વિદ્યા આત્માને નિર્મળ રાખે છે.

જે મંત્ર-તંત્ર-સાધના દ્વારા સાધેલી, બીજાને વશ કરવા, ભૌતિક સુખો મેળવવા બીજાને પીડા આપનારી વિદ્યા, પોતાનો સ્વાર્થ સાધવા અન્યનું અહિત કરનારી વિદ્યા અવિદ્યા છે.

પ્રચાર, પ્રસિધ્ધ, ભૌતિક સુખ સગવડો મેળવવા સાધુઓ પોતાને પ્રાપ્ત થયેલી વિદ્યા કે લબ્ધિનો પ્રયોગ લોકોને આંજી નાખવા કે ચમત્કારી પુરુષરૂપે પ્રસ્થાપિત થવા કરતા નથી.

વિદ્યાવાન પુરુષો, અન્યોના પ્રાણ બચાવવા, ધર્મનું અને શીલનું રક્ષણ કરવા, અને હિંસાનું નિવારણ કરવાના છેલ્લા ઉપાયરૂપે, લબ્ધિ કે વિદ્યાનો પ્રયોગ પરાર્થે જ કરે છે.

સમયના સાંપ્રતપ્રવાહમાં વહેવારિક વિદ્યાથી મેળવેલું તંત્ર જ્ઞાન - કે વૈજ્ઞાનિક શોધો ન્યૂક્લિયર શસ્ત્રો, જેવા હિંસક સાધનો બનાવવામાં ઉપયોગ કરવો તે અવિદ્યા છે.

ગર્ભ પરીક્ષણ અને ગર્ભપાત તબીબીવિદ્યાનો વિપર્યાસ છે. જે વિદ્યાનો ઉપયોગ હિંસામાં પરિણમે તે અવિદ્યા છે - વિદ્યાની વિકૃતિ છે.

જે વિદ્યાનો ઉપયોગ સમષ્ટિના કલ્યાણ અર્થે થાય તે જ સદ્‌વિદ્યા છે. વિદ્યાવાન પોતે તરે ને બીજાને તારે છે.

કોમ્પ્યુટરના પ્રોગ્રામ, સીડી કે ફ્લોપીની ચોરી હેકર્સ (Hackers) બનીને, ઇન્ટરનેટની ચોરી કરવી તે બુધ્ધિની અવળચંડાઈ છે, અવિદ્યા છે. દેશના સંરક્ષણ રહસ્યોને વેચવા, કોપીરાઈટ કે ટ્રેડમાર્કનો ભંગ કરવો, કુશાગ્ર બુધ્ધિ અને તર્કથી એવાં કાર્યો કરવા તે જે ચોરી, જૂઠ, વ્યભિચાર અને હિંસામાં પરિણમે તે બુધ્ધિનો વ્યભિચાર, અવિદ્યા છે. આધુનિક વિજ્ઞાને, તબીબી વિજ્ઞાને, જિનેટીક સાયન્સ કે સ્પેસ ટેક્નોલોજી અને ઇંફોટેકના-સમૂહ માધ્યમોના વિકાસને કારણે જ્ઞાનની ક્ષિતિજનો વિસ્તાર થયો છે. આ જ્ઞાનનો વિવેકબુદ્ધિ વિના ઉપયોગ કરે તો બુધ્ધિનો વ્યભિચાર, વિનાશ સર્જી શકે. આ સંજોગોમાં સદ્‌વિદ્યા જ બુધ્ધિને શાલીનતા આપી શકે. માટે જ મહર્ષિ ગૌતમસ્વામીએ અમૂલ્ય નૈતિક પ્રેરણા આપી છે કે અવિદ્યાવાન પુરુષોનો કદી સંગ કરવો નહિ.

## સંતનું સાન્નિધ્ય, સુંગધ પર્વ

ઈંગ્લેન્ડનો બાદશાહ જેમ્સ પોતાનો રાજકોષ ભરવા માટે ઘણું કરીને પદવીઓ ખિતાબ અને ઈલ્કાબ વેચ્યા કરતો હતો. રાજા અંતરથી જાણતો હતો કે આવી ઉપાધી કે પદવીઓથી માણસ મહાન ન બની શકે માનવ તો સદ્‌ગુણોથી જ મહાન બની શકે. છતાંય રાજકોષ ભરવાની લાલચે પદવીઓ વેચી લોકોની અહંકાર વૃત્તિ અને માન કષાય પોષતો હતો.

એકવાર એક વ્યક્તિ જેમ્સના દરબારમાં આવી અને કહે કે "મને પદવી જોઈએ છે, રાજન! મને સજ્જનનો ઈલ્કાબ આપી સાચા અર્થમાં સજ્જન બનાવી દો." જેમ્સ આ સાંભળી હેરાન, પરેશાન થઈ ગયો, "ભાઈ! તને ઉત્કૃષ્ટ ફેલોશીપ આપી શકું, ડ્યુક કે લોર્ડ બનાવી શકું, એકસલંસીનો ઉંચામાં ઉંચો ખિતાબ આપી શકું પરંતુ, સજ્જન બનાવવાની મારી તાકાત નથી. સજ્જન બનવું હોય તો કોઈ સંત પાસે જા આ જગતમાં તને સજ્જન બનાવવા કોઈ સમર્થ પુરુષ હોય, તો તે સંત છે."

સંત ગૃહસ્થને સદ્‌ગૃહસ્થ બનાવી દે છે.

કેટલાંકનું વ્યક્તિત્વ ઝુમ્મરના દીવા જેવું માત્ર ભવ્યતાનું પ્રદર્શન કરનારૂં ઝળાહળા હોય કેટલાંકનું ડીસ્કોની લાઈટ જેવું – જે પ્રકાશમાં નાચવાનું મન થાય વિકાર પણ જાગે, કેટલાંકનું મરક્યુરીની બ્લ્યુ લાઈટ જેવું... માદક, કેટલાંકનું વ્યક્તિત્વ દુધિયા નાઈટ લેમ્પ જેવી આછી શાંતિની અનુભૂતિ કરાવનારું. આમ અલગ અલગ પ્રકારના પ્રકાશની સામે વિવિધ પ્રકારના મનોરથ – ભાવો જાગે. સંતોનું વ્યક્તિત્વ ઘીના દીવાના પ્રકાશ જેવું પવિત્ર છે. ઘીના દીવા સામે હાથ જોડી વંદન કરવાનું મન થાય. શાંત ભાવે ઈશ્વર સાથે અનુસંધાન કરવાનું મન થાય. આમ સંતનું વ્યક્તિત્વ દિવ્યતાનું પ્રતિનિધિત્વ કરે છે.

જ્ઞાનીઓએ સંતને ધોબી, સત્સંગને ધુલાઈની પ્રક્રિયા અને ધર્મસ્થાનકને ધોબીઘાટ કહ્યો છે. વિકૃતિઓથી ભરેલ મેલા મનને લઈને જો આપણે ધર્મસ્થાનકરૂપ

ધોબીઘાટ પર જશું અને સંત સામે સાચા હૃદયની પ્રાર્થના રૂપી પાણીમાં આ મનરૂપીમેલાવસ્ત્રને પલાળીશું તો પ્રબુધ્ધ કરુણાના કરનાર સંત સાધનાની શીલા પર ત્રિરત્નના સાબુથી, સત્સંગની થપથપીથી ધુલાઈ કરી આપણાં મેલા મનને વિકારોથી મૂક્ત કરી સ્વચ્છ નિર્મળ બનાવશે.

સંત સમાગમ મનને દર્પણ બનાવી દેશે. સંત તો કલાકાર છે. સત્સંગ સૃષ્ટિની સંજીવની છે. અવનિનું અમૃત છે, ભૂલોકની ભાગીરથી અને વસુંધરાનો વૈભવ છે.

સંત આધ્યાત્મિક આકાશમાં માનવતા અને કરૂણાનું ઈન્દ્રધનુષ્ય છે. સંત સૌહાર્દ અને સૌજન્યની સિતાર પર સદ્ભાવનું સંગીત છે. સંત વિકૃતિની બજારમાં સંસ્કૃતિનો શંખનાદ છે. સંત એક એવું માનસરોવર છે જેમાં કંસ જેવી વ્યક્તિ ડૂબકી લગાવે તો હંસ બને છે અને અંતે તેનામાંથી પરમહંસ પ્રગટે છે. સમાધી મરણનું બીજ આપવાવાળા સંત આચરણનું આશિષ આપે છે. સત્સંગ એટલે સત્યનો સંગ, સંતનો સંગ.... સદ્શાસ્ત્રનો સંગ.... જે 'પા' ઘડીનો સત્સંગ કરે છે તેની 'પાઘડી' સ્વયંકાળ પણ ઉછાળી ન શકે.

માનવતાની ભાવનાનું ઉત્કૃષ્ટ મેઘધનુષ્ય રચતાં સંતો અધ્યાત્મ આકાશમાં આત્મતેજનું દિવ્ય ઈન્દ્રધનુષ્ય રચી શકે છે.

અહીં તેમની સક્રિયતામાં સંસાર પ્રત્યેના પ્રચ્છન્ન ઉદાસીન ભાવોનું આંતરદર્શન કરી શકાશે.

તપથી કાયાને કૃષ કરનારા અને જયણા ધર્મનું પાલન કરતાં, અસ્નાની, મલિન વસ્ત્રો ધારણ કરનારા સંતોનો દેહ કદાચ સોહામણો ન પણ હોય પરંતુ તેમનું આત્મતેજ અદ્ભૂત છે.

જ્ઞાનીઓએ સંતોના આત્માને ધારદાર તલવાર સાથે સરખાવ્યો છે.

સમરાંગણમાં જીતવા લડવૈયા સૈનિક માટે તલવારની ધારનું મહત્વ છે. મ્યાનનું નહી. હીરા-મણી-રત્ન જડીત મ્યાનમાં બુઠ્ઠી તલવાર શું કામની? શરીર કે બાહ્ય દેખાવ મ્યાન સમાન છે. આત્મા જ તરવાર સમાન છે. જ્ઞાનદર્શન ચારિત્ર્ય અને તપની સરાણે આત્માને ધારદાર બનાવતા સંતો જ અષ્ટ કર્મના કાલિનાગને કર્મ યુધ્ધમાં પરાસ્ત કરી શકે છે.

માખણને અગ્નિ લાગેતો ઓગળી જાય પણ સંતોના હૃદયતો માખણ કરતાં પણ કોમળ હોય છે. બીજાને અગ્નિ લાગે પીડા વેદના થાય તો પણ સંતોના હૃદય દ્રવી જાય છે.

સંત, ખુદ અત્તરની દુકાન છે. અત્તરની દુકાન પર બેસો સુગંધ મળ્યા જ કરશે. આપણે માત્ર દુકાન પર બેસી રહેવાનું છે. માગ્યા વગર વિવિધ પ્રકારની સુગંધ માણ્યા કરીએ. સંતનું સાન્નિધ્ય કંઈક એવું જ છે. આપણે માત્ર નિશ્રામાં બેસવાનું છે. અનેક જિજ્ઞાસુઓ આવશે, મુંઝવણો લઈને આવશે, સમસ્યાઓ લાવશે. સંત તેની તરસ છીપાવશે અને સમાધાન આપણને મળી જાશે.

આમ સંતનું સાનિધ્ય આપણાં માટે સુગંધપર્વ બની રહેશે.

## નારી ગૌરવને ઉજાગર કરવાની ભાવના

શ્રમણ સંસ્કૃતિના રક્ષણ અને સંવર્ધનમાં નારીનું યોગદાન ઉત્કૃષ્ટ રહ્યું છે. પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભ દેવની માતા મરૂદેવીએ મોક્ષના દ્વાર ખોલ્યા અને સાબિત કર્યું કે સ્ત્રી માટે પણ મોક્ષના દ્વાર ખુલા છે. તીર્થંકર આદિનાથથી લઈને પરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી સુધીના કાળમાં અનેક શીલવંતી સતીઓ મહાસતી અને શ્રાવિકાઓના તપ ત્યાગ અને શીલ સંયમની ઝલક જૈન ઈતિહાસમાં સુવર્ણ શાહિથી અંકિત થયેલ છે.

જૈન ધર્મે નારીને પ્રતિષ્ઠા આપી છે. કેટલાંય જૈનાચાર્યોએ પોતાની સાહિત્ય રચનામાં એક યા બીજી રીતે નારીને ગૌરવ મળે તેવા સાહિત્યનું સર્જન કર્યું છે.

જૈનાચાર્ય વીર વિજયજીએ એક માર્મિક દૃષ્ટાંત દ્વારા આલેખન કર્યું તેનો સાર કંઈક આવો છે.

એક ગરીબ બ્રાહ્મણની ભેંસ તેને બે ટંકે એક મણ દુધ આપે, આ ભેંસનું નામ 'ઉંઘ'. ઉંઘને કારણે તેની આજિવીકા ચાલે. એજ ગામના રાજકુમારના ઘોડાના તબેલામાં એક સુંદર વછેરો એનું નામ 'ઉજાગરો'. ઉજાગરો રાજકુમારને ખૂબ પ્રિય. ઝરૂખેથી રાજકુમાર દાન દેવા ઉભો રહે ત્યારે બાજુમાં તેનો પ્રિય ઉજાગરો ઉભોજ હોય. દાન દેતા દેતા રાજકુમારના હાથમાંથી કેટલાંક સિક્કા નીચે પડી ગયા જે ઉજાગરાની લાદમાં પડી ગયા. એટલામાં પેલો બ્રાહ્મણ દાન લેવા રાજકુમાર સમક્ષ ઉભો રહ્યો. રાજકુમાર ઝરૂખામાંથી નીચે ઉતર્યો તેણે 'ઉજાગરા'ની લાદમાંથી સીક્કા કાઢી અને બ્રાહ્મણને દાન આપતાં કહ્યું કે તું મહાભાગ્યશાળી છે કે આ લાદનો સ્પર્શ પામેલા સિક્કાઓ તને દાનમાં મળે છે.

બ્રાહ્મણે કુતુહલવશ પૂછ્યું કે આ લાદમાં એવું તે શુ છે? રાજકુમારે કહ્યું કે 'ઉજાગરા' નામના મારા પ્રિય વછેરાની આ લાદ છે. ઘોડાના તબેલામાં જ્યારથી આ વછેરાનો જન્મ થયો છે, ત્યારથી સમગ્ર રાજ્યમાં સમૃધ્ધિ વધી છે. બ્રાહ્મણ આ

સુંદર વછેરા પર મોહિત થઈ ગયો. તેમણે સ્વયં લક્ષ્મીરૂપ વછેરાને દાનમાં માગ્યો. રાજકુમારે કહ્યું કે હું તને સિક્કાઓ દાનમાં આપી શકું પરંતુ આ પ્રિય વછેરો નહિ. બ્રાહ્મણે વિચાર કર્યો, ગમે તે ભોગે આ વછેરો મેળવવો જ છે. તેણે રાજકુમારને કાકલુદી વિનંતી કરી તો રાજકુમારે કહ્યું કે તારા ઘરમાં કોઈ પશુ છે? બ્રાહ્મણ કહે મારા ઘરે દરરોજ એક મણ દુધ દેવાવાળી ભેંસ છે. જેનું નામ 'ઉંઘ' છે. રાજકુમાર કહે તુ મને તારી 'ઉંઘ' (ભેંસ) દે તો હું તેના બદલામાં તને મારો 'ઉજાગરો' (વછેરો) આપું. અંતે બ્રાહ્મણે ઊંઘ વેચી ઉજાગરો લીધો.

દુધ દેતી ભેંસ જવાથી બ્રાહ્મણ કંગાલ બન્યો. વછેરા પાસે બ્રાહ્મણ કશું કામ લઈ શક્યો નહિ. ઉપરાંત વછેરાને ખવરાવવા માટે બ્રાહ્મણને મહેનત કરવી પડતી.

દુધ દેતી ભેંસ-લક્ષ્મીરૂપ ભેંસ (ઉંઘ) વેચી ઉજાગરા રૂપ વછેરો લેવાથી બ્રાહ્મણની ઊંઘ હરામ થઈ ગઈ.

ઉંઘ વેચી અને ઉજાગરો લીધો જેવા દૃષ્ટાંતની રચના પાછળ જૈનાચાર્યની નારી ગૌરવને પ્રતિષ્ઠા આપવાની હિતશિક્ષાનો પવિત્ર હેતુ સ્પષ્ટ થાય છે.

અહીં નારી ગૌરવને સન્માન આપવાની, ઘરની વ્યક્તિને પ્રતિષ્ઠા આપવાની ભાવના અભિપ્રેત છે. આ વાત દ્વારા અંતે આડકતરી રીતે નારીના સ્થાનને પ્રતિષ્ઠિત કરવા સ્ત્રી સન્માનની ભાવનાને ઉજાગર કરી છે.

ઉપસંહારમાં આચાર્ય કહે છે કે,
ક્લેશ ન કરવો નારીથી, લલના લક્ષ્મીરૂપ
રીસાઈને ચાલી જશે, તો ઉભય અંતર દાઝશે.

આર્ય અને જૈન સંસ્કૃતિએ સ્ત્રીની સ્વતંત્રતા માટે એક સીમા એક લક્ષ્મણરેખા આંકી છે. આ સીમામા રહેવાથી સ્ત્રી 'ગુલામડી' બની જશે એ વાત સાવ વજુદ

વિનાની છે. આપણી પ્રાચીન સંસ્કૃતિના પ્રણેતા મહર્ષિઓએ સ્ત્રીને 'ભોગ્યા' કહેવા પર ભાર આપ્યો નથી. જેટલો 'રક્ષ્યા' કહેવા માટે આપ્યો છે. સ્ત્રી જેટલું મૂલ્યવાન તત્ત્વ ભારતીય પ્રજામાં અપેક્ષાએ બીજું એકેય નથી. મૂલ્યવાન ઝવેરાત ને આપણે જ્યાં ત્યાં મૂકતા નથી તેનું સ્થાન તો સુરક્ષિત જગાએ જ હોય. પુરુષ કરતાં સ્ત્રીનું મૂલ્ય વધુ ગણાયું છે. માટે જ તેના બાહ્ય સ્વાતંત્ર્ય કે સ્વછંદતા પર અંકુશ મૂકવામાં આવ્યો છે. આમ છતાં ગૃહની આંતરિક બાબતોમાં એને જ સર્વેસર્વા રાણી તરીકેનું સ્થાન બક્ષવામાં આવ્યું છે. અને ત્યાં પુરુષના સ્વાતંત્ર્ય પર જ કાપ મૂક્યો છે.

આપણી સંસ્કૃતિએ સ્ત્રીને માતૃસ્થાને સ્થાપીને તેની પૂજા કરવાનું ગૌરવ વધારવાનું કહ્યું છે. સૌંદર્ય સ્પર્ધાઓ, સમૂહ માધ્યમોની જાહેરાતોમાં સ્ત્રીને હડસેલી. આજે માતૃત્વની ક્રૂર મશ્કરી થઈ રહી છે. સ્ત્રીને માત્ર ઘરમાં ગોંધી દેવાની વાત નથી. ઉદ્‌ભટ વેશ સ્ત્રીને ન શોભે, યોગ્ય શિક્ષણ પામી વિવેકપૂર્વક કુટુંબની સંભાળ, બાળકોને સંસ્કાર અને પતિને સહયોગ જરૂર આપી શકે. પરંતુ વરવી રીતે સ્ત્રીને ઘર બહાર કાઢે તેની વેળા વંઠેલી ગણાય, તેમ અનુભવી જ્ઞાની અને વૃધ્ધોનું કથન છે. ગ્રામ વિસ્તારમાં વિધવાઓ અને વૃધ્ધાની સ્થિતિ કરુણાજનક છે. 'ડોકરી' કહી હડસેલી દેવામાં આવે છે. દીકરીના જન્મને બીન આવકારદાયક ગણીએ તે, સંસ્કાર અને સંસ્કૃતિનું અપમાન છે.

ભગવાન મહાવીરે ચંદનબાળાના હાથે પારણું કરી નારી ગૌરવની પ્રતિષ્ઠા વધારી તેનું પાવન સ્મરણ કરીએ.

## શ્રધ્ધાવાન સાધક સહરાના રણ જેવા કઠીન માર્ગને સંયમ બાગમાં પલટાવી શકે

પુરાતન કાળના સમયથી સાંપ્રતકાળ સુધીનો સાધના કે સંન્યાસ પરંપરાનો ઇતિહાસ તપાસીશું તો જણાશે કે દરેક સંપ્રદાય કે ધર્મમાં એવી વ્યક્તિઓ જોવા મળશે કે જેઓ ઘર-બાર છોડી સાધુ સંન્યાસી થઈ ગયા હોય, જેઓ વૈરાગ્યમાર્ગે સંયમ સ્વીકારી દીક્ષિત થયા હોય અને કોઈ કારણસર દીક્ષાત્યાગ કરી પાછો સંસારમાં પ્રવેશ કર્યો હોય. દરેક કાળમાં આવી ઘટના બનતી હોય છે.

ભારતવર્ષની બ્રાહ્મણ સંસ્કૃતિ અને શ્રમણસંસ્કૃતિમાં દીક્ષા ગ્રહણ કરી સન્યાસીનું જીવન જીવવાની પરંપરાનું અનેરું મહત્ત્વ છે. સમજણપૂર્વક સ્વૈચ્છિક રીતે સંસાર ત્યાગ કરી, સંયમજીવનમાં સાધના કરનાર ત્યાગી સંતોએ જ સંસ્કૃતિના મૂલ્યોનું જતન કર્યું છે. ધર્મની રક્ષા કરી અધ્યાત્મને ઉજાગર કરેલ છે.

ભોગ-ઉપભોગનાં ઢગલાબંધ સાધનો સગવડો-મોજશોખ, ટી.વી.-વીડિઓ જેવા સમૂહ માધ્યમોનો વિકાસ, ઝાકમઝોળ જીવનશૈલી વચ્ચે પણ દીક્ષા અને સંયમમાર્ગનું આકર્ષણ ટકી રહ્યું છે, તે દરેક સંપ્રદાયમાં સંસાર ત્યાગ કરી દીક્ષા લઈ સાધુ-સાધ્વી બનનાર વ્યક્તિની જીવનચર્યા દ્વારા જોઈ શકાય છે.

છેલ્લા થોડા સમયથી જુદા જુદા ધર્મ અને સંપ્રદાયોના શિથિલાચાર, દીક્ષાત્યાગ, મંદિરો કે ટ્રસ્ટના આધિપત્ય માટે ઝગડા, મારા-મારી, નાણાંના દુર્વ્યયના સમાચારો વાંચવા મળે છે. આ ચિંતાપ્રેરક સમાચારોના વિષયપરત્વે ચિંતન કરવું આવશ્યક છે.

દીક્ષા એટલે માન્ય સત્ત્વપૂંજને ગ્રહણ કરવા સ્વીકૃત અભિમત માટે સમર્પિત થવું. આદરણીય ગુરુ પાસેથી જીવનભર તપ ત્યાગના વ્રત નિયમો પાળવાનો સંકલ્પ ધરવો કે સન્યાસ ગ્રહણ કરવો એટલે દીક્ષાપ્રાપ્તિ. ઉત્તમપ્રકારની સાધનાઅને આરાધનાને લીધે જ જૈન દીક્ષાર્થીનું વિશ્વમાં અજોડ સ્થાન છે. આજના વિષયયુગમાં

જૈન સંત સતીજીઓ ભગવાન મહાવીરે દર્શાવેલ માર્ગે શાતાપૂર્વક વિચરી રહ્યા છે અને વિશ્વકલ્યાણ તથા વિશ્વમાંગલ્યનો સંદેશ આપી રહ્યો છે. દીક્ષા જીવનમાં સ્વપરના કલ્યાણનો ઉદ્દેશ અભિપ્રેત છે. આ પવિત્ર પરંપરાના મૂળ, પરમતત્ત્વના અનુસંધાન સાથે જોડાયેલા છે. દીક્ષા લેનાર દરેક સાચી ભાવનાથી ત્યાગવૈરાગ્યની સમજણથી પ્રેરાઈને સંયમના માર્ગે ચાલ્યા હોય તો તેમાંથી ચલિત થવાના પ્રસંગો નહિવત જ બનશે. પરંતુ કેટલાયે અજ્ઞાનથી, લાચારીથી, દુ:ખમુક્ત થવા તે માર્ગ સ્વીકાર્યો હોય, કેટલાક ને ભોળવીને આ માર્ગે લઈ જવામાં આવ્યા હોય. અપરિપક્વ ઉમર અને અણસમજણમાં સંયોગોને કારણે, આજીવિકા માટે અસમર્થ, આ માર્ગે વળી ગયા હોય તો તેને સંયમમાર્ગ કઠીન લાગશે. મંદબુધ્ધિવાળા, ખોડખાપણવાળા, તરંગી, વિચિત્ર સ્વભાવનાને દીક્ષિત કરાતા નથી છતાંય વેશથી સાધુ બને તો તેઓ માત્ર દ્રવ્યલિંગી જ કહેવાય. વળી કેટલાંક ભયંકર અછત અને ગરીબીમાં જીવતા હોય, કુટુંબ પરિવારના ક્લેશ કંકાસથી ત્રસ્ત થયા હોય, જો કે જૈનશાસનમાં આવા કિસ્સાઓ નહિવત્ જ જોવા મળે છે. કેટલાક, પોતાના જીવનમાં બનેલ આઘાતજનક ઘટનાઓની તીવ્ર માનસિક અને શારીરિક અસર હેઠળ હોય. આવા દીક્ષા લેનાર સાધુ સાધ્વીઓમાં તત્કાલ પૂરતો દુ:ખગર્ભિત વૈરાગ્યનો જુવાળ હોય પરંતુ તે શમી જતા અને ભોગોપભોગની સામગ્રી સુલભ બનતા તેઓમાં વિવિધ તૃષ્ણાઓ અભિલાષા જાગૃત થાય છે. યૌવનાવસ્થામાં એ વિશેષ પ્રબળ બને છે. વિવિધ ઈન્દ્રિયોની અતૃપ્તિ તેમની પીડા અને પરિતાપનું કારણ બને છે.

આવી પરિસ્થિતિમાં દીક્ષિત થનાર બધાં જ સાધુ-સંતો માટે આવુ બનતું નથી. સમર્થ સદ્‌ગુરુની આજ્ઞામાં રહેનાર કે પૂર્વે ધર્મ આરાધેલ દઢ સંસ્કારી જીવ આવી પરિસ્થિતિમાંથી પણ સાંગોપાંગ પાર ઉતરે છે.

હિંદુ અને જૈનોના વિવિધ સંપ્રદાયના સાધુઓ, સ્વામીનારાયણ અને વૈષ્ણવસંપ્રદાયના સાધુઓ દેશ અને વિદેશના ખ્રિસ્તી પાદરીઓ અન બૌધ્ધ સાધુઓના શિથિલાચારના પ્રસંગો જાણવા મળે છે.

ભારતની વિવિધ ધર્મપરંપરાઓમાં જૈનદીક્ષાનું પાલન ઘણું જ કઠીન છે.

ભગવાન મહાવીરે ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯મા અધ્યયનમાં કહ્યું છે કે, "સંયમનું પાલન રેતીના કોળિયા જેવું નીરસ છે. જેમ લોઢાના જવ ચાવવા દુષ્કર છે તેમ સર્પની જેમ એકાન્તદૃષ્ટિથી એકાગ્રતાથી ચારિત્ર્યનું પાલન કરવું દુષ્કર છે, જેમ ભૂજાઓથી સમુદ્ર તરી જવો દુષ્કર છે તેમ ઉપશાંત નહિ થયેલા જીવ માટે સંયમરૂપી સાગર તરી જવો દુષ્કર છે." સ્વચ્છંદ, માન-સન્માન, વિજાતીયનો અતિ પરિચય, પરિગ્રહની વૃધ્ધિ કરવાની ઈચ્છા, નામના કમાવવાની ભાવના ઈત્યાદિ કારણો મોટા સાધુને પણ પતનની ગર્તામાં ધકેલી દે છે.

જેના દિલમા સંસારી સુખોની કોઈ સ્પૃહા નથી. જે સદ્ગુરુના સાન્નિધ્યે રહીને તેની આજ્ઞામાં જ સમર્પિત થનાર. સમ્યક્ પુરુષાર્થી સતત જાગૃતિમાં રહેનાર સાધક, વૈરાગ્યની પગદંડીથી પસાર થઈ ત્યાગના રાજમાર્ગ પર ચાલે તો, ઉપશાંતના લક્ષ્યે પહોંચવાની ઉત્કટ ઝંખનાવાળો સાધુ નીરસ સંયમને સ-રસ બનાવી સંયમનો લીલો બાગ સર્જી શકે છે.

દીક્ષા ગ્રહણ કરી સંયમ માર્ગે જવું તે તો મંગલકારી છે. સ્વપર કલ્યાણનું કારણ બને છે ભાગવતી દીક્ષા-પ્રવજ્યાનું મંગલ પ્રયાણ એ આત્મિક ઉલ્લાસના સંકેતરૂપ છે. પરંતુ તેમાં વ્યવધાનના અપવાદરૂપ દાખલાઓ ક્ષોભ પમાડે છે. એનાથી દીક્ષાભંગનો પ્રસંગ ઊભો થતાં વ્યક્તિ અને સમાજ માટે વિલ્વળતા પેદા થવાનું કારણ ઊભું થાય છે. જે વ્યક્તિને દીક્ષા આપવામાં આવી હોય તેની પાસેથી શાસન અને સમાજે મોટી અપેક્ષા રાખી હોય છે. ચતુર્વિધ સંઘે ભવ્ય દીક્ષા મહોત્સવનું આયોજન કર્યું હોય, હજારોની જનમેદની વચ્ચે દીક્ષાર્થીના જયજયકાર વચ્ચે તેમણે ગુરુજી પાસે આજીવન સંયમ વ્રતના પ્રત્યાખ્યાન (પ્રતિજ્ઞા) લીધા હોય કેટલોક સમય સંયમ પાળ્યા પછી આવા સાધુ સંસારમાં પાછા ફરે ત્યારે સમાજ વિક્ષુબ્ધ બની વિશ્વાસઘાતની લાગણી અનુભવે છે. અસાધ્ય શારીરિક માનસિક રુગ્ણતા હોય, સંઘ કે શિષ્યો માટે વૈયાવચ્ચ કરવી શક્ય ન હોય અથવા સાધુજીની સમાચારી પ્રમાણે સંયમપાલન અશક્ય લાગે તેવા અનિવાર્ય સંજોગોમાં ગીતાર્થ ગુરુભગવંતની આજ્ઞાથી સાધુ સંસારપ્રવેશ કરે તે અપવાદ રૂપ છે.

ખાસ કરીને કોઈ તરુણ સાધુ કેટલાંક વર્ષ સંયમજીવનમાં રહે, વાક્છટા,

બુધ્ધિ, ચાતુર્ય વ.ને કારણે યુવાનોનો એક મોટો વર્ગ તેના પ્રતિ આકર્ષાયો હોય અને કેટલાંક વર્ષના સંયમજીવન પછી એકાએક એ યુવાન સાધુ દીક્ષાત્યાગ કરી સંસારમાં પરત થાય ત્યારે એ યુવા વર્ગને જોરદાર આંચકો લાગે છે અને તેને ધર્મમાંથી જ શ્રધ્ધા ઊઠી જાય છે આનાથી ધર્મશાસનને મોટું નુકશાન થાય છે.

યુવાનીમાં સાધુપણું ટકાવી રાખવું ઘણું અઘરું કામ છે. ભગવાન મહાવીરે પણ કહ્યું છે કે : **दुक्करं करेऊं जे तारुण्णे समणत्तणं** "યુવાનીમાં સાધુપણાનું પાલન કરવું દુષ્કર-કઠિન છે."

**जहा अग्गिसिहा दित्ता, पाउं होई सुदुक्करा।**
**तहा दुक्करं करेउं जे, तारुण्णे समणत्तणं।।**

"જેમ અગ્નિની શિખાનું પાન કરવું દુષ્કર છે તેમ તરુણ વયમાં સાધુપણાનું પાલન કરવું દુષ્કર-કઠિન છે."

સંયમનો માર્ગ એટલે તપ્ત સહરાના રણમાં ચાલવા કરતાં કઠીન માર્ગ છે પરંતુ, વીતરાગમાર્ગનો શ્રધ્ધાળુ સહરાના રણ જેવા દુષ્કર સંયમજીવનમાં દ્વીપકલ્પરૂપ જેવા આનંદની અનુભૂતિ કરી શકે છે.

સાધુ-સંતના અમ્માપિયા ગણાતા ઠરેલ બુધ્ધિના શ્રાવકો, સંઘો અને મહાજન સંસ્થાઓએ સમયના બદલાતા પ્રવાહ અને પોતાના પરિસરમાં બનતી દીક્ષાભંગની ઘટનાનું નિરીક્ષણ અભ્યાસ કરી અને આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તેની કાળજી લેવી જોઈએ. આવી ઘટનાનાં મુખ્ય કારણો તપાસવા જોઈએ.

દીક્ષા પહેલાની પૂર્વ તૈયારીનો અભાવ આમાં કારણરૂપ બને છે. ઓછામાં ઓછો પાંચ વર્ષનો ધાર્મિક અભ્યાસ અને સાધુસંતો સંગે સંયમજીવનનો પાંચ વર્ષ અભ્યાસ (સાધુ જેવું જીવન જીવવાનો મહાવરો) જરૂરી ગણાય. અપરિપક્વતા, વાતાવરણ અને ધ્યેયનિષ્ઠાની ઢીલાશ અને ક્વચિત બાળદીક્ષા પણ દીક્ષાભંગ માટે

કારણરૂપ બનતાં હોય છે.

શ્વેતામ્બર જૈન કોન્ફરન્સે પીસ્તાલીશ વર્ષ પહેલાં વિવાદાસ્પદ ચર્ચાને અંતે બાળદીક્ષાના વિરોધનો ઠરાવ પસાર કર્યો હતો. સંયુક્ત મુંબઈ રાજ્યમાં શ્રી મોરારજીદેસાઈ, અપરિપક્વ વયમાં દીક્ષાનિષેધનો ખરડો લાવ્યા હતાં, પરંતુ પ્રચંડ વિરોધને કારણે તે પાછો ખેંચાયો હતો. પૂજ્ય રામસૂરીજી મહારાજે પણ બાળદીક્ષાની તરફેણ કરેલી. બાળદીક્ષાના સમર્થકો નાની વયમાં જ્ઞાનગ્રહણ કરવાની ક્ષમતાપર ભાર આપે છે. મનોવિજ્ઞાનની દૃષ્ટિએ બાળમાનસ એ કુમળા ઉગતા છોડ જેવું છે. માર્ગદર્શિત દિશામાં વાળી શકાય. અઈમુત્તા, અરણિકમુનિ હેમચંદ્રસૂરી જેવાઓએ નાની વયમાં દીક્ષા લઈ સંયમજીવન દીપાવ્યું તેના દાખલા આપે છે. આજના અત્યંત વિષમકાળમાં પણ તદન નાની વયે દીક્ષા લઈને સંયમજીવનનો ઉત્તમ રીતે દીપાવનાર દીક્ષાર્થીનાં ઉદાહરણો પ્રત્યેક સંપ્રદાયમાં મળે છે. એટલે નિરાશ થવાની કોઈ જરૂર નથી. પરંતુ નાનીવયની વ્યક્તિને દીક્ષા આપી સંયમપથમાં દૃઢ કરનાર સદ્‌ગુરુ તથા જે તે સંપ્રદાયની ઉત્તમ વ્યક્તિઓનો સમ્યક પુરુષાર્થ, જાગૃતિસભર પરિણામ લાવી શકે. બાળ દીક્ષાર્થીને અનોખી શાતા પમાડી શકે અને સંયમમાર્ગમાં સ્થિર કરી શકે.

બાળદીક્ષા પરત્વે ખૂબજ સાવધાની ની જરૂર છે. બાળ દીક્ષાર્થી દીક્ષા પહેલા ત્રણ-ચાર વર્ષ સાધુજીવનનો મહાવરો અને સંત સાન્નિધ્યે ધાર્મિક અભ્યાસ જરૂરી છે. બાળદીક્ષાનો પેચીદો પ્રશ્ન સમાજની એરણ પર રહ્યો છે. જેનો સમાધાનકારક ઉકેલ હજુ સુધી શોધી શકાયો નથી. જો કે ગીતાર્થ ગુરુવર્ય કે આચાર્ય જ દેશકાળ પ્રમાણે તેનો નિર્ણય લઈ શકે.

સાધુઓનો શિથિલાચાર કે સ્વચ્છંદાચાર તેને દીક્ષાભંગ ભણી લઈ જાય છે, જેને માટે મોટા ભાગે શ્રાવક-શ્રાવિકાઓની ભૂમિકા જ જવાબદાર ઠરી છે.

જૈનધર્મમાં આહાર, વિહાર, ઉઠવા બેસવા કે સૂવાની ક્રિયાઓ વિશે પણ બહુજ સૂક્ષ્મતાથી વિચાર કરવામાં આવેલ છે.

દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, સાકર જેવા દ્રવ્યોને 'વિગઈ' કહે છે. વિગઈ એટલે શરીરમાં વિકૃતિ જન્માવી શકે તેવા પદાર્થો. આ વિગઈનો અત્યંત મર્યાદિત ઉપયોગ. વિજાતીય વ્યક્તિ સાથે નજર મિલાવી મુખ દર્શન ટાળવું અને એકાંતને સર્વથા નિવારવાની સાધુપણાના પાલન માટે આવશ્યકતા બતાવી છે.

જૈનદર્શનમાં શિથિલતાની દૃષ્ટિએ પાંચ પ્રકારના સાધુઓને અવંનદનીય કહ્યા છે "પાસત્થા" (પાર્શ્વસ્ય) એટલે જેઓ આત્મામાં નહીં પણ આત્માની બાજુમાં, બહાર રહે છે. "અવસન્ન" એટલે આચાર પાલનમાં શિથિલ "કુશીલ" એટલે ખરાબ આચરણવાળા. "સંસક્ત" સારા નરસા મિશ્ર ગુણોવાળા "યથાછંદ" સ્વચ્છંદ-ગુરુની આજ્ઞામાં ન રહેનાર આ પાંચ પ્રકારના સાધુ વંદનને પાત્ર નથી.

જો કોઈ સાધુ ઉદંડ બને, વારંવાર સમજાવવા તક આપવા છતાં ચારિત્ર્યમાં સ્થિર ન થાય તો તેને દીક્ષા છોડાવવી જ જોઈએ. સુપાત્રને દીક્ષા આપવામાં જેટલો લાભ છે તેથી પણ વધુ લાભ અપાત્ર કે કુપાત્ર બની ગયેલાને દીક્ષા છોડાવવામાં છે. શ્રમણસંસ્થાની વૃદ્ધિ થાય તેના કરતાં શુધ્ધિ થાય તેમાં વધુ લાભ છે.

સારી વાક્છટા અને પ્રતિભાસંપન્ન સાધુ વિચારે કે આ સંપ્રદાયમાં રહી સમાચારી કે સાંપ્રદાયિક મર્યાદાઓને કારણે લોકહીત કે ધર્મ પ્રચાર માટે દેશ-વિદેશમાં હું મારી શક્તિનો ઉપયોગ નહીં કરી શકું. દીક્ષાત્યાગ કર્યા પછી ગૃહસ્થ જીવનમાં રહી આ શક્તિઓનો ખૂબ જ સારી રીતે ઉપયોગ કરી શકીશ માટે દીક્ષાત્યાગી સંસાર પ્રવેશ કરે છે. પરંતુ સ્વઆત્મહિતના ભોગે લોકહિતની પ્રવૃત્તિને જૈન દર્શને કદી સ્વીકૃતિ આપી નથી.

આવશ્યકસૂત્રના "વાવન્ન કુદંસણ વજ્જણા" આ શબ્દોનો સંકેત શું છે? જ્ઞાન-દર્શન-ચારિત્ર્યને પામીને ભ્રષ્ટ થયા હોય તેનો તેમજ ખોટા માર્ગને (પાપ કરીને ધર્મ) માનનારાઓનો ત્યાગ કરવો.

આપણે અહીં પાપપુણ્યની વ્યાખ્યામાં કે સૂક્ષ્મ ચર્ચામાં નહીં ઉતરીએ પરંતુ

સંયમમાં રહી સાધુપણાનું પાલન કરનાર પંચ મહાવ્રતધારી સંત-સતીની તુલના, વક્તા, વિદ્વાન, સેવક કે ધર્મપ્રચારક સાથે કરી શકાય નહીં.

જૈન ધર્મ આચારપ્રધાન ધર્મ છે. પ્રચાર કરતાં આચરણના પ્રભાવને વધુ પ્રધાનતા આપે છે.

વળી કોઈ મુનિ કોઈપણ કારણસર સાધુપણું છોડી સંસારપ્રવેશ કરે ત્યારે તેમના આ પગલાને નૈતિક હિંમતમાં ખતવી પ્રશંસા કરીએ ત્યારે સાથે સાથે તેને પ્રાયશ્ચિત કરવાની પ્રેરણા આપવી જોઈએ અને તેમનાં પગલાંથી ધર્મશાસન સમાજ અને સંઘમાં શું પ્રત્યાઘાત પડ્યા, તે વિષે પણ વિચારવું જોઈએ. સમાજે આવી વ્યક્તિ પ્રત્યે ઘૃણાથી ન જોતા માનવીય દૃષ્ટિકોણ રાખવો જરૂરી છે.

આવા પ્રસંગોથી જ યુવાવર્ગ ધર્મથી વિમુખ થતો જાય છે તે વાત પણ ગંભીરતાથી વિચારવી ઘટે. આવા સાધુઓ, સાંપ્રત વૈજ્ઞાનિક શોધોના કલ્યાણકારક ઉપયોગ દેશ-વિદેશમાં ધર્મ પ્રચાર, માનવસેવા વગેરેની વાતો સાંપ્રદાયિક મર્યાદાઓના સંદર્ભે કરે છે. ત્યારે તેણે ભગવાન મહાવીરના આત્માએ મરીચિના ભવમાં કરેલા વિધાનોનું સ્મરણ કરવું જોઈએ.

મરીચિના ભવમાં ભગવાન મહાવીર જૈન, ધર્મના કઠીન વ્રત નિયમો ન પાળી શકતા, જૈનદીક્ષાનો ત્યાગ કરી પગમાં ચાખડી, ભગવાં વસ્ત્રો અને દંડ ધારણ કરી ભગવાન ઋષભદેવની પર્ષદા બહાર બેસે છે. આ ત્રિદંડી સાધુ પાસે કોઈ દીક્ષિત થવા કે ઉપદેશ સાંભળવા આવે ત્યારે તે પ્રથમ તો એમ જ કહે છે કે "પાળવા જેવો તો આ ભગવાન ઋષભદેવનો જ ધર્મ છે કઠીન છે છતાંય એ જ સાચો મોક્ષમાર્ગ છે." એમ કહી પોતાની મર્યાદાઓનો સ્વીકાર કરે છે પરંતુ એક વખત નિમિત્ત મળતા તેવો ઢીલા પડી ગયા. તેઓને જ્યારે કપિલમુનિ પૂછે છે, "શું ત્યાં ધર્મ છે, અને તમારે ત્યાં ધર્મ નથી?" ત્યારે તેઓ કહે છે, "અહીં પણ ધર્મ છે અને ત્યાં પણ ધર્મ છે. આ ઉત્સૂત્રપ્રરૂપણાને કારણે તેઓનું સંસારભવભ્રમણ વધી ગયું માટે જે સંયમ છોડી સંસારમાં પુનઃ પ્રવેશ કરે તે દરેક વ્યક્તિએ પોતાની મર્યાદાનો સ્વીકાર કરી સાચા સંયમપંથ, વીતરાગમાર્ગની અનુમોદના કરવી એ જ ખરી નૈતિકતા છે.

દીક્ષાભંગ કરી સંસાર પ્રવેશ કરનાર વ્યક્તિને સંઘ, સંસ્થા કે સમાજ જલદી સ્વીકારતો નથી ત્યારે તે નવો ચોકો કરે છે.

બૌધ્ધ દીક્ષા પધ્ધતિ અનુસાર, દીક્ષાર્થીને ભિખ્ખુ ગણવામાં આવે છે. આ અર્ધદીક્ષિતને 'થામણેર' કહે છે પાંચ વર્ષ તે બધા નિયમો પાળે છે પરંતુ તેને આ નિયમો પાળવા માફક ન આવે તો પાછો સંસારમાં જઈ શકે છે અથવા પુન:પ્રવજ્યા ગ્રહણ કરી ભિખ્ખુસંઘમાં સામેલ થઈ શકે છે.

જૈનમાર્ગમાં કાચી અને પાકીદીક્ષાનો વિધિ છે પરંતુ વડીદીક્ષા માત્ર વિધિરૂપ બનેલ છે. બૌધ્ધધર્મની 'થાણમેર' વ્યવસ્થા સાહજિક હોઈ પાંચ વર્ષના ગાળામાં માનભેર સંસારપ્રવેશ મળી શકે છે.

જૈનોના તેરાપંથ ફીરકામાં શ્રાવકશ્રાવિકા સાધુજી-સાધ્વીજી વચ્ચેની કડીને સમણ-સમણીની શ્રેણી કહે છે. આ સમણ અને સમણીજી આહારવિહાર સિવાય સાધુની જીવનચર્યાનું અનુસરણ કરે છે. તેને અનુકૂળ હોય ત્યાં સુધી બ્રહ્મચર્ય, અચૌર્ય અને સત્યવ્રતનું પૂર્ણ પાલન કરે છે. અને અહિંસા અને અપરિગ્રહનું આંશિક પાલન કરી દેશ-વિદેશમાં ધર્મ પ્રચાર અને વૈયાવૃતનાં સત્કાર્યો કરે છે. જેમને લોકહિતના અને ધર્મપ્રચારનાં કાર્ય કરવાની હોંશ હોય તેને આ શ્રેણીમાં સંતોષકારક તક મળે છે.

સંઘો, મહાસંઘો, સંપ્રદાયના આગેવાનો સાધુ-સાધ્વીઓની સુરક્ષા, માંદગી તથા વૃધ્ધાવસ્થાની વૈયાવચ્ચ, શાસ્ત્રજ્ઞાનના અભ્યાસની સુલભતાની વ્યવસ્થા કરશે, શ્રાવકોમાં સાધુજીની સમાચારીનું જ્ઞાન હશે અને તે શ્રાવકાચારનું પાલન કરશે તો દીક્ષાભંગના પ્રસંગો ઘટશે અને જિનશાસનની ઉજ્જવળતા અને શ્રમણસંસ્કૃતિની અસ્મિતા ટકી રહેશે.

## ઉપભોક્તાવાદથી ઉપયોગની સંસ્કૃતિ તરફ

દરેક નવું નવું પહેરી ઓઢી લેવું, દરરોજ નિતનવી વિવિધ વાનગીઓ ખાઇ લેવી એકવીશમી સદીના મંડાણમાં માનવીનું જીવન ઉપભોગલક્ષી દોડમાં સામેલ થઇ ગયું છે.

માત્ર ઢોસાની દુકાનમાં પચાસ જાતના વિવિધ ઢોસા, આઇસ્ક્રીમની દુકાનમાં સાઇઠ જાતના આઇસ્ક્રીમ, ચપ્પલ કે શુઝની સેંકડો તો, વસ્ત્રોની હજારો ડીઝાઇન.

સપ્ત સુરના સારેગમ કે આલાપ, નૃત્યો આલ્બમ, ફિલ્મ સીડી અને ઓડીઓ વિડીયોની સહસ્ત્ર શૃંખલાએ પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મન માટે ભોગ ઉપભોગની વૈકલ્પિક ભરમાર ઉભી કરી દીધી છે. મનના વિકલ્પો અને ફેશનના કારણે કપડાથી માંડીને ફર્નિચર અને મોટરકાર વારંવાર બદલા છે.

ઉપભોકતાવાદની આ સંસ્કૃતિમાં કેટલીય બીન જરૂરી ચીજોનો વપરાશ વધી ગયો. તન-મન માટેની જરૂરી ચીજોનો દેશ નિકાલ થયો. દેશની ઉદારીકરણની નિતીને કારણે ભોગ-ઉપભોગ માટે અસંખ્ય વિદેશી વસ્તુઓની આયાત થઇ બગાડ અને દુરુપયોગથી સામાજિક અન્યાય અને વિષમતા સર્જાણી.

વિકલ્પોની વણજાર અને ઉપભોકતાવાદની આંધળી દોડમાં આપણે ક્ષણભર અટકી ચિંતન નહિં કરીયે તો આ જીવન શૈલી આપણાં તન-મનને અશાંત અને પ્રદુષિત કરી દેશે.

આ સંસારમાં માનવીન ભોગ અને ઉપભોગ માટે અસંખ્ય વસ્તુઓ નિર્માયેલી છે. જેમાં જડ-ચેતન અને મિશ્ર વસ્તુઓની વિશાળ શ્રેણીનો સમાવેશ થાય છે.

ઘોડા પર બેસીને મુસાફરી કરે તો ચેતનનો ઉપભોગ ઘોડાગાડીમાં બેસી મુસાફરી કરે તે જડ-ચેતન મિશ્રનો ઉપભોગ અને ફકત ગાડી વાપરે તો જડનો ઉપભોગ.

પરિભોગ એટલે એક વસ્તુ વારંવાર વાપરવી. દા.ત. કપડા, પલંગ, મોટરકાર વિ. જ્યારે પરિભોગ અને ઉપભોગ પરિભોગમાં જો સંયમ અને વિવેક અભિપ્રેત હોય તો તે ઉપયોગ બની જાય છે.

ભોગ ઉપભોગ કે ઉપયોગનો સંપૂર્ણ ત્યાગ એ વિશુધ્ધ આત્મસ્વરૂપનો સ્વભાવ છે, શુધ્ધાત્માને ભોગ ઉપભોગ જરૂર નથી. સંસારમાં રહેલા આપણાં કર્માધીન જીવને ભોગ-ઉપભોગ વિના ચાલતું નથી.

સંપૂર્ણ ભોગ-ઉપભોગ કે ઉપયોગ વિહિન દશા તે પ્રકૃતિ છે. એટલે આત્માનો સ્વભાવ છે. વિવેક સહ, સંયમ પૂર્વક ભોગ-ઉપભોગ ઉપયોગ તે સંસ્કૃતિ અને વિવેકહિન બેફામ ભોગ કે ઉપભોગ એ વિકૃતિ છે.

પ્રકૃતિએ આપેલી તમામ સંપતિ એ કોઇ એકલાની માલિકીની નથી. સમગ્ર સૃષ્ટિ માલીકોની છે. કોઇ પણ વ્યક્તિને આ કુદરતી સંપતીનો બેફામ દુરુપયોગ કરવાનો અધિકાર નથી. વળી અગ્નિ, વાયુ, પાણી, પૃથ્વી અને વનસ્પતિમાં પણ જીવ છે. વિવેકહીન બેફામ ભોગ-ઉપભોગથી આ જીવોની વિરાધના કે હિંસા થશે.

પ્રકૃતિના કોઇ પણ ઘટકનો બેફામ વિવેકહીન ઉપયોગ પર્યાવરણ અસંતુલન પેદા કરે છે. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભયંકર વાયુચક્રો, કે ભૂકંપ જેવી કુદરતી આપતોને નોતરે છે.

પશ્ચિમની યંત્રવાદની સંસ્કૃતિ બેફામ ભોગ અને ઉપભોગલક્ષી સંસ્કૃતિ છે. વધુ વાપરો, વધુ અને વિવિધ ખાઓ, વધુ ઉત્પાદન કરો એ ઉત્પાદન વધારવા નવી શોધો કરો.

શોષણ, હિંસા, પરિગ્રહ અને સામ્રાજ્યવાદ ભોગાલક્ષી સંસ્કૃતિની નિપજ છે. ઉપભોકતાવાદની વિકૃત વિચારધારાએ તનમનના કેટલાય રોગોને નોતર્યા છે અને જીવસૃષ્ટિને અશાંત કરી છે.

વિશ્વ અશાંતિ ભોગ-ઉપભોગલક્ષી વિચારધારાનું વિકૃત પરિણામ છે. પરંતુ ભગવાન મહાવીરે આ વૃત્તિનું વિશ્લેષણ કરી અલ્પ ઇચ્છા દ્વારા ઇચ્છા પરિમાણ કરવાનું કહ્યું જરૂરી ઉપયોગ અર્થદંડ છે. પરંતુ બેફામ ભોગ ઉપભોગ તો અનર્થ દંડ છે. જાગૃતિ અને વિવેકને કારણે અનર્થ દંડથી બચી શકાશે.

ભોગ-ઉપભોગથી કદી સંતોષ થવાનો નથી. દ્રૌપદીના ચીર શ્રીકૃષ્ણે પુર્યા પરંતુ તૃષ્ણા અનંત છે તેના ચીર કોઇ પુરી શકે તેમ નથી.

ભગવાને સાધકો માટે તો ઇચ્છા ઉપર વિજય મેળવવા ઇચ્છાજયી બનવા કહ્યું તેથી જ મનમાં ધીરે ધીરે વિકલ્પો ઓછા થતાં જશે. જ્યાં વિકલ્પ ઓછા ત્યાં સૂખ, શાંતિ અને સંતોષની માત્રા વધારે.

આશ્રમના એક અંતેવાસી જાજરૂ (શૌચ-ક્રિયા) જઇ આવી સફાઇ માટે સાથે ખેતરમાંથી જરૂર કરતાં વધુ મારી લાવ્યા ત્યારે ગાંધીજીએ તે માટીને ખેતરની અંદરમાં જ પાછી મૂકાવી. પોતે લીમડાણી ચટણી વાપરતાં, એક ભાઇ લીમડાની મોટી ડાખી લઇ આવ્યા તો તેણે ચટણી માટે એજ ડાળખી ચાર દિવસ ચલાવી. દાતણ પણ ચારથી પાંચ દિવસ ચલાવે. સ્નાન માટે પાણી પણ અઢી શીશા જેટલું જ વાપરે. શોચ સફાઇ માટે પાણી પણ જરૂર પુરતું જ. એક દિવસ પાણીની આવી કરસર જોઇ એક ભાઇએ બાપુને કહ્યું કે 'આટલી મોટી ખળખળ વહેતી સરિતા આપની પાસેથી ચાલી જાય છે, તો પણ પાણી વાપરવા કંજુસાઇ કેમ કરો છો ?' બાપુએ કહ્યું 'ભાઇ ! આ નદી મારા બાપની નથી આ સરિતાના જળ પર મારા દરેક રાષ્ટ્રબંધુનો અધિકાર છે. હું પાણીનો દુરુપયોગ કરું ને મારા દેશવાસીઓ તરસ્યા રહી જાય. અહીં ઉપયોગ અંગે ગાંધીજીની વિવેકદષ્ટિના દર્શન થાય છે.

પૂજ્ય હિતરૂચિવિજયજી મહારાજ સાહેબે 'ડાયેટ ફોર ન્યુ અમેરિકા' પુસ્તક વાંચવાની ભલામણ કરી છે. અમેરિકાની એક બહુ મોટી આઇસ્ક્રીમ બનાવનારી કંપનીના માલીક જ્હોન રોબિન્સે 'ડાયેટ ફોર ન્યુ અમેરિકા' માં નવા દષ્ટિકોણથી નિરિક્ષણો અને વિંલેષણો રજુ કર્યા છે. તેમના મતે માત્ર એક પાઉન્ડ બીફ પેદા કરવા માટે સોળ પાઉન્ડ અનાજ અને સોયાબીન, પચ્ચીસો ગેલન પાણી અને એક ગેલન ગેસોલીન

(પેટ્રોલ) જેટલી ઉર્જા વેડફાય છે. અમેરિકામાં ઘર વપરાશથી લઇ ખેતી અને ઔધોગિક કારખાનામાં જેટલું પાણી વપરાય છે તેટલું જ પાણી માંસ ઉછેરતા પશુઓ પાછળ વેડફાય છે. અમેરિકામાં ગોમાંસના ઉત્પાદન માટે બાવીશ કરોડ એકરમાં પથરાયેલા વિશાળ જંગલોમાંથી અડધો અડધ જંગલોના વૃક્ષોનો ખાતમો બોલાવવામાં આવ્યો છે. આ તારણોથી માત્ર અમેરિકનો જ નહિં જગતના કેટલાય દેશો ચોંકી ગયા છે. અન્નાહારી અને શાકાહારી કરતા માંસાહારીઓ કુદરતી સંપતિનો આડેધડ વાપરીને અનેક ગણી રીતે વેડફે છે.

ભોગ-ઉપભોગનું આ બિહામણું અને વિકૃત સ્વરૂપ છે.

પશ્ચિમમાં થયેલી ઔધોગિક ક્રાંતિ પછી ઉપભોકતાવાદી સંસ્કૃતિ ફૂલીફાલી તેનો કાતિલ અને ઝેરી પવન આપણા દેશને પણ સ્પર્શી ગયો છે.

બ્રશ અને દાઢી કરતાં સતત વોશબેસીનનો નળ ખુલ્લો રાખતી વખતે, વીસ મીનીટ કે અડધો કલાક સુધી ટબ બાથ કે શોવરબાથ લેતા, સ્વિમીંગપુલમાં કલાકેક ગાળતાં, વોટર પાર્કમાં વોટર ગેઇમ કે વોટર રાઇડમાં કલાકો માણતાં, આ જગતમાં પીવાનું પાણી સુલભ રીતે ન મળવાને કારણે કેટલા માનવીઓ અને કેટલા પ્રાણીઓ તરસ્યા રહી જાય છે તેનું જરૂર એકાદીવાર સ્મરણ કરી લેવું જોઇએ.

વર્તમાન પત્રો નહોતા ત્યારે સમાચારોની જાણકારી ગામનો ચોરો, અને બહેનો માટે પનઘટ જીવંત વર્તમાન પત્ર બની રહેતું અમેરિકામાં રવિવારે ૬૦ થી ૧૦૦ પાનાની પૂર્તિઓ છપાય છે. અમેરિકામાં પ્રગટ થતા આ છાપાઓની ખાલી એક જ રવિવારની આવૃત્તિ માટે જોઇતો કાગળ બનાવવા માટે પાંચ લાખ ઝાડ કાપવા પડે અને કરોડો લીટર પાણી વાપરવું પડે તેના ઔચિત્ય અંગે વિચારણા કરવી રહી.

આપણે ત્યાં પણ આ સભ્યતાના મંડાણ થઇ ચૂકયા છે.

શિષ્ટ સાહિત્યના પુસ્તકો કે વર્તમાન પત્રો ઉપયોગી છે પરંતુ કાગળનો બીનજરૂરી ઉપયોગ ટાળવા જાગૃતિની જરૂર છે.

હિન્દુ ધર્મમાં શ્રાવણ માસમાં એક ફળ અને દુધ લઇ ઉપવાસ દ્વારા અન્નત્યાગ, જૈન ધર્મમાં ઉણોદરી તપ, થોડા થોડા કોળિયાનો આહાર ઘટાડતો જવો (પેટ ઉણું રાખવું ઠાંસી ઠાંસીને ન ખાવું) કંવલ આહાર માત્ર અમુક કોળીયાનો જ આહાર દ્રવ્ય તપ-ખાનપાન દવા વિગેરે મળી માત્ર નિયત, દ્રવ્યો પાંચ સાત કે દસ દ્રવ્યો (વસ્તુ વાનગી) થી વધુ દ્રવ્યો એક દિવસમાં ન લેવા વિ. તપ ભોગ ઉપભોગના સંયમ માટે છે. અસંયમ ઘટાડવા માટે છે.

સામાજિક ધાર્મિક કે પરિવારના પ્રસંગ-પાર્ટીમાં કેટરર્સ તૈયાર કરેલ ભોજનના પંદર કાઉંટરોની સો કરતાં વધુ વાનગીના વિકલ્પવનમાં ભટકતા ભોજન સમારંભોમાં ભયંકર બગાડ નજરે નિહાળતા 'ભૂખ લાગે તે માટે શું કરવું' નો વિચાર કરતાં આપણે 'ભૂખ લાગે ત્યારે શું કરવું' ની ચિંતા કરનારાઓનું સ્મરણ કરી લેવું જોઇએ.

લગ્ન, પાર્ટી કે ખૂશીના પ્રસંગે લાખો ફૂલોના કચ્ચરઘાણ, પ્રકૃતિ પ્રતિ ક્રુરતા છે. પૂજાના ફૂલ માટે રાત્રિના અંતિમ પ્રહરમાં કુદરતી રીતે ખરી પડેલા ફૂલોનો ઉપયોગ કરવા જાણાવાયું છે. જ્ઞાનીઓએ તો દ્રવ્ય પૂજા કરતા ભાવ પૂજાનું જ મહત્ત્વ બતાવ્યું છે.

વિવેકપૂર્ણ ઉપયોગમાં સંયમ અને અચેતન તથા ચેતન જગતના અસ્તિત્વનો સ્વીકાર અભિપ્રેત છે.

અધ્યાત્મના પાયા ઉપર રચાયેલ ભારતીય દર્શનો માને છે કે જગતની તમામ ચીજ વસ્તુઓનો મન ફાવે તેમ ઉપયોગ-ઉપભોગ કરવાનો મનુષ્યને અધિકાર નથી. જીવન જીવવા માટે અનિવાર્ય રીતે કેટલાક ભોગ ઉપભોગની જરૂર છે.

ભયાનક રીતે કુદરતી સંપતિ પાણી અને વૃક્ષોને ઓહિયા કરનારી સંસ્કૃતિનો આડેધડ વિકાસ થશે તો એ વિકૃતિમાં બદલી જશે જ. ભાવિ પેઢી માટે ઝાડને મ્યુઝિયમ પીસ કુદરતની કેટલીય વસ્તુઓ એન્ટીકપીસ, માત્ર ચિત્ર, શિલ્પ કે દંતકથા બની જશે.

પાણીનો વેડફાટ કરનાર પ્રદુષણ મૂકત સુલભ જળને અમૂલ્ય ઔષધિ જેવું દુર્લભ બનાવી દે તો નવાઇ નહિ.

આપણા ધર્મો તો, પ્રકૃતિના તમામ ઘટકોમાં, પરમાત્માનો વાસ છે તેમ માને છે તો, એકેન્દ્રીય જીવો પ્રત્યે દયા કે અનુકંપા ભાવના નહિં પણ પૂજ્ય ભાવ હોવો ઘટે. ઉપયોગ એટલે પ્રમાદ મૂક્તિ, ઉપયોગ શબ્દમાં જાગૃત દશા અને વિવેક અભિપ્રેત છે.

આપણે સૌએ ભયંકર ભોગ-ઉપભોગના વિકૃતિથી પાછા વળી ઉપયોગની સંસ્કૃતિ તરફ વળવાનો સમય પાકી ગયો છે.

## ક્રોધ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે

ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય, ખુબ જ સીફતથી આત્મઘરમાં પ્રવેશી અને આત્મગુણોની ચોરી કરી જાય છે. (જ્ઞાનીએ ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય ને આત્મગુણોને હરનાર ચોર કહ્યાં છે.) આ ચોર એટલાં બધાં કુશળ હોય છે કે એ આપણા ઘરમાં ચોરી કરીને ચાલ્યા જાય છે ત્યાં સુધી આપણને ખબર પણ પડતી નથી કે આપણે ત્યાં ચોરી થઈ ગઈ. આ કષાયો આત્માના ક્ષમા, નમ્રતા, સરળતા અને ઉદારતાના ગુણોની હાનિ કરે છે.

આ સંસાર જાણે દુર્ગુણોના કાંટાઓનું અડાબીડ જંગલ છે. આવા જંગલમાં સાવચેતીથી ન ચાલીએ તો કપડામાં કાંટા ભરાય, હાથ પગ કે શરીરના અન્ય ભાગમાં પણ કાંટા વાગે. સાવચેતીથી ચાલીએ તો આ કાંટાઓ આપણું કશું બગાડી શકતા નથી. પરંતુ જરા સરખી અસાવધાનીથી પગમાં વાગેલો એક કાંટો આપણી પીડાનું કારણ બની જાય છે.

ક્રોધ એ પગમાં વાગેલો એક એવો કાંટો છે કે એ આપણને તો પીડા આપે છે પરંતુ આપણી આસપાસનાને પીડા આપ્યા વગર રહેતો નથી.

**સ્થાનાંગ સૂત્રમાં વીરપ્રભુએ ક્રોધની ચાર સ્થિતિને ચાર અલગ અલગ ઉપમા આપી સ્પષ્ટ કરી છે.**

ક્રોધની રેખા પર્વતપર પડેલી તીરાડ જેવી છે. પર્વત પર પડેલી તીરાડ જલદી પુરાતી નથી એમ ઉગ્ર સ્વભાવવાળી વ્યક્તીનો ક્રોધ શાંત થતો નથી. તેને પ્રેમ કરો ક્ષમા માગો તો પણ તેની ક્રોધાગ્નિ ઠરતી નથી. પરંતુ ક્રોધની આગ જ્વાળાની જેમ લબકારા માર્યા કરે છે. પોતે દાઝે છે અને અન્યને દઝાડે છે.

ભગવાન પાર્શ્વનાથના પૂર્વભવની વાત આપણે સૌ જાણીએ છીએ. કમઠનો જીવ ભગવાન પાર્શ્વનાથના મોટાભાઈ અને નાનાભાઈ, મરુભૂતિ પાર્શ્વનાથ. સાધારણ

વાતમાં બન્નેને ઝગડો થયો. કમઠે વેરનીગાંઠ બાંધી લીધી મરુભૂતિ એ વારંવાર ક્ષમા માગી વિનયપૂર્વક પ્રેમપૂર્વક વર્તાવ કર્યો છતાં કમઠે ક્ષમા ન જ આપી. આ પરંપરા પાર્શ્વનાથ મોક્ષગામી બન્યા ત્યાં સુધી ચાલી ક્રોધીનો વિવેક લુપ્ત થાય, તેના લોહિમાં જાણે વિષ ભળી જાય આવો ક્રોધ ૧૨ માસ ટકે તો અનંતાનુબંધી ક્રોધની શ્રેણીમાં આવી જાય.

ક્રોધની બીજી સ્થિતિ પૃથ્વી પર પડેલી તીરાડ જેવી છે. આ સ્થિતિમાં થોડુ ચિંતન, થોડો વિવેક જાગૃત હોય છે. અમાસની ઘોર અંધારી રાતમાં જાણે એક નાનકડા કોડિયાનો ઉજાસ, વેરાન ભૂમિમાં પડેલી તિરાડ. જાણે પાણી વીનાની મા પૃથ્વીની ફાટેલી સ્થિતિ. ક્ષમા અને પ્રેમની અમીવર્ષા જ વસુંધરાની આવી સ્થિતિ બદલી શકે.

ક્રોધી વ્યક્તિ કટુવાણીથી બીજા પર પ્રહાર કરે ત્યારે જાણે એનું હૃદય ફાટી જાય વિવેકહીન ક્રોધી વચન 'મહાભારત' સર્જી શકે.

ક્રોધી વ્યક્તિના ભયંકર વચનો રાક્ષસી વ્યવહાર, પ્રેમની અખંડ ધરાના ટુકડે ટુકડા કરી નાખે.

પહેલી અને બીજી સ્થિતિના ક્રોધીને ગીતાની ભાષામાં તમોગુણી કહેવાય. સત્પુરુષ, સંત સમાગમ સ્વાધ્યાય કે પૂર્વ ભવનું સ્મરણ જ આ ક્રોધનો પ્રભાવ ઓછો કરાવી શકે. આવી ક્રોધી વ્યક્તિના જીવનમાં વ્રતનિયમ ધારણાને પ્રવેશ નથી હોતો. અવ્રતી બને છે અણફલાઉ ભૂમિમાં જેમ બીજ ઉગતું નથી તેમ ક્રોધીના હૃદયમાં ત્યાગ નિયમની ભાવના જાગૃત થતી નથી. ક્રોધ કરવાવાળા આવા જીવને અપ્રત્યાખાની કહેવાય. આવી ક્રોધની અવસ્થામાં જીવ મૃત્યુ પામે તો તિર્યંચગતિને પ્રાપ્ત કરે છે. આવો જીવ સમકિતને સ્પર્શ તો કરી શકે પરંતુ શ્રાવકધર્મની આરાધના કરી શકે નહિ. જીવ એક મહિનાથી વધુ સમય આવા ક્રોધના પરિણામમાં રહેતો અપ્રત્યાખ્યાનીની શ્રેણીમાં આવી જાય છે.

ક્રોધની ત્રીજી સ્થિતિ રેતી પર પડેલી તિરાડ જેવી છે રણમાં રેતીના પહાડો હોય છે તેમાં તિરાડો પડે છે પણ જેવી તીવ્ર હવાની એક લહેર આવે તેવી આ તિરાડ નષ્ટ થાય છે. આ સ્થિતિનો જીવ ક્રોધાવેશમાં તો આવી જાય છે પણ જેવી જ્ઞાન, વિવેક સહવિચારની હવા માણે છે ને ક્રોધની તીરાડો લુપ્ત થઈ જાય છે. આવી વ્યક્તિને જેની સાથે મતભેદ થયો હોય તેની સાથે ક્ષમાપના કરી લે છે, પશ્ચાતાપ કરી લે છે અન મન શાંત થઈ જાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રના તેરમાં અધ્યયનમાં ચિત્તસંભૂતિ મુનિનું ચરિત્ર આવે છે. સંભૂતિ મુનિને નગરમાં ભિક્ષાગ્રહણ કરતા જોતાં નમૂચિ પ્રધાન વિચારે છે કે આ મુનિ મારા દુરાચરણનો ભાંડો ફોડશે તો મારી ઈજ્જત જાશે માટે સૈનિકોને મુનિને મારવા આદેશ આપે છે સૈનિકો મુનિને મારે છે મુનિ સહન કરે છે. વધુ ત્રાસ આપે છે, મુનિની સહનશીલતાની હદ પાર થઈ ગઈ. જાણે ચંદનને અતિ ઘસવાથી ચીનગારી ફૂટે, જોરથી પાણી પડવાથી તે પાણીના પ્રવાહમાં વિજળી વિદ્યુતનું સર્જન થાય તેમ શાંત તપસ્વી મુનિમાં ક્રોધ જાગ્યો તેના રૌદ્ર સ્વરૂપે જાણે નગરને ભસ્મ કરવા તેજો લેશ્યા છોડવા સંકલ્પ કર્યો. તરત જ તેના મુખમાંથી ધુમાડાના વાદળો નીકળવા માંડ્યા. આખી નગરીએ ત્રાહીમામ પોકારી. ચક્રવર્તી સનત્કુમારે મુનિના ચરણે ક્ષમા માગી. નાનાભાઈ ચિત્તમુનિએ આવી સંભૂતિ મુનિને ક્રોધથી શાંત કર્યા. મધુરવચનોવાળી પ્રાર્થનાથી મુનિનો ક્રોધ શાંત થયો, મુનિએ પ્રાયશ્ચિત્ત કરી શુધ્ધિ કરી.

આવા પ્રકારનો ક્રોધ રેતીમાં અંકાયેલી રેખા જેવો હોય છે. તુરંત શાંત થતો આત્મા સમકિતની અને શ્રાવક ધર્મની સ્પર્શના તો કરી શકે છે. પરંતુ મુનિ ધર્મની આરાધના કરી શકતો નથી. આ સ્થિતિ જીવને મનુષ્યગતિથી ઉપર ઉઠવા દેતી નથી આવો આત્મા રજોગુણી કહેવાય. જેની સ્થિતિ રાખથી ઢંકાયેલા અંગારા જેવી છે આ ભારેલો અગ્નિ ગમે ત્યારે ભભૂકી ઉઠે.

ક્રોધની ચોથી સ્થિતિ પાણીમાં ખેંચેલી રેખા જેવી છે, પાણીમાં ખેંચેલી રેખા ક્ષણભર ટકતી નથી. આવા આત્માઓ સરળ અને મધુર સ્વભાવના હોય છે તમે

ગમે તેવું વર્તન કરો તો પણ સામાન્યરીતે તેને ક્રોધ આવતો નથી. સરોવરમાં પથ્થર ફેંકવાથી લહેરો ઉઠે ને પાછી વિલિન થઈ જાય. તેમ થોડી ઉત્તેજના-ઉશ્કેરાટ ભર્યો ક્રોધ આવે પરંતુ ઉફાળો લેતા દુધમાં જરા સરખો પાણીનો છંટકાવ કરતા દુધનો ઉફાળો શાંત થઈ જાય તેમ બે મધુર વચન બોલતા ક્રોધ શાંત થઈ જાય અને પાછું પ્રસન્ન મધુર સ્મિત મુખપર આવી જાય કારણ કે આવા હળુકર્મી આત્માનો વિવેક જાગૃત હોય છે.

આવો આત્મા સ્વર્ગગામી તો થઈ શકે પણ ક્રોધને નિર્મૂળ કર્યા વિના મોક્ષનો અધિકારી ન બની શકે આવો પુરુષ ગીતાની ભાષામાં સત્વગુણી કહેવાય છે.

જ્ઞાની અને વિવેકવાન પુરુષો અંતે તો આ જલરેખાથી પણ ઉપર ઉઠીને મુનિ ગજસકુમાર અને ભગવાન મહાવીર જેવા ક્ષમામૂર્તિ બની શકે.

આપણાં મૌન અને ક્ષમાના ભાવ સામેવાળાના ક્રોધને પાતળો પાડવામાં નિમિત્ત બને છે.

સંત તુકારામના ભજનો સાંભળવા માટે એક માણસ રોજ આવે ખરો, પણ તે સંત તુકારામની પ્રશંસા કરવાને બદલે નિંદા જ કરે! તુકારામની નિંદા કરવાની એક તક પણ તે જવા ન દે. એક દિવસ તો સંત તુકારામ સાથે ઝઘડાનો તેને એક મોકો મળી ગયો. વાત એમ હતી કે તુકારામની ભેંસ ચરતી ચરતી આ માણસના વાડામાં પેસી ગઈ અને વાડામાં પડેલું થોડું ઘાસ ખાઈ ગઈ. બસ પછી તો પૂછવું જ શું? પેલો માણસ જોર શોરથીને તુકારામને ગાળો ભાંડવા લાગ્યો, છતાં તુકારામ મૌન જ રહ્યા. તેમણે પેલા માણસને સામે એક શબ્દ પણ કહ્યો નહિ. તુકારામનું આવું મૌન વર્તન જોઈને પેલો માણસ વધુ ઉશ્કેરાયો અને વધુ જોરથી ગાળો ભાંડવા લાગ્યો. છેવટે તે તુકારામ પર એટલો બધો ગુસ્સે ભરાયો કે તુકારામની પીઠમાં બાવળની એક શૂળ જ ભોંકી દીધી. તુકારામે કશું બોલ્યા વિના હળવેથી શૂળબહાર કાઢી, પણ એમ થતાં તેમની પીઠમાંથી લોહીના રગડા વહેવા લાગ્યા. સાંજ પડી, ભજન કીર્તનનોં સમય થયો, સંત તુકારામ ભજન ગાવા બેઠા એ સમયે ભજન

સાંભળવા રોજ આવનારા બધા હાજર હતા, પણ પેલો માણસ હાજર ન હતો. તરત જ તુકારામ ઊભા થઈને પેલાના ઘરે પહોંચ્યા અને બોલ્યા, ''ભાઈ, મારી કંઈ ભૂલ હોય તો હું તારી માફી માંગુ છું, પણ મારી ભૂલને કારણે તું પ્રભુના ભજન ન સાંભળે એ તે ક્યાંનો ન્યાય? ચાલ, ભજન સાંભળવા ચાલ! મારા પરનો રોષ ઈશ્વર પર શા માટે ઠાલવે છે?'' તુકારામના આ શબ્દો સાંભળી પેલો ખૂબ શરમાયો. તે ભજનમાં આવ્યો. ભજન પૂરું થયું એટલે તેણે તુકારામને કહ્યું, ''મને માફ કરો. આપના જેવા અક્રોધી પર ક્રોધ કરીને મેં એક મોટું પાપ કર્યું છે, મને માફ કરો. મારા ક્રોધની નહિ, પરંતુ તમારા મૌન અને નમ્રતાની જીત થઈ છે.'' ક્ષમા આત્માનો સ્વભાવ છે. ક્રોધ વિભાવ છે. ક્ષમાને ધારણ કરનાર સંતને ક્ષમાશ્રમણ કહે છે.

ભોગ સુખોની આસક્તિ એ જીવનો સ્વભાવ થઈ જવાના કારણે નિગોદમાંથી બહાર નિકળ્યા બાદ જીવ સતત સૂખો તરફ દોટ મૂકી રહ્યો છે. સ્પર્શ, સ્વાદ, સુગંધ, રૂપદર્શન, સુમધુર સ્વર સાંભળવાનું સુખ એ પાંચેય ઈન્દ્રીયોના સુખ મળી જાય ત્યારે જીવ એમા આસક્ત થઈ જાય છે. આ સુખો ન મળે અથવા મળેલા સુખો હાથમાંથી સરી જાય ત્યારે ક્રોધ ભભૂકે છે આમ દરેક ક્રોધની ભૂમિકા પાછળ ખૂણામાં ક્યાંક ને ક્યાંક કામ છૂપાયેલ હોય છે. કામના વગરનો ક્રોધના જન્મે ભયંકર દુ:ખમાં પીડાતો અને સુખનો અભિલાષી નારકીનો (નર્કનો) જીવ હમેશા ક્રોધી જ હોય છે.

આપણાને ક્રોધ થઈ જાય પછી તુર્ત જ એ ક્રોધનું પોસ્ટમાર્ટમ પૃથ્થક્કરણ કરીશું તો કષાય પાતળા પડશે.

જે માણસ ગુસ્સો કરે છે તે સહુ પ્રથમ તો પોતાનું જ ઘર બાળે છે. કવિએ ગાયુ છે કે,

ક્રોધ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે;<br>
જળનો જોગ જો નવિ મળે તો પાસેનું પરજાળે...!<br>
કડવા ફળ છે ક્રોધના, જ્ઞાની એમ જ બોલે.

માણસ ગુસ્સે થાય ત્યારે પ્રથમ તો પોતાના શરીરને નુકશાન કરે છે. પછી બીજાને આધુનિક વિજ્ઞાન અને મનોવિજ્ઞાનના તારણો કહે છે કે જ્યારે ગુસ્સો આવે છે ત્યારે હૃદયની ધડકન વધી જાય છે. રક્તદાબ આપોઆપ એકદમ વધી જાય છે. સ્નાયુઓ તનાવગ્રસ્ત બની જાય છે. રૂધિર વહન કરતી ધમનીઓને વધુ પહોળા થવું પડે છે. વધારામાં ગુસ્સાને કારણે શરીરમાં એક સ્ટ્રેસ કેમીકલ એ.પી.ની ફાઈન અને નોરમાઈન ફાઈન ઉત્પન્ન થાય છે. જે લોહીની શીરાઓમાં અવરોધ ઉભો કરે છે. સ્ટ્રેસ કેમીકલ્સના કારણે લોહીમાં ક્લોરીંગ ટેન્ડન્સી વધી જાય છે. બ્રેઈન ટ્યુમર જેવા દર્દો થાય છે. બ્લડપ્રેશર, કોલેસ્ટ્રોલનું અસંતુલન અને હાર્ટ ફેઈલના રોગમાં ક્રોધ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ક્રોધના વિષને બદલે ક્ષમાનું અમૃત આપણામાં અવતરિત થયા કરે તેવી મંગલ ભાવના.

# વિશ્વવ્યાપી સ્વયંસંચાલિત અદ્ભુત ન્યાયતંત્ર

સતયુગ કર્મયુગના શૈશવકાળની વાત છે. યુગલિક યુગના અસ્તાચળના સમયે યુગલમનુષ્યો સુખરૂપ જીવન પસાર કરતાં હતા. માનવજીવનમાં અપરાધભાવનો ઉદય થયો ન હતો. ઈર્ષા, નિંદા, ચોરી, હિંસા, લડાઇ, ઝઘડા ન હતા.

કાળચક્ર વીતતા કલ્પવૃક્ષની શકિત ક્ષીણ થવા લાગી. પરિવર્તન, કુદરતનો નિયમ છે. સંક્રાતિકાળ પછી કુલકર વ્યવસ્થાનો વિકાસ થયો. કુળના રૂપમાં સંગઠિત સમૂહના નેતાને કુલકર કહેતા. આ વ્યવસ્થામાં ત્રણ પ્રકારની દંડનીતિ પ્રચલિત હતી.

કુલકર વિમલવાહનના સમયમાં 'હકાર' નીતિનો પ્રયોગ થતો હતો. એ સમયે માનવ ઊંચ નીતિમત્તાવાળો અને લજ્જાળું હતો. તેં આમ કર્યું ? બસ આટલું કહેવું તે જ ઉચ્ચ પ્રકારનો દંડ હતો. આટલું સાંભળવું પડે તે પરિસ્થિતિ જ માનવ માટે અસહ્ય હતી. માનવી આવા ઋજુ હૃદયનો હતો.

યશસ્વી અને અભિચંદ્રકુલકરના સમયમાં નાના અપરાધ માટે હકાર અને મોટા અપરાધ માટે માકાર એટલે આવું ન કરો એટલું કહેવું તે જ દંડ હતો.

પ્રસેનજિત, મરુદેવ અને નાભિ કુલકરના સમયમાં ધિક્કાર નીતિ ચાલી. નાના અપરાધ માટે હાકાર, મધ્યમ અપરાધ માટે માકાર, અને મોટા અપરાધ માટે ધિક્કાર નીતિનો પ્રયોગ થતો હતો. એ સમયનો માનવી, સમાજ અને રાજ્યના નિયમોમાં રહેનારો, મર્યાદાપ્રિય અને ઋજુ હતો. બે શબ્દો દ્વારા તેમણે કરેલા અયોગ્યકાર્યનું દુઃખ પ્રદર્શન કે ધિક્કાર તેને માટે મૃત્યુદંડ સમાન હતું.

જૈનોના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ જ્યારે રાજ્ય સંભાળતા હતા ત્યારે સમાજ જીવન રાજ્યવ્યવસ્થા અને સુરક્ષાવ્યવસ્થામાં ક્રાંતિકારી પરિવર્તનો કર્યા. એ સમયમાં અપરાધીને ઠપકો આપવો, નજરકેદ કરવો એટલે નક્કી કરેલા ક્ષેત્રની બહાર જવા પર પ્રતિબંધ અને બંધન તથા દંડો ઉગામવા સુધીની દંડનીતિનો વિસ્તાર થયો હતો.

સમાજજીવન સુચારુ રીતે ચાલે અને રાજ્યકારભાર વ્યવસ્થિત ચાલે, ગુનાઓનું સામ્રાજ્ય ન છવાઇ જાય માટે માનવીઓએ કાયદા ઘડ્યા. દરેક વ્યક્તિને ન્યાય મળે અને ગુનેગારોને સજા મળે તેથી ન્યાયાધીશ અને ન્યાયાલય દ્વારા ન્યાયતંત્રની રચના કરી.

કાયદાની કલમ દ્વારા અપરાધીને ગુનેગાર ઠરાવી સજા કરાવી શકાય. આ સજા થવાના અને સમાજમાંથી પ્રતિષ્ઠા જવાના ડરે કેટલીક વ્યક્તિઓ ગુના આચરતી અટકી જાય છે. એવા ઉમદા હેતુથી ન્યાયતંત્રની પ્રતિષ્ઠા કરવામાં આવે છે.

પ્રાચીન ભારતમાં ન્યાયતંત્ર પર લોકોને પૂર્ણ વિશ્વાસ હતો. કાઝી, રાજાઓ કે રાજાઓએ નીમેલા ન્યાયાધીશો ઝડપી અને યોગ્યન્યાય પ્રજાને આપતા. કેટલાક ન્યાયપ્રિય રાજાઓએ ગુનેગાર જણાતા પોતાના પુત્ર કે પરિવારજનોને પણ આકરી સજાઓ કરી અને પ્રજાને ન્યાય આપ્યો છે. તેવા અસંખ્ય પ્રસંગો ભારતના ઇતિહાસમાંથી આપણને મળશે.

સાંપ્રતસમાજજીવન સંકુલ અને વિષમ બની ગયું છે. અપરાધ અને આતંકની દુનિયાનો બેહુદો વિસ્તાર થયો છે. ગુનાખોરીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે.

કાયદા એટલા બધા વધી ગયા છે કે દરેક પ્રવૃત્તિ અને સમગ્ર જીવનનું જાણે કાયદા દ્વારા નિયમન કરવાનો પ્રયાસ થઇ રહ્યો છે.

નીચલી અદાલતથી માંડીને સર્વોચ્ચ અદાલત અને આંતરરાષ્ટ્રીય ન્યાયાલયો સુધી વિશ્વમાં ન્યાયતંત્રનો વિસ્તાર થયો છે. કોર્ટ, વકીલ અને કાયદાની કલમોના જંગલમાં અથડાતા કુટાતા માનવી માટે ન્યાય મેળવવો ખર્ચાળ અને વિલંબિત બની ગયો છે.

જૈનદર્શનના કર્મવિજ્ઞાનના સંદર્ભે દંડનીતિ સમજવી માનવજીવન માટે કલ્યાણકારક છે. દાર્શનિક કર્મવિજ્ઞાનના મતે, જેમ સમાજ અને રાજ્યના સ્તરે કાઝી, મુખી, ન્યાયનું પંચ, લોકઅદાલત કે સરકારનું ન્યાયતંત્ર લોકોને ન્યાય અપાવવા કાર્યરત

છે. તેમ એક વિશ્વવ્યાપી અદ્દભુત સ્વયંસંચાલિત કર્મની કોર્ટ છે. આપણી તમામ કોર્ટમાં હજી કોમ્પ્યુટર આવ્યા નથી. પરંતુ કર્મની કોર્ટ ક્ષતિરહિત સુપર કોમ્પ્યુટરથી સ્વંય સંચાલિત, વાયરસ કે સદી પરિવર્તનના ભય વિના અનાદિથી ચાલી રહી છે અને અનંત ચાલશે.

સંસારની કોર્ટમાં તો જે ગુનેગાર પ્રત્યક્ષ દેખાતો હોય, ગુનો દેખનાર સાક્ષી મળે, પ્રત્યક્ષ કે સાંયોગિક પુરાવા ઉપલબ્ધ હોય તો જ ગુનેગારોને સજા થઇ શકે છે.

સાંયોગિક પુરાવાને કારણે નિર્દોષને દંડાઇ જવાનો પણ ભય રહે છે. ખોટા સાક્ષી, કપટ કે ષડયંત્રના ભોગે નિર્દોષને પણ દોષી ઠેરવી શકાય છે.

એક શ્રીમંત યુવાન ખૂનના કેસમાં સપડાઇ ગયો. એણે ઊંચી ફી આપીને બાહોશ વકીલ રાખ્યો. કેસ ચાલ્યો. સામાપક્ષના ધારાશાસ્ત્રીએ બધી દલીલો કરી. ન્યાયધીશે પેલા વકીલને કહ્યું કે હવે તમે દલીલ કરો. પણ આશ્ચર્ય ! એણે કોઇ દલીલ જ ન કરી. છેવટે ન્યાયધીશે ચૂકાદો આપ્યો કે 'હેન્ગ હીમ'. પેલા વકીલે મલકાઇને પોતાના અસીલના કાનમાં કહી દીધું કે ચિંતા ન કરીશ. તને બચાવી લઇશ. ફાંસીનો માંચડો તૈયાર થયો. યુવાનના ગળામાં દોરડું ભરાવાયું અને સહેજ જ પાટિયું ખસ્યું કે તરત જ દોરડું ખેંચનારને અટકાવી દઇને વકીલ બોલ્યો : સજામાં માત્ર હેન્ગ હીમ. આજ આદેશ છે. મારો અસીલ એ સજા અત્યારે પૂરી કરી ચૂક્યો ગણાય માટે એને છોડી મૂકો. કાયદા મુજબ એક જ સજાનો અમલ બીજી વાર કરી ન શકાય ! ત્યાર પછી ન્યાયતંત્રના કાયદાઓમાં સુધારો કરવો પડયો કે 'હેન્ગહીમ ટીલ ડેથ' મૃત્યુ થાય ત્યાં સુધી લટકાવી રાખો. આમ બુદ્ધિના આટાપાટાથી દોષી પણ છૂટી ગયાના દાખલા છે.

કાયદાની આંટી-ઘૂંટી, લાંચરુશવત કે બુદ્ધિના વ્યાભિચારથી ગુનેગારો પણ આબાદ બચી જતા હોય છે.

એકાંતમાં, ગુપ્ત રીતે ગુનો કરનારને કર્મની કોર્ટ તો સજા આપી દે છે. જાણે કર્મની કોર્ટને કરોડો આંખો ન હોય ?

અહીં બાહોશ વકીલ, પૈસાનું જોર કે લાગવગ કામ કરતા નથી, અહીં શંકાના લાભે છૂટી જવાતું નથી. કર્મના કાનૂનથી ચાલતા ન્યાયતંત્રનો વહીવટ સ્વચ્છ, સ્પષ્ટ, પારદર્શક અને સમયાનુચિત છે.

કર્મની કોર્ટમાં સજા માટે એક ક્ષણનો પણ વિલંબ નથી. જેવો ગુનો આચર્યો તેવી તે જ ક્ષણે સજા એ કર્મનો કાનૂન છે. કર્મ કરનારનો સાક્ષી તો તેનો પોતાનો આત્મા સદાકાળ તેની સાથે જ છે. અહીં ગુનો પુરવાર કરવા માટે કોઇ સાક્ષી કે પુરાવાની જરૂર નથી. બીજા શબ્દોમાં કહીએ તો કર્મબંધ એ જ સજા છે. માનવી મન, વચન કે કાયા વડે કોઇ પણ ગુનો કરે તો તેને તે પ્રમાણે કર્મબંધ થાય છે. કર્મના કર્તાએ કર્મ ભોગવવું જ પડે છે.

સંસારની ન્યાયાલયોમાં ગુના થયા બાદ ચોક્કસ કાનૂની પ્રક્રિયા બાદ ગુનો સાબિત થયા બાદ સજા થાય છે. આરોપી ઉચ્ચ ન્યાયાલયમાં અરજી કરે તો સજા મોકૂફ રહે અને ઉચ્ચ ન્યાયાલય એ સજાને માન્ય રાખે ત્યારે સજાનો અમલ થાય છે.

પરંતુ કર્મની કોર્ટમાં ગુનો સાબિત કરવાનો પ્રશ્ન જ નથી. મનથી હત્યાનો ક્રૂર વિચાર કર્યો હું તને મારી નાખીશ છોડીશ નહિ એવા ક્રૂર રીતે ક્રોધ પૂર્ણ વચનો કહ્યાં હોય. આત્માની પરિણામ ધારા અને ભાવ પ્રમાણે કર્મના કાનૂનમાં એને ગુનો ગણી લેવામાં આવે છે અને તે પ્રમાણે કર્મબંધ થાય છે આ કર્મબંધ તે જ સજા છે. હા, સત્તામાં પડેલા કર્મો ઉદયમાં ન આવે તે કાળને દાર્શનિક પરિભાષામાં અબાધાકાલ કહેવાય છે.

સજા ભોગવવાનો કર્મોદય તત્કાલ પણ હોઇ શકે. આ જન્મમાં હોય કે જન્માન્તરે પણ હોઇ શકે છે. સંસારના ન્યાયતંત્રમાં વીશ વર્ષની સજા પામેલી વ્યક્તિ એક બે વર્ષમાં જ મૃત્યુ પામે તો બાકીની સજા તેને ભોગવવાની રહેતી નથી. કર્મના કાનૂનમાં આ સજા, પછીના ભવે પણ ભોગવવી પડે છે.

સેંકડો માણસની હત્યા કરનાર વ્યક્તિને સંસારની કોર્ટ એક જ મૃત્યુદંડ દઇ શકે તે તેની મર્યાદા છે. જ્યારે કર્મનો કાયદો તે જીવને નારકીની દુ:ખકારક યોનિમાં હજારો વાર મૃત્યુની વેદના આપી શકે અને હજારો વર્ષ સુધીનું ત્યાનું આયુષ્ય આપી શકે છે. સારી વર્તણૂંકને કારણે રાજ્યના ન્યાયતંત્ર દ્વારા સજા ઘટી શકે છે કે સજા હળવી, બની શકે છે.

કર્મસત્તાના ન્યાયતંત્રની કરામતને એક પ્રસંગ દ્વારા સમજીએ જિલ્લા કોર્ટના એક ન્યાયાધીશ તે જિલ્લાથી ૨૫-૩૦ કિલોમીટરને અંતરે આવેલા પોતાના મૂળ ગામમાં વેકેશન ગાળવા આવ્યા. પોતાના વતનના આ નાનકડા ગામમાં રોજ સવારે તે નદીકિનારે ફરવા જાય. નદી તટનાં વૃક્ષોના ઝૂંડ પાછળ શૌચક્રિયાનું કામ પણ પતાવી લે.

એક દિવસ એણે શૌચક્રિયા દરમિયાન જોયું કે એક માણસે ખંજરથી બીજા માણસની હત્યા કરી. હત્યારો ભાગી છૂટયો. જજસાહેબે ખૂનીને આંખો આંખ બરાબર જોયો હતો.

આ અંગેનો કેસ એમની જ અદાલતમાં આવતા આરોપી હાથમાં ન આવતા, પોલીસ ભળતા માણસને આરોપી તરીકે ઊભો કરી દીધો ! ન્યાયાધીશે તેનો ચહેરો જોઇને જ નક્કી કરી લીધું કે હત્યારો તો આ નથી પરંતુ પોલીસે પોતાની ઇજ્જત બચાવવા માટે ભળતા માણસને મારી પીટીને ખૂની તરીકેની કબૂલાત કરાવીને પાંજરામાં ઊભો કરી દીધો છે.

વળી, વકીલ પણ એવો બાહોશ નીકળ્યો કે તેણે પોતાનું બધું જ બુદ્ધિકૌશલ વાપરીને તે માણસને ખૂની તરીકે સાબિત કરી દીધો.

જજ તો સ્તબ્ધ થઇ ગયા. આંખો ના પાડે છે કે આ વ્યક્તિ હત્યારો નથી, કાયદો કહે છે તે હત્યારો જ છે. નિર્દોષ ઉપર સજાનું જજમેન્ટ લખતા જજ ત્રાસી ગયા. પરંતુ ન્યાયાધીશને ધર્મમાં શ્રદ્ધા હતી, તે જાણતા હતા કે મનુષ્ય ભૂલ કરે પરંતુ કર્મસત્તાનું સુપર કોમ્પ્યુટર કદી ભૂલ ન કરે.

તેઓ પેલા આરોપીને ચેંબરમાં લઇ ગયા. સાચી હકીકત જણાવવાનું કહેતા તે રડી પડચો. પોતાની નિર્દોષતા અને પોલીસના દમનનું વર્ણન કર્યું. જજે પૂછયું, આ પૂર્વે તે કોઇનું ખૂન કરેલ. આરોપીએ કહ્યું હા, મેં બે ખૂન કરેલા. પરંતુ હોંશિયાર વકીલને કારણે હું નિર્દોષ છૂટી ગયો. આ સાંભળી જજના મનને શાંતિ થઇ સાથે વિશ્વના અદ્રશ્ય અદ્ભુત કર્મના સ્વયંસંચાલિત ન્યાયતંત્ર પરત્વે શ્રદ્ધા દઢ બની.

રાજ્ય અને સમાજ દ્વારા ચાલતા ન્યાયાલયો જરૂરી છે જ પણ જ્યારે તેમાં ન્યાય ન મળે ત્યારે. એ ચિંતન કરવાનું કે સર્વોપરી અદાલતો કર્મના કાનૂનની છે. આ વિચારધારા નિમિત્તને દોષ ન દેતા કર્મોદયને દોષી ગણશે. તેથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી બચી શકશે. સંયોગોથી સ્વભાવ પર દષ્ટિ જશે તેથી મનને શાંતિ મળશે.

ભાલનળકાંઠા વિસ્તારમાં એક રાજકીય આગેવાન સમાજસેવીની હત્યા થઇ તે વખતે સાંપ્રત દંડનીતિ પરત્વે મુનિશ્રી સંતબાલજીએ વ્યથા વ્યકત કરી હતી કે ખૂનીઓને કોર્ટ પૂરેપૂરી તહોમતદાર ઠરાવે તો શારીરિક સજા સિવાય કોર્ટ બીજું શું કરવાની છે ? એ થાય તોય અમારા જેવાને તો રોવાનું છે, કારણ કે શારીરિક સજાથી ગુનેગાર સુધરતો નથી અને હિંસા થાય છે. જો શંકાનો લાભ આપી છોડી મૂકે તો સમાજમાં એ પ્રત્યાઘાત પડવાનો છે કે આવા મોટા માણસનું ધોળે દહાડે ખૂન કરનાર પણ છૂટી જઇ શકે છે. આમાં પ્રથમ કરતાં બીજામાં વધુ ભયંકર હિંસા છે, કારણ કે તેમાં ખૂની સ્થૂળ રીતે સજા નથી ભોગવતો, પણ અભિમાની અને સમાજઘાતક દિશામાં આગળ ધપવાનું વધવાનું એને કારણ મળે છે તેથી મહાન હિંસા બને છે. સમાજમાં ઘણાં અનિષ્ઠો એમાંથી પાંગરે છે.

આચાર્ય મહાપ્રજ્ઞજી આ સંદર્ભે હૃદયપરિવર્તન પર ભાર મૂકે છે. અનુશાસન કેવળ દંડશક્તિ દ્વારા વ્યવસ્થાપરિવર્તનની વાત કરે છે. આ દંડશક્તિ એક સીમાસુધી આવશ્યક હોઇ શકે છે. પરંતુ જો હૃદયપરિવર્તન ન થાય તો દંડશક્તિ દ્વારા કરવામાં આવી રહેલું આ વ્યવસ્થાનું પરિવર્તન અંતે સફળતામાં પરિણમશે નહિ કે સ્થાયી પણ બની શકે નહિ. એક સીમા સુધી દંડશક્તિ અને તેની સાથે સાથે હૃદય પરિવર્તનનું લક્ષણ બન્ને સાથે સાથે ચાલે ત્યારે વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન થઇ શકશે. વ્યવસ્થા

બદલવાની સાથે વ્યક્તિનું હૃદય બદલવાની ક્રિયા સંયુક્ત રીતે ચાલે ત્યારે પરિવર્તનની ભાવના સાકાર થઇ શકે.

અધ્યાત્મયોગિની પૂ.લલિતાબાઇ મહાસતીજીએ પ્રાયશ્ચિત્તના ભાવો સમજાવતા કહ્યું છે કે, ગુરુ કે પરમાત્માની સાક્ષીએ દોષદર્શન, પાપનું પ્રક્ષાલન, ગુના અને કર્મોની કબુલાત અને તે પાપોનું પુનરાવર્તન ન થાય તેના નિર્મળ હૃદયથી પ્રત્યાખ્યાન પ્રતિજ્ઞા માનવીને પ્રાયશ્ચિતની પુનિતગંગામાં સ્નાન કરાવી પાવન કરે તે જ, સાચું ભાવ પ્રતિક્રમણ છે. જે રાજ્ય, દંડ, ભય અને લાલચથી ન થઇ શકતું હોય તે અંતઃકરણના અનુશાસનને અનુસરવાથી સહજ બને છે.

સ્વવિકાસ માટે અનુશાસન જરૂરી છે. ગિરી પ્રવચનમાં ઇશુએ દસ આજ્ઞાઓ કરી.... જો કોઇ એક તમાચો તારા ગાલ ઉપર મારે તો બીજો ગાલ તું ધરજે....! એનો અર્થ એ કે જનસમાજમાં મોટે ભાગે એવા માનવીઓ હતા કે એક તમાચો મારવા જેટલી જ ભૂલ કરી શકે, પેલી વ્યક્તિ સજા માટે ગાલ ધરે પરંતુ સામેવાળો બીજો તમાચો મારવા જેટલી હિંમત ન કરે. આ હતી એ સમયના માનવીના હૃદયની ઋજુતા.

કોઇપણ ગુનાહિત કૃત્ય આચરતાં પહેલાં જાગૃતિ રહે કે કર્મબંધ એ જ સજા છે. એક વિશ્વવ્યાપી, સ્વયંસંચાલિત અદ્ભુત કાયદાનું ન્યાયતંત્ર અસ્તિત્વમાં છે તેનું સ્મરણ રહે તો જીવનમાં નિર્મળતા વધે અને, કર્મના અટલ કાયદામાં શ્રદ્ધા જાગે તો આપણાં હૃદયમાં કરુણાના ભાવ પ્રગટાવશે અને સહજ બનશે.

# અગ્નિકુંડમાંથી બચેલી કળીનો ક્ષમાભાવ

ક્ષમાપના એ જૈનધર્મની વિશ્વને અણમોલ ભેટ છે. બે હાથ જોડી મિચ્છામિ દુક્કડં બોલીએ 'ખમાવું છું' તે દ્રવ્યક્ષમાપના થઇ એ વહેવાર પણ જરૂરી છે, એ ક્રિયા થઇ પરંતુ એ ક્રિયામાં હૃદયના સાચા ભાવ ભળે તો જ એ ક્રિયા સાર્થક, નહિ તો નિરર્થક કસરત માત્ર.

જ્ઞાનીઓએ કહ્યું છે કે ભાવક્ષમાપના જ સાચી ક્ષમાપના છે. ચંદનબાળા, મૃગાવતીજી, ચંડરૂદ્રાચાર્ય અને તેનો શિષ્ય, સાધ્વીજી પુષ્પચુલા આ બધાં ભાવક્ષમાપનાનાં ઉત્કૃષ્ટ દ્રષ્ટાંત છે.

ઝૂકીને જીતવાની કળા એટલે ક્ષમાપના, ક્ષમાપના એટલે પશ્ચાત્તાપના ભાવો, ક્ષમાપના એટલે ક્રોધ અહંકાર આદિ કષાયોના ભારથી આત્માને મુકત કરવાની ક્રિયા.

આપણા દોષોનો અને બીજાને આપેલ પીડા દુઃખોને પશ્ચાત્તાપ કરવાનો આ પ્રસંગ છે. આપણી ભૂલોનો એકરાર કરી ક્ષમા માગવાનો અને બીજાની ભૂલોને ભૂલી જઇ ક્ષમા આપવાનો આ અવસર છે.

ક્ષમાના ભાવ, હૃદયપરિવર્તન કરાવે છે. વિયેટનામના યુદ્ધનો એક પ્રસંગ છે. બીજા વિશ્વયુદ્ધ પછી જયારે પૂર્વએશિયામાં ફ્રેચ સામ્રાજયનો અંત આવ્યો ત્યારે વિયેટનામના બે ભાગલા પડી ગયા. ઉત્તરમાં સામ્યવાદની સરકાર અને દક્ષિણમાં અમેરિકા તરફી હકુમતનું સામ્રાજ્ય એક જ દેશના બે ભાગ વચ્ચે લડાઇ ચાલતી હતી, ત્યારે અમેરિકાનું રાક્ષસી શસ્ત્રબળ દક્ષિણ વિયેટનામની પડખે હતું.

૧૯૭૨ના જૂનમાં ઉત્તર વિયેટનામમાં કીમફૂક નામની બાલિકા તેના કુટુંબ સાથે એક બૌદ્ધમંદિરમાં આશરો લઇ રહી હતી. ત્યારે દક્ષિણના વિમાનોએ આવીને અગનગોળા વરસાવતો બોંબ મંદિર પર નાખ્યો. બાલિકા કીમનો ભાઇ તત્કાલ મોતને શરણ થયો. પોતાના કપડાનેય આગ લાગી. મંદિર તો શું જાણે આખું ગામ અગ્નિકુંડ

બની ગયું. સળગેલાં વસ્ત્રો ઊતારીને વેદનાથી ચીસો પાડતી નવ વર્ષની એ નગ્ન કન્યા રસ્તા પર દોડતી ભાગતી હતી. તેની તસવીર તે વખતે નીક નામના અમેરિકન છબીકારે ઝડપી લીધી. જગતભરના વર્તમાનપત્રોમાં આ તસવીર પ્રગટ થયેલી. અમેરિકન લોકમતને વિયેટનામ યુદ્ધ વિરોધી બનાવવામાં આ તસ્વીરનો ફાળો હતો. પાછળથી અમેરિકાનું સન્માનનીય પુલિત્ઝર પારિતોષિક આ છબીને મળેલું.

યુદ્ધના યાતનામય દિવસો પછી કીમના જીવનમાં ઘણાં પરિવર્તનો આવ્યા. ૧૯૮૪માં વતન છોડી ક્યુબામાં અભ્યાસ કરવા ગઇ. લગ્ન થયાં અને તે કેનેડામાં સ્થાયી થઇ.

બે વર્ષ પહેલાં અમેરિકાની મુલાકાતે ગયેલી એ યુવતીએ વોશિંગટનમાં વિયેટનામના યુદ્ધમાં મરણ પામેલા અમેરિકન સૈનિકના સ્મરણ પર ફૂલો ચડાવ્યાં અને પછી સભામાં બોલતાં કહ્યું કે,

મારા અંતરમાં આજે પણ ક્ષમાનું ઝરણું વહે છે. શરીરથી અને મનથી આટલી બધી વેદના મેં ભોગવી છતાં હું સુખી છું કારણકે હું ધિક્કાર વગર જીવું છું, મારા ગામ પર બોંબ ફેંકનાર અમેરિકી વિમાનીનો જો મને ભેટો થાય તો પણ હું તેને ક્ષમા આપું અને કહું કે ભાઇ ભૂતકાળના ઇતિહાસને તો આપણે બદલી શકીએ તેમ નથી પરંતુ શાંતિને ફેલાવવા માટે વર્તમાનમાં અને ભવિષ્યમાં કાંઇક કરવાની કોશિષ આપણે કરવી જોઇએ.

કાર્યક્રમ પૂરો થયા પછી કીમના ગામ પર બોંબમારો કરવાનો હુકમ આપનાર અમેરિકન અફસર ટોળામાંથી બહાર આવીને કીમને ભેટી ધ્રુસકે ધ્રુસકે રડતાં કહેવા લાગ્યો કે મને માફ કરો, માફ કરો.

ક્ષમાભાવ ગમે તેવા અપરાધીનું હૃદયપરિવર્તન કરાવી શકે છે. ક્ષમા ક્રોધને જીતે છે અને પ્રેમ દ્વેષીને જીતે છે. મનને સમતા રસના અમૃતકુંડમાં ઝબોળી દેવાથી જીવનમાં ક્ષમાની મહેંક પ્રસરી જશે.

# મદથી વિવેકચક્ષુનો નાશ થાય છે

મદ એ માનવીના આધ્યાત્મિક વિકાસની કેડીનો કાંટો છે. મદ એટલે અભિમાન, અહંકાર. જ્ઞાનીઓએ મદને મોક્ષમાર્ગની આરાધનામાં અવરોધરૂપ ગણ્યો છે.

જીવનના બીજા બધાંય પાસાંઓ ખૂબ જ સબળ હોય એવા મહાપુરુષોને અભિમાન થયાના દાખલાઓ ઈતિહાસ, આગમ અને પુરાણકથાઓમાં ઠેર ઠેર જોવા મળે છે. હિંદુ ધર્મની આખ્યાયિકામાં બ્રહ્માને ગર્વ થયાની વાત છે.

બ્રહ્માજી પોતે સર્જેલી આ સૃષ્ટિને નિહાળીને વિચારે છે કે મેં કેવી મનોહર સૃષ્ટિનું સર્જન કર્યું છે. મહાસાગરો, નદીઓ, પર્વતોથી શોભતી પૃથ્વી. ઉત્સાહના સ્ફુલિંગો અર્પનાર સૂર્યોદય, આકાશમાં વિવિધ રંગો પૂરતી સંધ્યા, ચંદ્ર અને નક્ષત્રોથી શોભી ઊઠતું આકાશ, વળી મારા ચાકડા પરથી કેટલાય મનુષ્ય, પશુ, પંખી ઊતરે છે. અહા ! મેં કેવું ઉત્કૃષ્ટ સર્જન કર્યું ! આ બધી મારી શક્તિનો અદ્‌ભુત પ્રભાવ છે.

ગર્વથી બ્રહ્માની છાતી ફૂલી. તેમને પોતાના સર્જનનો કેફ ચડયો. એટલામાં દૂર આવેલા એક રસ્તા પર તેની નજર પડી અને થંભી ગઇ !

બ્રહ્માએ આજ સુધીમાં બધાં પ્રાણીઓને સર્જેલાં પણ ઊંટોને નહિ. રસ્તા પર બ્રહ્માની આંખ પડી ત્યાં બે બે ઊંટોની હાર ચાલી જાય. ઊંટ પર કોઇ બેઠેલું નહિ. પરંતુ દરેક ઊંટની પીઠ પર એક એક મોટી પેટી દોરડાથી બાંધેલી, બ્રહ્માના આશ્ચર્યનો પાર ન રહ્યો !

આવું જનાવર મેં બનાવ્યું હોય એમ સાંભરતું નથી. જો કે આવું કદરૂપું જનાવર મારું સર્જન હોઇ શકે જ નહિ. આ કયાંથી આવે છે અને કોણે બનાવ્યું તે પૂછવું કોને? ઊંટોની સાથે કોઇ માણસ તો છે નહિ, ઊગતી સવારથી સંધ્યા સમય સુધી ઊંટોની હાર તો આવ્યા જ કરતી, અને બ્રહ્મા ખાવું, પીવું ભૂલીને આ વણથંભી સતત ઊંટોની

હારમાળાને જોઇ રહ્યા. એટલામાં વાદળાના રંગને મળતો એક ભવ્ય પ્રતિભાવંત પુરુષ ઊંટ પર બેઠેલો જોતાં બ્રહ્માજીએ ચમકીને તેને પૂછયું, અલ્યા એ ભાઇ ! પેલાએ બ્રહ્માજીને ગણકાર્યા નહિ ને આગળ ચાલ્યા, બ્રહ્માજી બૂમ પાડતા પાડતા તે ઊંટ પાછળ દોડ્યા, છેવટે પેલા પુરુષે ખૂબ શાંતિથી ડોક ફેરવતાં બ્રહ્મા સામે જોયું. બ્રહ્માને એની નજર એ રીતે તાકતી હતી કે જાણે તે એના લેખાં-જોખાં ન લેતો હોય ?

બ્રહ્માએ પૂછયું : ભાઇ આ બધાં જનાવરો કોનાં છે, અને તું એને લઇને કયાં જાય છે. પુરુષે જવાબ આપ્યો, તારે એનું શું કામ છે. સાંજ પડી ગઇ છે મારે જવાની ઉતાવળ છે. મારો સમય બરબાદ ન કર.

તું મને ઓળખતો નથી, હું બ્રહ્મા છું આ સમગ્રસૃષ્ટિ મેં બનાવી છે પરંતુ આવું જનાવર મેં બનાવ્યું નથી, તેની મને મૂંઝવણ છે જેથી તું મારા મનની ગૂંચ ઉકેલ.

પેલા પુરુષે ઊંટ ઊભું રાખ્યું અને બોલ્યો, લે સાંભળ, આ બધા જ જનાવરો ઊંટો છે. હજી બ્રહ્માને આવા ઊંટો બનાવવાની સત્તા મળી નથી. આ ઊંટ પર જે એક એક પેટી છે તે દરેકમાં એક એક બ્રહ્મા છે. 'એક એક બ્રહ્મા ?' બ્રહ્માજીની અકળામણ વધી ગઇ. હા, દરેકમાં એક એક બ્રહ્મા. આ તમારી એક સૃષ્ટિનો એક એક બ્રહ્મા છે. શેષશાયી ભગવાન પાસે હમણાં જ ફરિયાદ આવી છે કે કેટલીક સૃષ્ટિના બ્રહ્મા અભિમાની થઇ ગયા છે અને મદમાં ને મદમાં ભાન ભૂલી ગયા છે. એટલા માટે ભગવાને મને હુકમ કર્યો છે કે જો સૃષ્ટિનો બ્રહ્મા અભિમાની થઇ ગયો હોય તો તેને ત્યાંથી ઉઠાડી મૂકી દોરડાથી બાંધી અહીં લાવવો અને તેની જગ્યાએ પેટીમાંથી નવો બ્રહ્મા મૂકવો.

બ્રહ્મા તો વાતની અધ વચ્ચેથી જ ધ્યાનસ્થ થઇ ગયાં હતા. પેલા આદમીએ ચલાવ્યું મને ખબર મળ્યા છે કે આ સૃષ્ટિનો બ્રહ્મા પણ.....

કોણ સાંભળે, બ્રહ્માના કાન તો અંદર ઊતરી ગયા હતા. બધી ઇન્દ્રિયો નિશ્ચળ હતી, ગર્વ ઓગળી ગયો હતો. અંતર્મુખ બ્રહ્માના હૈયેથી દિવ્યવાણીનાં સ્પંદનો આવ્યાં,

હે પ્રભુ હું તારા નાભિ કમળમાંથી પેદા થયેલો તને જ વીસરી ગયો, મને ઠેકાણે લાવવા તારે કેટલી મહેનત કરવી પડી. પ્રભુ તારે શરણે છું. મધ્યઆકાશમાંથી ચંદ્ર જ્યારે શીતળ ચાંદની રેલાવી રહ્યો હતો ત્યારે બ્રહ્માનું ધ્યાન પૂર્ણ થયું, નિર્મળ આંખો ખૂલી ત્યારે પેલો પુરુષ, પેટીઓ, ઊંટો કશુંય ન મળે ! અંદર અને બહાર માત્ર શાંતિ જ શાંતિ.

જૈનદર્શનમાં મદને સાતમુ પાપ સ્થાનક ગણાવેલ છે. ચારિત્રમોહનીયકર્મ છે. વિવેકરૂપી ચક્ષુનો મદથી નાશ થાય છે. મદ અભિમાનની અસર માનવજીવન સમાજ જીવન પર પણ થાય છે. હું પહોળો, શેરી સાંકડી જેવો ઘાટ થાય છે. બીજાના અહંકારનો ભોગ બનનાર માનવી, પોતે બળેલો ગામ બાળે તેમ સામાજિક વ્યવસ્થાને છિન્નભિન્ન કરવા પ્રેરાય છે. પરિવારનો મોભી, ધાર્મિક કે સામાજિક સંસ્થાનો વડો જો અહંકાર કરે તો તે અન્યને અન્યાય કરે છે અને પરિવાર, સમાજ કે ધર્મમાં પ્રદૂષણ ફેલાવે છે.

ગર્વ ગળીને ભક્તિના ઉત્કૃષ્ઠ ભાવોમાં પરિણમે, ગર્વથી પાછો ફરી પરમ પદની પ્રાપ્તિની ઝંખના જાગે તો એ સમ્યકપુરુષાર્થ સ્વપરને કલ્યાણકારી બનશે. દર્શાણપુર નગરમાં દર્શાણભદ્ર નામે રાજા પ્રભુ મહાવીર પ્રત્યે બહુ ભક્તિભાવ ધરાવતા હતા પોતાના નગરમાં પ્રભુ મહાવીર પધારી રહ્યા છે તેવા સમાચાર મળતાં રાજાને વિચાર આવ્યો કે અત્યાર સુધીમાં કોઇએ ન કર્યું હોય તેવું ભવ્યસ્વાગત મારે પ્રભુનું કરવું છે. અન્ય રાજાઓ કરતાં ચડિયાતા થવાનો ગર્વભાવ આ યોજનામાં અભિપ્રેત હતો. રાજા, લાવ લશ્કર, કુમારો, રાણીઓ, હાથીની અંબાડી સહિત ભગવાનનું સામૈયું કરવા નીકળ્યા.

રાજાના ગર્વની ઇન્દ્રને ખબર પડી. તેનો અહંકાર ઉતારવા ઇન્દ્રે પોતાની લબ્ધિથી દૈવી સર્જન કર્યું. લબ્ધિથી એવા હાથીઓ બનાવ્યા, એક હાથીને પાંચસો સૂંઢ, એક સૂઢમાં આઠ દંતશૂળ, એક દંતશૂળ પર એકસો આઠ વાવ, એકેક વાવમાં એકસો આઠ કમળ, એક એક કમળને એકસો આઠ પાંખડી, એક પાંખડી પર બત્રીસ પ્રકારના નાટક દેવો કરતા હતા.

આ જોઇ રાજાને થયું કે ઇન્દ્ર, પ્રભુના દર્શન કરવા જઇ રહ્યા છે. દૈવીશક્તિ વિના આવું દિવ્ય સર્જન સંભવી ન શકે. નક્કી મારા અહંકારને ઉતારવા ઇન્દ્રે આ

રચના કરી છે. આની સામે મારું સ્વમાન કેમ જાળવવું. ઇન્દ્રથી ઊંચી શક્તિ મારામાં કઇ ? ચિંતન કરતાં તેને જણાયું કે ઇન્દ્ર દેવ છે. દેવ ધારે તો પણ પંચ મહાવ્રત ધારણ કરી સાધુવ્રત ગ્રહણ ન કરી શકે, હું માનવ છું. માનવ સાધુવ્રત અંગીકાર કરી શકે, દેવો પણ સાધુને નમસ્કાર કરે, તેથી મારે માટે આ જ માર્ગ હિતકારી છે. આમ વિચારી રસ્તામાં ભરસવારીમાં પંચમુષ્ટિ લોચ કરી સાધુવેષ પહેરી પ્રભુ પાસે દીક્ષા લઇ સાધુની પરિષદમાં જઇ બેસી ગયા, ઇન્દ્રે આવીને વંદન કરી કહ્યું ધન્ય છે. આપને હું આપના ત્યાગ અને સંયમ પાસે પામર છું. આમ કહી ક્ષમા માગી સ્વસ્થાનકે ગયા. દશાર્ણભદ્ર મુનિની દીક્ષા માટે, ઇન્દ્ર નિમિત્ત બન્યા હતા એટલે મુનિએ ઇન્દ્રને પોતાના ઉપકારી માન્યા ને સાધના કરતાં કરતાં સર્વ કર્મનો ક્ષય કરી મુક્તિ પંથે ગયા. આમ ગર્વ ગળતાં જીવનની પરમ કલ્યાણની કેડી સાંપડી.

જ્ઞાનીઓએ આઠ પ્રકારના મદ બતાવ્યા છે. જાતિ, કુળ, રૂપ, બળ, ઐશ્વર્ય (લાભ), બુદ્ધિ, લોકપ્રિયતા અને શ્રુતમદ, આગમ પરામર્શિઓએ અહંકારને માન કહ્યો છે. માનથી વિનયનો નાશ થાય છે. વિનય વિના વિદ્યા આવતી નથી.

યુગપુરુષ શ્રીમદ્જીએ કહ્યું છે કે માન ન હોત તો મોક્ષ અહીં જ હોત.

લંકાપતિ-રાવણે મદ કર્યો તો તેની દુર્દશા થઇ, મદ મૃત્યુને આમંત્રણ આપે છે.

એક શિલ્પીને જ્યોતિષીએ કહ્યું કે અગિયારસના દિવસે બપોરથી સાંજ સુધીમાં યમદેવ તને લેવા આવશે. આ સમયે તારું મૃત્યુ નિશ્ચિત છે. અગિયારસના દિવસ સુધીમાં તેણે પોતાના જેવી હૂબહૂ દશ પ્રતિમાઓ બનાવી અને તે દિવસે યમદેવ લેવા આવ્યા. એક સરખી અગિયાર પ્રતિમાઓ જોઇ યમદેવ દંગ થઇ ગયા. શું કરવું ? થોડા અટકયા અને પછી એકાએક બોલી ઊઠયા, આમાં એક ભૂલ રહી ગઇ છે ! મારી ભૂલ ? હોય નહિ ! શિલ્પી બોલી ઊઠયો, યમદેવે કહ્યું, ભાઇ તારા અહંકારે તને છતો કર્યો. આમ અહંકારે મૃત્યુને નિમંત્રણ આપ્યું.

બાહુબલિ સાધુ બન્યા પછી ભગવાન ઋષભદેવને અષ્ટાપદ પર વંદન કરવા ચાલ્યા... મુંઝાણા ને અટક્યા... વિચારે છે કે ભગવાનને વંદન કરવા સાથે સાધુબનેલા નાના ભાઇને વંદન કરવા પડશે માટે પાછા વળ્યા જંગલમાં ખૂબ ધ્યાન ધર્યું. બહેનો બ્રહ્મ અને સુંદરીએ ભગવાન પાસેથી જાણ્યું કે અંહકારના વાદળે બાહુબલિના કેવળજ્ઞાનના સૂર્યને ઢાંક્યો છે. બ્રાહ્મ સુંદરી બાહુબલિ પાસે જઇને વાત કરે છે સાધ્વી બહેનોની મર્મવાણી સાંભળી બાહુબલિ મુનિ અંહના ગજરાજ પરથી હેઠા ઉતરે છે તેવાજ કર્મના આવરણો તૂટે છે.

આચાર્ય યશોવિજયજી કહે છે કે મદ જ્વર છે અતિ આકરો. મદનો આ તાવ ચડે ત્યારે જે તે ક્ષેત્રની મહાન સફળતા પ્રાપ્ત કરનાર વ્યક્તિના બાહ્ય તેમ જ આંતર વૈભવનું સ્મરણ કરતાં મદ જ્વર ચડશે નહિ અને લઘુતાભાવ અહમ્ સામે ચોકિયાત બની અડીખમ ઊભો રહેશે.

## દીવાળી પર્વને સાંકળતી કથાનો સંકેત

ધનતેરસથી ભાઈબીજ સુધીના પાંચ પર્વોના સમૂહને આપણે દીપોત્સવી પર્વરૂપે ઉજવીએ છીએ. બે વર્ષના સંધિકાળનું પર્વ એટલે દીવાળી. વીતેલા જૂના વર્ષને વિદાય અને નૂતનવર્ષના સ્વાગતનો પર્વસમૂહ એટલે દીપાવલી.

ભગવાનમહાવીરનો અંતિમ કાળ, નિર્વાણસમય હવે નજીક છે એમ જાણી કેટલાય દેશના રાજાઓ તેરસની સંધ્યાસમયે, ભગવાનના દર્શન કરવાના ભાવથી પાવાપુરી નગરીના સીમાડે પોતાના રસાલા સાથે એકત્ર થયા. ગોરજના સમયે વગડામાંથી ચરીને ગાયો પાછી આવી રહી હતી. સામે મોટી સંખ્યામાં માણસોનું ટોળું જોઈ ગાયો ભયભીત બની નાસભાગ કરવા લાગી તેથી તે દિવસને 'ધણતેરસ' પણ કહેવાય છે.

ભારતીય સંસ્કૃતિમાં ગાયને માતા ગણવામાં આવે છે અને આ દિવસથી ગાયોના ધણની પૂજા કરવાની પરંપરાની શરૂઆત થઈ.

ધન – લક્ષ્મીની પૂજા કરવાને કારણે ધનતેરસ કહીએ છીએ, પરંતુ તે સમયના ભવ્યજીવોએ તો તીર્થંકરના સમવસરણમાં તેમની નિશ્રામાં તેરસને 'ધન્ય તેરસ' બનાવી દીધી.

લૌકિકપર્વોનાં સંદર્ભે આસો વદ ચૌદશને 'કાળી ચૌદશ' કહે છે રાત્રિના દેવોને વશમાં લેવા તાંત્રિકો મંત્રસાધના કરે છે. ભૌતિક સ્વસુખ માટે પરપીડન કરી સાધનાનો દુરુપયોગ કરનારની આવા અમાનુષી કૃત્યને કારણે દુર્ગતિ થાય. પરંતુ સાધના દ્વારા પ્રાપ્ત કરેલી વિદ્યાનો કલ્યાણમય ઉપયોગ કાળી રાતે પણ માનવતાના અજવાળા પ્રગટાવશે.

ભૂતાનની દક્ષિણે આવેલા આસામ સુધીના પ્રદેશ, પ્રાગજ્યોતિષ ક્ષેત્ર તરીકે જાણીતો હતો. અહીં નરકાસુર નામે દુષ્ટ રાજા પ્રજાને રંજાડતો હતો. તેણે સોળ હજાર

રાજકન્યાઓને પોતાના મહેલમાં કેદ કરી હતી. સત્યભામાએ આ સ્ત્રીમુક્તિ અભિયાનમાં પોતાને સહકાર આપવા શ્રીકૃષ્ણને વિનંતી કરી. રથમાં સત્યભામા આગળ અને શ્રીકૃષ્ણ પાછળ, યુદ્ધ થયું. ચતુર્દશીને દિવસે નરકાસુરનો નાશ થયો તેથી આ દિવસને નરક ચતુર્દશીરૂપે પણ ઓળખે છે. આ દિવસે શ્રમણ ભગવાન મહાવીરે સોળ પ્રહર સુધીની અંતિમ પ્રવચનશ્રેણીનો પ્રારંભ કર્યો હતો. તેથી આ દિવસને 'રૂપ ચતુર્દશી' રૂપે પણ ઓળખવામાં આવે છે. આ દિવસોમાં ભગવાનની એ દિવ્યદેશનાને આત્મસાત્ કરીએ તો; અંતરના અંધારા ઉલેચાશે, મિથ્યાત્વની કાલિમા જશે અને ચૌમુખીદીપ જેવું સમ્યકત્વનું રૂપ પ્રગટશે.

ભારતીય સંસ્કૃતિના લોકપર્વોમાં દીપાવલી મહાપર્વ છે. ભારતવર્ષના લગભગ બધા જ લોકો, વર્ણો પ્રાંત અને ભાષાના ભેદ વિના, દિવાળી પર્વ ઉજવે છે. યુગપુરુષ શ્રીકૃષ્ણનો નરકાસુર પર વિજય, મર્યાદા પુરુષોત્તમ શ્રીરામનો રાવણ પર વિજય, લોકપ્રિય રાજા વિક્રમાદિત્યનો શકો અને હૂણો પર વિજય, આમ દિવાળીના પર્વો પાછળ આ વિજયગાથાની કથાઓ સંકળાયેલી છે. જે આસુરીશક્તિ પર દૈવીશક્તિના વિજયનું પ્રતીક છે.

દિવાળીની રાત્રિના પાછલા પહોરે ભગવાન શ્રી મહાવીરનું નિર્વાણ થયું. પોતાના આત્મા પર રહેલા કષાયો અને કર્મો પર વિજય મેળવી, પ્રભુની આત્મજ્યોતિ પરમાત્મ પ્રકાશમાં વિલીન થઈ ગઈ. તીર્થંકર ભગવાન પોતાની જાત પર મેળવેલા વિજયને પૂર્ણ વિજય ગણે છે. ભગવાનના મોક્ષાગમનને કારણે તેમના દેહી ચૈતન્યનો દીપક વિશ્વચૈતન્યની જ્યોતમાં વિલીન થવાથી, પાવાપુરી નગરીમાં અઢાર દેશના ગણરાજાઓએ દ્રવ્ય દીપક પ્રગટાવ્યા અને દિવાળી પર્વ થયું. બળીરાજા એક આદર્શ રાજા હતા. જીવહિંસા, સુરાપાન, વ્યભિચાર, ચોરી, વિશ્વાસઘાત જેવાં દૂષણો તેના રાજ્યમાં ન હતા. બટુક બ્રાહ્મણ સ્વરૂપે શ્રીકૃષ્ણએ સાડાત્રણ ડગલાં પૃથ્વી માગી. વામનમૂર્તિ ભગવાનના વિરાટ સ્વરૂપને રાજાએ સર્વસ્વ અર્પણ કર્યું. તેની પાવન સ્મૃતિરૂપ ત્રણ અહોરાત્ર તહેવારોનું આયોજન વિષ્ણુ દ્વારા થયું. તે પર્વોત્સવ દિવાળી રૂપે ઓળખાયા.

શકો અને હૂણો પરના વિજય બાદ પરદુ:ખભંજન રાજા વીર વિક્રમે ગરીબોને શાહુકારની શોષણખોરીથી મુક્ત કર્યા. વેપારીઓને અને ખેડૂતોને પોતાની આવક અને ઉપજના મહેસૂલ ભરવા જણાવ્યું. તે દિવસ, દિવાળીનો હતો. ત્યારથી પરંપરાગત રીતે દિવાળીની રાત્રે આખા વર્ષના ધંધાની લેવડ-દેવડના હિસાબો સમાપ્ત કરી નવો વર્ષ માટેના ચોપાડાઓનું પૂજન કરવામાં આવે છે. હવે તો સરકારે નાણાંકીય વર્ષનો અંતિમ દિવસ અંગ્રેજી માર્ચ મહિનાની એકત્રીસ તારીખનો નક્કી કર્યો જેથી ચોપડાપૂજન માત્ર વિધિ પૂરતું જ રહી ગયું.

ચોપડાપૂજન દ્વારા આપણે આવી રહેલા નવ વર્ષ માટે કુબેરજીનો ભંડાર, ધન્નાશાલિભદ્રની રિધ્ધિ અને કયવન્ના શેઠના સૌભાગ્યની આશા સેવીએ છીએ. સાથે સાથે કુબેરજીના ત્યાગ અને શાલિભદ્રના દાનભાવનું સ્મરણ કરવું જોઈએ. આપણે દિવાળીના દિવસે પરમાત્માને પ્રાર્થના કરીએ કે આપણા ચોપડામાં હિંસા, શોષણ કે અનૈતિક ધંધા દ્વારા થતાં આવક કે નફાનું કોઈપણ ખાતું ન ખૂલે. અહીં ન્યાયસંપન્નવૈભવની પવિત્રભાવના અભિપ્રેત છે. આત્મગુણ પ્રગટે તેવાં સુકૃત્યના ખાતોથી જીવનનો ચોપડા ભરાઈ રહે.

આ પર્વ માનવીને મૃત્યુના સંકેતનો સંદેશ આપે છે. જેમ વર્ષના અંત દિવાળી તેમ જીવનનો અંત મૃત્યુ. દિવાળી પછી નવું વર્ષ, તેમ મૃત્યુ પછી નવજીવન. આમ દીપોત્સવી એ મૃત્યનો ઉત્સવ. મૃત્યુ પરની શ્રદ્ધાનું પર્વ છે. જીવનમાં સરજાતી નવી આશાના સ્વાગતનો પર્વસમૂહ છે.

ઉલ્લાસ અને ઉમંગ સાથે નવા વર્ષના પ્રભાતે અભિનંદનોની આપલે થાય છે. નવા ધાન્યમાંથી વિધવિધ મીઠાઈ બનાવી પ્રથમ એ મિષ્ટ નૈવેદ્ય થાળી અન્નકૂટ રૂપે પ્રભુને ધરીએ છીએ. દિવાળીની રાત્રિની અંતિમ ક્ષણોમાં ભગવાનમહાવીરના પટ્ટશિષ્ય ગણધરગૌતમના જીવનમાં પ્રભુ પ્રત્યેના 'રાગ'ને સ્થાને 'વીતરાગતા' પ્રગટી. તેઓએ અજ્ઞાનના અંધારા ઉલેચી કેવળજ્ઞાનનો દીપક પ્રગટાવી દિવાળીના પર્વને આત્મપ્રકાશનું જ્યોતિપર્વ બનાવી દીધું. કેવળજ્ઞાનની પાવન સ્મૃતિની એ પ્રતિપદા (એકમ)ને 'ગૌતમ પ્રતિપદા' નૂતન વર્ષ રૂપે ઉજવીએ છીએ એ આપણા જીવનમાં નૂતનજ્ઞાનના અભ્યુદયનું સ્વાગત કરે.

ભાઈ-બહેનના દિવ્યપ્રેમની ઝાંખી કરાવતું પર્વ એટલે ભાઈબીજ. ભાઈ-બહેનનો સંબંધ અનાદિનો ઉદય સહજ અને સાર્વભૌમ છે. નિર્વિકારી, નિષ્કામ અને પવિત્ર છે.

આ દિવસે યમરાજ, બહેન યમુનાને ઘરે જમવા જાય છે. યમરાજ પ્રસન્ન થઈને બહેનને વરદાન માગવા કહે છે, યમુના વરદાન માંગે છે, ‘‘જે કોઈ ભાઈ આજના દિવસે પોતાની બહેનને ત્યાં જઈ જમે અને ભાઈબહેન બંનેનો નિર્મળ પ્રેમનો ભાવતંતુ જળવાઈ રહે તેનું અપમૃત્યુ ન થાય’ યમરાજે તથાસ્તુ કહી ભાઈબીજની મંગળ રાતે બહેનના ભાવપૂર્ણ પર મોંઘા વરદાનની મહોર મારી.

ફાધર વાલેસ કહે છે કે ‘સ્ત્રી માત્રમાં બહેનનું સ્વરૂપ જોવું. બધી સ્ત્રીમાં વસેલી બહેનને વંદન કરવું. તે આ પર્વનો સંદેશ છે.’ પરસ્ત્રી તરફ નિર્મળ ભાવનાથી પવિત્ર દૃષ્ટિથી જોવું એવો ભાઈ-બહેનનો ધર્મ બળે તેનું નૈતિક અપમૃત્યુ ન થાય. નિર્દોષ નિખાલસે જીવનમાં વાસના જાગે તો ભાવમરણ થાય. ભાઈ-બહેનનો પ્રેમ પવિત્રતાનો સંસ્કાર છે. આ ભાવના બ્રહ્મચર્યની સાધનાનો પાયો છે. ભાઈબીજના દિવસે બહેનના પવિત્ર હાથે ભાઈના કપાળ (ભાલ) પર કરેલ ચાંદલો (તિલક) શંકરના ત્રીજા નેત્રની જેમ બાળીને ભસ્મ કરી નાખે છે. ભાઈબીજનો ચાંદલો મનુષ્યના કામવિજયનું વિજયતિલક છે.

આ ભાઈબીજના પર્વના દિવસે આદર્શ ભાઈ-બહેનોનું પાવન સ્મરણ કરી વંદન કરીએ. ઋષભદેવ ભગવાનના પુત્ર ભરત અને બાહુબલિની બહેનો બ્રાહ્મી અને સુંદરી ભાઈબહેનના ઉચ્ચ્ આધ્યાત્મિક સંબંધનું આદર્શ ઉદાહરણ છે. શ્રી કૃષ્ણે દ્રૌપદીનાં ચીર પૂરી ભાઈ-બહેનના નિર્વ્યાજ સંબંધને ધર્મની ઉત્કૃષ્ટભૂમિકા પર મૂક્યો. રાજા અશોકના પુત્ર-પુત્રી મહેન્દ્ર અને સંઘમિત્રાએ ભાઈબહેનનો ધર્મ-પ્રભાવનાનો સહિયારો પ્રયાસ બૌદ્ધ ધર્મના ઈતિહાસમાં અમર બની ગયો.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી વિરહથી ભાઈ નંદીવર્ધન, આર્તધ્યાન, રુદન કરે છે. બહેન સુદર્શના ભાઈને પોતાના ઘેર લઈ ગયા. તે દિવસે બીજ હતી.

સુદર્શનાએ ભાઈને પ્રતિબોધ આપ્યો. રાગ અને મમત્વબુદ્ધિ ઓછી કરાવી મોહ ઉપશાંત કરાવ્યો, વૈરાગ્ય ભાવ જગાડ્યો. તેથી નંદીવર્ધન પણ મહાવીરના માર્ગે ચાલવા તૈયાર થઈ ગયા. આમ ભાઈબીજ એ ભાઈ-બહેનના નિર્મળ સ્નેહના પરિતોષનું પર્વ બની ગયું.

દેવ સામે અન્નકૂટ ભરવાની ભવ્યતા સાથે, સુખસંપન્ન લોકોની સહાયથી દરિદ્રનારાયણ દિવાળી ઉજવે તો આ પર્વોત્સવની દિવ્યતા વધે છે.

જ્ઞાનીઓએ તો આ દિવસોમાં ઘરની સાફસુફી સાથે દેહરૂપી ઘરમાંના કર્મરૂપી જાળાં સાફ કરવા જણાવ્યું છે. માત્ર રાવણના પૂતળાને બાળી વિજયાદશમી ઉજવવાથી કશું નહીં વળે. રાવણને દસ માથાં હતાં, અહંકારને હજાર માથાં છે. અંતરમાં પડેલા અહમ્‌ને બાળીને ભસ્મ કરીશું ત્યારે ભીતરના અહમને દર્શન થઈ શકશે. ઘરના આંગણામાં રંગોળી પૂરી, દીપમાલા પ્રગટાવી માત્ર દિવ્ય દિવાળી ન ઉજવતાં, આત્મઘરમાં સમકિતના સાથિયા પૂરી જ્ઞાનના દીપક પ્રગટાવી ભાવ દિવાળી ઉજવીએ, એ જ દીપાવલીનો સંદેશ છે. આપણા સૌમાં દિવાળીની ભવ્યતા સાથે દિવાળીની દિવ્યતાનું અવતરણ થાય તેવી પરમ સમીપે પ્રાંજલ પ્રાર્થના.

## અનુભૂતિની શિક્ષા જ ઉચ્ચતમ શિક્ષા છે

પ્રભાત થતાં જ તપોવનમાં અગમ્ય ચેતનાનો સંચાર થતો. વૃક્ષો પર હીંચકા ખાતાં પક્ષીઓ કિલકિલાટથી આખાએ તપોવનને સભર કરી દે. ગુરુજીની કુટીરમાંથી વસંતતિલક છંદ પર સવાર થઈને આવતો ભક્તામર સ્તોત્રનો ધ્વનિ ભગવાન ઋષભદેવ પ્રતિ, ભક્તિનો સિંધુ લહેરાવી વાયુમંડળને પાવન કરી રહ્યો હતો. પછી છાત્રો દ્વારા સમૂહમાં મધુર કંઠે ગવાતી રત્નાકરપચ્ચીશી અંતરના પાપોને હણનાર પ્રભુને અર્ઘ્ય પ્રદાન કરવા માટે ચૂંટાયેલા શબ્દ ફૂલોની આલોચનાની માળા બની જતી હતી.

સ્વાતિનાં જલબિન્દુ ઝીલવા ચાતક જેમ આતુર હોય તેટલી જ ઉત્કંઠાથી શિષ્યો ગુરુની વાણી ઝીલવા તૈયાર હતા. કાલુ માછલીના મોંમાં સ્વાતિનું એક બિંદુ પડે તો મોતી બની જાય. અહીં પ્રત્યેક શિષ્યનું જિજ્ઞાસુ હૈયું કાલુ માછલીની મોંફાડ બનવા તત્પર હતું. સદ્‌ગુરુની વાણીનું એક માત્ર બિંદુ સમક્તિ મોતીમાં પરિણમે તેમ હતું. તેથી શિષ્યો તેને ઝીલવા તત્પર હતા.

વિનયધર્મના સંદર્ભે ગુરુદેવ, ગુરુ શિષ્યના સંબંધો સમજાવી રહ્યા હતા. ઉત્તરાધ્યય સૂત્રમાં કહ્યું છે

**आणाए धम्मो आणाए तवो**

**તથા**

**आणानिदेसे करे**

આજ્ઞા એજ ધર્મ, આજ્ઞા એજ તપ.

ગુરુદેવની આજ્ઞાને વિનયવાન શિષ્ય કઇ રીતે સમજે? ગાથામાં આગળ બહુ જ માર્મિક વાત કહી છે.

**'इगियागार संपन्ने'**

વિનીત શિષ્ય એ છે કે જે ઇંગિત માત્રથી ગુરુદેવના ભાવો જાણી જાય. ગુરુએ કહેવું ન પડે કે આ કર, આ ન કર માત્ર આંખના ઇશારાથી સમજી જાય. ત્યાંથી આગળ વધીને માત્ર ગુરુદેવની આંખો વાંચીને શિષ્ય ગુરુજીના ભાવો તેની મનોદશા જાણી લે, ગુરુની ગમે તેવી આજ્ઞા શ્રદ્ધાથી શિરોમાન્ય, ગુરુ આજ્ઞામાં શંકા ન જાગે તો જ હિતશિક્ષાની પાત્રતા પ્રગટે.

ગુરુજીએ આરુણિ, ઉપમન્યુ, સત્યકામ જૈમિની, કર્ણ, એકલવ્ય ગણધર ગૌતમજી જેવા શિષ્યોના પ્રસંગોની વાત કરતાં કરતાં હિતશિક્ષાની પાત્રતાની એક પ્રેરક વાત કરી.

રાજાએ પોતાના મહેલમાં સરસ્વતી પૂજનનો મહોત્સવ કર્યો હતો. આ ઉત્સવ પર ગુરુજીને આમંત્રણ આપ્યું હતું.ગુરુજી પધારતા રાજાએ પોતાના પુત્ર રાજકુમારને ગુરુજીને વંદન કરવા કહ્યું અને પછી ગુરુજીને કહ્યું કે આપ મને આ કુમારની શિક્ષા અંગે માર્ગદર્શન આપો. આમ તો મને ઈચ્છા છે કે આપના ગુરુકુલમાં આવીને તે શિક્ષા ગ્રહણ કરે પરંતુ આ અમારી પાછલી, ઉમરનું એક માત્ર સંતાન હોવાથી રાણીને પુત્ર મોહ વધુ છે તે કારણે તેને આપ અહીં જ ભણાવવાનો પ્રબંધ કરો તો વધુ સારું.

ગુરુજીએ કહ્યું કે, હે રાજન! 'તમે માઠું ન લગાડતા પરંતુ આંગણે કોઈ ભદ્ર પુરુષ આવે ત્યારે તમારે રાજકુમારને કહેવું પડે કે ગુરુજી આવ્યા છે તેને વંદન કર!' એ રાજકુમારમાં વહેવારિક વિવેકજ્ઞાનના અભાવને પ્રદર્શિત કરે છે. આ સંજોગોમાં તે ઘરે ભણીને રાજ્યની ધૂરા સંભાળી શકે તે શક્ય નથી મારા મત પ્રમાણે ગુરુકુલવાસનો સ્વીકાર તેના માટે હિતકર છે. અંતે રાજાએ કઠોર નિર્ણય લઇ રાજકુમારને દસ વર્ષ માટે ગુરુકુળમાં મોકલ્યો ગુરુકુળના નિયમો કડક હતા. દસ વર્ષ સુધી ઘરે ન આવી શકાય. વિદ્યા અભ્યાસ સિવાય ગુરુકુળના કામ કરવાના, વર્ષે એકજ વાર પરિવારજનોને આશ્રમમાં આવીને કુમારને મળવાની છૂટ હતી.

જોતજોતામાં દસ વર્ષ પૂરા થઈ ગયા. અંતિમ દિવસે દીક્ષાંતપ્રવચન બાદ શિષ્યોને વિદાય આપતી વખતે ગુરુજીએ આજ્ઞા કરી કે રાજકુમારના ખુલ્લા વાંસા પર નેતરની એકવીશ સોટી મારવી. રાજકુમારને વાંસામાં એકવીશ નેતરની સોટી મારવામાં આવી ,પીડાઅને વેદનાથી રાજકુમારની આંખમાં આંસુ ઉભરાઈ આવ્યા. રાજા-રાણી રાજકુમારને લેવા આવ્યા. રાજકુમારનો રડમસ ચહેરો જોઈ વ્યથિત થયાં. પરંતુ ગુરુ સામે કશું બોલ્યા નહિ.

રાજકુમાર મહેલમાં આવીને વિચાર કરે છે. મારા કશા વાંક ગુના વિના મને એકવીશ નેતરની સોટી મારવાની ગુરુદેવે કેમ સજા કરી? તેમણે વ્યથા અને વેદના છૂપાવી રાખી. ગુરુ પર વિશ્વાસ હતો એટલે કશું ન બોલ્યો પણ વિના અપરાધે મળેલા દંડના વિચારથી તે દુ:ખી થઈ જતો.

રાજા-રાણીએ તેની પીડાનું કારણ પૂછ્યું પ્રથમ તો કુમારે કશું ન બતાવ્યું પરંતુ કુમારના સ્નાન કરવા જતી વખતે રાણીએ રાજકુમારના વાંસામાં સોળ ઉઠેલા જોયા તો ખૂબજ આગ્રહપૂર્વક સત્ય જણાવવા કહ્યું ત્યારે કુમારે બધી વાત કરી.

રાણીએ ક્રોધથી લાલચોળ થઈ રાજાને ફરિયાદ કરી કે વિના અપરાધે મારા પુત્રને મારવા બદલ ગુરુને ફાંસીને સજા કરો. ગુરુજીને દરબારમાં તેડાવ્યા અને રાજકુમારને નેતરની સોટીઓ મારવાનું કારણ પૂછ્યું.

ગુરુજીએ રાજા સમક્ષ એક ડાયરી ધરી અને કહ્યું કે આ ડાયરીમાંથી આપને કારણ મળી જશે.

ડાયરીમાં દસ વર્ષના દરેક છાત્રના પ્રસંગો તેની શિક્ષા-દીક્ષા-ભૂલો-પ્રાયશ્ચિત્ત, પારિતોષિક પ્રગતિ વગેરે દરેક વિગતોનું વસ્તૃત વર્ણન કરવામાં આવ્યુ હતું.

જે દિવસે રાજકુમારને સજા આપવામાં આવી હતી તે દિવસના પૃષ્ઠ પર ગુરુજીએ લખેલું -

"રાજકુમાર તેજસ્વી છે, કુશાગ્રબુદ્ધિ ધરાવે છે. બધી વિદ્યામાં નિપુણ થઈને આજે આશ્રમમાંથી વિદાય લઇ રહેલ છે. મહારાજાએ ગત સરસ્વતી પૂજન મહોત્સવમાં એક બે વર્ષમાં સંન્યાસ લેવાની ભાવના-ઇચ્છા પ્રગટ કરી હતી. એટલે ટૂંક સમયમાં રાજકુમારે રાજપાટ સંભાળવું પડશે. રાજકુમારને બાકી તો બધી શિક્ષા આપી છે. પરંતુ નિરપરાધીને શિક્ષા કે સજા કરવાથી તેના મન પર શું વીતે છે તે અનુભવ કરાવેલ નથી. રાજગાદી ગ્રહણ કર્યા પછી ન્યાયનો સર્વોચ્ચદેવતા રાજકુમાર જ હશે. તેથી તેના હાથે અન્યાય ન થાય, નિરપરાધીને સજા ન દેવાય જાય માટે તેની પીઠ-વાંસા પર એકવીશ સોટી મારવાની સજા કરવી પડી. આ સજા કરતાં મને પણ અત્યંત દુ:ખ થાય છે. પરંતુ આ રાજકુમારને ન્યાયી રાજા બનાવવા માટે આ સિવાય મારા માટે અન્ય કોઈ રસ્તો ન હતો. પ્રભુ! રાજકુમારનું કલ્યાણ કરજે!"

ગુરુજીએ લખેલી ડાયરીનું પાનું વાંચતા રાજા સમજી ગયા કે અનુભૂતિની શિક્ષાં જ ઉચ્ચત્તમ શિક્ષા છે. સજળનયને રાજાએ ગુરુચરણમાં વંદન કર્યા.

તપોવનમાં ગુરુજીનું પ્રવચન પૂર્ણ થતાં, વિનયધર્મ અને હિતશિક્ષાની પાત્રતા પર ચિંતન કરતાં કરતાં શિષ્યો પોતપોતાની કુટિર તરફ ગયા.

## શાકાહારીઓ માટે સમય ચિંતન

કન્ઝ્યુમરકેર અને ગ્રાહક સુરક્ષાવાળાઓ સતત કહે છે કે ગ્રાહક સુરક્ષામંડળો અને નાગરિકોની સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા ઓછામાં ઓછું વર્ષમાં બે વાર હોટલના રસોડાઓનું સરપ્રાઈઝ ચેકીંગ થવું જોઈએ આ પોકાર મ્યુનિસીપાલિટી અને રાજ્યસરકારના બહેરા કાને સતત અથડાયા કરે છે.

બકુલભાઈને હોટલોની સમગ્ર વ્યવસ્થામાં કાંઈક વિશિષ્ટતા લાગે છે "એક હોટલમાં સતત કરોળિયાં જાળાં બાંધતા હતા. અને એ જાળામાંથી કંઈનું કંઈ દાળમાં પડતું એને કારણે દાળ વિશિષ્ટ બનતી એમ અમે સાંભળેલું. આ આખી જ પ્રક્રિયા નાજુક છે, એની ચકાસણી એની તરતપાસ કરવી શક્ય નથી. કરવા જશો તો સ્વાદ ગુમાવશો. એક હોટેલનાં ફાફડા-ચટણી સર્વોત્તમ ગણાતાં. એમાં ચટણીની ફોર્મ્યુલા એવી હતી કે સોમવારની ચટણીમાંથી જે વધે તે મંગળવારની ચટણીમાં નંખાતું, મંગળવારે જે વધે તે બુધવારની ચટણી બનાવવામાં વપરાતુ, બુધવારે જે વધે તે.... પરિણામે રવિવારની ચટણીમાં જુદી જુદી કક્ષાની સાત ચટણીઓનું મિશ્રણ થતું! હવે આ સ્વાદના અજોડપણાને બિરદાવ્યા વિના તમે બીજું શું કરી શકો? આ મેઘધનુષ્ય ચટણી રવિવારે ખલાસ થઈ જતી."

વર્તમાનપત્રોના અહેવાલ પ્રમાણે હોટેલ એન્ડ ફૂડ સર્વિસીઝ ઈન્ડિયાના અધ્યક્ષ મીનાક્ષી અગ્રવાલે મુંબઈની હોટલોની સ્વચ્છતા વિશે આકરી ટીકા પોતાના અહેવાલમાં લખી છે. "મુંબઈની હોટલોમાં આરોગ્યનું ધોરણ બરાબર સચવાતું નથી. રસોઈયાઓ ખુલ્લા શરીરે નાની ચડ્ડી પહેરીને રસોઈ બનાવતા હોય છે અને જો કોઈ કપડાં પહેરે તો તે ખૂબ ગંદા હોય છે, પરસેવો વાનગીમાં ટપકતો હોય છે. રસોઈનાં વાસણો અને પાણી પણ સ્વચ્છ હોતા નથી. મોટાભાગની હોટલોમાં વાંદા-ગરોળી અને ઉંદરોનો ઉપદ્રવ હોય છે.

મુંબઈ મહાપાલિકા પાસે ફક્ત ૨૫૦ ફૂડ ઈન્સ્પેક્ટરો છે. જે ઘણા ઓછા કહેવાય. આ ઈન્સ્પેક્ટરો રસોડા સુધી પહોંચે તે પહેલાં તેમના ગજવામાં "વજન"

પડી જાય છે. હોટલોમાં આગના અકસ્માતો પણ થાય છે. આજે મુંબઈમાં આડેધડ-રોકટોક વગર બિનધાસ્ત હોટલનો ધંધો ''ધૂમ'' ચાલી રહ્યો છે. આવી હોટલના રસોડા જોયા પછી ૧૦ માંથી ૮ માણસો મફત પણ હોટલમાં જમશે નહિ. ''એવો દાવો'' અહેવાલમાં કરવામાં આવ્યો છે.

ચોખ્ખાઈ, જયણા (જતના) અને વિવેક આપણને માંદગી અને પાપકર્મના અનુબંધથી બચાવે છે. જ્ઞાનીઓએ કહ્યું છે કે જેવું અન્ન તેવું મન અને જેવું મન તેવું જીવન. સત્પુરુષો અને ઋષિમુનિઓએ પોતાની વિશિષ્ટ જ્ઞાનશક્તિ અને વૈજ્ઞાનિક પ્રતિભાથી સાત્ત્વિક અને ઉચ્ચ સંસ્કારમય જીવન જીવવા શું ખાવું અને શું ન ખાવું એ અંગેના વિધિ નિષેધો જણાવ્યા છે. આ આર્યભૂમિના માનવીઓને આર્યભૂમિનું જ અન્ન અનુકૂળ આવે. અનાર્ય ભુમિના તામસ ભોજન આપણને અનુકૂળ ન આવે.

અસદ્આહારને પરિણામે દેહસ્ત સપ્તધાતુઓ અને અંતસ્ત્રાવી ગ્રંથિઓમાં રાસાયણિક પરિવર્તન થાય છે. તેનાથી શારીરિક અને માનસિક વિપરીત અસરો થાય છે. મનનું ચાંચલ્ય, ચિત્તવિકાર, કષાય આદિ ભાવો જેવા કે ક્રોધ, ઈર્ષા, પ્રકોપ, લાલસા, નિદ્રા, પ્રેમ ઈત્યાદિ વિકૃતિથી મનુષ્ય બહારથી અને અંતરમનથી ખળભળી ઉઠે છે.

સાંપ્રત કાળમાં વધુમાં વધુ વૈષ્ણવો અને જૈન માટેની શાકાહારી વાનગીઓ સુલભ બને તે આવકારદાયક છે.

સાત્ત્વિક ભોજન તન અને મનને નીરોગી રાખવામાં સહાયક થાય છે. હોટલ, રેસ્ટોરાં, રોડ પરની બહારની વાનગીઓ શુધ્ધ અને સાત્ત્વિક ન જ હોય. અનિવાર્ય સંજોગોમાં બહાર જમવાનું થાય તો શાકાહારીઓ શાકાહારી રેસ્ટોરોમાં જ ભોજન લે તે હિતાવહ છે.

ઈંદૌરના શાકાહારી ગૃહસ્થ નીતિન સોનીને અનિવાર્ય સંજોગોને કારણે ટૂંક સમય માટે એક રૈસ્ટોરાંના મેનેજર તરીકે પીડાજનક કામગીરી બજાવવી પડેલી. આ અનુભવનું તેમણે 'અનદેખા સચ'માં બયાંન કર્યું છે.

તેઓ પોતાના લેખમાં જણાવે છે કે "મને આ અનુભવ આપ સુધી પહોંચાડવાનું એટલા માટે જરૂરી લાગ્યું છે કે જે લોકો શાકાહારી અને માંસાહારી વાનગી પીરસતા રેસ્ટોરાંમાં માત્ર શાકાહારી વાનગી જમે છે અને માને છે, કે આપણે સંપૂર્ણ શાકાહારી ભોજન ગ્રહણ કર્યું તો એ ભૂલભરેલી મિથ્યા માન્યતા છે, એક ભ્રમ માત્ર છે."

તેમના મતે દરેક રેસ્ટોરાંમા ત્રણ વિભાગો હોય છે. એક તન્દુર સેક્શન, બીજું ઈન્ડિયન સેક્શન અને ત્રીજું ચાયનીઝ સેક્શન. તંદુર (સેક્શન) વિભાગમાં શાકાહારી અને માંસાહારી બન્ને પ્રકારની ભોજનસામગ્રી તૈયાર થાય છે.

તંદુરી રોટીની સાથે નાનનો લોટ પણ તૈયાર કરવામાં આવે છે. જેને ફુલાવવા નરમ અને સ્વાદયુક્ત બનાવવા માટે ઈંડાનો ઉપયોગ કરવામાં આવે છે.

જે ટેબલ તંદુર રસોઈયા પાસે હોય છે તે એક જ ટેબલ પર રોટલીના લોટ સાથે માંસાહારી સામગ્રી પણ એ જ ટેબલપર રાખવામાં આવે છે.

જ્યારે માંસાહારી તંદુરી વાનગી બનાવવામાં આવે છે ત્યારે પહેલા તેના પર માખણ કે તેલનું મિશ્રણ લગાડવામાં આવે છે તેને માટે એક ડબ્બામાં માખણ કે તેલનું મિશ્રણ ભરીને રાખવામાં આવેલું હોય છે. કપડું વિંટાળેલ લાકડાની એક દાંડી આ મિશ્રણમાં ઝબોળી, આ મિશ્રણ તંદુરી ચીકન પર લગાડવામાં આવે છે અને આ જ લાકડી શાકાહારીઓ માટેની નાન કે રોટી પર લગાડવામાં પણ ઉપયોગમાં લેવામાં આવે છે.

કોઈપણ તંદુરી ડીશ, પનીર ટીક્કા કે પનીર ફુદીના બનાવવા માટે લોખંડના સળિયાનો ઉપયોગ કરવામાં આવે છે. માંસાહારી વાનગીઓ બનાવવા માટે, આ જ સળિયાઓનો ઉપયોગ કરવામાં આવે છે. શાકાહારી અને માંસાહારી વાનગી બનાવવાનું બદલતી વખતે આ સળિયા ધોવા કે સાફ કરવાની તસદી રસોઈયા લગીરે લેતા નથી.

માખણ લગાવેલ તંદુરી વાનગી પર મસાલો લગાવવામાં આવે છે જે એક મોટા ખુલ્લા વાસણમાં રાખવામાં આવે છે. વાનગી શાકાહારી હોય કે માંસાહારી વારાફરતી એક જ વાસણમાં મસાલો લપેટવામાં આવે છે.

રેસ્ટોરાંના કીચનનો બીજો વિભાગ ઈન્ડિયન સેક્શન છે. આ ભારતીય વિભાગ રસોડાનો એવો હિસ્સો છે જ્યાં બે ભઠ્ઠીઓ પાસે બે ટેબલ બાજુબાજુમાં રાખેલા હોય છે.

ટેબલ પર રસોઈ માટેની કાચી સામગ્રી માવો, પનીર, દૂધ, દહીં, ક્રીમ રાખેલ હોય છે. એ જ ટેબલ પર સાથે ઈંડા, માછલી, ચિકન જેવી માંસાહારી સામગ્રી પણ રાખવામાં આવે છે. ભઠ્ઠીની પાસે બધો મસાલો રાખવામાં આવે છે, જો કોઈ ઓર્ડર આવે કે જે તે શાકાહારી હોય કે માંસાહારી, રસોઈયા બન્ને પ્રકારની વાનગી બનાવવા માટે એખ જ ફ્રાયપૅન (તવલુ) અને ચમચાનો ઉપયોગ કરે છે. ચીકાશવાળા ચમચા કે ફ્રાયપાન ધોવા માટે બાજુમાં રાખેલા તપેલાના પાણીનો ઉપયોગ કરી એ પાણી પાછું તપેલામાં જ નાખે છે. શાકાહારી અને માંસાહારી વાનગીવાળા ચમચા, વાસણોવાળુ પાણી, દાળને પાતળી કરવા માટે કે ગ્રેવી બનાવવા માટે ઉપયોગમાં લેવાય છે.

રેસ્ટોરાંના કિચનનો ત્રીજો વિભાગ ચાયનીઝ સેક્શન છે. આ વિભાગમાં મુખ્યત્વે બે ભઠ્ઠી હોય છે. સાઈડ ટેબલપર બધી જ કાચી માલ-સામગ્રી સાથે રાખવામાં આવે છે.

સ્પ્રિંગ રોલ પર ઈંડાની જર્દી ચીપકાવવામાં આવે છે, ચીલી પનીર ઘોલ અને મંચુરિયનમાં પણ ઈંડાનો ઉપયોગ કરાય છે. સૂપમાં કે ગ્રેવીની કોઈ વાનગી બનાવવામાં જે પાણી વાપરવામાં આવે છે તે ચિકનસ્ટોક હોય છે. ચિકનને જે પાણીમાં ઉકાળવામાં આવ્યું હોય તેના બચેલા પાણીને ચિકનસ્ટોક કહેવામાં આવે છે.

તળવાની એક જ કડાઈમાં વારાફરતી શાકાહારી અને માંસાહારી વાનગી તળવામાં આવે છે.

શાક સમારવાના સ્ટેન્ડ ચાકુ-છરી વગેરે સાધનો ધોયા વિના બન્ને પ્રકારની વાનગી માટે વપરાય છે. પ્રીઝરવેશન માટેના ડીપ ફ્રીઝમાં બન્ને પ્રકારની વાનગી સાથે જ રાખવામાં આવે છે. એક જ રસોઈયો હાથ ધોયા વિના જ માંસાહારી વાનગી બનાવ્યા પછી તુર્ત જ શાકાહારી વાનગી બનાવે છે. હોટલ કે રેસ્ટોરાં ભલે તે નાની હોય કે મોટી પરંતુ જ્યાં શાકાહારી-માંસાહારી (વેજ-નોનવેજ) એક જ સાથે હોય ત્યાં આવું બનવું સહજ સંભવિત છે.

આવી રેસ્ટોરાંમાં જમીને કોઈ એક વ્યક્તિ એમ માને કે મેં શાકાહારી ભોજન લીધું તો તે નર્યો ભ્રમ છે. હોટલ એક વ્યવસાય છે ધર્માનુશાસન નથી. જેથી હોટલ માલિકો શાકાહારીઓની ધાર્મિક ભાવનાની માવજત કરે તે અપેક્ષા ઉચિત નથી. શાકાહારીઓએ આવી રેસ્ટોરાંનું પાણી સુધ્ધા પીવું વર્જ્ય હોવું જોઈએ.

શાકાહારનો વિચાર અને આચાર માત્ર પેટ ભરવા માટે નહિ પરંતુ લોહીની નદીઓ બંધ કરવા માટે છે. ક્રૂરતાને બદલે વાત્સલ્ય પ્રેમ અને કરૂણાના સંસ્કાર માટે છે. વ્યક્તિગત અને કુટુંબ જીવનની સુખશાંતિ માટે છે. વર્તમાન જીવન સમાધિમય બનાવવાને અને પરિલૌકિક હિતને માટે છે.

## સર્વધર્મસમભાવ

## ભારતની ભૂમિને ધર્મ અને આધ્યાત્મિકતાનું પિયર ગણવામાં આવે છે !

માનવજીવનમાં ધર્મનું ઘણું મહત્ત્વનું સ્થાન છે. વિશ્વમાં ભાગ્યે જ એવો કોઈ પ્રદેશ હશે જ્યાં એક અથવા બીજા પ્રકારના ધર્મનું પાલન ન થતું હોય. ધર્મ વિનાના માનવજીવનની કલ્પના શક્ય નથી. આજના વૈજ્ઞાનિક યુગનો માનવી પોતાને નાસ્તિક તરીકે ઓળખાવવાની સ્વતંત્રતા દર્શાવે છે તે ખરેખર સ્વતંત્રતા કે નવીનતા નથી, શ્રદ્ધાનું સાચું અવલંબન એને પ્રાપ્ત થયું નથી તેથી એ લાચારીથી આવું બોલતો હોય છે.

કવિશ્રી સુંદરમે યથાર્થ કહ્યું છે :
''વિશ્વોના સૌ બાગ સુકાશે,
અને સૂર્ય શશીના દીપ બુઝાશે;
પણ અંતરના વલખાં તારે અરથે,
બંધ ન થાશે રામ, તુંહી, તુંહી.''

આ રીતે ધર્મ કે ઈશ્વરની શોધ, માનવીની સનાતન શોધ છે. 'સાધના નામ અનેકતા' એ મુજબ ઈશ્વરપ્રાપ્તિના ભિન્ન ભિન્ન માર્ગો છે. કોઈ પણ એક ધર્મ જ શ્રેષ્ઠ છે અને અન્ય ધર્મો એની તુલનામાં નબળા છે, આવી અધૂરી-એકાંગી, જડ માન્યતામાંથી જ એક ધર્મ અને બીજા ધર્મ વચ્ચે સંઘર્ષ, વેર-વિરોધ, ભયંકર ઝઘડા અને સરવાળે માનવજાત માટે અશાંતિ ઊભી થઈ છે.

વિશ્વનો કોઈ પણ ધર્મ સનાતન જીવનમૂલ્યો, ઉત્તમ નીતિ-નિયમો, સત્ય અને અહિંસાના, વિશ્વકલ્યાણના ઉત્તમ આદર્શથી વિમુખ છે નહીં, હોઈ શકે નહીં. જગતના કોઈ પણ ધર્મનું અંતિમ લક્ષ્ય તો – માનવીમાં રહેલા દોષોને – અંધકારને દૂર કરી, ગુણનું ગૌરવ કરી, એના ગુણનો વિકાસ થાય અને અંધકાર દૂર થાય એ જ હોય છે. ધર્મને નામે જડતા, અંધશ્રદ્ધા, ઝનૂન અને ધર્માંધતા કે જેહાદ જગાવીને આ ધરતી પરના માનવજીવનને દુ:ખમય બનાવવાથી કોઈને સુખ મળે જ નહીં.

ધર્મ તો પુનિતતત્ત્વ છે, યુગયુગથી, અલગઅલગ, રીતે લોકકલ્યાણની ઉત્તમ પ્રવૃત્તિ ધર્મ કરી રહેલ છે. સમાજનું ધારણ, પોષણ અને સત્યસંશોધન ધર્મે કર્યું છે. અલગઅલગ સમયે ધર્મ-સંસ્થાપકોએ અને ધર્મગુરુઓએ માનવજાતિને સન્માર્ગે વાળવા માટે અપાર કષ્ટો સહન કર્યાં છે – બલિદાનો આપ્યાં છે.

•

સર્વધર્મસમન્વય, સર્વધર્મસહિષ્ણુતા તથા સર્વધર્મસમભાવ આજના યુગની સૌથી મહત્ત્વની જરૂર છે. ધર્મસમન્વયનો અર્થ સુંદર ગુણોનો સમન્વય છે. આ સમન્વયથી માનવી કેમ ઉન્નત બને, સાચા અર્થમાં માનવ બને એ જ પ્રધાન ઉદ્દેશ છે. સર્વધર્મસહિષ્ણુતામાં, બાહ્યસહિષ્ણુતા અને ઉદારતા તથા વ્યાપક સ્વરૂપે બધા ધર્મોનો સ્વીકાર કરવાની દૃષ્ટિ રહેલી છે, પરંતુ સર્વધર્મસમભાવ, આપણી પાસેથી અન્ય કોઈ પણ ધર્મ પ્રત્યે વિશેષ ભાવ, મનથી પણ ઉદારતા અને વિશાળતા ધરાવવાની અપેક્ષા રાખે છે. આ અપેક્ષા પૂરી થાય એ માટે બધા ધર્મોનો ઉદારતાથી, સમભાવથી, આદરથી અભ્યાસ કરવો પડશે અને એ અભ્યાસને અંતે જે નવનીત પ્રાપ્ત થશે તે આપણી ધર્મ વિશેની સમજણને સંપૂર્ણ બનાવી આપણને સાચા અર્થમાં 'ધાર્મિક' બનાવશે. સાંપ્રદાયિક સંકુચિતતા દૂર થશે અને વિશ્વધર્મની કલ્પના સાકાર થશે.

કોઈ પણ વ્યક્તિ જન્મ લેતાં પહેલાં ધર્મનો સ્વયંવર કરીને જન્મ લેતી નથી. પરંતુ જે ધર્મ એને વારસામાં મળ્યો છે એનો ગર્વ કરવો કે મારો જ ધર્મ શ્રેષ્ઠ છે અને બીજાનો નહીં, એમાં મિથ્યા અભિમાન છે, ગર્વ છે. આવી મિથ્યામાન્યતાનું ખંડન સર્વધર્મસમભાવથી જ શક્ય બની શકે. સાંપ્રદાયિક ક્લેશ-દ્વેષનું મૂળ કારણ તો અજ્ઞાન અને અહંભાવ છે. અન્ય ધર્મો પ્રત્યે આદર જાગતાં, તેમાં રહેલ સત્ય જાણવા મળશે, વેર-વિરોધ શમશે અને સાચી દૃષ્ટિ આવશે.

સામાન્ય રીતે જગતના વિવિધ ધર્મદર્શનનો અભ્યાસ કરતાં જણાશે કે કોઈપણ એક ધર્મ બીજા ધર્મને હીણો ગણતો નથી છતાંય સર્વધર્મ સમભાવની ભારતીય દર્શનોની ભાવનાએ એની ઉદારતાનો ત્તમ પરિચય આપ્યો છે. ઈશ્વર પ્રાપ્તિના અનેક માર્ગો છે તેથી દરેકને પોતાનો ધર્મ પ ળવાની અનુકૂળ ા કરી આપનાર આ ભારતની આર્યભૂમિ છે. તેથી જ કદાચ ભારતની ભૂમિને ધર્મ અને આધ્યાત્મિકતાનું પિયર ગણવામાં આવે છે.

ભગવાન મહાવીર સ્વામીએ સૂત્રકૃતાંગસૂત્રમાં દર્શાવ્યું છે, "જેઓ કેવળ પોતાની માનેલી વસ્તુની પ્રશંસા કરે અને બીજાનાં સત્ય વચનોની નિંદા અને ઘૃણા કરે છે અને બીજાઓની સાથે દ્વેષ કરે છે, તેઓ સંસારનાં જન્મમરણનાં ચક્રમાં જ રહે છે." ભગવાન મહાવીરના 'અનેકાન્ત'નો એક અર્થ 'સમન્વય કરવો' કે ઉદારમતવાદી બની અન્ય દૃષ્ટિબિંદુને તપાસવું – સ્વીકારવું એવો થાય છે. સર્વધર્મસમભાવથી દૃષ્ટિની વિશાળતા આવશે અને કલ્યાણકારક બની રહેશે.

આચાર્ય હેમચંદ્રાચાર્યે સોમનાથ પાટણમાં શિવમૂર્તિનું દર્શન કરતી વેળાએ કહ્યું, "મારું પૂજન કોઈ નામ સાથે નિસ્બત ધરાવતું નથી, વીતરાગતારૂપી મહાગુણ સાથે નિસ્બત ધરાવે છે. નામ ભલેને શંકર હો, બ્રહ્મા હો, વિષ્ણુ હો અથવા જિનેશ્વર હો!"

આનંદઘનજી પણ આ પ્રકારનું કહે છે, "ભાજનભેદ ચાહે તેટલા હો! પણ મૂળ માટી એક જ છે; તેમ રામ-રહીમ, કૃષ્ણ-કરીમ જેવાં નામો ચાહે તેટલાં હો! પણ મૂળે સદ્ગુણ મૂર્તિ તે સૌ છે."

ધર્મ કે મજહબ તો સમાજમાં સંપ, શાંતિ અને સદાચારના પાઠ શીખવે છે. સત્ય, અહિંસા, ન્યાય અને પ્રેમનો પ્રચાર કરે છે ત્યારે સાંપ્રદાયિક ઝઘડાઓમાં આ ગુણોને જ ઢાંકી દેવામાં આવે છે. કોઈ ધર્મ, લડાઈ કરવાનું કહેતો નથી. ઈસ્લામધર્મમાં, ઈન્સાન માત્ર, 'ખુદાના પુત્રો' છે એવું વિધાન છે. એમાં ક્યાંય એવો ઉલ્લેખ નથી મળતો કે અમુક પ્રદેશના લોકો જ ખુદાના પુત્રો છે અને બાકીના નથી. ઈસ્લામધર્મ અનુસાર એક લાખ ચોવીશ હજાર પયગંબરો છે અને તેને ખુદાએ દરેક કોમ અને મુલકમાં મોકલ્યા છે. એટલું જ નહીં, મહમ્મદ પયગંબર અને આ પયગંબરો એક જ છે. આવી ઉદાત્તભાવના માન ઉપજાવે છે.

સમન્વયનાં બીજ બધા ધર્મોમાં છે, કેવળ વિશાળતા કેળવી તેને જોવાની-સમજવાની જરૂર છે. ધર્મ, એકતાનું સાધન બની રહેવો જોઈએ. સ્વામીવિવેકાનંદે યથાર્થ કહ્યું છે, "અમે બધા ધર્મની મહત્તાને આવકારીએ છીએ. અમારે ત્યાં કોઈપણ પ્રકારનો આગ્રહ સેવાતો નથી. હકીકતે, તો "બધા ધર્મોમાં સમન્વયનું તત્ત્વ વધારે છે, વિરોધનું ઓછું" વેદમાં પણ કહ્યું છે કે સત્ય એક જ છે પણ તેને જાણનારા વિદ્વાનો અલગઅલગ નામે રજૂ કરે છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં સ્પષ્ટપણે દર્શાવ્યું છે, "દરેકે પોતાના ધર્મ ઉપર ચાલવું જોઈએ અને બીજાને તેના ધર્મ ઉપર ચાલવા દેવું જોઈએ. દરેકને પોતાનો ધર્મ શ્રેયસ્કર" છે. આ સત્ય સમજાઈ જશે તો બધા ધર્મો પ્રત્યે સમભાવ કેળવવામાં ખૂબ ઉપકારક બની રહેશે.

સંતબાલજીએ કહ્યું છે: "દરેક ધર્મને તેના સ્થાને રહેવા દઈને આપણે તેમની વચ્ચે પ્રેમ અને શ્રદ્ધાના ભાવ સ્થાપવા માગીએ છીએ. તે તે ધર્મોના બાહ્યસ્વરૂપમાં એકરૂપતા નહીં પણ એકતા આણવા માગીએ છીએ. ધર્મો વચ્ચે જે વિષમતા, વિભિન્નતા અને તેના કારણે વૈર-વિરોધ છે તેને દૂર કરવા માગીએ છીએ – સર્વધર્મસમભાવથી – સ્વધર્મ-ઉપાસના વડે."

ગાંધીજીએ સર્વધર્મસમભાવની સાધના કરીને વિશ્વ ધર્મગુરુનો માર્ગ ખુલ્લો કર્યો છે. તેમની પાસે ગમે તે દેશ, કોમ, વેશ કે ધર્મનો માણસો કોઈ પણ પ્રશ્ન લઈને જતા તેને તેઓ, ધર્મના ગજથી માપી ઉત્તર આપતા. ગાંધીજી પાસે બધા ધર્મના લોકો આવતા. એક તરફ પ્રાર્થના થતી હોય અને બીજી તરફ નમાજ ભણાતી હોય! પ્રાર્થનામાં ગાંધીજી કુરાનની આયાતો પણ બોલાવતા. તેઓ કહેતા કે કુરાનની વાતો ગીતાથી અલગ નથી. બધામાં એક જ પ્રકારનો ઉપદેશ છે. ગાંધીજી દરેકને કહેતા કે તમારો ધર્મ, બીજાના ધર્મથી જુદો નથી કે મહાન પણ નથી. બધા ધર્મો પ્રત્યે આદર કેળવશો તો ધર્મને નામે કોઈ સમસ્યાઓ ઊભી નહીં થાય.

હકીકતે તો બધા ધર્મો સારા છે, કલ્યાણકારક છે. વિશ્વના પ્રત્યેક માનવીની શાંતિ માટેનાં સરસ અવલંબનો છે, માત્ર તેને અનુસરનારની ખરાબીઓને કારણે તે ધર્મને ખરાબ કહી શકાય નહીં. સર્વધર્મસમભાવ કેળવવાથી બધા ધર્મો સાથે મૈત્રી બંધાશે, બધા ધર્મોને એ પોતાના ગણાશે. ક્રોધ, આવેશ કે ઝનૂન ક્યારેય ધર્મનાં તત્ત્વો રહ્યાં નથી. કોઈ પણ ધર્મે તેને પ્રમાણભૂત માન્યાં નથી. ધર્મને નામે પાશવી અને હિંસક વૃત્તિનો દોર કોઈ છૂટો મૂકે એની જવાબદારી ધર્મ ઉપર ન લાદી શકાય. ધર્મની પવિત્ર ભાવનાનું વાસ્તવિક સ્વરૂપ સમજવામાં આવે તો કેટલી મુશ્કેલીઓ દૂર થઈ જશે!!

ડૉ. રાધાકૃષ્ણે કહ્યું છે, "બિનસાંપ્રદાયિક હોવું એટલે ધાર્મિકદૃષ્ટિએ નિરક્ષર રહેવું એવો અર્થ થઈ શકે જ નહીં. સાંપ્રદાયિક સંકુચિતતા છોડીને ઊંડી આધ્યાત્મિકતા કેળવવી એ જ બિનસાંપ્રદાયિક હોવાનો ખરો અર્થ છે. ધર્મ એ કેવળ અમુક માન્યતા, અમુક લાગણી કે ક્રિયાકાંડ નથી પણ પરિવર્તિત જીવન છે. માણસના ધર્મની પરીક્ષા તેની બૌદ્ધિક માન્યતાઓથી નહીં પણ તેના ચારિત્ર્યથી અને વલણથી થાય છે. માણસને આપણે તેમની માન્યતાઓથી નહીં પણ માન્યતાઓના ફળથી ઓળખીએ છીએ. ઊંડી આધ્યાત્મિકતા અને ધાર્મિક સહિષ્ણુતા સર્વધર્મ-સમભાવથી આવી શકશે. ધાર્મિકજીવન જીવવાનું બીજાં પ્રાણીઓ માટે શક્ય જ નથી, માનવજાતિ માટે જ એ શક્ય છે. જે માણસ માનવજાતિની આ વિશેષતાને ધ્યાનમાં લઈને ધાર્મિકજીવન ગાળે છે તે ભય અને આક્રમકતાની વૃત્તિથી મુક્ત થઈ શકે છે અને ઉત્તમ પ્રકારનું જીવન જીવી શકે છે. ધર્મ માણસને નિર્ભય બનાવે છે.

ગાંધીજીના વિચારો અને આદર્શોને મૂર્તિમંત સ્વરૂપ આપવાની સતત પ્રવૃત્તિ કરનાર આચાર્ય શ્રી વિનોબા ભાવેએ સર્વધર્મસમભાવ પર વ્યાપક અને સરળ ચિંતન રજૂ કર્યું છે. તેઓએ યથાર્થ રીતે દર્શાવ્યું છે કે ધર્મ, વ્યક્તિ અને વ્યક્તિની વચ્ચે વેરઝેર, વિરોધ કે અશાંતિ સર્જવા માટે છે જ નહિ, ધર્મ એટલે શાંતિ અને સહિષ્ણુતા. અન્ય મતવાદીઓ પ્રત્યે ઉદારતા અને જ્યાંથી મળે ત્યાંથી શુભ અને મંગલ તત્ત્વો સ્વીકારવા માટેની તત્પરતા. આવી તત્પરતા જો હોય તો, વ્યક્તિ વ્યક્તિ વચ્ચેની કે ધર્મ ધર્મ વચ્ચેની અશાંતિ આપોઆપ શમી જાય છે અને માનવકલ્યાણ માટેની સાચી દિશા પ્રાપ્ત થાય છે.

બધા ધર્મોને ભેગા કરવાની દૃષ્ટિએ ગાંધીજીએ સર્વધર્મપ્રાર્થના ચલાવી હતી. બધા ધર્મોમાંથી થોડું થોડું લઈને ગાંધીજીની પ્રાર્થના ચાલતી. ધર્મભાવના એ માણસની વિશેષતા છે. માણસની ધર્મભાવના હંમેશા અંદરથી એક પ્રેરણારૂપ થતી રહે છે. ધર્મ શબ્દ એટલો વિશાળ અને વ્યાપક કે તેની બધી અર્થછાયા બતાવનારો શબ્દ, આપણે આજ સુધી બીજી કોઈ ભાષામાં જોયો નથી. ધર્મ આપણો ચતુર્વિધ સખા છે. આપણા વ્યક્તિગત, સામાજિક, ઐહિક અને પારલૌકિક જીવન માટે મિત્રનું કામ

કરે છે. આ સંદર્ભમાં બધા ધર્મોનો સમન્વય થવો જોઈએ અને તે માટે આ બધા ધર્મોના મુખ્ય ગ્રંથોના કેન્દ્રવર્તી વિચારોનો સમન્વય થવો જોઈએ. ખરું જોતા, જેને આપણે ધર્મગ્રંથો કહીએ છીએ તે પૂરેપૂરા ધર્મવિચારથી ભરેલા નથી, મોટા મોટા ધર્મગ્રંથોમાં પણ એવા અંશો હોય છે, જેને આજની કસોટીએ કસીને ધર્મવિચાર કે સદ્‌વિચાર તરીકે માન્ય નહિ કરી શકીએ. માટે આપણી વૃત્તિ સાર ગ્રહણ કરી લેવાની હોવી જોઈએ.''

ઉપરના વિચારો સંત વિનોબા ભાવેના છે. તેમની ભૂદાનચળવળમાં પૂર્વ પાકિસ્તાનની યાત્રા વખતે અને કાશ્મીર યાત્રા વખત આપેલાં પ્રવચનો પરથી સંત વિનોબાજી સર્વધર્મસમન્વય અને સમભાવના પુરસ્કર્તા હતા તે પ્રતીત થયા વિના રહેતું નથી.

ધર્મ માનવજાતનો સદાનો મિત્ર છે, સોબતી છે. માણસને માણસ બનાવનારું તત્ત્વ ધર્મ છે અર્થાત્ માણસને માણસ તરીકે જીવવું હોય તો ધર્મ તેને માટે અનિવાર્ય થઈ પડે છે. મનુસ્મૃતિમાં દર્શાવ્યું છે, ''જે માણસ ધર્મનું રક્ષણ કરે છે તે માણસનું ધર્મ રક્ષણ કરે છે.'' આ રીતે માણસના માણસપણાનું રક્ષણ ધર્મથી થાય છે. ઉપરાંત સમાજની – રાષ્ટ્રની એકતા અને સ્થિરતા ટકાવી રાખવામાં ધર્મનો ઘણો મોટો ફાળો છે તેને ધ્યાનમાં રાખીને મહાભારતકારે ધર્મને 'પ્રજાજીવનનો આધારસ્તંભ' ગણાવ્યો છે. ધાર્મિકજીવન ફક્ત મંદિર-મસ્જિદમાં કે ક્રિયાકાંડમાં સમાપ્ત ન થવું જોઈએ, પરંતુ માણસના સમગ્ર વ્યક્તિત્વ અને વ્યવહાર સાથે વણાઈ જવું જોઈએ.

જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને નીતિ એ ધાર્મિક જીવનનાં ચાર અંગો છે, એવું સ્વામીનારાયણ સંપ્રદાયના શ્રી સહજાનંદસ્વામીએ દર્શાવ્યું છે. ભગવાન મહાવીરની વાણીમાં અહિંસા, સંયમ અને તપ એ ત્રણ ધર્મનાં આધારસ્તંભો છે. હકીકતે તો બધા ધર્મોનું અંતિમ ધ્યેય માનવીને વધુ સારો – વધુ ગુણવાન બનાવવાનું રહ્યું છે. સર્વધર્મ સમભાવથી ધર્મ એ માનવસમાજની એકતાને જાળવી રાખનારું પવિત્ર પરિબળ બની શકે.

## પ્રવૃત્તિઓ ઘણી બદલી, હવે વૃત્તિને બદલીએ!

પ્રવૃત્તિનો ક્રિયા સાથે સંબંધ છે અને વૃત્તિનો સંબંધ ભાવ સાથે છે.

પહેલા ધંધો કરતાં હતા. માત્ર ધંધો, ઉદ્યોગ, વ્યવસાય. હવે એ પ્રવૃત્તિ બંધ કરી, સેવાની પ્રવૃત્તિ શરૂ કરી. વૃત્તિ ધંધાની હતી એટલે સેવામાં ધંધો ભળી ગયો. ખબર ન પડે તેમ ધીરે ધીરે સેવાનું વ્યવસાયીકરણ થઈ ગયું અને ધીરે ધીરે સેવાનો ધંધો થઈ ગયો.

પ્રવૃત્તિ બદલાઈ પણ વૃત્તિ તો એની એ જ રહી.

જીવનમાં સંયમનો સ્વીકાર કરવા સન્યસ્ત જીવન સ્વીકારવા દીક્ષા ગ્રહણ કરી. ઘરબાર ધંધોધાપો મિત્રો સ્વજનો છોડ્યા.

પ્રવૃત્તિ તદ્દન બદલાઈ ગઈ.

પુત્ર-પુત્રી પરિવાર હતા, તેને સ્થાને શિષ્યો શિષ્યાઓનો પરિવાર. માનીતા ભક્તોએ સ્વજનોનું સ્થાન લઈ લીધુ. સંસારમાં હતાં ત્યારે બંગલા ફેક્ટરીના નિર્માણ અને વિસ્તારની વાત હતી. હવે મંદિરો સ્થાનકોના નિર્માણ-વિસ્તારની શૃંખલા શરૂ થઈ. આસક્તિના ડેરા-તંબુ તણાવા લાગ્યા. પસંદગીનાં ધર્મસ્થાનકો ગમવા લાગ્યા. ત્યાં વધુ રહેવાનું આકર્ષણ થયું. ખાસ ભક્તજનોનો સંગ વધ્યો.

પ્રવૃત્તિ બદલાઈ પણ વૃત્તિ ના બદલાઈ.

વેપાર ધંધો કે ઉદ્યોગ સ્વકેન્દ્રી પ્રવૃત્તિ છે. મોટે ભાગે આ પ્રવૃત્તિ આપણા કુટુંબ પરિવારના સ્વહિત માટે લાભ માટે કરતાં હોઈએ છીએ. જ્યારે સેવામાં અન્યના કલ્યાણ અને માંગલ્યની ભાવના ભળેલી છે. તેથી તેમાં સ્વાર્થને બદલે પારમાર્થિક ભાવના કેન્દ્રસ્થાને છે તેથી તે પ્રવૃત્તિમાં સત્ત્વશીલતા છે.

જ્યારે સેવાસંસ્થાના હોદ્દા કે પદ પર મમત્વ જાગે ત્યારે એ મમઅહંને પણ ખેંચી લાવશે અને જેવી એ સંસ્થા અને તેના હોદ્દામાં આસક્તિ જાગશે તેવી સત્ત્વશીલતા

ખતમ થઈ જશે. પ્રવૃત્તિની સાત્તિવકતાનો લોપ થશે. આસક્તિની વૃત્તિ બદલાશે અને અનાસક્ત ભાવ જાગૃત થશે તો જ પ્રવૃત્તિમાં સાત્ત્વિકતા આવશે.

પહેલા મારા કુટુંબ પર મારું શાસન ચાલતું. કુટુંબના વડીલ હોવાથી સતાનો કેફ, ગર્વ હતો.

હવે સંસ્થામાં પદ સત્તા મળી છે મારું ચાલે છે તેનો મને ગર્વ છે.

પહેલાં મારા પરિવારનાં સ્વજનો – બંગલા પર મોહ આસક્તિ હતા તેવા જ સંસ્થાના મકાન સહકાર્યકરો અને પદ પર આસક્તિ છે.

સંસ્થામાં દાન કર્યું છે તો ટ્રસ્ટીશીપ તો મળવી જ જોઈએને અહીં દાન તો થયું પણ ત્યાગ ન થયો.

પ્રવૃત્તિ બદલાઈ પણ વૃત્તિ ના બદલાઈ. દાન દ્વારા લક્ષ્મીનું, પરિગ્રહનું વિસર્જન તો થયું પણ ત્યાગ વિનાનું દાન એકડા વીનાના મીંડાં જેવું છે. દાનની પ્રવૃત્તિમાં ત્યાગની વૃત્તિ ભળે તો કાંચન-મણિ યોગનું સર્જન થાય.

સારા-નિષ્ઠાવાનદાતાને સંસ્થા સામે ચાલીને ટ્રસ્ટશીપ માટે આમંત્રણ આપે તે સંસ્થાના હિતમાં છે. સંસ્થા, સેવક કે દાતાનું સન્માન કરે કે તેની તકતી લગાડે તે દાન કે સેવાનું સન્માન છે.

પરંતુ મેં સેવા કરી કે દાન કર્યું, પછી મારા હૈયામાં સન્માનપદ કે શીલાલેખની ભાવના શીલાલેખની જેમ કોતરાઈ જાય તો દાન દ્વારા પરિગ્રહ વિસર્જનની ભાવના અધુરી રહી. ત્યાગ વિના દાનનું સાફલ્ય નથી. આસક્તિની વૃત્તિ બદલવી પડશે. માત્ર પ્રવૃત્તિ બદલવાથી કલ્યાણ નથી

સાંસારિક જીવનમાં પુત્ર-પુત્રાદિ પ્રતિ પ્રેમ કરતાં સન્યસ્ત જીવનમાં શિષ્ય-શિષ્યાઓ પ્રતિનો પ્રેમ દેખીતી રીતે જરૂર સત્ત્વશીલ ગણાય. બંગલા ફેક્ટરીના નિર્માણ

કરતાં ધર્મસ્થાનકો અને મંદિરોના નિર્માણની પ્રવૃત્તિ જરૂર સત્ત્વશીલ ગણાય. પરંતુ તેમાં આસક્તિ ન હોય તો, અનાસક્ત ભાવ જ પ્રવૃત્તિની સાથે વૃત્તિને બદલી શકે અને અનાસક્તિને માર્ગે જ મુક્તિની યાત્રા કરી શકાય.

જીવનની અંતિમ ક્ષણે ભગવાન મહાવીરે પોતાના પ્રિયશિષ્ય ગૌતમને દૂર મોકલી અળગો કર્યો, અનાસક્ત ભાવ ઉજાગર કરવાની ભાવનાથી પ્રભુએ આમ કર્યું ને તેના પરિણામે જ ગણધરગૌતમ કૈવલ્યના અધિકારી બન્યા.

એક સંતે તેના ભક્તજનને કહ્યું તમને ચા-તમાકુનું વ્યસન છે તે સારું નથી તેને છોડી ધો. થોડા દિવસ પછી પેલો ભક્જન સંતના દર્શને આવ્યો ને કહ્યું બાપજી ચા-તમાકુ છોડી દીધો છે, સંત કહે સારું કર્યું પણ દિવસમાં ચા-તમાકુ યાદ આવે ત્યારે શું કરો? ચા યાદ આવે ત્યારે કોફી પી લઉ અને તમાકુ યાદ આવે ત્યારે ગુટકા ખાઈ લઉં! પ્રવૃત્તિ બદલી વૃત્તિ નહી.

એક મુનિની પ્રેરણાથી શિક્ષણસંકુલની સ્થાપના થઈ. મુનિના દસ વર્ષના પ્રચંડ પુરુષાર્થ બાદ સંસ્થા એક આદર્શ સંસ્કારધામ બની. કેટલીક સૈધ્ધાંતિક બાબતોમાં સંચાલકો અને ટ્રસ્ટીઓ સાથે એ જૈનમુનિને મતભેદ થયો. મુનિનું આર્તધ્યાન જોઈ તેમના ગુરુએ કહ્યું કે આ સંસ્થામાં તું આસક્ત થયો છે. તારું આર્તધ્યાન, રૌદ્રધ્યાન તરફ ઝડપથી જઈ રહ્યું છે. આ સંજોગોમાં તું મૃત્યુ પામે તો આ શિક્ષણસંકુલમાં સાપ તરીકે જ જન્મે. મુનિને ઝટકો લાગ્યો, પોતાની વૃત્તિ અને પ્રવૃત્તિ પર નિરિક્ષણ કર્યું. આલોચના કરી આખી રાતના મનોમંથન બાદ ચિત્તમાંથી પહેલા સંસ્થાને અને તેના સંચાલકોને દૂર કર્યા. વહેલી સવારે સંસ્થાના સ્થાનકમાંથી વિહાર કર્યો. મુનિની જાગૃત ચેતનાના સમ્યક્ પરાક્રમે અહીં પ્રવૃત્તિ સાથે વૃત્તિ બદલાઈ ગઈ. સંસ્થામાંથી મુનિનું મહાભિનિષ્ક્રમણ નિજી સંયમજીવનનો મર્યાદા મહોત્સવ હતો.

અનાસક્તિના સંદર્ભે આ. મહાપ્રજ્ઞજીએ એક સુંદર દૃષ્ટાંત આપ્યું છે. નગરમાં એક સન્યાસી આવ્યા, સન્યાસીની જીવનચર્યા જોઈ રાજાએ સન્યાસી બનવાનું નક્કી કર્યું. રાજપાટ વૈભવ છોડી રાજા સન્યાસી પાસે આવ્યા અને કહ્યું કે મને સન્યસ્ત દીક્ષા આપો.

સન્યાસીએ રાજાને દીક્ષા આપી. રાજા તો જંગલમાં કુટીર બનાવી રહેવા લાગ્યા. રાજાને દીક્ષા આપનાર ગુરુ અન્યત્ર ચાલી ગયા. સન્યાસી બનેલા રાજા માત્ર કુટીરને સ્વચ્છ સુઘડ જ નથી રાખતાં ધીરે ધીરે કુટીરને વિશાળ બનાવે છે. વિવિધ વૃક્ષોના રંગીન લાકડાઓની કલાકૃતિ બનાવી, વાંસની કમાનો બનાવી તેને શણગારે છે. વિવિધ રંગીન ફૂલો અને પર્ણોથી કુટીરનું સુશોભન કરે છે. કુટીરના વિશાળ આંગણામાં કેટલાંક પશુ પંખીને પાળે છે.

એક વર્ષ પછી રાજાને દીક્ષા આપનાર સન્યાસી ગુરુ તે જંગલના રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા. રાજાએ ગુરુ સન્યાસીને પોતાની કુટીરમાં પધારવા આમંત્રણ આપ્યું. રાજાએ કુટીર, આંગણા, પશુ પંખી અને સુશોભનો બતાવી પૂછ્યું,

ગુરુજી મારી કુટીર કેવી લાગી?

ગુરુજીએ કહ્યું કુટીર તો મહેલ જેવી સોહાય છે. ગુરુ દ્વારા કુટીરના વખાણ સાંભળી સન્યસ્ત થયેલા રાજાના મુખ પર અહં અને ખુશીના ભાવ જોઈ ગુરુ વિચારે છે.

રાજા મહેલમાંથી તો બહાર નીકળી ગયા પરંતુ રાજામાંથી મહેલ નથી ગયો.
ચિત્તમાં મહેલ મોજુદ જ છે.
ગુરુ કહે,

પહેલાં, મહેલ અને રાજ્યનો વિસ્તાર અને શણગાર કરતાં હતાં, હવે કુટિરનો.પહેલા મહેલ, રાણી, કુંવરો, સેવકો પ્રત્યે મોહ હતો હવે કુટિર, ફૂલ, ઝાડ, પાન, પશુ- પંખી પ્રત્યે મોહ, આમાં પરિગ્રહ પ્રત્યેની આસક્તિ કેમ છૂટશે? પ્રવૃત્તિ જરૂર બદલાઈ વૃત્તિ નથી બદલાઈ. રાજામાંથી રાજર્ષિ થવું હોય તો પ્રવૃત્તિ સાથે વૃત્તિને બદલવી પડશે.સન્યાસી બનેલ રાજા પ્રમાદ અને મોહની નિદ્રાથી જાગૃત થયા. પશુ-પંખી ફૂલ ઝાડ અને કુટીરનો ત્યાગ કરી અન્ય સ્થળે ચાલી ગયા.પૂર્વે સન્યાસી થવા સમગ્ર સામ્રાજ્યનો અને વૈભવનો ત્યાગ કર્યો હતો તે ત્યાગ કરતાં જંગલની આ કુટીરનો ત્યાગ મહાન હતો, કારણ આ ત્યાગમાં ચિત્તવૃત્તિમાંથી આસક્તિનો ત્યાગ અભિપ્રેત હતો. અહીં પ્રવૃત્તિની સાથે વૃત્તિ બદલાઈ હતી. કુટીરમાંથી અન્યત્ર જંગલ તરફ જતી સન્યાસીની યાત્રા અનાસક્તિના માર્ગે મુક્તિની યાત્રા હતી.

## પ્રકૃતિ અને ઋતુની નિંદા કદી કરવી નહિ

ઋતુ અને ઋત બન્ને નજીકના શબ્દો છે. સખા શબ્દો છે. ઋત એટલે પરમ સત્ય. ઋતુમાં ઋત છે. જે નિયમમાં દૈવી તત્ત્વ સમાયેલું છે, તેવું પરમ સત્ય આ પરમ સત્યને આપણે સ્વીકારવું જ જોઈએ.

અર્થસભર ઋતુચક્રમાં જીવનમાંગલ્યના ગૂઢ રહસ્યો અભિપ્રેત છે. જાણે છ, ચિર નવયૌવનાઓ અદ્‌ભુત વિશિષ્ટ અને પોતપોતાનું આગવું વસ્ત્ર પરિધાન કરી ઋતુલીલાનો રાસ રમે છે એ પ્રકૃતિદત્ત દિવ્ય વિસ્મય છે.

આપણા ખાન-પાન, તહેવારો, મંગલકાર્યો, ધંધારોજગાર યાત્રાપ્રવાસ, સુશોભન, લોકઉત્સવો, વગેરે ઋતુઓ પ્રમાણે ગોઠવાયેલા છે. આયુર્વેદના સૂચનો, આરોગ્યને લગતા ઉપચારો કે ધાર્મિક અનુષ્ઠાનો અને વ્રતો, ઋતુને કેન્દ્રમાં રાખી રચાયા છે.

પહેલા વરસાદમાં ભીની માટીની સુગંધ લેતાં લેતા અમી છાંટણાં ઝીલવા, શિયાળાની ઠંડી માણવી કે ઉનાળામાં પસીનો વહેવા દેવો એ પ્રકૃતિદત્ત અનુભૂતિ માણવાનું પરમસૌભાગ્ય છે. રેઈનકોટ, સ્વેટર, શાલ, પંખા, એ.સી. અને હીટરરૂપી ચોકિયાતો અને પહેરેદારોએ આપણું આ પરમ સૌભાગ્ય ઝૂંટવી લીધું છે. વિજ્ઞાનની મદદથી ઋતુઓને વશ કરવાની આપણી દોડે આપણી પાસેથી પ્રકૃતિના સંગાથને દૂર કર્યો છે.

વસંતપંચમીના વસંતોત્સવની ફૂલોની મહેંક, ઋતુદત્ત વિવિધફળો, કોયલનો ટહૂકો, પંતગિયાંના રંગો, મધુકરનો ગુંજારવ કે વર્ષામાં વરસતી વાદળીને મેઘધનુષ્યની મોહકતાને કવિએ મનભરીને ગાયા છે. શિશિર-હેમંત, પાનખર, વસંત, વર્ષા, શરદ અને ગ્રીષ્મની વિવિધ છટાઓ કવિનું મન હરી લે છે.

પ્રકૃતિની નિશ્રા ખિલખિલાટ હસવાનું શીખવાડે છે. આપણે જેટલાં પ્રકૃતિની વધુ નજીક એટલા વધુ સરળ અને નિખાલસ.

નિસર્ગજન્ય પ્રતિકૂળતાઓ ક્યારેક અનુકૂળતાઓના સર્જન માટે પૂર્વ કારણ રૂપ બને છે. પ્રકૃતિના એ નિયમને પણ આપણે ભૂલવા જેવો નથી. ચાતુર્માસ-વર્ષાકાળમાં અસંખ્ય જીવ-જંતુઓની ઉત્પત્તિ થાય. જયણા અને અહિંસાધર્મના પાલન માટે સાધુ-સંતો એક જગ્યાએ સ્થિર વાસ રહે, પોતે સાધના કરે અને અન્યને સાધના કરવા પ્રેરે, સહાયક બને આઠ માસ વાપરેલી શક્તિને ચાર માસમાં સ્વાધ્યાય, ધ્યાન, મૌન અને ચિંતનથી નવી ચેતના જગાવે. નિસર્ગજન્ય પ્રતિકૂળતાને સંતો અને સાધકોનો પુરુષાર્થ આશીર્વાદમાં બદલી નાખે છે.

મુનિજીવનના સાધકો ટાઢ તડકાને ઋતુની ભેટ ગણી સહજ સ્વીકારે છે. ઉત્તરાધ્યયન સૂત્રના બીજા અધ્યયનમાં સાધકજીવનમાં આવતા બાવીશ પરિષહોનું વર્ણન કર્યું છે. સંયમજીવનમાં સ્વાભાવિક આવતાં કષ્ટોને પરિષહ કહેવાય છે. પરીષહ, સંયમનિયમના શુદ્ધ પાલનની ભાવનાથી અને કર્મનિર્જરાના લક્ષથી સાધક રંજરહિત અને વિચલિત થયા વિના સહન કરી લે છે.

શીતકાળમાં ઠંડીનું કષ્ટ આવે તો સાધક ઋતુની નિંદા કરતો નથી. ટાઢના નિવારણ માટે યોગ્ય મકાન કે વસ્ત્રો ન હોય તો સૂક્ષ્મ હિંસા પણ જેને વર્જ્ય છે તેવા મુનિ, પ્રજ્વલિત થયેલી અગ્નિનું પણ સેવન ન કરે અને સમભાવપૂર્વક શીત પરિષહ સહે છે. ઉનાળાના બળબળતા તાપમાં ગરમભૂમિ, શીલા અને લૂ આદિના ઉષ્ણતાના પરિતાપથી, પસીનો તરસની બળતરા કે સૂર્ય તાપથી અત્યંત પીડિત થવા છતાં, મુનિ ઠંડક સુખ માટે વ્યાકુળ થતાં નથી. પાણી અને વાયરાના સુક્ષ્મ જીવોની રક્ષા કાજે મુનિ સ્નાન પણ ન કરે અને પંખા અને વીંઝણાનો ઉપયોગ કર્યા વિના ઉષ્ણ પરીષહ સહે છે.

ગ્રીષ્મઋતુમાં પરસેવાની ભીનાશથી કે મેલથી શરીર લિપ્ત થઈ જાય તો પણ સાધુ વ્યાકુળ ન થાય અને જળ-મળ પરીષહ સહે છે.

પોતાની સાધનામાં મસ્ત પાદવિહારી મુનિને પ્રકૃતિનો સાથ સહજ છે. સૂકુંઘાસ દર્ભ, કાંટા, કાંકરા, આદિ ખુંચવાવાળા જે પદાર્થો છે આ પદાર્થોમાં સૂવા બેસવા કે

ચાલવાથી શરીર છોલાઈ જવાથી પીડા થવા છતાં તે તૃણ પરીષહ સહનારા સાધક મુનિ ગ્રીષ્મ-શરદઋતુ કે પ્રકૃતિની નિંદા કરતાં નથી પરંતુ પોતાના વેદનીય કર્મનો ઉદય માની, સમતા સમભાવમાં રહે છે.

પ્રકૃતિ જગતના સિદ્ધાંતો સર્વોપરી છે. પ્રકૃતિના નિયમો અર્થસભર છે. માનવીનું મન ક્યારેક અવળા વિચારે ચઢે છે.

એક વ્યક્તિ પ્રવાસ કરી રહ્યો હતો. નદી કિનારે આંબાનું વૃક્ષ જોઈ વિશ્રામ કરવાનું મન થયું. નદીનું શીતળ જળ પી આમ્રકુંજની છાયામાં આડો પડ્યો. વિચારે છે કે કુદરત કેવી અવળચંડી છે. આવા મોટા ઘેઘૂર આંબાને નાની નાની કેરી અને સામે નદીકિનારે ફેલાયેલી નાનકડી વેલને કલિંગર-તરબૂચનું મસમોટું ફળ. પ્રકૃતિને ભાંડતો ભાંડતો સુઈ ગયો. પવનના એક ઝાપટે આંબામાંથી એક કેરી પ્રવાસીના કપાળ પર પડી. નિદ્રામાંથી વ્યાકુળતા સાથે સફાળો બેઠા થયો. વિચારનો એક ઝબકારો થયો, પ્રકૃતિએ આંબાને કલિંગર જેવું મોટું ફળ આપ્યું હોત તો આજે મારા માથાનું શું થાત?

સમગ્ર જીવસૃષ્ટિ માટે પ્રકૃતિના નિયમો કલ્યાણકારી છે. પ્રકૃતિના નિયમોમાં દાર્શનિક કર્મવિજ્ઞાનનું ગણિત અભિપ્રેત છે.

એક અણુથી લઈને સમગ્ર બ્રહ્માંડ સુધી પ્રકૃતિ કોઈને કોઈ સિદ્ધાંતોથી જોડાયેલી છે.

ખેતરમાં વાવણી સમયે એક લાખ બાજરાના દાણા વાવવામાં આવ્યા તેની સાથે એક જુવારનો દાણો પણ વવાઈ ગયો, તો બાજરો વાવ્યો ત્યાં બાજરાનો છોડ થશે પણ જ્યાં જુવારનો એક દાણો વવાઈ ગયો છે ત્યાં બાજરાનો છોડ નહીં થાય. જુવારનો જ થશે. પ્રકૃતિ નિયમ પ્રમાણે અચૂક અટળ ફળ આપતી રહે છે.

પુરુષ અને પ્રકૃતિને ઈશ્વરના અંશો ગણ્યા છે. માટે જીવનની ઋતુનું પ્રકૃતિ સાથે સામંજસ્ય રચાવું જોઈએ.

લગ્નવિધિએ ભારતીય સંસ્કૃતિનો સંસ્કાર છે. સપ્તપદીના સાતેય પદમાં પ્રસન્નદામ્પત્યના અર્થપૂર્ણ રહસ્યો છે. સપ્તપદીનું છઠ્ઠુ પદ જુઓ

**ॐ षड्‌ ऋतुभ्यो विष्णुस्त्वा नयतु।**
**विष्णुर्मे ऋतुसंवृध्यै षष्ठेय त्वामदात पदे।**
**संप्राप्य मदगृह कन्य भव मामनुवर्तिनी।।**

શાસ્ત્રકારે અહીં ઋતુઓને અનુકૂળ રહેવાની વાત કહી છે. આ પદમાં વર વધૂ એકમેકને કહે છે કે "હું ઋતુઓને અનુકૂળ રહીશ" સપ્તપદીના એક એક પદમાં દામ્પત્યજીવનમાં ડગ માંડતા દંપતીઓ વચનબધ્ધ બને છે.

પ્રકૃતિને રજમાત્ર મલિનતા ગમતી નથી માટે જ દરરોજ વહેલી સવારે તે ફૂલોને ઝાકળનું અભિસ્નાન કરાવે છે.

આપણે જો ઋતુઓની નિંદા કરવાને બદલે તેની સામે પડવાને બદલે તેને, અનુકૂળ થઈ સામંજસ્ય રચીશું તો તન મનના નિરામય આરોગ્ય સાથે આત્મોત્થાન કરાવનાર પ્રકૃતિ સાથેનો સંવાદજીવનને સુમધુર બનાવશે.

## જ્ઞાન એ અંધારામાં પડેલા આત્માને ઓળખવાનો દીવો છે.

આત્માની મિથ્યાત્વદશાને અજ્ઞાનભાવ કે અબોધભાવ કહે છે. વિભિન્ન દાર્શનિક પરંપરા એને વિવિધ સ્વરૂપે ઓળખાવે છે. સાંખ્ય એને 'દિદક્ષા' કહે છે. શૈવો એને 'ભવબીજ' કહે છે. વેદાંતીઓ એને ભ્રાંતિરૂપા 'અવિદ્યા' કહે છે. બૌદ્ધો એને અનાદિ કલેશરૂપ વાસના કહે છે. અને જૈનો તેને 'મિથ્યાત્વ અજ્ઞાન' અથવા અબોધ કહે છે.

અનાદિ સંસારનું મૂળ અજ્ઞાન છે.

જ્ઞાની અને અજ્ઞાનીની ચેષ્ટા બાહ્યથી જોતાં ઘણી સામ્યવાળી લાગતી હોવા છતાં આંતરિક રીતે તફાવત હોય છે. જ્ઞાનીને ઓળખવા માટે દૃષ્ટિ હોવી જોઈએ, જ્ઞાની-અજ્ઞાનીના ભેદ પારખવા માટે બળવાન પાત્રતાની આવશ્યકતા હોય છે.

પૂર્વે ઉપાર્જન કરેલાં કર્મો, જ્ઞાની તેમજ અજ્ઞાની બન્નેને ભોગવવાં તો પડે જ છે, તે કર્મના ફળરૂપે શાતા પણ આવે અને અશાતા પણ આવે. પ્રવૃત્તિ પણ આવે અને નિવૃત્તિ પણ આવે. દુ:ખ, રોગ આવે ને નીરોગીપણું પણ આવે. લાભ થાય, નુકસાન પણ થાય. એટલે પૂર્વે જેવાં કર્મ કર્યાં હોય તેનું ફળ જ્ઞાની અને અજ્ઞાની બન્નેને સરખું જ મળે છે. પરંતુ આમાં જે કાંઈ તફાવત છે તે ફળને સ્વીકારવાની રીતમાં જોવા મળે છે. અજ્ઞાની જીવને સુખશાતા આવે, લાભ વગેરે જેવા શુભ કર્મના ઉદય આવે ત્યારે ખૂબ આનંદ થાય અને તેમાં તે રાગ કરે છે. એથી ઊલટું જો અશાતા આવે, પ્રતિકૂળતા વગેરે અશુભ કર્મના ઉદયમાં તેને બહુ શોક થાય છે. તેમાંથી તે છૂટવા પ્રયત્ન કરે છે, અને તેમાંથી ક્યારેક તે આર્તધ્યાનમાં ઊતરી પડે છે. એટલે અજ્ઞાની જીવ તીવ્રપણે રાગ કે દ્વેષને અનુભવે છે. પરંતુ જ્ઞાનીનું વર્તન અજ્ઞાની કરતા જુદું હોય છે. તેમને સુખ-શાતા કે ઈષ્ટ પ્રાપ્તિના પ્રસંગોમાં કે તેનો વિયોગ થાય ત્યારે અનિષ્ટ ચીજનો યોગ થાય કે તેનાથી છુટકારો મળે. દુ:ખ મળે. શુભ-અશુભ કર્મના ઉદય વખતે તે સમભાવે રહે છે. એટલે શુભ કર્મના ઉદયથી તે હર્ષિત થતા નથી કે અશુભ કર્મના ઉદય વખતે વ્યાકુળ બનતા નથી. તેમને રાગ કે દ્વેષ વર્તતા

નથી. ગમે તે સંજોગોમાં જ્ઞાની સમભાવે રહે છે. અજ્ઞાનીના કર્મનો ભોગવટો ભવિષ્યના સંસારને વધારનારો બને છે જ્યારે જ્ઞાની માટે તે કર્મનિર્જરાનું કારણ બને છે.

જે વસ્તુનું સ્વરૂપ જણાય તે જ્ઞાન અને મિથ્યાત્વસહિતનું જ્ઞાન તે અજ્ઞાન. ગુરૂ કે સત્પુરુષના આશ્રયથી સત્યનું જ્ઞાન થાય છે. સત્‌પુરૂષના યોગોથી આવેલું સત્-અસત જાણવાનું વિવેકજ્ઞાન એ અંધારામાં પડેલા આત્માને ઓળખવાનો દીવો છે. આ વિવેકજ્ઞાનથી જ ધર્મ ટકે છે.

મહાત્મા પતંજલિએ કહ્યું છે, માનવમાત્રમાં આત્મસ્વભાવની પ્રાપ્તિની ઝંખના જાગે તે જ જ્ઞાન શ્રેષ્ઠ છે. એ સિવાયનો જ્ઞાનનો અભ્યાસ બુદ્ધિનું અંધપણું છે. આત્મપ્રાપ્તિનો પુરૂષાર્થ પ્રબળ બને તેવું જ્ઞાન જ કલ્યાણકારી છે.

એક બાજુ ગ્રંથોનું અધ્યયન કરવાનું વધે અને બીજી બાજુ ભૌતિક આસક્તિ વધતી જાય. રસ, ઋદ્ધિ અને શાતાની લોલુપતા વધતી જાય. તે અભ્યાસનો અર્થ નથી.

જ્ઞાન તો એવું ઝંખીએ કે જે જ્ઞાન ભગવાનસુધર્માસ્વામીજીએ જંબૂકુમારને આપ્યું. એ જ્ઞાને, જંબૂકુમારમાં આત્મસ્વરૂપની પ્રાપ્તિની તીવ્ર અભિલાષા જગાવી દીધી. ખંધકઋષિએ પાંચસો શિષ્યોને જ્ઞાન આપ્યું કે જેણે ઘાણીમાં પીલાતા પણ સમતા અમૃતનાં પાન કર્યા. ઘણા ગ્રંથો ભણી લઈ, હકીકતોના વિશાળ ભંડોળ એકઠાં કરી લેવા અનિવાર્ય નથી. નિર્વાણસાધક એકાદ પંક્તિ, એકાદ પદ, એકાદ ગ્રંથ કે એકાદ પ્રકરણનું પણ ઊંડાણથી અધ્યયન કરીએ તો પણ તે અધ્યાત્મ ઉત્થાન માટે પ્રેરક બની જાય છે.

સત્‌શાસ્ત્રો અને સદ્‌ગુરૂમાં શ્રદ્ધા સાથે તત્ત્વનું પરિશીલન હૃદયમાં ઉલ્લાસિત ભાવો જગાડશે. જેમ જેમ તત્ત્વચિંતનની ચિત્તમાં રમણાતા થતી જાય તેમ તેમ કષાયોનો ધમધમાટ શમવા લાગે. અજ્ઞાન ઓળખવાનો પુરૂષાર્થ આપણા જ્ઞાનની ક્ષિતિજનો વિસ્તાર કરી દેશે.

ઉપાધ્યાય યશોવિજયજીએ કહ્યું છે કે ''એક પણ મોક્ષસાધક પદ વારંવાર વિચારાય તે જ જ્ઞાન શ્રેષ્ઠ છે. ઘણા જ્ઞાન માટે કે ઘણા અભ્યાસ માટે આગ્રહ નથી.''

એક નાનકડી પંક્તિનું જેની પાસે જ્ઞાન હતું, તેવા આત્માઓ તરી ગયા. જૈનકથાનકમાં આવતું પ્રસિદ્ધ માસતુષ મુનિનું ઉદાહરણ આ સંદર્ભની પુષ્ટિ કરે છે.

એક ગુરૂના અનેક વિદ્વાન શિષ્યોમાં એક જડમતિ શિષ્ય પણ હતો. કાંઈ જ્ઞાન એ ગ્રહણ ન કરી શકે, બરાબર ભણી ન શકે, બધા તેનાથી નારાજ હતા. તે એક શબ્દ પણ કંઠસ્થ કરી શકે નહિ. તેથી બધા તેની મજાક ઉડાવે. કલ્યાણમિત્ર ગુરૂ બધાને કહેતા કે ભાઈ ! આ ઉત્તમપાત્ર છે તેની મશ્કરી ના કરશો. પેલા શિષ્યે ગુરૂજીને પ્રાર્થના કરતા કહ્યું કે, 'ગુરૂજી મને વધુ કાંઈ આવડે તેવી શક્યતા નથી' મને બે શબ્દ આપ કહો તો તે બે શબ્દ ગોખી ગોખીને હું કંઠસ્થ કરવાનો પ્રયત્ન કરું અને તે વાતનો અમલ પણ કરું.

આ શિષ્યને ગુરૂ ભગવંતે એક નાનકડું પદ આપ્યું: 'મા રુષ્ટ ....મા તુષ્ટ' - કોઈ પર રાગ ન કર, કોઈ પર દ્વેષ ન કર. સમતાથી દુનિયા જે રીતે છે તે રીતે જોયા કર. કોઈપણ ઉપર રાગ દ્વેષ કર્યા વિના જે મળે છે તેમાં ચલાવ્યા કર.

શિષ્યની સ્મરણશક્તિ અલ્પ હતી. મા રુષ્ટ....મા તુષ્ટ, મા રુષ્ટ ....મા તુષ્ટને બદલે માસતુષ, માસતુષ રટણ કરવાં માંડયું. સહપાઠીઓએ મશ્કરીમાં તેનું નામ માસતુષ રાખી દીધું.

આ માસતુષ મુનિ સરળ હતા. ગુરૂની આજ્ઞા તેણે સહજ રીતે સ્વીકારી લીધી હતી. કોઈ પર રાગદ્વેષ કરતા નહિ, આ મુનિરાજ કોઈના ઘરે ગોચરી (ભિક્ષા) માટે ગયા. તે ઘરે એક બહેન અડદ સાફ કરતી હતી. અડદ પરથી ફોતરા ઉતારતા હતા. અડદ ઉપરના ફોતરા કાળા અને અંદર અડદ સફેદ. મુનિની ચિંતનધારા અંદર તરફ ચાલી. માસ એટલે અડદ અને તુષ એટલે ફોતરા. આ ફોતરાને કારણે જ અડદ કાળો છે અડદ હકીકતમાં કાળો નથી. અડદની જે કાળાશ છે, તે તેના ફોતરાને

કારણે, તેવીજ રીતે મારો આત્મા તો ઊજળો દૂધ જેવો છે. આ મારા આત્મા ઉપર જે કર્મનું આવરણ છે. તે જ મારા આત્માને ભવભ્રમણમાં - ચારગતિના ફેરામાં રખડાવે છે....અંદરમાં એક ઝબકારો થયો, અજ્ઞાનનાં આવરણો તૂટી ગયાં. ત્યાં જ તેમનો કેવળજ્ઞાનનો સૂર્ય ઝળહળી ઉઠયો.

ગુરૂજીએ પોતાના તમામ શિષ્યોને માસતુષ મુનિની પૂર્વે મશ્કરી કરી હતી તે બદલ ક્ષમાયાચના કરી, વંદના કરવા કહ્યું અને જણાવ્યું આપણા બધા કરતાં મુક્તિમાર્ગની યાત્રામાં એ આગળ નીકળી ગયા છે માટે તેનાં ચરણોમાં પડો, તો કલ્યાણ થશે.

માસતુષ મુનિને ગુરૂ મહારાજે નિર્વાણસાધક એક જ પદ આપ્યું હતું. પરંતુ સદ્ગુરૂમાં શ્રદ્ધા સાથે એ મહામુનિએ બારવર્ષ સુધી એક જ પદને વિચાર્યું, પરિશીલન કર્યું, આચરણમાં ઉતાર્યું. આ એક વાકય મહામુનિનું ઉત્કૃષ્ઠ જ્ઞાન બની ગયું. ચિત્તનું તત્ત્વચિંતનમાં 'વેલીનીકરણ થવાથી આ જ્ઞાનધારા ઉજ્જવલ કેવળજ્ઞાનમાં પરિણમી.

જ્ઞાન પોતાના આચરણમાં મૂક્યું. સમજણ પોતાના વર્તનમાં સ્વીકારે તે જ ખરો જ્ઞાની. જ્ઞાનના બે ભેદ કહ્યા છે. દ્રવ્યશ્રુત છે જે જડ છે આપણે જીભથી જે શબ્દોનું ઉચ્ચારણ કરીએ છીએ તે જડ છે. પરંતુ જે પ્રકારની આપણા મુખેથી વાણી પ્રગટ થઈ એવા પ્રકારનું આચરણ આત્માની અંદર જાગૃત થાય તે ભાવશ્રુત કહેવાય. આપણે દ્રવ્યશ્રુતમાંથી, ભાવશ્રુતમાં જવાનું છે તો જ અંતરચેતનાને જાગૃત કરનારી પ્રજ્ઞા પ્રગટશે પ્રકાશ પાથરશે. જીવનમાં શું સ્વીકારવા જેવું અને શું ત્યાગવા જેવું છે તેની સમજણ આપી, આત્મોત્થાન કરાવશે. ક્ષણને જાણે તેજ ખરો પંડિત એ ઉક્તિ ચરિતાર્થ થશે.

## દસમી પંચવર્ષીય યોજનાનું સૂત્ર જય કિસાન કે જય કસાઈ?

સ્વતંત્રભારતના સર્વાંગી વિકાસ માટે આયોજનપંચની રચના કરવામાં આવી. દેશના વિવિધલક્ષી વિકાસ માટે આ આયોજનપંચ (પ્લાનિંગ કમિશન) દ્વારા નવપંચવર્ષીય યોજનાઓની ભેટ મળી. હવે દસમી અજાયબી જેવી ભેટ આપવાની સરકાર દ્વારા જોરશોરમાં તૈયારી ચાલી રહી છે.

સ્વતંત્ર ભારતના ઘડવૈયાઓએ જ્યારે પંચવર્ષીય યોજનાની ભલામણ કરી ત્યારે અનેક બાબતોને લક્ષમાં લઈ પંચવર્ષીય યોજનાઓ બનાવવાની સલાહ આપવામાં આવી હતી. માત્ર આર્થિકવૃદ્ધિના વિકાસદરનું લક્ષ દેશની પ્રજાને સુખી ન કરી શકે.

પ્રજાની નીતિમત્તા, માનસિક અને શારીરિક આરોગ્ય અને પર્યાવરણ જેવા અગત્યના મુદ્દાઓને લક્ષમાં રાખીને પંચવર્ષીય યોજનાઓ બનાવવામાં આવે તો જ તે પ્રજાનું સાચા અર્થમાં કલ્યાણ થઈ શકે. વિવેકચક્ષુને બંધ કરી વિકાસ પાછળ આંધળી દોટ મૂકનારી સરકાર કેટલા અકસ્માતો કરશે?

આયોજનપંચ દ્વારા, નિષ્ણાત સમિતિઓની સલાહ દ્વારા ૨૦૦૨ થી ૨૦૦૭ માટે ભારતની દસમી પંચવર્ષીયયોજના તૈયાર થઈ રહી છે. આ યોજના અંતર્ગત "માંસ વ્યવસાય"ના આયોજનના પ્રાસ્તવિક મુદ્દાઓ જીવદયા અને પશુકલ્યાણનાં કાર્યો કરનાર વ્યક્તિ અને સંસ્થાઓ માટે ચોંકાવનારા છે.

યોજનાના પ્રસ્તાવ દ્વારા આયોજનપંચ દેશની લીલોતરી – હરિયાળીને પશુઓના લોહી દ્વારા રક્તરંજિત લાલીમા આપવા કટિબદ્ધ છે.

આયોજનપંચના નિષ્ણાત સલાહકારોએ રાજ્ય પશુસંરક્ષણ અધિનિયમોની સમીક્ષા અને સુધારા અંતર્ગત ભેંસોની કતલ પર પ્રતિબંધ દૂર કરવાની ભલામણ કરી છે. દૂધ દેવાવાળી ભેંસ દેશના પાલતુ પશુઓમાં આગલી હરોળમાં છે. કુદરતી ખાતર અને બળતણની પૂર્તિ કરનાર છે. દેશની સંપત્તિ સમાન પશુઓની કતલ કરી પ્રજાની સમૃદ્ધિ અને કલ્યાણમાં કઈ રીતે વૃદ્ધિ થશે એવી આ સલાહકારોને કોણ સલાહ દેશે?

દસમી પંચવર્ષીય યોજનાના આયોજકોની બીજી ભયંકર સલાહ છે કે "ગાય આધારિત અર્થવ્યવસ્થા સુધારવા માટે બળદના વધ માટેની ઉંમરનો પ્રતિબંધ વાસ્તવિક કરી અને ગૌમાંસ નિકાસ પરનો પ્રતિબંધ સંપૂર્ણ હટાવી લેવો."

વિશ્વચેતનાના પાયામાં ઊભેલી ગાય અને ગૌવંશને ખતમ કરી નાખવાનું આ ષડયંત્ર છે. જીવતી ગાય રાષ્ટ્રની સંપત્તિ છે. ભારતની ગ્રામીણ અર્થવ્યવસ્થાની પાયાની ઈંટ છે. બળદોની કતલ એટલે તેના પર જીવનનિર્વાહ કરનારાઓની કતલ. ગરીબ ખેડૂતોને ટ્રેક્ટરની સેવા પૂરી પાડનાર બળદ. ખાતર, અને ઈંધણ પૂરા પાડનાર બળદ, ગ્રામીણઅર્થવ્યવસ્થાનું કેન્દ્રબિંદુ છે.

ભારતીય સંસ્કૃતિ પર કુઠારાઘાત કરી તેના મૃતકલેવરની નિકાસ કરી હુંડિયામણ રળવાની યોજના કરનાર આયોજનપંચને સમગ્ર દેશમાંથી નિકાસ કરી હુંડિયામણ રળવા માટે બીજી કોઈ ચીજ ન મળી?

આ પરિયોજનાના સલાહકાર નિષ્ણાતોએ સલાહ આપી છે કે "કતલખાનાં સ્થાપવાનો અધિકાર સ્થાનિક સત્તાઓને બદલે રાજ્યસરકારને આપવો અને ગ્રામીણક્ષેત્રોમાં કતલખાનાં સ્થાપવા."

હકીકતમાં સ્થાનિક સરકાર કે સ્થાનિક સત્તાધારીઓને જ પોતાના પરિસરમાં પોલ્ટ્રી ફાર્મ-કતલખાનાં જેવા વ્યવસાય ચલાવવા દેવા કે નહીં તેની પસંદગીનો અધિકાર હોવો જ જોઈએ. પર્યાવરણ અને અન્ય પરિસ્થિતિથી વાકેફ સ્થાનિક સત્તાઓ જ હોય, માટે તેનો અધિકાર છીનવી લેવો તે અન્યાય છે.

ગ્રામીણ ક્ષેત્રોમાં કતલખાના સ્થાપીને સરકાર શું સિદ્ધ કરવા માગે છે? આપણા ખેડૂતો હળ ચલાવીને પોતાનું પેટ ભરે છે અને યત્કિંચિત રાષ્ટ્રની સમૃદ્ધિમાં વધારો કરે છે. શું સરકાર ગામડામાં ખેતીના પવિત્ર વ્યવસાય સાથે જોડાયેલા લોકોને પશુઓના માથા કાપવાનાં ખૂની વ્યવસાયમાં લઈ જવા માગે છે? જીવો અને જીવવા દો, એ સહઅસ્તિત્વના સિદ્ધાંતનો છેદ ઉડાડવા માગે છે? આમ જ હોય તો દસમી પંચવર્ષીય યોજનાની પરિચય પુસ્તિકામાં જય કિસાનને બદલે જય કસાઈનું સૂત્ર છાપવું પડશે.

## માંસ નિકાસના સરકારી આંકડા

| વર્ષ | ભેંસનું માંસ નિકાસ ટનમાં | ઘેટા બકરાનું માંસ નિકાસ ટનમાં |
|---|---|---|
| ૧૯૯૦-૧૯૯૧ | ૬૩૫૦૨ | ૮૩૨૮ |
| ૧૯૯૪-૧૯૯૫ | ૧૧૬૧૩૭ | ૧૦૮૧૯ |
| ૧૯૯૯-૨૦૦૦ | ૧૬૭૨૯૯ | ૧૨૪૧૯ |

૨૦૦૦-૨૦૦૧ના વર્ષમાં ભારત સરકારે ૨,૮૮,૦૦૦ ટન માંસની નિકાસ કરવા આદેશ આપ્યો છે. એક ભેંસ સરેરાશ ૮૦ થી ૮૫ કિલો માંસ આપતી હોય તો ૩૨ લાખથી વધુ ભેંસોની કતલ થાય.

## દસમી પંચવર્ષીય યોજનામાં ક્યાં કેવા પ્રોજેક્ટો હાથ ધરાશે?

| ક્રમ | નવા સ્થાપવાનો પ્રસ્તાવ | સ્થળ | રૂપિયા પ્રત્યેકના |
|---|---|---|---|
| ૧ | વિશાળ યાંત્રિક કતલખાના | ૧૦ મહાનગર | ૨૦ કરોડ |
| ૨ | યાંત્રિક કતલખાના | ૫૦ મહાનગર | ૫ કરોડ |
| ૩ | આધુનિક કતલખાના | ૫૦૦ નાના શહેર | ૫૦ લાખ |
| ૪ | આધુનિક કતલખાના | ૧૦૦૦ ગામમાં | ૫ લાખ |
| ૫ | ભૂંડના કતલખાના | ૫૦ નગરમાં | ૩૦ લાખ |
| ૬ | મરઘાં ઉછેર કેન્દ્ર | ૧૦૦૦ ગામમાં | ૫ લાખ |
| ૭ | મૃત પશુ-અવયવ વિતરણ કેન્દ્ર | ૧૦ મહાગનર | ૨ કરોડ |
| ૮ | મૃત પશુ-અવયવ વિતરણ કેન્દ્ર | ૫૦૦ ગામ | ૨૦ લાખ |
| ૯ | હાડકાં પ્રક્રિયા કેન્દ્ર | ૫૦ સ્થાન | ૨૦ લાખ |
| ૧૦ | માંસ નિકાલ માટે ટેકનિકલ શિક્ષણ | (૪ પશુચિકિત્સા મહાવિદ્યાલય) | ૨૫ લાખ |
| ૧૧ | માંસ નિકાલ તેમજ ઉત્પાદન યોજનાઓનો અભ્યાસ | (૪ પશુચિકિત્સા મહાવિદ્યાલય) | ૫૦ લાખ |
| ૧૨ | ગોવંશની ઉપયોગિતા | (અનુપયોગિતા માટે અભ્યાસ) | ૨૫ લાખ |

## કરોડોના ખર્ચે કતલખાનાનાં કેવા કેવા પ્રોજેક્ટ હાથ ધરાશે

| સંખ્યા | પ્રોજેક્ટ | ખર્ચ |
|---|---|---|
| ૫૦ | નવા પ્રોજેક્ટો | ૧૦૦ કરોડ |
| ૧૦ | મહાનગરોના કતલખાના | ૨૦૦ કરોડ |
| ૨૮૦ | Class-Tow નાં કતલખાનાઓ | ૨૫૦ કરોડ |
| ૧૦૦૦ | ગામડાંનાં કતલખાનાઓ | ૫૦ કરોડ |
| ૨૦૦૦ | Class-II થી Class-V શહેરોમાં કતલખાનાઓ | ૨૫૦ કરોડ |
| ૫૦ | ડુક્કર કતલ એકમો | ૧૫ કરોડ |
| ૧૦૦૦ | મરઘાં કતલ કેન્દ્રો | ૧૨૦ કરોડ |
| | | ૯૮૫ કરોડ |

૯૮૫ કરોડ રૂપિયા ફક્ત નવાં કતલખાનાઓ ઊભા કરવા માટે ખર્ચાશે.
કુલ ૧૮૦૪ કરોડ રૂપિયા માંસનું ઉત્પાદન વધારવા અલગ અલગ ક્ષેત્રોમાં ખર્ચાશે.

એક બાજુ ભગવાન મહાવીરના જન્મને ૨૬૦૦ વર્ષ થવાને કારણે એ વર્ષને સરકારે અહિંસા વર્ષ જાહેર કર્યું અને બીજી બાજુ એ જ વર્ષમાં માંસની નિકાસ વધારવા લાખો પશુઓની કતલની યોજના કરી. માંસની નિકાસ વધારવા અને કતલખાનાના આધુનીકરણ માટે આયોજન પંચે મીટ સેક્શનને ૧૮૦૪ કરોડ રૂપિયા ફાળવ્યા જીવદયા અને અહિંસાના ક્ષેત્રે કામ કરતી વ્યક્તિઓ અને સંસ્થાઓના અથાગ પરિશ્રમને અને સમજાવટને કારણે ૧૮૦૪ કરોડની ફાળવણીમાંથી કમીશન ૫૦૦ કરોડ જેટલા નીચા સ્તરે આવેલ છે.

પશુજન્ય ઉર્જાશક્તિ માટે પ્લાનિંગ કમીશને માત્ર રૂ.૨૫૦ કરોડ ફાળવ્યા છે. મીટ સેક્શનના એલોકેશનના રૂ.૫૦૦ કરોડ બીલકુલ કાઢી નાખવા માટે સરકાર પર દબાણ થઈ રહ્યું છે તે તદ્દન વ્યાજબી છે.

દેશી તથા નેડપ કમ્પોસ્ટખાતર પધ્ધતિપર સંશોધન અને ઉત્પાદન અથવા વિતરણ માટે સબસીડી, સજીવ ખેતી કાવથેરેપી અને પંચગવ્યની દવાઓ પર સંશોધન,

ગોવિદ્યા પર અભ્યાસક્રમ, પશુરોગ નિદાન સારવાર માટે ફ્રી મેડીકલકેમ્પ અને પશુકલ્યાણકેન્દ્રો માટે સરકારે એ ૧૮૦૦ કરોડ ફાળવવા જોઈએ. દરેક રાજ્યને પ્રતિવર્ષ આ માટે યોગ્ય ફાળવણી કરવા આયોજન પંચે ભલામણ કરવી જોઈએ.

હિંસાના પાયા પર ઊભેલ જીવનધોરણ, સમાજરચના કે શાસનનું પતન નિશ્ચિત થાય છે. ક્રૂરતાથી શરીરનું પોષણ એ ભૌતિક સમૃદ્ધિ નથી. જ્યાં કરૂણા અને દયાનો સ્તોત્ર સુકાઈ જાય છે ત્યાં પરિણામે અશાંતિ સર્જાય છે. પશુકલ્યાણમંડળ (એનિમલ વેલફેર બોર્ડ) ચલાવવાવાળી સરકાર, માંસ વ્યવસાયની પરિયોજનાના અમલીકરણ માટે, તેના પર નજર રાખવા કે માર્ગદર્શન કરવા રૂપિયા બે કરોડને ખર્ચે માંસ બોર્ડની સ્થાપના કરી બુદ્ધિના દેવાળિયાપણાનું પ્રદર્શન કરશે.

વળી, દસમી પંચવર્ષીય યોજના અંતર્ગત પશુઓના ઉત્પાદન, પ્રજનન અને ઉપયોગ માટે રાષ્ટ્રીય અને રાજ્ય પશુ નીતિની યોજના અંગે કાયદા ઘડશે. 'પશુ પ્રજનન' 'પશુ ઉપયોગ' શબ્દો પશુકતલની વાસ્તવિકતા છુપાવવા થશે. પશુઓને વસ્તુ તરીકે જોઈ શકાય નહીં. માનવકુટુંબ અને સમાજની અર્થવ્યવસ્થામાં ખેતી, આરોગ્ય, પોષણ અને પર્યાવરણમાં પશુઓનું મહત્ત્વ છે.

ભગવાન મહાવીરથી માંડીને મહાત્મા ગાંધીજી જેવા મહાપુરુષોએ અહિંસા, ન્યાયસંપન્નવૈભવ, સાધનશુદ્ધિ અને ન્યાયપૂર્ણ આજીવિકા પર ભાર મૂક્યો હતો. માત્ર આર્થિક વિકાસ કે ભૌતિક ઉત્પાદનની વૃદ્ધિથી જ પ્રજાનું કલ્યાણ થતું નથી. વિવેકહીન ભૌતિક ઉત્પાદનની વૃદ્ધિ ઉપભોક્તાવાદ તરફ પ્રજાને લઈ જશે.

અશુદ્ધ સાધનો દ્વારા મેળવેલી સંપત્તિ-સાધનો કે ભૌતિક સુખ અંતે અશાંતિ કે દુ:ખમાં જ પરિણમે છે. એ વાત વ્યક્તિ, સમાજ, રાજ્ય કે શાસનને લાગુ પડે છે.

કોઈ રાજ્ય જુગાર, લોટરી, દારૂ કી કલબો, અભદ્ર વીડિયો ચેનલો કે ફિલ્મ, જુગારને પોષતી ચેનલો, હિંસાના પાયા પર ઊભેલા વ્યવસાયો કે એવી અન્ય પ્રવૃત્તિઓ પર કરવેરા દ્વારા આવક કે વિદેશી હૂંડિયામણની કમાણી મેળવવા પોષશે તો તે દ્વારા એકઠી કરેલી સંપત્તિ પ્રજાનું કલ્યાણ નહીં કરી શકે પરંતુ નૈતિક અધ:પતન જ કરાવશે. જે રાજ્યો દારૂ અને પાનમસાલા જેવા નશીલા ઝેરી દ્રવ્યોને કરવેરાની આવક મેળવવા

પ્રતિબંધિત નથી કરતા તે રાષ્ટ્ર પ્રજાના આરોગ્યની પાયમાલી કરે છે. માનસિક સ્વસ્થતા અને પારિવારિક સંતુલનને હાનિ કરે છે.

પ્લાનિંગ કમિશનની સલાહકાર પેનલના પાંચ સભ્યોમાંથી બે સભ્યો શ્રી ઈરફાન અલ્લાના અને શ્રી સતીશ સબરવાલ તો માંસ નિકાસ અને કતલખાના ચલાવવાના ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. તેની પાસે બીજી કઈ સલાહની અપેક્ષા રાખી શકાય? "ઘરના ભૂવા અને ઘરના ડાકલા અને મોસાળે જમણ અને મા પીરસણીએ" જેવો આયોજનપંચનો ઘાટ છે. પરિયોજનાના આ વિવાદાગ્રસ્ત મુદ્દા પર પ્રચંડ જનમતનો સંપૂર્ણ પ્રભાવ પડશે. દેશમાં કતલખાના અને માંસનિકાસ વધારવાથી આર્થિક સમૃદ્ધિ કદાપિ આવવાની નથી. દયા, કરૂણા જેવા માનવીય મૌલિક ગુણોને ભોગે ભૌતિકસમૃદ્ધિ પ્રજાનું હરગીજ કલ્યાણ ન કરી શકે.

પોતાના વિકાસ કે વિસ્તારના માર્ગમાં અવરોધરૂપ બને તેની કતલ કરવી તે પશ્ચિમની યંત્રસંસ્કૃતિની રીત છે. ભારતનાં આર્થિક થાણાઓ કબજે કરવામાં ગૌવંશ, ભારતનું પશુધન અને કેટલાય સ્વદેશપ્રેમીઓ અવરોધરૂપ છે. એ અદૃશ્ય બળોની તલવાર અને માનવી વચ્ચે પશુનું મસ્તક માત્ર છે. આ મૂંગા પશુઓ ખતમ થશે પછી તલવાર કોના મસ્તક પર હશે?

માંસની નિકાસને બદલે કલાકારો, બુધ્ધિશાળીઓ અને ઉદ્યોગપતિઓને ઈન્ફરમેશન ટેક્નોલોજી, કલાના નમૂનાઓનું સર્જન, ઘરઆંગણાના ઉદ્યોગોને પ્રોત્સાહન અને રોજગારી મળે તેવા ઉદ્યોગોને ઉત્તેજન આપી નિકાસમાં વધારો કરી શકશે. ઉપભોક્તાવાદને બહેકાવવા કરતાં વિવેકપૂર્ણ ઉપયોગની સંસ્કૃતિને પુરસ્કૃત કરવાથી જ માનવજાતનું કલ્યાણ થશે.

આશા છે દસમી પંચવર્ષીય યોજના માટેના આયોજન પંચના ડ્રાફ્ટની રચના કરતી વખતે સંપૂર્ણ ગૌવંશહત્યાપ્રતિબંધ અને માંસની આયાત નિકાસને સંપૂર્ણ પ્રતિબંધિત કરવાની જોગવાઈને ધ્યાનમાં લેવામાં આવશે, કારણ કે શ્રી ઋષભદેવનો વૃષભ (બળદ), શ્રીકૃષ્ણની ગાય અને ભગવાન શંકરનો નંદી આ ત્રણેમાં વિશ્વના દૈવી અંશો અભિપ્રેત છે.

આપણા દેશમાં મલ્ટીનેશનલ કંપની દ્વારા અને મોટા ઉદ્યોગગૃહને ચોકલેટ બનાવવા માટે જોઈએ તેટલો દૂધનો પૂરવઠો સુલભ છે તેની સામે એક વાટકી દૂધ માટે વલખાં મારતું બાળક છે.

ચરિયાણો પરના અતિક્રમણ, પશુઓના ઘાસચારાના ઔદ્યોગિક વપરાશ પર અંકુશ અને નિયમનો અભાવ, ધી પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એક્ટની છટક બારીઓ. ખાણ, ખોળ અને દૂધની આયાત નિકાસની અવ્યવહારુ નીતિને કારણે દૂધની અછત સર્જાય છે.

નેશનલ કેટલ કમીશને આગળ જણાવેલ તમામ હકીકતોથી પ્લાનિંગ કમીશનને વાકેફ કરવું જોઈએ. પશુરક્ષા ભારતીય સંસ્કૃતિ અને સમૃધ્ધિનો આધારસ્તંભ છે. કૃષિપ્રધાન દેશની જીવાદોરી કૃષિ મંત્રાલયને કસાઈ મંત્રાલય બનતું અટકાવવા આયોજન પંચ આ ભલામણોને લક્ષમાં લઈ મુસદ્દો બનાવશે તો આયોજન પંચનો આ ડ્રાફ્ટ જીવદયા, પશુરક્ષા, ગ્રામસ્વરાજ અને આર્થિક સુધારણાનો અમૂલ્ય અને પવિત્ર દસ્તાવેજ બની જશે.

## દશમી પંચવર્ષીય યોજનાના પ્રાસ્તવિક મુદ્દાઓના વિરોધમાં સ્વૈચ્છિક સંસ્થાઓના અભિયાનનું પરિણામ

**જૈનાચાર્ય પૂ. ચંદ્રશેખરજી મહારાજ સા. અને અન્ય સંતોની પ્રેરણાથી, સ્વૈચ્છિક સંસ્થાઓ જેવી કે વિનિયોગ પરિવાર, બ્યુટી વીધાઉટ ક્રુઅલ્ટી, અહિંસા રિસર્ચ ફાઉન્ડેશન અને અન્ય અનેક જીવદયાની સંસ્થાઓએ દસમી પંચવર્ષીય યોજનાના માંસ નિકાસ અને કતલખાનાના મુદ્દાઓનો પ્રચંડ વિરોધ કર્યો. લોક જાગૃતિનો પુરુષાર્થ કર્યો. દેશનું પશુધન બચાવવા અને સમગ્ર દેશને કતલખાનું અટકાવવાનો સમ્યક પુરુષાર્થ કર્યો, તેના ફળસ્વરૂપે ભારતસરકારના આયોજન પંચના સલાહકાર ડૉ. એન. દાસ તરફથી તાજેતરમાં અ.ભા. કૃષિ ગોસેવા સંઘ તથા એનિમલ વેલ્ફેર સોસાયટી ઓફ ઈન્ડિયાને પત્ર મળ્યો. જેમાં જણાવ્યું છે કે 'માંસ'ને લગતી યોજનાની કોઈપણ ભલામણો આયોજન પંચે સ્વીકારી નથી અને વર્તમાનમાં કોઈપણ નવી યોજનાને સ્વીકૃતિ મંજૂરી આપવાનો પ્રસ્તાવ નથી.**

**આમ આયોજન પંચે હાલ પૂરતી તો આ દરખાસ્તો પડતી મૂકી હોય તેમ લાગે છે. છતાંય સરકારની નીતિ-રીતિઓ સામે જીવદયા પ્રેમીઓએ સતત જાગૃત રહેવાની આવશ્યકતા છે.**

## લોકમાતા ગંગામૈયા

### જળ એજ જીવન

ભારતવર્ષની અધ્યાત્મ સંસ્કૃતિના વિકાસ-સંવર્ધનનું કાર્ય, મા ગંગાને કિનારે થયું છે. ગંગાનું અવતરણ ભગીરથના પ્રચંડ પુરુષાર્થનું સુફળ છે. પુરાણોમાં ગંગા અને તેને કિનારે વિસ્તરેલાં તીર્થોનું મહાત્મ્ય ખૂબ જ વર્ણવેલું છે.

હિંદુસ્તાનના ઇતિહાસ અને ભૂગોળના અભ્યાસથી સમજાશે કે ભારતીય સંસ્કૃતિ નદીઓના કિનારે પાંગરી છે. નદીઓએ માનવજાત સહિત સમગ્ર જીવસૃષ્ટિને ખૂબ સમૃધ્ધિ આપી છે તેથી જ કાકાસાહેબ કાલેલકરે નદીને "લોકમાતા" કહી છે. ગંગા, યમુના, ગોદાવરી કે નર્મદા બધી જ નદીઓ સાથે વિશિષ્ટ ઐતિહાસિક તથ્યો જોડાયેલાં છે, તો હિમાલયમાંથી પ્રવાહિત થયેલ પવિત્ર જલપ્રવાહોનું આગવું મહત્ત્વ છે.

સરિતાના તટે, પ્રયાગરાજ, અમરપુરી વારાણસી, હરદ્વાર, કનખલ, જ્વાલાપુર આ બધાં યાત્રાધામો સન્યાસીઓની કાયમી શિબિર જેવાં છે.

અહીં, ગુરુકુળ, ઋષિકુળ, મુનિમંડલ, આશ્રમ, ધર્મતત્ત્વ સંશોધન મંદિર, ધર્મગ્રંથભંડારો, અખાડાઓ, ધર્મશાળાઓ, અન્નક્ષેત્રો, ગુફાઓ, સાધુઓની કોઠીઓ અને સાધનાકેન્દ્રો છે. શ્રમણસંસ્કૃતિએ જીવનની અંતિમ ક્ષણોમાં ચારે આહારના ત્યાગની વાત કરી છે, પરંતુ હિંદુ ધર્મ અને બ્રાહ્મણ સંસ્કૃતિની પરંપરાએ ગંગાના જળને એટલું પવિત્ર ગણ્યું છે તેથી જીવનની છેલ્લી ક્ષણોમાં પણ મુખમાં ગંગાજળ મૂકવાની ભાવનાની પુષ્ટિ કરી છે.

ગંગાના જળની સ્ફટિક પારદર્શકતા માટે વૈજ્ઞાનિકોને પણ આશ્ચર્ય થયું છે. વૈજ્ઞાનિક કસોટીમાંથી પાર ઉતરેલું ગંગાનું જળ નિર્મળ, જંતુરહિત અને પવિત્ર છે.

ગંગાના કિનારાને અને ગંગાના જળને પ્રદૂષણમુક્ત રાખવાની સૌની ફરજ છે.

વિશ્વમાં વધતી જતી જનસંખ્યા, પર્યાવરણની ખોરવાતી સમતુલા, પાણીની જાળવણીની

અવ્યવસ્થાને કારણે વિશ્વના મધ્યપૂર્વ વિસ્તારમાં અને ભારતના ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ સહિત દેશના ૮ રાજ્યોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે.

પ્રાચીન સમયમાં, આદિવાસીઓ અગ્નિ પેટાવવાના લાકડા માટે મારામારી કરતાં તેમ ભવિષ્યમાં પાણી માટે પાણીપત (લડાઈ) થાઈ તો નવાઈ નહીં લાગે.

કારણકે સંયુક્તરાષ્ટ્રસંઘના અહેવાલ પ્રમાણે વિશ્વભરમાં પાણી સંબંધી લગભગ ૩૦૦ મોટી તકરારો ચાલી રહી છે.

ભારત-બાંગ્લાદેશ ફરાકાબંધ, ઉઝબેકિસ્તાન, કઝાકિસ્તાન, હાજીકિસ્તાન, કિર્ગીઝસ્તાન, અમુદરિયા અને સિદદારીયા નદીનાં પાણી અંગે સંઘર્ષ આફ્રિકામાં ઝાંબેસી નદીનો જળવિવાદ, લેબનોન ઈઝરાઈલ પાણીના વહેણ બદલવાનો સંઘર્ષ ચાલી રહેલ છે. ભારતમાં નર્મદાનાં નીરની વહેંચણીનો સંઘર્ષ વર્ષો સુધી ચાલ્યો.

જગતની દરેક ધર્મ પરંપરાએ વાણી અને પાણીના વિવેકપૂર્ણ ઉપયોગની વાત કહી છે. જૈનધર્મ પાણીને એકેન્દ્રિય જીવ ગણે છે. વળી પાણીના વેડફાટ બગાડને કર્મબંધનનું કારણ ગણે છે. જૈનદર્શને પાણીના વિવેકપૂર્ણ ઉપયોગની વાત કહી છે. પાણીને પ્રદૂષણમુક્ત રાખવાથી પર્યાવરણ સંતુલન જળવાઈ રહે છે.

પ્રાચીન ભારતમાં અખંડજળસ્ત્રોત માટે પ્રત્યેક વર્ષે વરુણદેવ (પાણીના દેવ)ની પૂજા કરવામાં આવતી જ્યારે તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા વિશ્વ જળદિન પ્રસંગે ઘટતાં જતાં જળસ્ત્રોત અને અણમોલ પાણીના જતન માટે પાણીના વેડફાટ વિનાના સુચારુ સંચાલન માટે (ફોર આઈડિયલ વોટર મેનેજમેન્ટ) આંતરરાષ્ટ્રીય સહકાર સાધવાની તથા પાણીના વિવેકપૂર્ણ ઉપયોગ માટેની અપીલ કરી છે.

કૃષિ અને ઉદ્યોગ ક્ષેત્રના વિકાસ માટે જળ એ જ જીવાદોરી છે. પાણીની ખેંચથી તેનો વિકાસ રૂંધાઈ જશે. જળસમસ્યા વિશ્વ માટે સંકટ ન બને તે જોવાની દરેકની ફરજ છે.

લોકમાતા તો આપણાને સમૃધ્ધિની છોળો આપ્યે જ જાય છે પરંતુ આપણા નબળા હાથ તેને ઝીલી શકતા નથી.

સ્વાર્થને બદલે પારમાર્થિક દૃષ્ટિ, સંકીર્ણતામાંથી વિશ્વવાત્સલ્યભાવ અને પ્રમાદને બદલે જાગૃતિ આપણાને સમૃધ્ધિ ઝીલવા સક્ષમ બનાવી શકે.

આપણે પાણીનો વેડફાટ કરીશું નહીં તો લોકમાતાઓ માઝા નહીં મૂકે, સંયમમાં રહેશે. આદર્શ પાણી યોજનાઓનું આચરણ કરીશું તો પૂરને ખાળી શકીશું ને મા ધરતી લીલીછમ ચાદર ઓઢી શકશે.

ગંગામૈયાના આર્શીવાદથી વસુંધરાને નિરંતર પાણી મળતું રહે અને આપણે સૌ પાણીદાર બનીએ એજ અભિપ્સા.

## મા તારું વેણ વેણ વરદાન !

આર્યસંસ્કૃતિમાં મા પ્રથમ સ્થાને છે. મા પોતાના વાત્સલ્યના અનંત વહેતા ઝરણામાં નિરંતર સ્નાન કરાવે છે. તો પિતા દક્ષતાના સાગરમાં. માતા-પિતા સંતાનોના જીવન-સંસ્કાર ઘડતરમાં એકબીજાના પૂરક છે.

સંતો અને કવિઓ માનો મહિમા ગાતા થાકતા નથી. કવિ સુરેશ દલાલને માતામાં અડીખમ વૃક્ષનાં દર્શન થાય છે. કારણ કે વૃક્ષ રક્ષા, છાયા અને ફળોનું સુખ આપે છે.

**બા,**
**તું એક એવું વૃક્ષ**
**જ્યાં ઝંઝાવાત પણ**
**નિરાંતનો શ્વાસ લે!**

સર્જક રમેશ જોશી બાની 'યાદ'ની ફરિયાદ પણ કવિતામાં કરે છે -

**જિંદગી પણ કેવી કમાલ છે.**
**પહેલા આંસુ આવતા ત્યારે, બા યાદ આવતી**
**ને આજે બા યાદ આવે**
**ને આંસુ આવી જાય છે.**

માતાના આર્શીવચનને મકરન્દ દવે 'મોરછાપ પરવાનો' ગણાવે છે.
તેઓને એક દિવસ પોતાની માતાએ રાજીપો દર્શાવતાં કહ્યું કે,

**'તું પહેલે નંબર પાસ થઈશ'**
**કવિ કહે છે કે -**
**લેખ ચડયો કિરપાનો,**
**મળ્યોજી મુને મોરછાપ પરવાનો!**
**હાડહાડમાં હેત ભર્યું જેનું**
**વેણ વેણ વરદાન**
**દેખ ઘરેઘર એજ બિરાજે, ભૂતળમાં ભગવાન**

'અમાસના તારા'માં સર્જક કિશનસિંહ ચાવડાએ પોતાની માતાનો વત્સલ પ્રસંગ 'મંગળસૂત્ર'માં ખૂબ સુંદર રીતે આલેખ્યો છે.

મારા અભ્યાસ અને ઘરની આર્થિક પરિસ્થિતિને કારણે ભરણપોષણની જવાબદારી બા ઉપર આવી પડેલ હતી.

સાંજે હું ઘેર આવ્યો ત્યારે ઓટલા ઉપર નવી સાઈકલ પડેલી જોઈ. પ્રફુલ્લિત ચહેરે બાએ કહ્યું : 'કિશન તારી સાઈકલ આવી ગઈ.' મેં કહ્યું 'બા, હમણાં મારે નહોતી જોઈતી.' બા કહે, 'ફેરવી તો જો તને કેવીક આવડે છે !' મેં નવી સાઈકલ પર ચક્કર માર્યું ત્યારે અમે બન્ને ખુશ થઈ ગયા.

ધનતેરસે અમે પૂજા કરવા બેઠા ત્યારે બાએ મંગળસૂત્રની પૂજા ન કરી તે વિષે પૂછતા બાએ કહ્યું કે, તને સાઈકલ પર બેસીને જતો જોઉં એ જ મારી પૂજા છે. મારા અંતરમાં ફાળ પડી. મે કહ્યું, 'બા, તમે મંગળસૂત્ર વેચીને આ સાઈકલ લઈ આવ્યા? મારું આ વેણ સાંભળતાં જ મારા ઉતરેલા મુખને બાએ તેમની ડોક પર ઢાળી દીધું, મારાથી ન તો બાથ ભરાઈ, ના તો વહાલ કરી શક્યો.'

બાનું એ મુખ આજેય જ્યારે હું સાઈકલને અડકું છું ત્યારે મારી આંખો આગળ દેખાય છે અને અંતર દ્રવી ઉઠે છે. સાઈકલો તો મારી ઘણી બદલાઈ છે પણ બાનો એ ચહરો નથી બદલાયો.

અમેરિકામાં દર મે મહિનાના બીજા રવિવારે માનુ સન્માન કરવા, માનું ઋણ સ્વીકારવા 'મધર્સ ડે'રૂપે ઉજવાય છે. ૧૯૦૮માં ફિલોડેલ્ફિયામાં સૌ પ્રથમ આ દિવસ ઉજવાયો હતો. હવે તો એ પશ્ચિમની દુનિયાનો સ્વીકૃત તહેવાર થઈ ગયો છે.

તીર્થત્તમમાં શ્રી હરીન્દ્ર દવે કહે છે કે 'માના ઋણને માથે ચડાવવા કોઈ તહેવાર ઉજવાય તે વાત હૃદયસ્પર્શી છે. પશ્ચિમમાંથી આપણે ઘણું બધું લીધું છે. પોષાક, રીતભાત, છિન્નભિન્ન કુટુંબ, ઘરડાં ઘર વગેરે. હવે પશ્ચિમનો તહેવાર આપણા સંસ્કારને જાગૃત કરવા

માટે પણ ઉછીનો લેવાની વેળા આવી પહોંચી છે. 'મા-બાપે અમને જન્મ આપ્યો છે. અમને મોટા કરે એમાં શું? એટલી તો તેઓની ફરજ છે.' આવો મિજાજ ધીરે ધીરે આપણે ત્યાં પણ આવતો જાય છે. હજી માતાનો મહિમા સંસ્કૃતિમાં છે એ તો રહેલો છે પરંતુ ધીરેધીરે માનું સ્થાન લોપાઈ જાય એ પહેલાં, વરસમાં એક દિવસ માતૃદિન ઉજવી માના ઋણનો જાહેરમાં સ્વીકાર કરીએ અને બાકીના ત્રણસો ચોસઠ દિવસ એને વ્યવહારમાં મૂકીએ તો કેવું?

વિદેશમાં રહેતા પોતાના પુત્રને તેડાવવા માતાએ પત્ર લખ્યો, જવાબમાં પુત્રે લખ્યું, 'હું આવું છું, તારા એક સ્મિત માટે હું લાખ લાખ જોજનનું અંતર કાપવા તૈયાર છું મારી મા! આવો જવાબ વાંચી માની અમીમય આંખના વાત્સલ્યસાગરમાં ભરતી ચડે.' આવા પ્રસંગે કવિ બોટાદકરની કાવ્ય પંક્તિનું સ્મરણ થયા વિના ન રહે.

**"મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ.......**
**એથી મીઠી તે મારી માતરે...જનનીની જોડ સખી નહિ જડે રે લોલ."**

મુનિશ્રી સંતબાલજી કહે છે, "વહાલી મૈયા, સ્ત્રી જાતિ તારું જ સ્થૂળ પ્રતીક છે.. એ માતા છે એકદા એ પ્રસવત્રી જનેતા હતી આજે એ સાવિત્રીશી ભર્તા છે.

માતાના દુગ્ધપાન દ્વારા વાત્સલ્યસુધાનો અખંડ સ્ત્રોત પીને જ ભગવાન ભક્તવત્સલનું અભિમાન અને ભક્તહૃદયનો સર્વોત્તમ અધિકાર પામ્યા છે.

માતાના લોચન એ અમીની ખાણ છે. માતાનું મુખ દિવ્યસૌંદર્ય અને પ્રતિભાનો પૂંજ છે માતાના ચરણના અમૃતનો સ્વાદ આપણા જીભ ત્વચા કે બુદ્ધિ પામી જ ન શકે. એની હૃદયગત અનુભૂતિ માત્ર જગતને અમૃતથી તરબોળ કરી મૂકે છે.

હે માતા! તું જ મારા આત્માનું અને અંતરનું આદર્શ અને અમર પ્રતિબિંબ છો. મા, તારી છાયા એજ મર્ત્યલોકનું કલ્પતરુ, અને તારી વાણી માનવલોકની મંગલ સ્વરૂપા કામધેનુ છે."

માનું વ્યક્તિત્વ એક સંસ્થા જેવું છે. એક હરતીફરતી વિદ્યાપીઠ સમાન છે. પિતા પોતાના પુત્ર-પુત્રીને ભણાવવા અને પરણાવવા દેવું પણ કરે છે. પુત્રને ધંધામાં અને સમાજમાં ઊંચું સ્થાન અપાવવા વૃદ્ધાવસ્થા સુધી પોતાની જાત ઘસી નાખે છે. ઘણાં સંતાનો કહે છે - 'અમે દેશમાંથી અહીં આવ્યા ત્યારે અમારા પિતાએ કશું જ આપ્યું ન હતું, આજે અમારી પાસે મોટર બંગલા બધું જ છે.' તેમના પુરુષાર્થ અને પુણ્યોદયને ધન્યવાદ. પરંતુ, આપણે આપણી બનાવેલી જે ઈમારતને ઉન્નત મસ્તકે જોઈએ છીએ તેના પાયામાં, માતાના આશીર્વાદ અને પિતાના સંસ્કારની એમ બે સોનાની ઈંટો દટાયેલી પડી છે તે કદી ભૂલવું જોઈએ નહીં. પુત્રવધૂ અને જમાઈ માટે પોતાના સાસુ-સસરા પણ મા-બાપ જ છે. એ લાગણી અને પૂજ્યભાવ હોય તો જ ઉત્કૃષ્ઠ આચરણ ગણાય.

પિતાનાં વચન કાજે ભગવાન શ્રીરામનો વનવાસ માતાપિતાની તીર્થરૂપે સંસારમાં સ્થાપના કરનાર શ્રીગણેશ અને શ્રવણની માતૃપિતૃભક્તિનું પાવન સ્મરણ કરતાં અનુસરવા પ્રેરણા અને બળ મેળવીએ.

ચરમતીર્થંકર પ્રભુ મહાવીર જ્યારે માતા ત્રિશલાના ગર્ભમાં હતા ત્યારે માને દુ:ખ ન થાય તે માટે ગર્ભમાં હલનચલન ન કર્યું. માતાના સુખ માટેની આવી સૂક્ષ્મ સંવેદનાની ભાવનાને આપણે પ્રણામ કરીએ.

જે માતાપિતાએ પોતાના પુત્ર પુત્રીને સંયમપંથની અનુમતિ આપી જિન શાસનને પોતાની વહાલસોયી પુત્રી અને લાડકવાયા પુત્રની ભેટ ધરી છે. એવા પૂ. ગુરુભગવંતો અને પૂ. મહાસતીજીઓના માતાપિતા કે જેઓ તીર્થંકર નામકર્મના અધિકારી છે તેઓના મહાન ત્યાગને આપણે સૌ વંદન કરીએ.

સંતાનોનું કર્તવ્ય માતા-પિતાને પાછલી વયમાં તેમના સ્વાસ્થ્યની દેખભાળ રાખી સેવા કરવાનું કે માત્ર ભૌતિક સુખો આપવા પુરતું જ નથી, આદર્શ સંતાનોનું કર્તવ્ય તો એ જોવાનું છે કે માબાપનું સ્વમાન જળવાય તેમના પ્રત્યે આદરભાવ રખાય અને માનસિક ચિંતા કે પરિતાપથી બચે એટલે કે આર્તધ્યાન કે રૌદ્રધ્યાનથી મુક્ત રહે અને ધર્મધ્યાનમાં

પ્રવૃત્ત રહે. તેઓને સમાધિમરણ પ્રાપ્ત થાય તેવું અંતિમ સમય સુધી વાતાવરણ જળવાઈ રહે તેમાં જ સૌનું શ્રેય અને કલ્યાણ છે.

અંતમાં, કાકાસાહેબ કાલેલકર જે શબ્દોથી સંસ્કૃતિની સ્તુતિ કરી છે, કંઈક એવા જ ભાવથી હું માતૃવંદના કરીશ.

**''જીવન એ પ્રકૃતિ છે તો મા તેનો શણગાર છે.**
**જીવન જો ધરતી હોય તો મા તેનું સ્વર્ગ છે...!''**

## સદ્‌ગુરુ : સંસ્કૃતિનો આધાર સ્થંભ

શૈશવકાળમાં બાળકની માતા જ તેની ગુરુ હોય છે. મા ઘરના પરિસરમાં રહીને પોતાના બાળકને શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરે છે. પરંતુ વિશ્વના વિશાળ ફલક પર તેની વિકાસયાત્રા માટે તે માતા પોતાના સ્તરની વ્યક્તિને શોધે છે અને તે છે માસ્તર. આમ જીવનમાં માના સ્તર પર જો કોઈપણ હોય તો તે છે માસ્તર.... એટલે વિદ્યાગુરુ.

પોતાના બાળકના જ્ઞાનની ક્ષિતિજના વિસ્તાર માટે મા પોતાનું બાળક શિક્ષકને સોંપી દે છે. પ્રથમ શિક્ષક માતા, અને પછી જીવનમાં વિદ્યાગુરુનો પ્રવેશ થાય છે.

ગુ = અંધકાર, રૂ = દૂર કરનાર

અવિદ્યાનો અંધકાર દૂર કરનાર, જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પાથરી, મુક્તિનું મંગલ પ્રવેશદ્વાર જે ચીંધે તે સદ્‌ગુરુ છે. જેમને સતનો સાક્ષાત્કાર થયો છે એવા સદ્‌ગુરુને ભારતવર્ષના શાસ્રોએ ગુરુને બ્રહ્મા, વિષ્ણુ, મહેશની ઉપમા આપી નવાજ્યા છે. કેમકે જીવનમાં સદ્‌ગુણોના સર્જક ગુરુને બ્રહ્મા ગણ્યા છે. સદ્‌ગુણના પોષક શ્રી વિષ્ણુને તુલ્ય ગણ્યા છે અને દોષોના વિનાશક મહાદેવ જેવા માન્યા છે. આ ત્રણ દેવોની ઉપમા યથાર્થ છે.

વિદ્યાગુરુ વિદ્યાદાન દ્વારા આપણા વ્યવહારિક જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે. જે જ્ઞાન નોકરી, ધંધા કે વ્યવસાય દ્વારા જીવન નિર્વાહ ચલાવવા ઉપયોગી થાય છે. વળી ભૌતિક સુખ સંપત્તિનું ઉપાર્જન પણ તેના દ્વારા થઈ શકે છે. ઉપરાંત, વિદ્યાગુરુએ આરોપેલ ધર્મ-નીતિના સંસ્કારો આપણામાં રહેલી સુષુપ્ત ચેતનાને જાગૃત કરવાનું કાર્ય કરે છે. આમ વિદ્યાગુરુ માનવીનો આખો ભવ સુધારે છે.

પુરુષાર્થ અને પુણ્યના યોગથી ભૌતિક સમૃદ્ધિ સંપન્ન થઈ હોય તો તે સમૃદ્ધિને કઈ રીતે ભોગવવી, તેનો વિવેક ધર્મગુરુ જ શીખવી શકે અને ભૌતિક સમૃધ્ધિ વિના પણ, ખૂબજ પ્રસન્નતાથી કઈ રીતે જીવી શકાય તે વિદ્યા તો માત્ર ધર્મગુરુ દ્વારા જ પામી શકાય.

આધ્યાત્મિક તત્ત્વનાં રહસ્યો પામવા માટે માત્ર આ ભવ જ નહિ પરંતુ ભવ પરંપરા સુધારવા માટે જીવનમાં ધર્મગુરુનું મહત્ત્વ અનન્ય છે.

**બિના નયન પાવે નહીં, બિના નયન કી બાત,**
**સેવે સદ્‌ગુરુ કે ચરણ, સો પાવે સાક્ષાત**
**બુઝી ચહત જો પ્યારા કો, હૈ બુઝન કી રીત,**
**પાવે નહી ગુરુગમ બિના, એહ અનાદિ સ્થિત!**

આપણા વિદ્વાન વ્યાખ્યાતા ડૉ. પૂજ્ય મહાસતી તરુલતાજીએ 'હુ આત્મા છું'માં યુગપુરુષ શ્રીમદરાજચંદ્રની આ મહાન રચનાને અદ્‌ભુત રીતે સમજાવતાં કહ્યું છે કે, "બિના નયનની વાત એટલે જે અનુભવ ઈંદ્રિયોથી થઈ શકતો નથી, પણ ઈંદ્રિયાતીત છે એવો આત્માનુભવ. આપણા આ ચર્મચક્ષુઓ જગતના સર્વ રૂપી પદાર્થો જોઈ શકે છે. પણ અરૂપી એવો આત્મા આ નયનોમાં સમાતો નથી. તેને જોવો જાણવો હોય તો અંતરચક્ષુ ઉઘાડવા પડશે. અંતરનો થયેલો ઉઘાડ, અંતરની અનુભવદશાની પ્રાપ્તિની તીવ્ર લગન જ આત્માનો સાક્ષાત્કાર કરાવી શકે. પણ એ લગન લગાડે કોણ? બ્રહ્મ જ્ઞાનના ભોમિયો જેણે પોતે આત્માનુભવ કરી લીધો છે તેઓ માટે હે માનવ! આત્માનુભવી સદ્‌ગુરુના ચરણોમાં ચાલ્યો જા. તેમના ચરણનું ગ્રહણ કરવાથી પરમાનંદને પામી શકાશે."

સંત કબીરજીએ પણ સદ્‌ગુરુને જીવનમાં પ્રથમ સ્થાને મૂક્યા - પ્રસ્થાપ્યા છે.

**ગુરુ ગોવિંદ દોઉ ખડે,**
**કિસકે લાગું પાય?**
**બલિહારી ગુરુ આપની,**
**ગોવિંદ દિયો બતાય.**

આમ સહુ સંતોએ, એકી અવાજે સદ્‌ગુરુના શરણને સ્વીકાર્યું છે. સદ્‌ગુરુ વિના સાધના માર્ગે વિકાસ થઈ શકતો નથી.

ગુણપૂજક જૈનપરંપરામાં વિશુદ્ધિની દૃષ્ટિએ સિધ્ધ ભગવંતનું સ્થાન ઊંચું છે. અરિહંત પ્રભુ સિદ્ધોને નમસ્કાર કરે છે પરંતુ નમસ્કાર મહામંત્રમાં પહેલા નમસ્કાર અરિહંત પ્રભુને અને પછી સિધ્ધ પ્રભુને કરીએ છીએ કારણ કે આપણને સિદ્ધનું સ્વરૂપ સમજાવનાર જો કોઈ હોય તો તે ઉપકારી અરિહંત ભગવાન છે. મહાન સદ્‌ગુરુ રૂપે જો અરિહંત ભગવાને

સિદ્ધનું સ્વરૂપ ન બતાવ્યું હોય તો આપણે જાગી શક્યા ન હોત અને એવી સિદ્ધદશાની પ્રાપ્તિનો પુરુષાર્થ કરવા કોઈ જીવ પ્રેરાયો પણ ના હોત.

આમ પ્રત્યેક જીવ પુરુષાર્થ કરીને પરમાત્મા થઈ શકે છે. એ બતાવનાર અરિહંત પ્રભુને સિદ્ધ ભગવંત કરતાં પણ પ્રથમ સ્થાન આપ્યું છે.

વર્તમાને ગુરુની અનિવાર્યતા છે. કારણ, આ કાળમાં આ ક્ષેત્રે અરિહંતદેવ આપણી વચ્ચે સદેહે નથી ત્યારે આપણા માટે જો કોઈ સચોટ અને સબળ અવલંબન હોય તો તે માત્ર એક જ છે અને તે છે સદ્‌ગુરુ.

જિનેશ્વરદેવે શાસ્ત્ર પ્રરૂપ્યા, ગુરુ ગણધર તથા તેમની શિષ્ય પરંપરાએ એ ઉપદેશ સૂત્ર-સિધ્ધાંતને આગમરૂપે ગુંથ્યા. આમ સદ્‌ગુરુને કારણે આપણને આગમરૂપી અમૂલ્ય વારસો મળ્યો. શાસ્ત્રોમાં માર્ગ બતાવ્યો છે. મર્મ બતાવ્યો નથી. મર્મ તો સદ્‌ગુરુના અંતરમાં પડયો છે. ગુરુ આપણા દોષ જોઈ આપણને જાગૃત કરે, જ્યાં ભૂલીએ ત્યાં ફરી ગણવાની પ્રેરણા આપે, પરમહિતકારી મિત્ર, કરુણાનિધાન સદ્‌ગુરુ, માત્ર હિતબુદ્ધિએ શામ, દામ, દંડ, ભેદરૂપ નીતિ આચરીને પણ સાધકને સાચા રસ્તે ચડાવે. ગુરુ શિલ્પી છે. શિલામાંથી નકામો ભાગ દૂર કરી શિલ્પી સુંદર મૂર્તિ બનાવે તેમ ગુરુ શિષ્યના દુર્ગુણો દૂર કરી તેને જીવનસૌંદર્ય બક્ષે છે.

જ્ઞાન તો પ્રત્યેક માનવીના આત્માનો પ્રથમ ગુણ છે. પરંતુ જ્ઞાનાવરણીય કર્મથી આત્મા જ્યાં સુધી લેપાયેલો છે ત્યાં સુધી તેને સમ્યક્‌જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી આ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય ગુરુના ઉપદેશ વિના શક્ય નથી.

**"અહિલ્યા થઈને સૂતું છે, અમારું જ્ઞાન અંતરમાં,**
**ગુરુ! મમ રામ થઈ આવો, તમારો સ્પર્શ ઝંખુ છું."**

આમ સદ્‌ગુરુના સ્પર્શમાત્રથી જ્ઞાન પ્રગટ થવાની માર્મિક વાત કવિએ કહી છે. કબીરજીએ તો સદ્‌ગુરુને જ્ઞાનરૂપી લોચન ઉઘાડનાર કહ્યા છે.

**સદ્‌ગુરુકી મહિમા અનંત, અનંત કિયા ઉપકાર**
**લોચન અનંત ઉઘાડિયા, અનંત દિખાવણહાર**

આવા સદ્‌ગુરુ મેળવવા માટે આપણને અંતરના અતલ ઊંડાણમાંથી જિજ્ઞાસા ઝંખના જાગવી જોઈએ. ગુરુ પ્રાપ્તિની અભિલાષ રોમરોમમાંથી પ્રગટ થવી જોઈએ. સહરાના રણમાં પ્રવાસ કરતાં પ્રવાસીને તરસ લાગે ત્યારે શીતલ જળ માટે કેવી ઉત્કૃષ્ટ ઈચ્છા થાય છે, તેવી જ રીતે -

સદ્‌ગુરુ!
તમોને ઝંખું છું પ્રખર સહરાની તરસથી....

સદ્‌ગુરુ જેવા મહાન રત્નને જીરવી શકે તેવી પાત્રતા પણ કેળવવી જોઈએ આ તો સિંહણના દૂધ જેવી વાત છે. વિનય, હિત શિક્ષાની પાત્રતા અને ગુરુ પ્રત્યે આદર અતૂટ શ્રદ્ધા આદર્શ શિષ્યના ગુણો છે. આવા આદર્શ શિષ્ય માટે સદ્‌ગુરુનું શરણું કલ્પવૃક્ષની શીતળ છાંયા સમાન છે.

જ્ઞાનીઓએ કહ્યું છે કે કુગુરુ કાગળની કે પથ્થરની નાવ જેવા હોય છે. કાગળની નાવ જેવા ગુરુ પોતે ડૂબેને બીજાને ડૂબાડે, પથ્થરની નાવ જેવા ગુરુ પોતે ડૂબે ને બીજાને પણ ડૂબાડે જ્યારે સદ્‌ગુરુ કાષ્ટની નાવ જેવા હોય છે જે પોતે તરે અને બીજાને પણ તારે છે.

જ્ઞાનીઓએ ગુરુને પનિહારી સમાન અને સોનાની ખાણના ખાણીયારૂપે કહ્યા છે.

કૂવામાં પાણી ઘણું છે. તરસ્યો પ્રવાસી કાંઠે ઊભો છે. પાણીના દર્શનથી તેની તૃષા તૃપ્ત થવાની નથી. પનિહારી દોરડું સિંચી ઘડામાં પાણી ભરી બહાર લાવે તેને કપડા વડે ગાળી પ્રવાસીની તૃષા તૃપ્ત કરે છે, તેમ શાસ્ત્રનું જ્ઞાન કૂવાના પાણી જેવું છે. ગુરુ તેનું ચિંતન-મનન પરિશીલન કરી આપણે યોગ્ય બનાવી આપે છે અને આપણી જ્ઞાનપિપાસાને તૃપ્ત કરે છે. જેમ પનિહારી કોઈપણ તરસ્યા વટેમાર્ગુને નાત, જાત-પાતના ભેદ વગર તૃષા તૃપ્ત કરે છે. તેવા જ છે કરૂણાવંત જ્ઞાની ગુરુજન.

વળી સોનાની ખાણમાં માટી મિશ્રિત સોનાને પુરુષાર્થ દ્વારા અનેક પ્રક્રિયાથી ૨૪ કેરેટની શુદ્ધ સોનાની લગડી ખાણીયા બનાવે છે તેમ જ્ઞાની ગુરુજન શાસ્રનાં અગાધ રહસ્યોને સરળ ભાષામાં આપણી સમક્ષ રજૂ કરી મોક્ષનો માર્ગ સુલભ કરી આપે છે. સદ્‌ગુરુના અંતરમાં અખૂટ અનુકંપાનું ઝરણું વહેતું હોય છે. તેથી સંસ્કાર અને સાચી સમજણ ગુરુ પાસેથી મળે છે. અધ્યાત્મજ્ઞાન અને જીવનનાં ઉચ્ચ મૂલ્યો ગુરુ દ્વારા સાંપડે છે. આપણી આર્યસંસ્કૃતિમાં ગુરુને પ્રભુના પ્રતિનિધિ અને ધર્મસંસ્કૃતિનાસંરક્ષક અને પોષક માનવતામાં આવ્યા છે. સદ્‌વિદ્યા, બ્રહ્મવિદ્યા ને સદ્‌ગુણો ગુરુ પાસેથી જ પ્રાપ્ત થાય છે. નમ્રતા, સેવાભાવ, વિનયને વિવેક એ બધું ગુરુ કૃપાથી જ પ્રાપ્ત થાય છે.

દાર્શનિક સંદર્ભે ગુરુદક્ષિણા વિશે ચિંતન કરવા જેવું છે. શિષ્યે હૃદયમાં એવા ભાવ પ્રગટ કરવા જોઈએ કે, 'જે કાંઈ મને મળ્યું છે તે ગુરુકૃપાએ જ મળ્યું છે, માટે સર્વ ગુરુનું જ છે તો હું તેને ગુરુદક્ષિણા આપનાર કોણ? ગુરુને અર્પણ થયા પછી અહંનું વિસર્જન થયું છે, મમનું મૃત્યુ થયું છે. આ જગતમાં આત્માથી શ્રેષ્ઠ કશું જ નથી અને મને આત્માનું દર્શન કરાવનાર તો ગુરુ જ છે જેથી આત્મા પણ તેનો જ છે તો હું ગુરુને શું આપી શકું? આમ લઘુતાભાવ પ્રગટ થાય તો જ શિષ્યત્વ આદર્શ બની શકે છે. ગુરુ, ભક્તિની પરાકાષ્ઠા રૂપ શ્રીમદ્‌જીની ગાથા દ્વારા આપણે આ વિષયનું સમાપન કરીશું.'

**અહો અહો શ્રી સદ્‌ગુરુ કરૂણા સિંધુ અપાર**
**આ પામર પર તમે કર્યો અહો અહો ઉપકાર**
**શું ગુરુ ચરણ કને ધરું આત્માથી સૌ હીન**
**તે તો ગુરુએ આપીયો વર્તું ચરણાધીન**
**દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત**
**તે જ્ઞાનીનાં ચરણમાં હો વંદન અગણિત.**

સંત દત્તાત્રયે, પશુ-પંખી અને પ્રાણીઓમાં દૈવી ગુણોની વિશિષ્ટતાનાં દર્શન કર્યાં તો તેમણે એ બધાને ગુરુપદે સ્થાપી દીધાં. ધન્ય છે તેમની ગુણાનુરાગી દૃષ્ટિને!

આરૂણિ, ઉપમન્યુ, સત્યકામ, જૈમિની જેવા આદર્શ શિષ્યો, પરશુરામ-કર્ણ, ભગવાન મહાવીર-ગણધર ગૌતમ, વશિષ્ટ-રામ, કૃષ્ણ-સંદીપની, દ્રોણાચાર્ય-એકલવ્ય, વલ્લભસ્વામી, રામાનંદસ્વામી-સહજાનંદસ્વામી, કબીરદાસ, રામકૃષ્ણ-વિવેકાનંદ જેવા મહાન ગુરુ શિષ્યનું પાવન સ્મરણ કરી સંસ્કૃતિના આધારસ્થંભ સમા સદ્‌ગુરુને વંદના!

# વિશ્વચેતનાના પાયામાં કામધેનુ

ભારતીય સંસ્કૃતિમાં ગાયને માતા સમાન ગણવામાં આવી છે. પ્રાચીન કથાનકોના ઉલ્લેખ અનુસાર ગાય ભગવાન વિષ્ણુના શરીરમાંથી ઉત્પન્ન થઈ છે.

**(गायो विश्वस्य मातरः)** વેદોએ ગાયને વિશ્વની માતા કહી અભિવંદના કરી છે.

માનવકુટુંબ અને સમાજની અર્થવ્યવસ્થા ખેતી, આરોગ્ય પોષણ આદિમાં ગાયનું મહત્ત્વ વધુ હોવાથી ગાયોને દૈવી ગણી, તેમાં ગાયોનો વાસ હોવાની કલ્પના કરવામાં આવી. વાસ્તવિક રીતે ગૌવંશ માત્ર માનવજાતિની જ નહિ પરંતુ સમગ્ર જીવસૃષ્ટિની જે રીતે સેવા કરે છે તે રીતે જોઈએ તો ગાયો પૂજનીય અને માતાના સ્થાને જ છે. ગૌવંશ માનવજીવનનું મહત્ત્વનું અંગ છે તે આધુનિક સમાજશાસ્ત્રી, આહારપોષણશાસ્ત્રી અને ગ્રામીણ અર્થશાસ્ત્રીઓએ સ્વીકાર્યું છે.

ગાયો મનુષ્યની અનેક ઈચ્છાઓ પૂર્ણ કરે છે તેથી 'કામધેનુ' સ્વરૂપે છે. વિશ્વ ચેતનાના પાયામાં ગાય ઊભી છે.

ભારતીય સંસ્કૃતિ અને અર્થવ્યવસ્થાના અભ્યાસુ સ્વ. વેણીશંકર મુરારજી વાસુએ ગોરક્ષા અને ગો સંવર્ધનના પાયાના સિધ્ધાંતોનું વિશ્લેષણ કરતાં કહ્યું છે કે "ભારતીય અર્થવ્યવસ્થાના પાયામાં ગાય અને ગોવંશ રહેલા છે. ગોરક્ષા, વનરક્ષા, ભૂરક્ષા અને જલરક્ષા દ્વારા જીવસૃષ્ટિનું રક્ષણ અને પોષણ કરવું એ ભારતીય અર્થવ્યવસ્થાનું ધ્યેય છે. રક્ષાના આ ચાર સિધ્ધાંતો સાથે હિંદુ ધર્મ સંસ્કૃતિ સમાજ વ્યવસ્થા અને અર્થવ્યવસ્થાના તાણાવાણા વણાઈ ગયેલા છે. રક્ષાના આ ચાર સિદ્ધાંતોમાંથી એકને પણ હાની પહોંચાડવામાં આવે તો એ ચારે સિધ્ધાંતો તુટી પડે અને સમસ્ત ભારતની પ્રજાનું ભાવિ અંધકારમય બની જાય."

પશ્ચિમની યાંત્રિક અર્થવ્યવસ્થામાં હિંસા, શોષણ અને અન્યાય પાપમાં રહેલા છે. હિંસા શોષણ અને અન્યાય આચર્યા વિના આ અર્થ વ્યવસ્થાની હસ્તી જ કલ્પી શકાતી નથી. ભયંકર ઉપભોક્તાવાદ, પશુનાશ અને કુદરતી સંપત્તિનું શોષણ અને સંહાર યંત્રોની મદદથી વિશ્વ સંપત્તિનું શોષણ કરવાનો ઉપક્રમ પશ્ચિમની યાંત્રિક અર્થવ્યવસ્થામાં અભિપ્રેત છે.

યાંત્રિક અર્થવ્યવસ્થામાં ગૌવંશને કોઈ સ્થાન નથી, સિવાય કે તેને મારીને ખાઈ જવું, તેમને માટે ગાય એ માત્ર તેના દૂધનું શોષણ કરવાનું સાધન છે. ઓછામાં ઓછા સમયમાં ગાયનું વધુમાં વધુ દૂધ ખેંચી લઈને, પછી તેને મારીને ખાઈ જવી તે સિવાય તેમના માટે ગાયોનો બીજો કોઈ ઉપયોગ નથી.

ધર્મ, અર્થ કામ અને મોક્ષને સંસ્કૃતિના ચાર પાયા ગણનાર પ્રાચીન ભારતના પૂર્વાચાર્યોએ અર્થશાસ્ત્રને ન્યાય સંપન્ન વૈભવનો પવિત્ર ખ્યાલ આપ્યો છે. જ્યાં દરેક વહેવાર કે યોજનાને માત્ર આર્થિક લાભથી મૂલવવાની વાત નથી પરંતુ અહીં દરેક સંયોગોને ધ્યાનમાં લેવાની ભાવના અભિપ્રેત છે.

ગાયના સંવર્ધન અને પાલનમાં અર્થવ્યવસ્થા, આરોગ્ય, પર્યાવરણ, કૃષિ ઉપરાંત ધર્મ અનુકંપા અને જીવદયાના વિચારને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

આ દેશમાં ગાય મારવા માટે નથી પણ પૂજવા માટે છે. કારણકે હિંદુ પ્રજાનું અસ્તિત્વ જ ગાય ઉપર છે. હિંદુ સંસ્કૃતિ નદીઓનાકિનારે, સરિતાનાસંગમે, તળાવ, સરોવર કે જંગલની નજીક પ્રગટી છે. હિંદુ અર્થ વ્યવસ્થા તેની ફળદ્રુપ જમીનમાંથી પ્રગટી છે. હિંદુ વ્યવસ્થા ગાયમાં ઓતપ્રોત થઈ ગઈ હતી. ગોરક્ષા કર્યા વિના વનરક્ષા ભૂરક્ષા કે જલરક્ષા શક્ય નથી.

પ્રાચીન ભારત માટે કહેવાતું કે તે દૂધ-ઘીની નદીના વહેવાવાળો પ્રદેશ છે. અર્થ એ કે દૂધ-ઘીની છત હતી. ગાય ભેંસ વધુ દુધ દેવાવાળા પશુ હતા. તેથી ઘીની છત હતી. પશુઓનું માનવો કુટુંબના સભ્યરૂપે પાલન કરતાં.

ચરિયાણોમાં પશુો છૂટથી ચરતા દરેક પરિવારને ગાય રાખવી પરવડતી હતી. પરંતુ અંગ્રેજી શાસનની ભારત વિરોધી નીતિથી ગામડાઓમાં ગાય માત્ર શ્રીમંત ખેડૂત કે શ્રીમંત વેપારીઓના ઘરમાં બચી હતી. અથવા માલધારીઓ પાસે હતી. શહેરોમાં ડેરીઓની શરૂઆત થઈ એટલે ડેરીઓવાળાને ડેરીઓ માટે ગાયોની અને ભેંસોની જરૂર પડી અને દૂધના વેપાર પાછળ ગાયોનો વેપાર પણ શરૂ થયો.

ડેરીવાળાઓએ ગામડામાંથી માલધારીઓની શ્રેષ્ઠગાયો અને ભેંસો ખરીદી શહેરોમાં લાવી દૂધનો વેપાર શરૂ કર્યો તો બીજી તરફથી કલકત્તા જેવા શહેરોમાં સરકારે કાયદેસર કતલખાનાં શરૂ કર્યા અને આ કતલખાનાઓમાં પશુઓનો પુરવઠો નિયમિત મળતો રહે માટે ચોક્કસ વહીવટી પગલાં નક્કી કર્યા.

આપણાં દેશમાં પશુ-રક્ષા અને પશુ પાલનના અવરોધરૂપ નીચે લખેલ પરિબળો જવાબદાર હતા.

આપણા પશુઓના ઘાસચારાના પૂરવઠાને કાપી નાખવા ૧૯૬૭ પછી ઘઉંના વાવેતર હેઠળ એક કરોડ એકર જમીનનો અને શેરડીના વાવેતર હેઠળ ૧૭ લાખ એકર જમીનનો વધારો કરાયો.

- ઘઉંના વાવેતરનો વિસ્તાર - ચરિયાણો પર અતિક્રમણ
- દૂધનો પુરવઠો વધારવાનું બહાનું આગળ કરી કુદરતી ગર્ભાદાન **(Cross breeding)** એટલે દેશી ગાયોનું વિદેશી સાંઢ દ્વારા સંકરીકરણ.
- ઈજારાશાહી ઢબે પશુઓના ખાણના કારખાનાની શરૂઆત.
- ગામડામાં પાણીની તીવ્ર અછતની ઉપેક્ષા.
- ટયુબવેલ પ્રોજેક્ટ દ્વારા જમીનનું તળ નીચે ઉતરતા પાણીની અછત
- સ્થાપિત હિતોને લક્ષમાં રાખી ઘડાયેલી નીતિઓ. ડેરી ઉદ્યોગ-ટ્રેક્ટર ઉદ્યોગ, કપાસીયાપીલવાનો ઉદ્યોગ, ખોળ,ખાણ, પશુઓની દવા, ડેરી ઉદ્યોગના સાધનો, દૂધના પાવડરની આયાત પશુઓની નિકાસ, ગુવારના ઔદ્યોગિક ઉપયોગની નિતી.
- બીન ઉત્પાદક પ્રાણીઓના કતલના પરવાના

આ બધી અવ્યવહારુ અને વિવેકશૂન્ય નીતિથી ભારતની પશુપાલન અને ગૌસંવર્ધન પંત્રણા પર કુઠારઘાત થયો. જુવાર-બાજરા જેવા ધાન્ય ઉગાડવા પ્રોત્સાહન મળે તો પશુઓને કડબ મળે પણ સરકાર તરફથી તેમ ન થયું. બીડ, ગૌચરની રક્ષા કે સંવર્ધન પણ ન થયું. સંપૂર્ણ ગૌવંશ વધબંધી અને ગોરક્ષા તેમજ ગોસંવર્ધન એ હિંદુ પ્રજાના આત્માનો અવાજ છે.

મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે 'સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી પ્રથમ કાર્ય એ હશે કે ગોવધ સદાને માટે ભારતભૂમિ પરથી વિદાય લેશે.'

"ભારતવર્ષમાં ગોરક્ષાનો પ્રશ્ન સ્વરાજ કરતાં કોઈપણ રીતે નાનો નથી. ઘણી બાબતોમાં હું એને સ્વરાજ કરતાં પણ મોટો માનું છું. જ્યાં સુધી આપણે ગાયને બચાવવાનો ઉપાય શોધી કાઢતા નથી, ત્યાં સુધી સ્વરાજ અર્થહીન કહેવાશે. ગાયની રક્ષા કરવી એટલે ઈશ્વરની સમસ્ત મૂક સૃષ્ટિની રક્ષા કરવી. ભારતની સુખ સમૃધ્ધિ ગાય તેના સંતાન સાથે જોડાયેલી છે. ભારતમાં ગાય જ મનુષ્યનો સૌથી સાચો સૌથી મોટો આધાર છે. ગાયની રક્ષા કરો તો સૌની રક્ષા થઈ જશે. ગો વધને હું મારો વધ સમજીશ."

ગોરક્ષાને સ્વરાજથી સવાયા પ્રશ્ન ગણતા ગાંધીજીના આ વચન ઉથાપી આપણે ગાયોના વધ સાથે પ્રત્યેક દિન ગાંધી હત્યા દ્વારા અપવિત્ર અને પાપી બનીએ છીએ.

અનુભવે આપણને બતાવ્યું છે કે બંધારણની ૪૮મી કલમ ગૌરક્ષામાં નિષ્ફળ ગઈ છે. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને બિહારે ૪૮મી કલમની રૂપે પોતાના રાજ્યમાં સંપૂર્ણ ગોવધબંધી કરી ત્યારે અનુકંપા અને રાષ્ટ્રપ્રેમના વિપર્યાસ સમા અદશ્ય પરિબળોની મદદ દ્વારા, સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો જે અર્થહિન બની ગયો. ફાઓ અને યુનો જેવી સંસ્થાઓ એ હસ્તક્ષેપ કરી ભારતના સાર્વભૌમત્વ અને ગૌરવને નીચા પાડી, અંતરનો અવાજ ગુંગળાવી નાખ્યો, પરિણામે ભારતમાં સહુ મોટા અને વિશ્વના બીજા નંબરના મોટા દૂધ, ઘી, અનાજ અને દવાના બજારો કબ્જે કરી ભારતના ગળામાં આર્થિક ગુલામીનો ફાંસો નાખવા થનગની રહેલો પરદેશી સત્તાઓએ

પોતાના હિતના વિવિધ કાવાદાવા દ્વારા અહીં પથારો કર્યો છે. આપણું પશુધન કતલ સિવાયના બીજી માર્ગોએ પણ નાશ પામે અથવા તો તેની હત્યા કરવાની ફરજ પડે. ગ્લોબલાઈઝેશન ઉદારીકરણ-મલ્ટીનેશનલ કંપની આર્થિક અને વ્યાપારીકરારો આપણા ગળામાં આર્થિક ગુલામીનો ફાંસો નાખી રહ્યા છે. અને ભારતીય સંસ્કૃતિ પર ધર્માંતરણનું આક્રમણ થઈ રહ્યું છે.

ઋષિઓએ ગાયને ઊંચે સ્થાને સ્થાપી છે. ભારતના આગેવાનો દિશા ભૂલ્યા છે. પરંતુ દેશવાસીઓના લોકહૃદયમાં ઋષિવાણીની સરવાણી પ્રવાહિત થયેલી છે. ઋષિવચનનો પ્રતિછંદ સંભળાયા કરે છે. એટલે ઉજળાભાવિની આશા છે.

વિવિધ તર્ક કરીને ગાયની મૂલવણી કરી શકાય નહિ. ગાય નફા-નુકસાનીના ત્રાજવે તોળવાની વસ્તુ નથી. છતાં આરોગ્ય, પોષણશાસ્ત્રના નિષ્ણાતો પર્યાવરણના તજજ્ઞો, કૃષિ નિષ્ણાતો કે ગ્રામીણ અર્થશાસ્ત્રીઓની કસોટીમાંથી ગાય સવાસોળ આની પૂરી ઊતરી છે. અને ગાય છે ત્યાં સમસ્યાઓનું અસ્તિત્વ નથી આને ગાય નથી ત્યાં સમાધાનનું અસ્તિત્વ નથી એ ઉક્તિ ચરિતાર્થ કરી છે.

## સમગ્ર જીવસૃષ્ટિને જીવાડી રાખવાની તાકાત મા ધરતી પાસે છે

સંસ્કૃતમાં પૃથ્વીને ક્ષમા કહેવામાં આવે છે. પૃથ્વી અત્યંત ઉદાર છે. પૃથ્વી પરમ વિશાળ છે. આગમદિવાકર પૂ. જનકમુનિ પૃથ્વીને આનંદનું ધામ કહે છે.

ચરમ તીર્થંકર ભગવાન મહાવીરે દશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે કે
**"પુઢવી સમે પુણિ હવિજ્જા"**

આત્મોત્થાન ઈચ્છનાર દરેક આત્માએ પૃથ્વી જેવું થવું જોઈએ. આત્મા જ્યારે તમામ કર્મથી મુક્ત થઈ મોક્ષગમન કરે ત્યારે આલોક પૃથ્વીથી મોક્ષની યાત્રાની ક્ષણોમાં શૈલેષીકરણની અવસ્થામાં હોય છે. શૈલનો અર્થ શિલા-પથ્થર. શિલા પોતાના મૂળ પૃથ્વીમાં ઊંડા ઉતારે છે, પૃથ્વીમાં ઓતપ્રોત બની સ્થિર થઈ જાય છે. આ શિલામાં આપણે મૂર્તિ કંડારી અને તેની પૂજા કરીએ કે આ શિલા પર પ્રહાર કરીએ તો પણ તેને કોઈ રાગ દ્વેષ થતાં નથી.

પૃથ્વી, કોઈપણ જાતના ભેદભાવ વિના આ સમગ્ર જીવસૃષ્ટિને પોતાની સમૃધ્ધિ આપે છે. સારા-નરસાના કોઈ ભેદ તેને નથી. આ જીવંત પૃથ્વી ઉપર તેના સંચાલક દેવો સતત કાર્યરત છે. આ વસુંધરા નધણિયાતી નથી-નિર્જીવ પણ નથી. આ જમીનનો હું 'માલિક' છું એમ કહી આપણે તેના માલિક બની ગયા છીએ તે માત્ર ભ્રમણા છે. પૃથ્વીના માલિક તો સૌધર્મેન્દ્ર છે. આ સજીવ અને સચેતન પૃથ્વીના માલિક શકેન્દ્ર મહારાજ છે. તેથી જ શાસ્ત્રકાર પરામર્શીઓએ પૃથ્વીને ઈન્દ્રસ્થાવરકાય નામ આપ્યું છે. કારણ કે ઈન્દ્ર તેના અધિષ્ટાયક છે.

સમષ્ટીને જીવાડી રાખવાની તાકાત મા ધરતી પાસે છે તે જીવસૃષ્ટિને પાણી, અન્ન, વસ્ત્ર, આશરો, ઔષધિઓ, ફળ, ફૂલ, ઉર્જા, ખનિજ, સોનું, હીરા અને ઝવેરાત રૂપે સમૃધ્ધિની છોળો સતત આપ્યે જ જાય છે.

જેમની પાસે અખૂટ સંપત્તિ રૂપિયા છે તે મલ્ટી મીલિયોનર કહેવાય પરંતુ જેની પાસે જમીનનો નાનો સરખો ટુકડો હોય, તેને Land Lord લેન્ડલોર્ડ કહે છે. પાંચ પંદર ટન સોનું કે ઝવેરાત હોય તેને સંપત્તિવાન કહે પણ Lord એટલે કે રાજા ન કહે પણ જમીનના ટુકડાના માલીકને લેન્ડલોર્ડ એટલે રાજા કહ્યા. આમ વહેવારજગતમાં ભૂમિને મૂલ્યવાન ચીજ ગણી છે પરંતુ, મા ધરતી કહે છે, મારામાં આસકિત ન રાખ, હું માત્ર કીંમતી ચીજ નથી. ચૈતન્યનો અંશ છું. માતા સંતાનોને આપવામાં કદી વાળો-ટાળો ભેદભાવ રાખતી નથી. વસુંધરાને કોઈ વહાલું નથી. કોઈ દવલું નથી. એની અમીધારા સતત વરસતી હોય છે. મા વસુંધરાને અહિંસા પ્રિય છે. પૃથ્વી પર હિંસા વધે છે માટે પૃથ્વી ત્રસ્ત થઈ જાય છે. કંપી જાય છે અને ધરતીકંપ થાય છે.

શક્તિનું મૂળ કેન્દ્રસ્થાન નાભિમંડળ છે. નાભિમંડળથી વળી ભૂમંડળને સ્પર્શ કરવો એટલે વંદના-સાક્ષાત દંડવત પ્રણામ-નમન. આ નમન કરવાથી અહંકાર ઘટશે. દરેક વ્યક્તિની ચોપાસ એક આભામંડળ હોય છે. સાથે એક અહંકારનું વર્તુળ પણ હોય છે. નમવાથી વ્યક્તિ પોતાના અહંકાર વર્તુળમાંથી બહાર નીકળશે. અહં અને મમની દિવાલો તૂટશે. સાક્ષાતદંડવતમાં પૃથ્વીની સમથળ થવાથી મા પૃથ્વીના સમતા અને ક્ષમાના ગુણોથી શરણાગતિના ભાવો પ્રવાહિત થશે. દિવ્ય-પવિત્ર આભામંડળનો વિસ્તાર થશે અને નભોમંડળ સુધી ચેતનાનો વિસ્તાર થશે. આ ક્રિયા આત્માના ઊર્ધ્વગમનમાં પરિણમશે.

મા ધરતી પોતાના બાળકોને એક સંદેશ આપે છે.

"બેફામ ભોગવાદી બની મારી સંપત્તિનો દુરોપયોગ કરીશ નહિ.

મારામાંથી મળતી સંપત્તિનો પરિગ્રહ ન કર, આ સંપત્તિ પર માલીકી ભાવ રાખવાને બદલે ટ્રસ્ટી ભાવ રાખજે.

મારા ટુકડા કરી મારા પર આધિપત્ય સ્થાપવાના સામ્રાજ્યવાદને કારણે જ હિંસા દ્વેષ અને લડાઈ થાય છે. સમાજવાદ માટે તું વસુધૈવ કુટુમ્બકમની ભાવના રાખજે.''

મા ધરતીના આ હ્રદયસંદેશમાં વિશ્વવાત્સલ્યના ભાવો અભિપ્રેત છે.

## અનાસક્તિના માર્ગે મુક્તિની યાત્રા
## આસક્તિનાં વાદળો કેવળજ્ઞાનના સૂર્યને ઢાંકી દે છે.

અધ્યાત્મવિકાસમાં આસક્તિ બાધારૂપ છે. જીવનસાધનાના રાજમાર્ગમાં આસક્તિ કંટક સમાન છે. સંત નામદેવને વિઠ્ઠલમાં અપાર શ્રદ્ધા-ભક્તિ. આપણે આપણાં ઇષ્ટદેવ કે સદ્‌ગુરુમાં વિવેકરેખા અતિક્રમી શ્રદ્ધાનું આરોપણ કરી અને ભક્તિ કરીએ ત્યારે ક્યારેક એ ભક્તિમાં આસક્તિ ભળી જાય છે. જે આત્મવિકાસમાં બાધક બને છે. જ્ઞાનેશ્વરે નિરીક્ષણ કર્યું કે સંત નામદેવ વિઠ્ઠલમાં અટક્યા છે. વિઠ્ઠલમાંની આસક્તિ છૂટે તો જ્ઞાન પ્રાપ્ત થાય. જ્ઞાનદેવે સંત નામદેવને કહ્યું કે તું પંઢરપુર છોડી વિશાળ જગતમાં વિઠ્ઠલનાં દર્શન કર.

સંતવૃંદ યાત્રા કરવા ચાલી નીકળ્યું. રસ્તામાં ગોરા કુંભાર ભગતને ત્યાં રાતવાસો કરવાનું થયું. સવારે જ્ઞાનદેવના બહેન મુક્તાએ ભગતને કહ્યું કે ભગત ! તમે ટપલાં મારી હાંડલા કાચા છે કે પાકા એ પારખો છો તો અમને ટપલાં મારી અમારી પણ પરખ કરી દો ને ! ગોરા કુંભારે બધાને ટપલાં મારી પછી કહ્યું કે નામદેવ કાચા છે.

નામદેવ ચોંકી ઉઠ્યા.

તે કહે એમ કેમ ? હું તો વિઠ્ઠલ સાથે વાત કરું છું. ના નામદેવ, તમને વિઠ્ઠલમાં આસક્તિ છે ત્યાં તમે અટકી જાઓ છો. નામદેવ ચેતી ગયા અને તેમના અંતરનો ઉઘાડ થયો.

પરિગ્રહ પાપ ત્યારે જ બને છે જ્યારે તેમાં આસક્તિ જન્મે. બંગલા, મોટર, ચાકર, સંપત્તિ, પુત્ર કે પત્નીમાં આસક્તિ જન્મતા તે પાપ બને છે. ગાંધીજીએ સંપત્તિમાં માલિકીભાવ ને બદલે ટ્રસ્ટીભાવનું આરોપણ કરવા કહ્યું. નિર્લેપભાવે સત્તા સંપત્તિ કે સંબંધોનો માત્ર અનિવાર્ય જરૂરિયાત પ્રમાણેનો ભોગવટો તેમાં આસક્તિ જન્માવશે નહિ. સાક્ષીભાવ, જીવનપ્રવાહમાં આસક્તિને બદલે જલકમલવત સ્થિતિનું નિર્માણ કરશે. આસક્તિ ન હોવાને કારણે અપાર સંપત્તિ અને સુંદરીઓના સ્વામી ધન્ના અને શાભિદ્ર ક્ષણમાં નિર્ણય લઇ ત્યાગને પંથે અણગાર સાધુ બની ગયા.

સ્વામીનારાયણ પરંપરાના પૂ.ગોપાલાનંદ સ્વામી ગામે ગામ સત્સંગ યોજે. એક ગામમાં સત્સંગ વેળા સદાશિવ નામના એક ભકત આવ્યા અને કહ્યું કે, સ્વામી મારી હવેલીમાં પગલાં કરો, આજુબાજુના સાત ગામમાં મારા જેવી સુંદર અને વિશાળ હવેલી કોઇની નથી. તેમની વાતોમાં પોતાની હવેલીનાં મોંફાટ વખાણ અને મમતા પ્રગટ થયા વિના રહે નહિ. જ્ઞાની સંત સમજી ગયા કે ભકત, હવેલીની આસક્તિમાં અટવાઇ ગયા છે. ગોપાલાનંદસ્વામીએ સદાશિવ ભકતને કહ્યું કે, હમણાં થોડા દિવસ સત્સંગ કરો, પછી જરૂર તમારી હવેલીમાં પગલાં કરીશ. આસક્તિ છોડાવવા ખૂબ સુંદર પ્રતિબોધ આપ્યો. સત્સંગમાં બેઠા હતા ત્યાં ચિઠ્ઠી આવી. સ્વામીએ ચિઠ્ઠી વાંચી ગાદી નીચે મૂકી દીધી. સત્સંગ પૂર્ણ થતાં સ્વામીજીએ સદાશિવને પૂછયું, કેમ લાગે છે ? આટલા દિવસના સત્સંગ પછી આસક્તિ કાંઇ મોળી પડી, તો કહે, 'ગઇ' તમારી હવેલી તમારી પાસેથી ચાલી જાય તો તમને દુઃખ થાય ? તો કહે ના. સ્વામીજીએ ચિઠ્ઠી ગાદી નીચેથી કાઢીને વાંચી તમારી હવેલી બળી ગઇ છે. સદાશિવે ખૂબજ સ્વસ્થતાથી કહ્યું કે, મારે માટે તો એ કયારનીય બળી ગઇ છે. આસક્તિ જ દુઃખનું મૂળ છે માટે જ્ઞાનીઓએ કહ્યું છે કે આસક્તિ જતાં દુઃખ જાય છે.

દેહાધ્યાસ-દેહની આસક્તિ ઘટે તો મુક્તિની યાત્રા સરળ બને. દેહ અને આત્મા બન્ને અલગ છે. એ જ્ઞાન, દેહની આસક્તિ ઓછી કરાવી શકે. દેહની વ્યાધિ કે પીડા સમયે જે વ્યાધિ છે તે શરીરને છે, આપણાં અશાતાવેદનીયકર્મના ઉદયને કારણે આપણને આ પીડા છે. આત્મા તો અનંત સુખ અને પરમઆનંદનો ઘણી છે. દેહ-શરીર પ્રત્યેનો અનાસકત ભાવ પીડાને સમતા ભાવે સહન કરવાનું બળ આપશે જેનાથી કર્મ નિર્જરા થશે. તેમજ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ન થવાથી અને પરમતત્ત્વ સાથે ચિત્તનું અનુસંધાન થવાથી નવા કર્મ બંધાશે નહિ.

ઇન્દ્રભૂતિ ગૌતમ ભગવાન મહાવીરના શિષ્ય, ભગવાનના તે પરમભકત, હજારો સાધુઓ અને પ્રભુના અગિયાર ગણધરોમાં તે પ્રધાન સ્થાને હતાં. ચરમ તીર્થંકર મહાવીર પોતાના જ્ઞાનને કારણે જાણતા હતા કે મારો અંતિમ સમય નજીક છે. મારો શિષ્ય ગૌતમ મને અતિશય પ્રેમ કરે છે, મારામાં રહેલી આસક્તિ દૂર કરવા તેણે એક ઉપાય વિચારી આગલે દિવસે ગૌતમને બોલાવી કહ્યું કે, પડોશના ગામમાં દેવશર્મા નામના બ્રાહ્મણને

ધર્મબોધ દેવા તમે જાઓ. ગુરુ આજ્ઞા માથે ચડાવી ગૌતમ ચાલી નીકળ્યા. પાછળથી પ્રભુ નિર્વાણપદને પામ્યા, ગૌતમે જ્યારે ભગવાનનો નિર્વાણના સમાચાર સાંભળ્યા ત્યારે તે વિલાપ કરવા લાગ્યા. હે પ્રભુ આપે શું કર્યું ? આખું જીવન મને આપનાં ચરણોમાં રાખ્યો અને અંતિમ સમયે કાં અળગો કર્યો, હવે મારું કોણ ? ગૌતમના ચિત્તમાં એક ચિંતનનો ઝબકારો થયો ! ભગવાન તો કેવળજ્ઞાની હતા, તેને તેના અંતિમ સમયની ખબર હતી. છતાં મને કેમ અંત સમયે દૂર મોકલ્યો, ઓ, હા, વાસ્તવમાં પ્રભુ પ્રતિ મારો જે અનુરાગ છે એને સમાપ્ત કરવા માટે જ એમણે મને પોતાનાથી દૂર મોકલી દીધો. મારો વિલાપ મોહજન્ય કે સ્વાર્થજન્ય છે. પ્રભુને કોઇ પ્રતિ મોહ ન હતો...આસક્તિનાં પડ તૂટયા. ગૌતમની પ્રભુ પ્રતિ આસક્તિનાં વાદળો પાછળ ઢંકાયેલો કેવળજ્ઞાનનો દેદીપ્યમાન સૂર્ય ઝળાંહળાં થયો. આમ આસક્તિ કેવળજ્ઞાનના ઉદયને અટકાવે છે.

રામકૃષ્ણ પરમહંસને વારંવારના પુરુષાર્થ છતાં નિર્વિકલ્પ સમાધિ લાગતી ન હતી. કાલીમાતાના અનન્યભકત રામકૃષ્ણે તેમના ગુરુ તોતાપુરીને પૂછયું કે, મને કેમ સમાધિ લાગતી નથી. ગુરુએ રામકૃષ્ણને પૂછયું, સમાધિ, ધ્યાન સાધનામાં શું દેખાય છે ? રામકૃષ્ણ કહે કાલીમાતા ! ગુરુ કહે કાલીમાતાની આસક્તિમાં અટકયા છો. રસ્તામાં મા ઊભી છે. તેનો શિરચ્છેદ કરી આગળ વધો. અહીં આસક્તિના શિરચ્છેદની માર્મિક વાત અભિપ્રેત છે.

આસક્તિ આધ્યાત્મિક તંદુરસ્તી નથી, જો એને રોગ તરીકે સ્વીકારીએ તો. આ દર્દની દવા શું ? કોઇપણ વ્યક્તિ રોગ સાથેનું જીવન ન ઇચ્છે તે સ્વાભાવિક છે. આપણી સૌથી મોટી બિમારી છે આકાંક્ષા, ઇચ્છાઓ અને અતૃપ્તિ. તૃષ્ણા આકાશ જેવી અનંત છે. જીવનમાં તૃષ્ણાઓના મૃત્યુઘંટના પડઘમ શમે તે ક્ષણે અનાસક્તિના જન્મની મધુરં ઘંટડીનો રણકાર સંભળાય છે. જ્યારે અહં અને મમ્‌નાં બંધન તૂટે ત્યારે અનાસકત સ્વરૂપનો વિસ્તાર થાય છે. અંતરજ્યોત પ્રજ્વલિત થાય છે. ચેતના જાગૃત થાય છે. અનાસકત આત્મા પરમતત્ત્વની શ્રેષ્ઠ ભૂમિકા પર સ્થિર થાય છે.

## અનાસક્તિના માર્ગે મુક્તિની યાત્રા
## આસક્તિ વિના જીવે તે સંસારમાં રહેવા છતાં સંન્યાસી છે.

પોતાના ભવ્યમહેલમાં શ્રીકૃષ્ણને રાણીઓ, કેસરિયા લાડુ પીરસે છે, શ્રીકૃષ્ણે રાણીઓને કહ્યું કે નદીને સામે કિનારે દુર્વાસામુનિને આજે ત્રણ ઉપવાસનું પારણું છે. તેમને આ લાડુઓથી પારણું કરાવો. રાણીઓ કહે યમુનામાં બે કાંઠે પાણીથી પૂર ઉભરાયા છે. નદી પાર કરી સામે કિનારે શી રીતે પહોંચવું ? શ્રીકૃષ્ણ કહે, મા યમુનાને પ્રાર્થના કરી કહેજો કે કૃષ્ણ અખંડ બ્રહ્મચારી હોય તો અમને માર્ગ આપે. રાણીઓએ કૃષ્ણે કહ્યાં પ્રમાણે પ્રાર્થના કરી અને માર્ગ મળી ગયો. મુનિને લાડુથી પારણું કરાવી અને પાછા ફરતા રાણીઓએ મુનિને પૂછયું કે યમુનામાં તો પૂરનાં પાણી છે અમે પાછા કેમ જઇ શકીશું ? મુનિ કહે મા યમુનાને પ્રાર્થના કરી કહેજો કે, ઋષિ દુર્વાસા અખંડ ઉપવાસી અને તપસ્વી હોય તો માર્ગ આપે. પ્રાર્થના કરતાં રાણીઓને નદીએ માર્ગ આપ્યો.

સોળહજાર રાણીઓ છતાં કઇ રીતે કૃષ્ણ અખંડ બ્રહ્મચારી ? કૃષ્ણને સ્ત્રીઓમાં આસક્તિ નથી. નિર્લેપભાવને કારણે કૃષ્ણ અનાસક્ત યોગી છે. મૈથુનસંજ્ઞા પર તેમણે વિજય મેળવ્યો છે.

કેસરીયા લાડુથી ઉપવાસનું પારણું કર્યું છતાં ઋષિ ઉપવાસી-તપસ્વી કેમ ? ભોજનમાં તેને આસક્તિ નથી, આહારસંજ્ઞા પર વિજય મેળવે તે આજીવન તપસ્વી.

આસક્તિ વિના જીવે તે સંસારમાં રહેવા છતાં સંન્યાસી છે.

આસક્તિ સંદર્ભે ગીતાના નિષ્કામ કર્મયોગના સિદ્ધાંતને સમજવો રસપ્રદ થઇ પડશે.

ગીતાકાર યોગેશ્વર શ્રીકૃષ્ણ સમભાવપૂર્વક આસક્તિ રાખ્યા વિના કર્મ કરવાની વાત કહે છે. કર્મ કરવા માટે આપણે અધિકારી છીએ. પરંતુ તેમાંથી નિપજતા વિવિધ

ફળોને વિશે કદી નહીં, એટલે માત્ર કર્મફળ મેળવવા ખાતર જ કર્મ કરવાનો નિષેધ બતાવ્યો છે. કાર્યની સફળતા કે નિષ્ફળતા જે કાંઇ મળે તેમાં સમભાવ રાખીને કાર્ય કરવાની વાતમાં આસક્તિ છોડી યોગનિષ્ઠ રહેવાનો પ્રબુદ્ધ વિચાર અભિપ્રેત છે. કારણકે સિદ્ધિ-અસિદ્ધિમાં સમાન ભાવ રહેવો તેને જ યોગ કહ્યો છે. મુનિશ્રી સંતબાલજીએ આસક્તિને સંસારનું મૂળ કહ્યું છે. જૈન સૂત્રોએ વારંવાર પોકારીને આ વાત કહી છે કે, તમારા મનોદ્રવ્ય, મનના સંસ્કારના જેવાં પરિણામ હશે તેવા તમે બનશો.

ગીતાકાર પણ આ વિચારને પુષ્ટ કરે છે. મનોજ્ઞવિષયો અને ઇન્દ્રિયોનો સંયોગ સુખકર છે, પૂર્વે ભોગવેલ સ્પર્શસુખ મીઠું લાગે છે, અમુક પદાર્થ સ્વાદીલો છે, અમુકમાં મજા, સુંદર રૂપ, મધુરશ્રવણ વારંવાર આ ચિંતન અંતરમાં રહેલી વિષયાસક્તિની વેલ પાંગરવામાં સહાયક બને, શબ્દોની શાલિનતાના સહારે આ વિચારને વ્યકત કરીએ, કે વાસના સ્થૂળ ભૂમિકા પર આવવા માટે ઇંતેજાર બની નિમિત્ત શોધે અને પદાર્થની લાલસા પૂરી કરવા પ્રયત્ન પણ થાય અને જે કોઇ એની વચ્ચે આડખીલી-અવરોધ રૂપ હોય તેના પ્રત્યે ક્રોધ પણ જન્મે એ સ્વાભાવિક છે. ક્રોધ આવ્યો કે વિવેક ભાગ્યો એટલે હું સાધક છું મારાથી આમ ન થાય એ વાત યાદ ન રહે. પરિણામે સમતાવાળી નિશ્ચયાત્મક બુદ્ધિ પળવારમાં નષ્ટ થઇ જાય. એ નષ્ટ થઇ એટલે ભાવમૃત્યુ થઇ જ ચૂકયું. જૈનસૂત્રો પ્રમાણે અગિયારમે ગુણસ્થાનકે (આત્માના ક્રમિક વિકાસના તબ્બક્કા) જઇને પણ સૂક્ષ્મલોભ સાધકને પાડી દે છે.

શ્રીમદ્ રાજચંદ્રજી આવી સ્થિતિ માટે કહે છે : 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો ! રાચી રહો !' સુખની ઇચ્છાને કારણે આત્મસુખ મરે છે. અહીં ક્ષણે ક્ષણે આત્મભાવના મરણની વાત અભિપ્રેત છે. ઇન્દ્રિયોના વિષયોની આસક્તિમાં ક્ષણે શ્રણે થતા ભાવમરણને કારણે આત્મા, મોક્ષ માટે અધિકારશૂન્ય બનતો જાય છે.

એક શ્રેષ્ઠીને સંતની જીવનચર્યા જોવાની જિજ્ઞાસા થઇ. તેણે સંતને પોતાની હવેલીમાં રહેવા આમંત્રણ આપ્યું, ત્રીજે દિવસે શ્રેષ્ઠીએ સંતને કહ્યું, તમારા ને મારામાં શું ફરક ? તમે પણ હવેલીમાં રહો છો અને હું પણ હવેલીમાં રહું છું ! સંતે બહુજ

માર્મિક ઉત્તર આપ્યો, તમારી હવેલીમાં હું રહું છું, અને હવેલી તમારામાં રહે છે. આપણી ચિત્તવૃત્તિમાં આપણો પરિગ્રહ માળો ન બાંધે એવી ચેતવણી જ્ઞાનીઓ આપે છે.

સંન્યાસીઓમાં ચર્ચા ચાલી જનક અનાસકત રાજવી છે, એક સન્યાસીને રાજવી અને અનાસકત એ બન્ને વિરોધાભાસી શબ્દો એક સ્થાને કેમ સંભવે તે વિશે શંકા જાગી, પોતાની પોટલી લઇ જનકના મહેલમાં ગયો. જનકે સ્વાગત કર્યું. પોતાના મહેલના એક ખંડમાં સંન્યાસીને આશ્રયસ્થાન આપ્યું. સવારના બન્ને તાત્ત્વિક ચર્ચા કરતાં કરતાં ઉદ્યાનમાં ફરતા હતાં ત્યારે અનુચરે કહ્યું કે રાજન, રાજમહેલમાં આગ લાગી છે. મહેલ ચારે તરફથી આગની જવાળામાં લપેટાઇ ગયો છે. સ્થિતપ્રજ્ઞ જનકના ચહેરા પર શાંતિ છે. મહેલના એક ખંડમાં પોતાની પોટલીમાં પડેલી એક કાંબળી અને બે લંગોટીનું સ્મરણ થતાં, વ્યાકુળ સંન્યાસી પોટલી બચાવવા દોડતા પહેલા રાજા જનકને કહે છે, રાજા દોડો મહેલ બળે છે. સ્વસ્થતાથી જનક કહે છે કે, મારું છે તે બળતું નથી, અને બળે છે તે મારું હોઇ શકે જ નહીં. સંન્યાસીને જનકની અનાસકતદશાના પ્રતિતી થઇ ગઇ. જ્ઞાનીઓ કહે છે કે સંપત્તિમાં આસકિત જન્મે ત્યારે એ સંપત્તિ, સંપત્તિ ન રહેતા વિપત્તિ બની જાય છે. વિષય-કષાય, રાગ-દ્વેષ, કામ-ભોગ વગેરેથી જાગૃતિપૂર્ણ ચેતતા રહેવાવાળા તથા હિંસા વ.પાપકર્મોથી દૂર રહેવા સાધકો શબ્દો, રૂપ, રસ, ગંધ અને સ્પર્શના નિમિત્ત થનારી આસકિતને જાણી શકે છે. ઇન્દ્રીયોના વિવિધ વિષયમાં જીવ હરખાઇ જાય છે. સમકિતની ભાવના દૂર થતી જાય છે ત્યારે માત્ર સંસાર જ સાર રૂપ લાગે છે. ત્યારે ભોગ-ઉપભોગનો માર્ગ જ પ્રિય લાગે છે. જીવનમાં આસકિત તાંડવ નૃત્ય કરે ત્યારે અનાસકિત, વિરકિત કે ગતિનો સંવાદ સ્થાપવો મુશ્કેલ બની જાય છે.

આસકિત છે ત્યાં હિંસા છે, અસત્ય છે, પરિગ્રહ છે, અબ્રહ્મચર્ય છે, ચોરી છે, એક જૂઠ અનેક જૂઠ બોલાવે, એક હિંસા અનેક હિંસા કરાવે.

આશ્ચર્યની વાત તો એ છે કે આપણને જેના પ્રતિ આસકિત હોય, તેના પ્રતિ અધિક પ્રેમ હોય ખૂબજ સ્નેહ હોય છે, પ્રિય પાત્ર પર ક્રોધ કરવાનો, અને માલિકી ભાવ સ્થાપવાની કુચેષ્ટા કરીએ છીએ. ક્રોધ એટલા માટે કે મને જે પદાર્થ પ્રિય છે તેજ મારા પ્રિય પાત્રને પ્રિય હોવું જરૂરી છે. એવો વિચાર તેમના પર ઠોકી બેસાડીએ છીએ. તેમાં મતભેદ થતાં જ ક્રોધ પ્રગટે છે.

પરંતુ બધાને જે પ્રિય છે તે જ મને પ્રિય હોવું જોઇએ તે અનાસક્તની સાધના છે. અનાસક્તિનો માર્ગ મુક્તિ તરફ જવાની યાત્રા છે. જ્યારે અનાસક્તિની ભાવના ચેતનાની ઊંડાઇએથી સ્પર્શ કરે ત્યારે આસક્તિ તૂટે છે.

આસક્તિથી દૂર થવા સાધકે અનાસક્ત થવાના ઉપાયોની ઉપેક્ષા કરવી પાલવે નહીં. વિવેકયુક્ત વૈરાગ્યભાવ અનાસક્તની પગદંડી પર લઇ જશે, પછી અનાસક્તિના માર્ગે મુક્તિની યાત્રા સહજ અને સરળ બનશે.

## અનાસક્તિના માર્ગે મુક્તિની યાત્રા
## જેણે સ્વાદ જીત્યો તેણે જગત જીત્યું.

આત્મા અને કર્મનો સંબંધ અનાદિ છે. જૈનદર્શનમાં બતાવેલ આઠ કર્મોમાં મોહનીય કર્મ વધુ પ્રબળ છે. સાત કર્મો તો આત્માના મૂળ ગુણ અને મૂળ સ્વરૂપને માત્ર આવૃત્ત કરે છે. જ્યારે મોહનીય કર્મ આત્માના મૂળ ગુણ સ્વરૂપને વિકૃત કરે છે. આ કર્મના કારણે જીવાત્મામાં વિવિધ મનોવૃત્તિઓ જન્મે છે. જેને જૈન પરિભાષામાં સંજ્ઞા કહે છે.

સંજ્ઞા એટલે વૃત્તિ, સંજ્ઞા એટલે આસક્તિ, આધુનિક મનોવિજ્ઞાન જેને સહજ સ્વાભાવિક મનોવૃત્તિઓનાં નામે ઓળખે છે તેને જૈનદર્શને સંજ્ઞાનું નામ આપ્યું છે. સંજ્ઞાઓના વિશ્લેષણ દ્વારા આસક્તિને સમજવાનું રસપ્રદ થઇ પડશે. આવી દસ સંજ્ઞાઓ છે પરંતુ મુખ્યત્વે ચાર સંજ્ઞાઓ છે. ખાવાની વૃત્તિ અને વિચાર તે આહારસંજ્ઞા, ડરની લાગણી અને વિચાર તે ભયસંજ્ઞા, જાતીયવૃત્તિ અને વિચાર તે મૈથુન સંજ્ઞા, માલિકી હક્ક, મારાપણાનો વિચાર, મમતા અને આસક્તિ એ પરિગ્રહ સંજ્ઞા.

જન્મ-જન્માંતરથી આ સંજ્ઞાઓના ગાઢા સંસ્કાર આત્મા પર પડેલા હોય છે. બાળક જન્મતાંની સાથે માતાનું સ્તનપાન કરી પોતાનો આહાર મેળવે છે. સ્તનપાન કરવાનું બાળકને શીખવવું પડતું નથી, આ પૂર્વની આહારસંજ્ઞાનું, સંસ્કારનું પરિણામ છે. ગમે ત્યારે ગમે તેટલું, ગમે તેવું ખાવું રસપૂર્વક. સ્વાદિષ્ટ આહાર, વારંવાર ગમે તે ભોગે ખાવો તે આહાર સંજ્ઞાની આસક્તિનું પરિણામ છે. આ આસક્તિ ભક્ષ્યાભક્ષ્યનો વિવેક ચૂકવી દે છે. તે હિંસા આદિ અનેક કર્મોનું બંધન કરાવે છે. જ્ઞાનીઓએ કહ્યું છે કે જ્યાં આસક્તિ ત્યાં ઉત્પત્તિ. જેમાં આપણી આસક્તિ રહી ગઇ હોય ત્યાં જ પછીના ભવમાં આપણે ઉત્પન્ન થઇએ છીએ. આહારસંજ્ઞાની આસક્તિના પરિમામે ધાન્યના કોઠારોના સૂક્ષ્મ જીવોરૂપે ઉત્પત્તિ કે ખેતરોમાં તિર્થંચરૂપે એટલે પશુ પક્ષી રૂપે ઉત્પન્ન થવાના સંયોગોનું સર્જન કરે છે. માંસાહારમાં આસકત જીવ નારકીપણાને નોતરી દુર્ગતિનાં દ્વારે પહોંચી જાય છે.

મહારાજા યુધિષ્ઠિરે રાજસૂયયજ્ઞ આરંભ્યો ત્યારે શ્રીકૃષ્ણ પરમાત્માને તેમણે પૂછયું કે મારે યજ્ઞની પૂર્ણાહુતિ ક્યારે કરવી ? શ્રીકૃષ્ણે ઉત્તરમાં કહ્યું કે આ મારો પંચજન્ય શંખમાંથી સ્વયં નાદ નીકળે ત્યારે યજ્ઞ પૂરો થયો જાણવો. વિધિ પ્રમાણે યજ્ઞ પૂરો થયો છતાં શંખ ન વાગ્યો, ત્યારે યુધિષ્ઠિરે પૂછયું કે શંખ કેમ ન વાગ્યો ? શ્રીકૃષ્ણ બોલ્યા, જુઓ નગરમાં કોઇ ભકત ભૂખ્યો હશે. તપાસ કરાવતાં એક આત્મારામ ભંગી નામનો ભકત, પ્રભુભક્તિમાં મગ્ન હોવાને કારણે જમવા નહોતો આવ્યો. યુધિષ્ઠિરે આદર સાથે તે શુદ્રને બોલાવ્યો. દ્રૌપદીએ પોતાના હાથે બનાવેલી રસોઇ તેને પીરસાવી. તે શુદ્રે એક કોળિયો અલગ કરી પ્રભુને અર્પણ કર્યો. પછી બધું ભેગું કરીને ખાઇ ગયો. આ જોઇ દ્રૌપદી ખિન્ન થઇ મનોમન બોલી, આખરે ભંગીની જાત ! તેને રસોઇના આવા ઉચ્ચતમ સ્વાદની શું ખબર પડે, ખાખરાની ખિસકોલી, આંબાના રસને શું જાણે ? આથી શંખ થોડો વાગીને બંધ થઇ જતાં શ્રી કૃષ્ણને કારણ પૂછતાં જવાબ આપ્યો કે ભકતના આદરસત્કારમાં કાંઇક કચાશ રહી ગઇ છે. ભકત પ્રત્યે ધૃણાની ભાવનાનું આ પરિણામ છે. નિખાલસ હૃદયના દ્રૌપદીએ ભકત આત્મારામ ભંગી પાસે જઇ માફી માંગી અને બધું ભેગું કરી જમવાનું કારણ પૂછયું, સંતે કહ્યું, અન્ન એ શરીરને પોષવા માટે છે. ઇન્દ્રિયો ઉન્મત બનાવવા માટે નથી. સ્વાદથી જમવાને કારણે આહારમાં આસક્તિ વધે છે, જિહ્‌વા સ્વાદ વધે છે. બધી ઇન્દ્રયોમાં રસેન્દ્રિય ખતરનાક છે. ધ્યાન અને ભક્તિમાં રૂકાવટ લાવનાર છે. દ્રૌપદી પ્રસન્ન થઇ વંદન કરવા લાગ્યા ત્યારે પંચજન્ય શંખના મંગળધ્વનિથી વાયુમંડળ પવિત્ર બન્યું.

આહારમાં આસક્તિ મન, વચન અને કાયાને દૂષિત બનાવે છે. માટે જ જ્ઞાનીઓએ કહ્યું છે કે જેણે સ્વાદ જીત્યો તેણે જગત જીત્યું.

પાંચસો શિષ્યોના ગુરુ મંગુ આચાર્ય તપસ્વી. તપ ઘણું કરે પણ ઉપવાસના પારણામાં સ્વાદિષ્ટ ભરપૂર આહાર લે. આહારની આસક્તિને પાતળી પાડી શકયા નહોતા. દીર્ઘતપસ્યા પછી પારણામાં ખૂબ આહાર ખાવાથી કાલધર્મ પામ્યા. શિષ્યો ગુરુની અંતિમક્રિયા પતાવી આગળ વિહાર કરવા લાગ્યા. વિહારમાં ચાલતાં ચાલતાં સામેના રસ્તા પરના એક મોટાવૃક્ષમાં કાંઇક વિચિત્ર વસ્તુ, થોડી થોડી ક્ષણોના અંતરે દેખા દે. શિષ્યોએ નજીક આવતાં જોયું કે એક વિરાટ જીભ વૃક્ષોની ડાળી વચ્ચે લબકારા

મારે છે. આ કૌતુક જોવા બધા શિષ્યો ઊભા રહી ગયા. ત્યાં દૈવી અવાજ આવ્યો. આ જીભ તમારા ગુરુની છે. હે શિષ્યો ! ધ્યાનથી સાંભળો, રસના અને આહાર સંજ્ઞામાં આસક્તિને કારણે હું વિરાટ જીભવાળા વિશાળકાય વ્યંતરદેવયોનિના ભયંકરપણાને પામ્યો છું. તમે આહારની આસક્તિથી અળગા થજો. ચેતજો...માત્ર ઉપવાસ કરી ન ખાવું તે બાહ્ય તપ છે. આનો ઉપાય વિચારી તમારું કલ્યાણ કરજો. અને ગુરુ પોતાના શિષ્યોને બોધપાઠ પમાડી અંતરધ્યાન થયા.

મૈથુનસંજ્ઞામાં આસક્તિ તિર્યંચ યોનિમાં જીવને ભવભ્રમણ કરાવે. ગણિકા કે નર્તકી જેવા હલકા ગોત્રને પ્રાપ્ત કરાવે છે કે નપુંસક બનાવે છે.

માત્ર પરિગ્રહ એ પાપ નથી. અઢળક સંપત્તિના સ્વામી કુબેર કે આનંદશ્રાવકને ઇતિહાસે પાપી નથી કહ્યાં પણ પુણ્યશાળી કહ્યા છે.

પરિગ્રહમાં આસક્તિ જન્મે ત્યારે પરિગ્રહ પાપ બને છે.

કુબેર, આનંદશ્રાવક, ભામાશા, જગડુશા, વસ્તુપાળ, તેજપાળ જેવા વીરોએ સંપત્તિનો ભોગ નહીં સંપત્તિનો ત્યાગ કર્યો હતો. ભગવાન મહાવીરે દીક્ષા સમયે પોતાની તમામ સંપત્તિનું દાન કરી ત્યાગ કર્યો હતો.

મમ્મણ શેઠની પરિગ્રહમાં આસક્તિને કારણે દુર્ગતિ થઇ.

માનવીને ભવિષ્યની ચિંતા સતાવે ત્યારે ભયસંજ્ઞા જોર કરે છે અને આ જોરને કારણે તે સંપત્તિ એકઠી કરે છે. ભય અને પરિગ્રહસંજ્ઞાનું સંક્રમણ વિવેકનો લોપ કરાવે ત્યારે પરિગ્રહની રેખાનું અતિક્રમણ થાય છે અને આમ પરિગ્રહમાં આસક્તિનો જન્મ થાય છે. જે આસક્તિ જીવને તિર્યંચ યોનિના ભયંકરપણાને પ્રાપ્ત કરાવે છે. પુનર્જન્મમાં એ જીવ કૂતરો કે સાપ બનીને એ સંપત્તિનું રક્ષણ કરે છે.

સંજ્ઞા, સંબંધો, ભોગ કે સંપત્તિમાં આસક્તિ જન્માવનાર મોહનીય કર્મ છે. વધુમાં વધુ લાંબાકાળ સુધી મોહનીય કર્મ જ આત્માને ચીટકી રહે છે.

## 'સ્વ' ની સાથેનો થોડો પરિચય ઘણું આપી દે છે

સાધકની મુંઝવણ વધે છે. નિરંતર એક પ્રશ્ન ઊઠે છે હું કોણ છું ? ક્યાંથી આવ્યો ? ક્યાં જવાનો ? જાણે પ્રશ્નોની પરંપરા સર્જાઇ, જવાબ મળતો નથી. સંપ્રદાયો અને પરંપરાઓ અડાબીડ જંગલ જેવા લાગે છે.

પ્રભુ તરફ જનાર કોઇ પગદંડી પણ મળતી નથી ત્યાં મોક્ષ પ્રતિ જનાર રાજમાર્ગની તો વાત જ શી કરવી ?

અનેક મંદિરોમાં તીર્થાટન કર્યું. પંડિતો સાથે શાસ્ત્રાર્થ કર્યો, કંદરાઓ, પર્વતો અને નિર્જન સ્થળોમાં કઠોર વ્રત સહિતના દિવસો વીતાવ્યા, ગુફાના એકાંતમાં ધ્યાન ધર્યું.

હવે આત્મ સાક્ષાત્કારની ઝંખના ચરમસીમાએ પહોંચી. ભગવાનની ભક્તિમાં ચિત્ત ચોંટ્યું એટલે ભૌતિક વળગણો ખરવા લાગ્યાં, મોહમાયા ઓછા થવા લાગ્યા.

અંતરમાં અદમ્ય ઇચ્છા છે, ઉત્કૃષ્ટ અધિકારીભગવાનને પ્રસન્ન કરી, પરમ વરદાન માગી આત્મસાક્ષાત્કાર કરીશ.

એકાએક દિવ્યપ્રકાશમાં સાધકની આંખો અંજાઇ ગઇ. જોયું તો સ્વયં બ્રહ્મા પધાર્યા હતા. સાધકનું હૃદય પુલકિત થઇ ઉઠયું. એટલામાં તો બ્રહ્માજીએ વરદાન માગવા કહ્યું. પ્રભુ વરદાન માગતાં પહેલાં એક પ્રશ્ન પૂછવાની ઇચ્છા છે. આપની આજ્ઞા હોય તો...! સાધકે કહ્યું.

પૂછો જે પ્રશ્ન હોય તે પૂછો.

પ્રભુ મારા જેવા સાધકને આપ જે વરદાન આપો છો તે આપના અધિકારમાંથી જ આપો છો કે બીજે ક્યાંયથી મેળવીને આપો છો ?

ભાઇ ! મારા અધિકાર મર્યાદિત છે, મારે વિષ્ણુજી પાસે જવું પડે છે. બ્રહ્માએ ઘટસ્ફોટ કર્યો.

તો હું સ્વયં વિષ્ણુજી પાસેથી જ વરદાન મેળવીશ.

ભકતે સાધનાના બળે વિષ્ણુજીને પ્રસન્ન કરી અને પૂછયું કે આપ મને જે વરદાન આપશો તે આપની પાસેથી આપશો કે અન્ય પાસેથી મેળવીને વિષ્ણુજી બોલ્યા 'મારે મહેશજી પાસેથી મેળવીને તને વરદાન આપવું પડે'.

ભકતે મહેશજીને પ્રસન્ન કરી પૂછયું કે 'આપ કોની પાસેથી લાવીને મને વરદાન આપશો ?'

હું સર્વશકિતસંપન્ન છું મારે કોઇની પાસે કશું લેવા જવું પડતું નથી હું તો સૌ કોઇમાં સમાયેલો છું. પ્રત્યેક આત્મા મારો અંશ છે. ચૈતન્ય માત્ર સાથે મારું સતત અનુસંધાન છે.

તો પ્રભુ મારી ભીતર પણ આપનો વાસ છે ?

અવશ્ય

સાધકની વિચારધારા પ્રવાહિત થઇ.

મને વરદાન આપનાર જો સાચો અધિકારી મારો આત્મા જ હોય તો મારે વરદાનની શી જરૂર ? દિવ્યપ્રકાશનો ખજાનો મારી ભીતરમાં ઝળહળે છે ને હું શા માટે અંધારામાં ભટકું છું ?

અમૃતનોસાગર મારી ભીતર હીલોળા લે છે ને વિષપ્યાલી પકડીને હું કેમ બેઠો છું ?

જેની નાભિમાં જ કસ્તૂરીની મહેક હોવા છતાં, સુગંધને શોધવા ઠેર ઠેર દોડા દોડ કરતા મૃગની કથાની વ્યથા મારામાં અભિપ્રેત છે.

વાસ્તવમાં તો આ જીવનો સ્વભાવ આત્મામાંથી આનંદ મેળવવાનો છે પરંતુ ભાવ ભૂલ્યા તેથી પોતાનામાંથી આનંદ મેળવવાનું ભૂલી દુન્યવી ભૌતિક ચીજોમાંથી આનંદ મેળવવા ફાંફાં મારવા લાગ્યા. માત્ર બુદ્ધિના અને ભૌતિક સુખોના સહારે જીવનનો આનંદ પામવાના પ્રયત્ને સાચી દિશાથી વિમુખ કર્યો. ચૈતન્યથી વિમુખ થવાને કારણે આમ બન્યું.

આ જીવે પર સાથે તાદાત્મ્ય સાધી અનંતભવો ગુમાવ્યા. પર એટલે જડ, પુદગલ કે ભૌતિક પદાર્થો, સ્વ એટલે ચૈતન્ય. ચૈતન્યની શોધનો પુરુષાર્થ કર્યો નહિ પરંતુ જડની શોધ, તેમનાં ઊંડા રહસ્યો પામવા, શોધો કરવા સમગ્ર જિંદગી ખરચી નાખી.

'સ્વ' સાથેનો થોડો પરિચય ઘણું આપી દે.

આત્માનંદ એ કોળેલું એવું કલ્પવૃક્ષ છે, જેને કદી પાનખર ન આવે, અહર્નિશ વસંત જ....વસંત !

## અંધાપો
## કર્મબંધનું મુખ્ય કારણ મિથ્યાત્વ છે.

આપણો આત્મા, કર્મોનાં બંધનથી બંધાયેલો છે. આપણે સૌ મુક્તિપંથના પ્રવાસીઓ છીએ. કર્મના આ બંધનો તોડવા માટે સર્વ પ્રથમ તો એ બંધનનું સ્વરૂપ જાણવું પડશે. સ્વરૂપ જાણ્યા પછી એ બંધન તોડવાનો સમ્યક્ પુરુષાર્થ કરવો પડશે.

કર્મબંધનું મુખ્ય કારણ મિથ્યાત્વ છે. ખરાને ખોટું માનવું અને ખોટાને ખરું માનવું, અનિત્યને નિત્ય, અશુદ્ધને શુદ્ધ કે દુઃખને સુખ માનવું એટલે મિથ્યાત્વ. આ માન્યતાઓને છોડીએ તો જીવનમાંથી મિથ્યાત્વની વિદાય થાય અને કર્મબંધની પ્રક્રિયાનું સાતત્ય તૂટે અને કર્મબંધન અટકે.

મિથ્યાત્વના સ્વરૂપને સમજીશું તો મિથ્યાત્વ છોડવામાં સરળતા રહેશે.

કોઇ વ્યક્તિ કુળપરંપરાગત ધર્મ પાળે સાચા અર્થમાં એ ધર્મ ન હોય અંધશ્રદ્ધા કે કુરૂઢિનું પોષણ થતું હોય છતાંય સત્યાસત્યનો વિવેકબુદ્ધિથી વિચાર કર્યા વિના વળગી રહે તે મિથ્યાત્વ છે. આ મોહ છે અને મોહનીયકર્મની શક્તિ એટલી પ્રબળ હોય કે તેના કારણે ખરા ધર્મની કસોટી થઇ શકતી નથી. વળી કેટલાંક મૂઢતાને કારણે સત્ય ધર્મ પારખવાની બુદ્ધિ ધરાવતા નથી અને પુરુષાર્થ પણ નથી કરતાં તો વળી કેટલાંક તો સમજી ગયા હોય છે કે મારી ધર્મમાન્યતા કે કલ્પના ખોટી છે. છતાં નિજ અહમ્ ને કારણે ખોટી તાર્કિક દલીલો કરી કુમતને સિદ્ધ કરવાનો અવળો પુરુષાર્થ કરે છે. સત્પુરુષોનાં વચનમાં સંશય કરી મિથ્યાત્વની પુષ્ટિ કરે છે.

કેટલાક લોકો લોકપરંપરાના સંદર્ભે લોકસંજ્ઞાના પ્રવાહમાં તણાઇને મિથ્યાત્વને પોષતા હોય છે. જે અસત્ અને વિરુદ્ધ માન્યતાને વળગી હિંસાચાર, મહા આરંભ અને સમારંભ દ્વારા કર્મબંધનું કારણ નિપજાવે છે. સુદેવ, સદ્ગુરુ અને સુધર્મથી વિપરીત માન્યતાને કારણે આમ બને છે.

જેણે રાગ અને દ્વેષને નિર્મૂળ કર્યા તે સુદેવ છે. જે જીવનમાં સમતા રાખવાનું સૂચન કરી વિશ્વકલ્યાણની વાંછના કરે તે સુધર્મ અને જે પોતે તરે અને અન્યને તારે તે જ કલ્યાણમિત્ર સદ્‌ગુરુ. આ ત્રણમાં શ્રદ્ધા દૃઢ થવાથી જીવનમાંથી મિથ્યાત્વ જશે.

એક નૌકા સમુદ્રકિનારે લાંગરી હતી. રાત પડી એટલે સફર શરૂ કરવા નાવિકે નૌકામાં બેસી હલેસાં મારવાનું શરૂ કર્યું. આખી રાત હલેસાં માર્યા. સવાર પડ્યું નાવિકે જોયું તો આશ્ચર્ય ! નૌકા ત્યાંની ત્યાં જ હતી, બંદરગાહથી જરા પણ આગળ વધેલ નહિ. કારણ....લંગરથી નૌકા છૂટી પડી ન હતી. કિનારે લંગર સાથે બંધાયેલ જ હતી. આપણો જીવ મિથ્યાત્વનું લંગર છોડે તો જ આત્મા તરફથી સફર શરૂ થાય.

વળી કેટલાંક મિથ્યાત્વને આપણે આ મિથ્યા છે. એમ જાણતાં હોવા છતાં છોડતા નથી કારણ કે એમાં આપણો સ્વાર્થ હોય છે. આપણી અનુકૂળતા અને મમત્વને કારણે આપણે મિથ્યાત્વને પોષતા હોઇએ છીએ. મિથ્યાત્વના ચશ્માં ઉતારી ખુલ્લી દૃષ્ટિથી જોવાની આપણી હિંમત નથી. આ વાતને જ્ઞાનીપુરુષે સુંદર દૃષ્ટાંતથી સમજાવી છે.

એક ગામના શેઠને પોતાની ઉંમરલાયક કન્યાનો વિવાહ કરવો છે. પુત્રી કુરૂપ છે. કોઇ મુરતીઆ તેને પસંદ કરતાં નથી. શેઠ ઉપાય વિચારે છે. એક અંધયુવાનને કહે છે તારે લગ્ન કરવા છે ? અંધયુવાન કહે, શા માટે મશ્કરી કરો છો ? હું અંધ છું, મારી સાથે કોણ પોતાની કન્યા પરણાવે ?

શેઠ કહે હું મારી પુત્રી જોડે તારો વિવાહ કરું.
સુરદાસ ખુશ....!

પુત્રી અને અંધજમાઇ શેઠને ઘરે સુખેથી રહે છે. આંખ નથી એટલે રૂપ-કુરૂપનો તે યુવાનને ભેદ નથી તે તો પોતાની પત્નીને પ્રેમ કરે છે. એક વાર શેઠને ત્યાં તેનો મિત્ર પરદેશથી આવે છે. કહે છે કે હવે તો તબીબીવિજ્ઞાન એટલું આગળ વધ્યું છે કે હું ઉપચાર કરી તારા જમાઇને દૃષ્ટિ અપાવી શકું છું. શેઠ કહે જરૂર નથી. મિત્ર કહે કેમ ? શેઠ કહે મારો જમાઇ દૃષ્ટિહીન છે ત્યાં સુધી મારી પુત્રીને વાંધો નથી. તે

ચાહ્યા કરશે. પ્રેમ કરશે. આંખો મળતા કુરુપ પત્નીને જોઇ કદાચ પ્રેમ કરતો અટકી પણ જાય. એની દષ્ટિ મારી પુત્રીના સુખ માટે જોખમ છે.

આપણે પણ અજ્ઞાનના અંધાપામાં મિથ્યાત્વને પ્રેમ કરી રહ્યા છીએ. જ્ઞાનના પ્રજ્ઞાચક્ષુ મળે તો કદરૂપા મિથ્યાત્વને છોડી સમકિત તરફ વળીએ.

એક વ્યક્તિને ખીર બહુ ભાવે, થાળીમાં પીરસાણી તેને પેટની વ્યાધિ હતી તે કારણે તે વોમીટ થતાં તે ખાધેલી ખીર થાળીમાં પડી એક વાટકામાં ખીર ભરી લીધી અને, એક અંધ્ સુરદાસને તે ખીર આપી, વમેલી ખીર જેણે વમન દ્રશ્ય જોયું છે તેને તો આ ખીર કુત્સિત, સૂગ વાળી લાગી પરંતુ સુરદાસે ખાઇ લીધી કારણ કે તેને ખબર નથી તેણે આ દ્રશ્ય જોયું નથી, કારણ તેની પાસે આંખ નથી, બસ અજ્ઞાનનો અંધાપો લઇને ફરતાં આપણું પણ કઇક આવું જ છે. જ્ઞાનીઓ પાસે સમ્યક્દષ્ટિ છે તેથી તેઓ આ સંસારનાં સુખોથી અલિપ્ત રહેશે. યુગપુરુષ શ્રીમદ્જીએ કહ્યું છે ‘સકળ જગત તે એંઠવત અથવા સ્વપ્નસમાન, તે કહીએ જ્ઞાની દશા બાકી વાચા જ્ઞાન’. આમ જ્ઞાની માટે આખો સંસાર વમનના વાટકા સમાન છે.

સદ્ગુરુ તો આપણને જ્ઞાન આપવા તત્પર છે. એમનો હાથ તો આપણા તરફ લંબાયેલો જ છે. આપણે એ હાથ પકડી લેવાનો પુરુષાર્થ કરીશું તો કર્મદળમાંથી બહાર નીકળી શકીશું.

સત્પુરુષોનાં વચનોનકશાની રેખાઓ જેવા હોય છે. જ્ઞાનીનો ઉપદેશ નકશો છે, જો તેમણે ચીંધ્યા માર્ગે ચાલીએ તો લક્ષ સુધી પહોંચાય. તેમનાં વચનામૃતો માત્ર વાંચવા કે સાંભળવાથી આગળ નહિ વધાય, આચરણમાં મૂકવા પડશે. પ્રયોગ કરવો પડશે. અનુભૂતિમાં આવશે તો સફળ થઇશુ. નકશો જોયા કરવાથી લક્ષે નહીં પહોંચાય. લક્ષે પહોંચવા તો સ્વયં સફર કરવાનો પુરુષાર્થ કરવો પડશે.

# પ્રાયશ્ચિત્ત કે પારિતોષિક

ધર્મસ્થાનકમાં સંત અભ્યંતર તપનો ભાવ સમજાવી રહ્યાં છે. શારીરિક શુદ્ધિ માટે જેમ સ્નાન જરૂરી છે તેમ આંતરકિ આત્મશુદ્ધિ માટે બાહ્યાંભ્યંતર તપનું અનુસંધાન જરૂરી છે. ઉપવાસ કરવો એ બાહ્ય તપ છે. ઉપવાસના દિવસના આચાર-વિચાર આધ્યાત્મિક અનુષ્ઠાન, આત્મા સાથે અનુસંધાન કરાવનારું ધ્યાન અને કર્મ નિર્જરાનું લક્ષ અંતરતપ છે. ઉપવાસ કે કોઇ પણ પ્રકારના તપની પૂર્વભૂમિકાના વિચાર એટલે તપ કરવાનું પ્રયોજન. તપની પૂર્ણાહૂતિના દિવસના આચારવિચારમાં પણ નિર્મળતાની ખૂબ જ અગત્ય છે. તપના આડ લાભ ઘણા હોઇ શકે પરંતુ તેનું અંતિમ ધ્યેય કર્મનિર્જરાનું હોય તે જ તેની ફલશ્રુતિ ગણાય.

એક યુવાને સંતના શબ્દો ઝીલી લીધા. ત્રણ દિવસના નિર્જળા ઉપવાસ પૂર્ણ કર્યા. ચૌવિહારો અઠ્ઠમતપ પૂર્ણ કર્યો.

ત્રણ ઉપવાસનું પારણું કરવાનું છે. સંતના શબ્દો કાનમાં ગુંજે છે આ ઉપવાસના પારણામાં તું તારી કમાણીના પૈસામાંથી, ન્યાય અને નીતિથી મેળવેલી આવકમાંથી જે અને જેટલું મળે તેનાથી પારણું કરજે.

પથારીમાંથી ઊઠી, પ્રભુસ્મરણ કર્યું. નિત્ય આવશ્યક ક્રિયાઓ પતાવી. નદી કિનારા તરફ નીકળ્યો. સંતના શબ્દો વિચારોમાં વાગોળતો વાગોળતો આ યુવાન નદી કિનારે આગળ ચાલે છે, પૈસા નથી શું કરવું તેની મૂંઝવણ છે. તેટલામાં નદીના કિનારા પાસે એક સફરજન તણાતું આવતું જોયું અને માન્યું કે આ તો કુદરતની ભેટ છે અને સફરજનથી પારણું કર્યું. થોડીવાર પછી યુવાનને વિચાર આવે છે કે આપણી બુદ્ધિ અને શ્રમ દ્વારા મેળવેલી સંપત્તિ પર જ આપણો હક્ક છે. સંતે કહેલ ન્યાયસંપન્ન વૈભવના ઉન્નત શબ્દોના ભણકારા વાગે છે. સંતની દેશનાનો પ્રતિછંદ જાણે પર્વત સાથે ટકરાઇને પાછો ફરે છે અને નિશ્ચય કરે છે કે, સફરજનના માલિકને શોધી સફરજનના બદલામાં તેનું કામ કરવું જોઇએ અને તો જ આ તપશ્ચર્યાનું સાચું સમાપન થયું ગણાશે.

આવા શુભ નિશ્ચયથી યુવાન નદીને કિનારે કિનારે ત્રણ માઇલ ચાલ્યો, એ નદીને કિનારે એક વાડી દેખાઇ અને વાડીમાં સફરજનનું વૃક્ષ પણ જોયું. વાડીના માલિકને મળીને પોતાનું સમગ્ર વૃતાંત્ત કહ્યું અને કહે છે કે હું આપના સફરજનની કિંમત ચુકવવા માગું છું, મારી પાસે ધન નથી, બદલામાં મને જે કામ કહો તે સ્વીકારવા તૈયાર છું.

વાડીનો માલિક કહે, હજુ એક વાર વિચારી લો ! દંડ રૂપે હું કહું તે કરવા તૈયાર છો ? યુવકે મક્કમતાથી હા કહી અને કહ્યું કે હું વચનબદ્ધ છું.

માલિક દંડ આપે છે, તમારે મારી પુત્રી સાથે વિવાહ કરવા પડશે. યુવક કહે આ તે પ્રાયશ્ચિત્ત કે પારિતોષિક ! માલિક કહે હા, તો સાંભળી લો, મારી પુત્રી ક્યારેક ચાલે છે તો ક્યારેક ચાલી શકતી નથી, ક્યારેક એક આંખે જ જોઇ શકે છે ક્યારેક બે આંખે જોઇ શકે તો ક્યારેક અંધની જેમ બન્ને આંખે જોતી નથી, ક્યારેક બોલે અને ક્યારેક સાવ મૂંગી બની જાય છે. ક્યારેક સાંભળે તો ક્યારેક બિલકુલ સાંભળી શકતી નથી, સમજ કે મારી પુત્રી કાંણી, લંગડી, અર્ધમૂંગી અને અર્ધ બહેરી કે બધીર છે.

યુવક કહે મેં વચન આપ્યું છે એટલે હું અવશ્ય પાળીશ. વાડીના માલિકે પોતાની પુત્રીને બોલાવવા સાદ પાડ્યો. થોડીવારમાં મંદ ગતિએ, નીચાં નેણ ઢાળી એક સ્વરૂપવાન કન્યા આવી, યુવાન એને મુગ્ધતાથી નીહાળી રહ્યો, અને પછી બોલ્યો કે આપની પુત્રી લૂલી, લંગડી, બહેરી કે કાંણી નથી, આપ જૂઠું કેમ બોલ્યા ?

લંગડી હોય તો એક પગે ચાલે, મારી પુત્રી સમય સાથે એક પગે ચાલતી હોય તેવી ત્વરાથી ચાલે છે, ક્રાંતિ કરવાની હોય ત્યાં દોડે, પરમાર્થ માટે બંને પગે મક્કમતાથી આગળ વધે, કોઇનું અહિત થતું હોય, ઉતાવળ થતી જણાય ત્યાં ખોડંગાઇ જાય, એક પગ રોકાઇ જાય એટલે એ રીતે લંગડી છે. મૈત્રીભાવમાં બન્ને પગે ચાલે મનમાં શત્રુતાનો વિચાર આવે તો એ વખતે અપંગ બની અટકી જાય.

કાંણી હોય તે એક આંખે જુએ જ્યારે કોઇ નાનામાં નાની વસ્તુ જોવી હોય, એકાગ્રતાથી કાંઇ જોવું હોય નિરીક્ષણ કરવા કાંઇ જોવું હોય ત્યારે એક આંખ બંધ કરી એક આંખે જોવું પડે. મારી પુત્રી એક આંખે જગતની સૂક્ષ્મ વસ્તુ જોવાની જિજ્ઞાસાવૃત્તિ ધરાવે છે. કોઇનું દુઃખ જોઇ કરુણાભાવમાં તેનાં સજળ નયનો ડૂબી જાય છે. કોઇનું મંગળ થતું હોય તે દૃશ્ય કે સત્પુરુષના દર્શન નિર્મળ આનંદથી માણે છે પરંતુ ન જોવા જેવું બિભત્સ જોતી હોય ત્યારે આંખો બંધ કરી દે છે અંધ બની જાય છે.

સાંભળવા જેવું શ્રવણ કરે, ન સાંભળવા જેવું હોય ત્યાં બહેરી બની જાય, સંતવાણી સાંભળે, કોઇનો ગુણાનુવાદ પ્રમોદભાવથી સાંભળે પણ નિંદા ન સાંભળે.

ક્યારેક બોલે ને ક્યારેક મૂંગી, સત્ય વચન બોલે. હિત, મિત ને પ્રિય બોલે, કોઇનું અહિત થતું હોય કે અસત્યનો પક્ષ બનતો હોય ત્યાં મૂંગી રહે. કોઇની નિંદા ન કરે. તેના મૌનમાં માધ્યસ્થ્યભાવનું આશ્રયસ્થાન હોય છે.

યુવકે કહ્યું તમારી પુત્રીમાં સાચા વૈષ્ણવજન કે આદર્શ શ્રાવકત્વનાં લક્ષણો અભિપ્રેત છે, હું ગરીબ અનાથ તેને લાયક નથી.

તમારામાં સંસ્કારલક્ષ્મીનો વૈભવ છલોછલ ભરેલો છે. ત્રણ માઇલ ચાલીને સફરજનની કિંમત ચૂકવવા આવ્યા તે તમારી અંતરંગદશાની પ્રતીતિ કરાવે છે. તમે બાહ્ય અને અભ્યંતરતપની પરિભાષા સાચા અર્થમાં સમજયા છો, હું મારી પુત્રીનું કન્યાદાન કરી નિશ્ચિંત બનું છું. એમ કહી વાડીના માલિકે સાક્ષાત લક્ષ્મીસ્વરૂપ પોતાની દેદીપ્યમાન દીકરીનો હાથ પરમ આનંદ અને પ્રસન્નતા સાથે યુવકના હાથમાં મૂકી દીધો.

ત્યારે કોયલે ટહુકો કર્યો,
ઝરણાએ કલકલ નાદ સાથે નૃત્ય કર્યું,
મંદ સમીરે ફૂલોની સુગંધ પ્રસરાવી જાણે,
પ્રકૃતિએ આ સંબંધ પર સ્વીકૃતિની મહોર મારી.

# એકદંડિયા મહેલમાં નિવાસ કરતો માણસ

શ્રીલંકામાં પોતાના દેદિપ્યમાન મહાલયના વિશાળ શયનખંડમાં ક્ષુબ્ધ રાવણ અંજપામાં આંટા મારે છે. નિદ્રા તેની વેરણ થઇ છે. મંદોદરી ઊઠી અને કહે છે નાથ શીતળ સુગંધી મલયાનિલ, ચાંદની રાત છતાં આપને શેની પીડા છે ? શું મારા પતિવ્રતા વ્રતમાં કાંઇ ક્ષતિ છે, મારા સૌંદર્ય કે પ્રેમમાં આપને કાંઇ ઉણપ લાગે છે જેથી આપ સીતાના વિરહમાં દુઃખી છો ? રાવણ કહે છે, હે રાણી ! મને હવે ખાત્રી થઇ ગઇ છે કે સીતા એક સતી સ્ત્રી છે એ જીવતી હશે ત્યાં સુધી તે પોતાનો દેહ કદી પર પુરુષને સોંપશે નહિ. તો એવી સતી સ્ત્રીને આપે શા માટે અશોકવનમાં કેદ કરી રાખી છે ? સ્વામી મુકત કરી દો એને મંદોદરી એ વ્યથા વ્યકત કરી.

હું કોણ ? હું લંકેશ, રાવણ કદી પરાજ્ય સ્વીકારે નહીં, રામ-લક્ષ્મણને યુદ્ધમાં પરાસ્ત કરી અને રામને તેની સીતા હું દાનમાં આપી દઇશ ને જગતમાં મારો ડંકો વાગી જશે, રાવણે હુંકાર કર્યો ને આમ અહંકારની એક વિકરાળ છાયામાં રાવણના સેંકડો ગુણોનું દફન થયું અને એક માત્ર અહંકાર તેના કફનનું કારણ બન્યો.

અહમ્ અશાંતિનો જનક છે, અહમ્‌નો શ્વાસ દ્વેષ છે, ઉચ્છ્‌વાસ પૂર્વગ્રહ છે દંભ એની સહચરી અને વિનમ્રતા એનો ઢોંગ છે.

અહંકાર એટલે estimation of self by self પોતાના વિશે પોતાનો ઉચ્ચ અભિપ્રાય અહંભાવીમાણસ અંદરથી ખાલીખમ, સહજ આનંદથી વંચિત, નિખાલસતાથી સર્વને હળીમળી ન શકે તેથી તેને મિત્રો પણ ના હોય. તે એક દંડિયા મહેલ (IVORY TOWER) માં નિવાસ કરતો માણસ છે. મધુર, ખિલખિલાટ મુકત હાસ્યથી તેની જીવનધારા વંચિત હોય જેથી ગ્રંથિઓ, ગોલબ્લેડર અને આર્થરાઇટીસના રોગોથી પીડાવાની તેને વધુ શકયતા હોય. રાવણને દસ માથાં હતાં પણ અહંકારને તો હજાર માથાં છે. અહં વજનદાર કાળમીંઢ પથ્થર જેવો કષાય છે. સત્તા, સંપત્તિ, સૌંદર્ય સામાર્થ્ય અને જ્ઞાનના સ્થાનોમાં અહંકાર ખૂબ જ સિફતથી સરકી જાય છે. આવા અહંકારને જીતવાની ચાવી યુગપુરુષ શ્રીમદ્‌રાજચંદ્રે એક ગાથામાં આપી છે. 'માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય'

જાતા સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય...!

સદ્ગુરુના શરણમાં જઇ આપણી લઘુતા પ્રગટ કરીશું તો અહંકાર ચાલી જશે. ઇતિહાસ તરફ નજર નાખીશું તો જણાશે કે મરિચીના ભવમાં ભગવાન મહાવીરે કુળમદ કર્યો તો ભવપરંપરા વધી, બાહુબલિના જીવનમાં અહંકારના એક નાના વાદળે કેવળજ્ઞાનના સૂર્યોદયને કેટલા લાંબા સમય સુધી રોકી રાખ્યો. કવિ કહે છે કે

'વ્હાલા તારો વળ જો જાય વછૂટી, તો દેહ, તારો દેવળ બને રે લોલ....!' અખાએ તો ત્યાં સુધી કહ્યું છે, 'મરતા પહેલાં જાને મરી બાકી રહે તે શ્રીહરિ' અહીં મરવું એટલે અહં ઓગાળવો, અહીં એકજ પંક્તિમાં કવિએ સંપૂર્ણ અહ્ વિસર્જનની સાધનાની દિવ્યવાત કહી છે. અહંકેન્દ્રીજીવ અહંકારના તળથી ઉચકાઇને શૂન્યતાની દિવ્ય સપાટીપર પહોંચે તો ધન્ય થઇ જાય.

## આદર્શ શ્રોતાનું ઉપનિષદ

એક શ્રેષ્ઠીને ત્યાં એક શિલ્પકલાનો શ્રેષ્ઠ કલાકાર ત્રણ પૂતળીઓ લઇને વેચવા માટે આવ્યો. ત્રણે પૂતળીઓ એકસરખી. રૂપ, રંગ અને ઘાટમાં કશો ફરક નહીં, ત્રણે એકબીજાથી તદ્દન સમાન છતાં ત્રણેના મૂલ્યમાં ઘણો જ ફરક, કલાકારે શેઠને કહ્યું કે આમાંથી એક પૂતળીની કિંમત રૂપિયા એક હજાર છે, બીજી એકની કિંમત બે હજાર ત્રીજી એક પૂતળીની કિંમત રૂપિયા સાત હજાર છે. પ્રત્યેક પૂતળીની સાચી કિંમત બતાવનારને હું પારિતોષિકથી નવાજીશ.

બધા જ આશ્ચર્યથી પૂતળીનું નિરીક્ષણ કરવા લાગ્યા છતાં કોઇથી રહસ્ય ઉકેલી શકાતું નથી. સંતવાણી સાંભળી ઘરે પાછી આવતી શેઠની ચતુરપુત્રીએ આ પૂતળીઓનું અવલોકન કરવા માંડયું. તેણે પાતળો વળી જાય તેવો લોખંડનો તાર લીધો અને વારાફરતી ત્રણે પૂતળીના કાનમાં તે તાર નાખી ત્રણે પૂતળીઓની કિંમત જણાવી.

પહેલી પૂતળીના કાનમાં તાર નાખતા તે સીધો જ બીજા કાનમાંથી બહાર આવ્યો, તેની કિંમત રૂપિયા એક હજાર આંકી, બીજી પૂતળી કે જેના કાનમાં તાર નાખતા મોઢામાંથી બહાર આવ્યો તેની કિંમત બે હજાર, ત્રીજી પૂતળી કે જેના કાનમાં તાર નાખતાં તે ઉપર મસ્તકમાં જઇ નીચે તરફ વળી અટકી ગયો, તેની કિંમત રૂપિયા સાતહજાર મૂકી. કલાકારે સંતુષ્ઠ થઇ શેઠની ચતુરપુત્રીને પારિતોષિક પ્રદાન કર્યું.

શ્રોતાઓનું પણ કંઇક આ પૂતળીઓ જેવું જ છે. જે શ્રોતા એક કાનથી સાંભળી બીજા કાનેથી સાંભળેલું કાઢી નાખે છે તેનું કાંઇ જ મૂલ્ય નથી. જે શ્રોતા કાનેથી સાંભળી મોઢેથી બોલી નાખે છે તેનું ખાસ કાંઇ મૂલ્ય નથી પરંતુ જે શ્રોતા કાનેથી સાંભળી, મનમાં ગ્રહી તે વિચારનું મંથન કરી અંતરમાં ઊતારી, સદ્ આચરણ તરફ વળે તે ગુણવાન શ્રોતાનું મૂલ્ય છે અને તે જ શ્રોતાનું જીવન ઊર્ધ્વગામીની બને છે.

જ્ઞાનીઓએ શ્રોતાને ત્રણ પ્રકારના કહ્યા છે, એક પથ્થર સમાન પથ્થરને પાણીમાં ત્રણચાર કલાક નાખી અને બહાર કાઢવાથી તેના પર પાણીની કાંઇ અસર થતી નથી. તેમ કેટલાંક શ્રોતાઓ કલાકોના કલાક સાંભળે પરંતુ તે વાણીનો કાંઇ પણ પ્રભાવ તેના જીવન પર પડતો નથી.

કેટલાંક શ્રોતાઓ કપડાંની ઢીંગલી જેવા હોય છે. કપડાંની ઢીંગલીને થોડા કલાક પાણીમાં નાખશું તો તે આખીને આખી અંદર ભીની થઇ જશે. પરંતુ બહાર થોડો સમય તડકામાં રહેતા પાછી સુકાઇ જશે. આવા શ્રોતા ઉપર ઉપદેશ કે સારી વાતોની અસર થોડો સમય રહે છે પરંતુ દુનિયાદારીના તાપથી ટૂંક સમયમાં તે ઉપદેશની અસરમાંથી બહાર આવી જાય છે. તેના જીવનમાં કોઇ લાંબા ગાળાનો પ્રભાવ જોવા મળતો નથી.

ત્રીજા પ્રકારના શ્રોતા સાકરના પતાસા જેવા હોય છે. પાણીમાં નાખતાની સાથે પતાસાનું અસ્તિત્વ પાણીમાં નામશેષ થઇ જાય તેમ, આવા શ્રોતા વાણીની ધારામાં પોતાના સમગ્ર અસ્તિત્વનો વિલય કરે છે.

શ્રોતાના ત્રણ પ્રકાર છે :
(૧) જાણિયા (જ્ઞાયિકા) : તત્ત્વજિજ્ઞાસુ, ગુણજ્ઞ, બુદ્ધિમાન, શ્રદ્ધાવાન, આત્માન્વેષી, ગુણોને ગ્રહણ કરીને દોષોને છોડી દે તેવા તથા હંસ સમાન સહજ સ્વભાવવાળા શ્રોતા પ્રથમ જ્ઞાયિકા-સમજદાર પરિષદમાં આવે છે.

(૨) અજ્ઞાયિકા : જેઓ અબુધ બાળકની જેમ સરળ હૃદયના હોય છે તેઓ કોઇ પણ પ્રકારના મત મતાંતરથી દૂર હોય છે. તેઓ હીરાની ખાણમાંથી નીકળેલા અણઘડ હીરા જેવા હોય છે. તેને હીરાઘસુ ઇચ્છે તેવા નિત નવા ઘાટ આપે છે. તેવી રીતે આવા શ્રોતાઓને આચાર્યનો ઉપદેશ અંતરમાં ઊતરી જાય છે, તેઓ ગુણવાન, સન્માર્ગગામી, સંયમી, વ્રતી, વિદ્વાન, તપસ્વી બની શકે છે. આવા સરળ સ્વચ્છ હૃદયના અબોધ શ્રોતા અજ્ઞાયિકા-અજાણ પરિષદમાં આવે છે.

(૩) દુર્વિદગ્ધા : જેમ ગામડાનો કોઇ અજ્ઞાની પંડિત શાસ્ત્રોક્ત જ્ઞાન ધરાવતો નથી પરન્તુ સ્વયંને મહાપંડિત, જ્ઞાની સમજે છે તથા અનાદર તથા અપમાનના ભયથી જ્ઞાની પંડિત પાસેથી જ્ઞાન ગ્રહણ કરતો નથી. તેવા શ્રોતાઓ વાયુ ભરેલી મશક જેવા ખાલી હોય છે. આવા અભિમાની, અવિનીત, દુરાગ્રહી, ખોટી મનમાની કરનારા પંડિત શ્રોતાઓની ગણતરી ત્રીજી દુર્વિદગ્ધા પરિષદમાં આવે છે. પ્રથમ અને બીજી શ્રેણીના શ્રોતાઓ (પરિષદ) શાસ્ત્ર શ્રવણ કરવા માટે યોગ્ય છે.

પરંતુ ત્રીજી શ્રેણીના શ્રોતાઓ (પરિષદ) સર્વથા શાસ્ત્ર શ્રવણ કરવા અયોગ્ય છે. તેઓ શાસ્ત્રનો ખરો- અર્થ-પરમાર્થ સમજી શકતા નથી. તેમજ તેઓ શાસ્ત્રજ્ઞાનથી સ્વયંનું તથા અન્યનું કાંઇ પણ હિત કરી શકતા નથી. બલ્કે, તે જ્ઞાનને અહિતકારી બનાવી દે છે.

કહેવાય છે કે વક્તા માટે શ્રોતા એજ આરાધ્યદેવ છે, પરંતુ આદર્શ શ્રોતા, જિજ્ઞાસુ શિસ્તપ્રિય અને વક્તાને આદર આપનારો હોય. ઉપદેશમાં પુનરૂક્તિનો દોષ બતાવનારો શ્રોતા સાચો શ્રોતા નથી. સામા જિજ્ઞાસુ અર્થીને તો એકની એક વાત રૂપાંતરે જેમ સાંભળવા મળે તેમ તેમ આનંદ થાય કેમ કે તેથી જ્ઞાન સુદઢ થાય અને શ્રદ્ધા વિકસિત થાય.

આ ચવાઇ ગયેલી વાત છે, કે ઘીસીપીટી રેકોર્ડ કહી વાતને ફેંકી દેવાની નથી. તેના તત્ત્વ સૂત્ર કે સિદ્ધાંતમાંથી નવનીત ગ્રહણ કરવાનું છે. મૂળ એકની એક વાતમાંથી દરેક વખતે નવું મેળવી શકાય છે.

ઉપરછલ્લી વાતો કરી, મનોરંજન પીરસી તાળીઓથી વધાવાતા વક્તાને, પછી શ્રોતા પાસે એવી જ વાતો રજૂ કરવા પ્રોત્સાહન મળશે, શ્રોતાને ઊંડાણભરી, તત્ત્વની અને સચોટ વાતો સાંભળવી હશે તો તેની પાત્રતા પોતે કેળવવાની રહેશે આદર્શ અને જાગૃત શ્રોતા વક્તાના ચિંતનપ્રવાહની દિશા બદલી શકે છે.

મહાન વક્તા થવું હોય તો તેને પહેલાં આદર્શ શ્રોતા બનવું પડે. શ્રવણ કરે તે સાચો શ્રોતા, સહૃદય, સચેતસ અને સુજ્ઞશ્રોતાને રૂંવાડે રૂંવાડે કાન પ્રગટે. હિમાલયમાં ભગવાન શંકરે રામકથા કહી તેની સહૃદય શ્રોતા તે પાર્વતી. વેદવ્યાસ સર્જિત શ્રીમદ્ ભાગવત, પરમહંસ શિરોમણિ શુકદેવજીએ સંભળાવી તેના સુજ્ઞ શ્રોતા તે રાજા પરીક્ષિત ગૌતમ પૃચ્છા દ્વારા, ભગવાન મહાવીરની વાણીને પોતાના અંતરમાં ઝીલી અધ્યાત્મ જગતને ઉજાળનાર, જિજ્ઞાસુ શ્રોતા ગણધર ગૌતમને વંદન !

# ભારતીય સંસ્કૃતિ પર ધર્માંતરણનું આક્રમણ

માનવીને પૂર્વના એક એવા સંસ્કાર છે કે તેને ધર્મ કરવો ગમે છે. અંદરથી ઊંડે ઊંડે ધર્મ કરવાની અદમ્ય ઇચ્છા છે. તે ધાર્મિક વાતાવરણની, ધર્મ કરવાની તક શોધતો હોય છે. જ્યાં ધર્મ કરવાની ભૂમિકા સર્જાઇ ત્યાં તેનું ચિત્ત જાય છે. વારસાગત ગમે તે ધર્મ મળ્યો હોય.

ઘણીયે વાર એવું બને છે કે ધર્મ અનુકૂળતાને માર્ગે વળી જાય. જેમ કે ગામમાં સ્વામિનારાયણ મંદિર હોય અને ધીરે ધીર્ ત્યાં જતા ત્યાંનુ વાતાવરણ અનુકૂળ લાગતા તે ધર્મ પ્રતિ આકર્ષાશે. પારિવારિક કે વારસાગત જૈનોનો સ્થાનકવાસી ધર્મ હોય પરંતુ જે ગામમાં તે વસવાટ કરી સ્થિર થયો ત્યાં ઉપાશ્રય નથી અને દેરાસર છે તો થોડા વર્ષોમાં મંદિરમાર્ગી બની જવાની સંભાવના ખરી. આમ સાંપ્રદાયિક પરિવર્તન સહજ રીતે થઇ જતું હોય છે.

વળી એક વર્ગ એવો ચુસ્ત અને કટ્ટર હોય છે બહારના કોઇપણ પરિબળ એને કોઇપણ પ્રકારના પરિવર્તન માટે લલચાવી શકતા નથી.

ભારત સ્વતંત્ર બન્યા પછી બંધારણમાં મુસલમાનોનો અલગ કાયદો બન્યો જેમાં તેને લગ્ન અને વારસાહક્ક અંગેના વિશિષ્ટ કાયદાકીય લાભો મળ્યા, મુસલમાનોને બહુપત્નીત્વનો હક્ક મળ્યો. ઘણાં અન્યધર્મીઓ લગ્નનો આવો કાયદાકીય લાભ મેળવવા ધર્મપરિવર્તન કરતાં હોય છે. પરંતુ તેનું સ્વરૂપ માત્ર કાનૂની હોય છે. ભારતમાં બોદ્ધ ધર્મનો પ્રચાર પ્રસાર વધારવા અને ધર્મપરિવર્તન કરાવવા માટે જાપાને ખૂબ રસ લીધો.

હિન્દુપ્રજાના અન્ય ધર્મીઓને ઇસાઇ બનાવવાનું શિક્ષણ અને તબીબી સહાયની લાલચ આપી ધર્માંતર કરાવવાનું એક વ્યવસ્થિત ષડયંત્ર ચાલે છે તો વળી બીજી બાજુ વધુમાં વધુ કોન્વેન્ટ સ્કૂલો સ્થાપી અને ભારતીય સંસ્કૃતિને બદલે પાશ્ચાત્ય સંસ્કૃતિનું શિક્ષણ આપણા બાળકોમાં આરોપિત કરવાનું ખતરનાક કાર્ય થઇ રહ્યું છે.

ભારતમાં ઇ.સ. ૧૪૯૮માં પોર્ટુગલના વાસ્કો-ડી-ગામાએ પ્રવેશ કર્યો એનાથી ભારતમાં ઇસાઇઓનું આગમન થયું. વ્યાપારની સાથે ચર્ચની આજ્ઞાનુસાર ધર્માંતરણ અને વસાહતોની સ્થાપના તે તેમનું લક્ષ્ય હતું. શરૂઆતમાં તેમને આમાં સફળતા મળી નહીં.

ઇ.સ. ૧૫૪૨માં સેંટ ઝેવિયર આવ્યા. એ સમયે સ્થાનિક માછીમારો સાગરી ચાંચિયાઓથી ભયભીત હતા. તેણે સલામતીના આશ્વાસનના બદલામાં પચાસ હજાર માછીમારોનું ધર્મપરિવર્તન કરાવ્યું. એમણે કેટલાય મંદિરોને ભ્રષ્ટ કર્યા. એ સમયે થાણા જિલ્લામાં ઇસાઇ બનેલા લોકોને કૃષ્ણઅષ્ટમીને પવિત્રદિવસે નિર્મળ અને વિમલ સરોવરમાં સ્નાન કરાવી પુનઃમૂળ વૈદિકધર્મમાં લાવવા શુદ્ધ કરાવાતા હતા. પોર્ટુગીઝ શાસકોએ મોટી સંખ્યામાં ગૌહત્યા કરી. સરોવરનું પાણી લોહીથી લાલ કરી શુદ્ધિ કરાવનાર પુરોહિતોની કતલ કરી નાખી. ભયના સામ્રાજ્ય હેઠળ થાણે - વસઇથી ગોવાના સમગ્ર વિસ્તારના સાત લાખ લોકોને ઇસાઇ બનાવ્યા. આજે પણ ગોવા વિદેશી શહેર હોય તેવું લાગે છે. અનાર્યશાસકોએ આર્ય સંસ્કૃતિ અને ત્યાંની સભ્યતાનો યોજનાપૂર્વક નાશ કર્યો.

ઇટાલીથી ભારત આવેલ રાવર્ટ-ડી નોવિલી નામના પાદરીએ રોમથી આવેલ બ્રાહ્મણ સન્યાસી તરીકે પોતાની જાતને ઓળખાવી. યેશુર્વેદ ની રચના કરી તેને પાંચમો વેદ ગણાવ્યો. ઇશોપનિષદમાં ઇશુના ગુણવાન ગાયા. નર્મદાકિનારે પ્રવચન પછી ચોખા - ભાતનો પ્રસાદ વહેંચતો. પાંચ વર્ષ પછી પોતાની જાત બતાવતા કહ્યું કે હું ઇશુનો પ્રચાર કરવા આવ્યો છું. આમ રાઇસ ક્રિશ્ચિયન બનેલા લાખો લોકો આજે પણ દક્ષિણમાં છે. અંગ્રેજોના સમગ્ર શાસનકાળ દરમિયાન તેણે ઇસાઇ ધર્મના પ્રચારમાં આડકરતી સહાય કરી સ્વતંત્રતા પછી આ પ્રવૃત્તિ ચાલુ રહેતા આ પ્રવૃત્તિની તપાસ કરવા ૧૯૫૪માં મધ્યપ્રદેશ સરકારે નિયોગીપંચની રચના કરી. નિયોગી પંચે પોતાના અહેવાલમાં જણાવેલ કે લાલચ, સહાય અને બળજબરીની યુક્તિઓથી ધર્મપરિવર્તન કરાવવામાં આવે છે. કોઇ અકળ કારણોસર અહેવાલ પછી કોઇપણ પગલાં લેવામાં ન આવ્યા.

શિક્ષણ દ્વારા આપણી યુવા પેઢીનું માનસિક રીતે ધર્મપરિવર્તન થઇ જાય છે તે આપણી સમજ બહારનું છે. લોર્ડ મેકોલની દેણગી એવી પાશ્ચાત્ય શિક્ષણ પદ્ધતિ ભારતીય સંસ્કૃતિનો હ્રાસ કરવા સમર્થ છે. શિક્ષણનું સંપૂર્ણતંત્ર એવું હશે. એક એવો શિક્ષિત સમાજ તૈયાર થશે કે જે કેવળ શરીરથી જ ભારતીય હશે. ખાનપાન-રહેણીકરણી, પહેરવેશ, મન અને બુદ્ધિમાં પાશ્ચાત્ય બની જશે.

શાળાઓ, દવાખાના, અનાથાલયો, રક્તપીત્તિયાઓની સારવારનાં કેન્દ્રો વગેરે સેવાકાર્યો દ્વારા સહાનુભૂતિ મેળવી ધર્માંતરણનું કાર્ય કરે છે.

પછાતજાતિઓ, વનવાસી, ઝૂંપડપટ્ટી જેવા વિસ્તારમાં રહેનારાઓને હિન્દુ ધર્મ પ્રત્યે આજે પણ શ્રદ્ધા છે. આથી આ લોકો ધર્માંતરણનો વિરોધ કરે છે. આના કારણે ઇસાઇમતને સ્વીકાર્ય બનાવવા માટે એમણે હિન્દુત્વનો ઓપ આપવાનું શરૂ કર્યું. હવે ઇસાઇઓ હિન્દુમંદિર ઉપર કળશ અને તેના પર ક્રોસનું ચિન્હ. મંદિરમાં પૂજા આરંભનો પ્રારંભ. પાદરીઓ સાધુ સંન્યાસીઓની જેમં ભગવાં વસ્ત્રો પણ પહેરે છે. ૧૯૮૧ના આવા એક કિસ્સાની નોંધ હિન્દુ રાઇટર્સ ફોરમના પ્રકાશનમાં નોંધાયેલી છે. રોજ સવાર સાંજ જ્યાં આરતી થાય છે તે સ્થળ એક રોમનકેથોલિક ચર્ચ છે. કોઇક અજાણ્યાને એમ જ લાગે કે આ સ્થળ કોઇ હિન્દુ મંદિર છે...અમદાવાદથી ૧૨૦ કિ.મી.ના અંતરે સચ્ચિદાનંદ નામની જગ્યાએ આ ચર્ચ આવેલું છે. મધર મેરીને અનુરૂપ ઠેરવવામાં આવેલ મુક્તેશ્વરી માતાને આ સ્થળ સમર્પિત છે. મૂર્તિની નીચે જ ઇશુ ખ્રિસ્તનું ચિત્ર છે. ખ્રિસ્ત કમળમાં બેઠા છે એવું દેખાડાયું છે. પ્રણવ (ૐકાર) આ મંદિર અને સભાખંડમાં અનેક સ્થળે ચીતરેલ છે. એક ચોરસ કાળા પથ્થર પર કાંસાના એક પાંદડાના આકારમાં ઇશુ ખ્રિસ્તની કોતરણીની પ્રતિમા છે અને તેની પર લખ્યું છે ૐ ઇસાયે નમઃ

કેથોલિક પાદરીઓમાંના જેસ્યુઇટોનું ભેજું આવા કાર્યો પાછળ કામ કરતું હોય છે. હિન્દુઓને છેતરવા, હિન્દુ સંન્યાસી જ કપડાં માત્ર પહેરતા નથી, હિન્દુ સંન્યાસી લાગે તેવા નામો પણ રાખી લેતા હોય છે. તેઓ હિન્દુ છે એવો ડોળ કરીને અથવા હિન્દુત્વનો અભ્યાસ કરવાની પ્રામાણિક ઇચ્છા ધરાવે છે તેવો ડોળ કરીને, હિન્દુઓના ઘરોમાં ઘુસી જતા હોય છે. એમનામાંના એક કાલોસ વેલેસ એસ. જે દ્વારા આવી

તરકીબ અમદાવાદમાં અજમાવવામાં આવી હતી. તેના પોતાના શબ્દોમાં 'છેલ્લા છ વર્ષથી હું અમદાવાદમાં હિન્દુ પરિવારો સાથે રહું છું. તેમના જીવનની દરેક પ્રવૃત્તિ - પાસામાં સામેલ થાઉ છું - સરેરાશ દર બે અઠવાડિયે ઘર બદલું છું. કેટલાકની ખૂબ નજીક આવી જઇ તેમના માનસ અને જીવન પ્રત્યેનો અભિગમ સમજુ છું...હિન્દુઓ સાથે રહેતા રહેતા પણ મારા જેસ્યુઇટ સંપર્કો જીવંત રાખું છું.'

ભગવાન ઇશુના દયા, પ્રેમ, કરુણા અને સેવાના સિદ્ધાંતોનો જ માત્ર નિસ્વાર્થભાવે પ્રચાર થતો હોય તો તે માનવજાત માટે કલ્યાણકારી છે. પરંતુ અહીં તો વિશ્વમાં જે ધર્મનું રાજકરણ ખેલાઇ રહ્યું છે તેના ષડયંત્રનો એક ભાગ છે.

અંગ્રેજોની માફક અમેરિકા પણ એમ માને છે કે ભારતીયોની-હિન્દુઓની વફાદારી મેળવવા માટે એમને પહેલા ખ્રિસ્તી બનાવવા જરૂરી છે નહિ તો તે સ્વેચ્છાથી ત્રીજા વિશ્વ યુદ્ધમાં અમેરિકાને સહાય કરવા તૈયાર નહિ થાય. લેખક બ્રહ્મદત્ત ભારતીએ અંગ્રેજીમાં લખેલ એક લેખમાં જણાવ્યું છે કે, વેટિકન અને અમેરિકા બન્ને સારી રીતે જાણે છે. તેથી વેટિકન ધર્માંતરણના પોતાના કાર્યક્રમ ગતિશીલ કરવા માગે છે. ખાસ કરીને મહિલાઓ, બાળાઓ, અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ અને હિન્દુઓના અન્ય પછાતવર્ગોમાં જો આ ઉદ્દેશમાં સફળ થશે તો જ વેટિકનને ઇસ્લામ સામેની ત્રીજા વિશ્વયુદ્ધની લડાઇમાં અમર્યાદ સૈનિક સંખ્યાબળ મળી શકશે. સમાન હેતુઓ વેટિકન અને અમેરિકાને ફરી એકવાર સાથે લઇ આવ્યા છે. ભારતને સાંસ્કૃતિક રીતે ખતમ કરી દઇ પછી અમેરિકાના પગમાં ધરી દેવાનું લક્ષ્ય છે. જેથી તેના ભાગલા કરી અથવા તો રાજકીય રીતે અસ્થિર બનાવી, રશિયાની જેમ જ કમજોર અને ઘૂંટણિયા તાણતું કરી શકાય.

જે દેશમાં હિન્દુ પ્રજા નથી ત્યાં પરિસ્થિતિ અલગ છે. બંગલાદેશના નેતાઓ આ ઇસાઇઓને ઓળખી ગયા છે. હિલેરી કિલન્ટન બંગલાદેશની યાત્રાએ ગયા ત્યાં તેમના સ્વાગતમાં કહેવામાં આવ્યું કે શ્રીમતી કિલન્ટન જો બંગલાદેશમાં એક સહેલાણી તરીકે જ આવ્યા હોય તો અમે તેમનું સ્વાગત કરીશું પરંતુ એમની યાત્રાનો ઉદ્દેશ જો મુસ્લિમ બહુમતીવાળા આ દેશમાં ખ્રિસ્તીવાદ ફેલાવવાનો હશે અને જો પશ્ચિમના દાન

પર નભતી બિનસરકારી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતી વિકાસયોજનાઓની મુલાકાત લેશે તો અમે આ મુલાકાતનો સખ્ત વિરોધ કરીશું.

આનાથી ઊલટું ભારતના બિનસાંપ્રદાયિક નેતાઓ અખિલ ભારતીય ઇસાઇ સંમેલનમાં પહોંચી જઇ ઇસાઇઓએ કરેલ સેવાકાર્યોનાં ખૂબ ખૂબ વખાણ કરે છે.

આ સંદર્ભમાં કેટલાક બનાવો વિચારણા માગી લે તેવા છે. માર્ચ ૧૯૯૫માં *હિલ્લેરી ક્લિન્ટન ભારતની મુલાકાતે આવ્યા હતા,* તે દરમિયાન સોનિયા ગાંધી અને મધર ટેરેસાની દિલ્હીની સંસ્થાના અંતેવાસીઓને મળવા ગયા હતા.

કોપનહેગનમાં ભરાયેલી સામાજિક શિખરપરિષદમાં શ્રીમતી ક્લિન્ટને ૧૦૦ મિલિયન અમેરિકન ડોલર્સ (રૂા.૩૫૦ કરોડ) ની સહાય એશિયા, દક્ષિણ અમેરિકા અને આફ્રિકાની મહિલાઓની શિક્ષણ માટે જાહેર કરી. તેમણે રાજીવ ગાંધી ફાઉન્ડેશન (સંડન) શાળાના આશ્રયે ભાષણ આપતાં જણાવ્યું કે વોશિંગ્ટન દ્વારા દસ કરોડના ફંડના લાભનો પહેલો હપ્તો ભારતીય છોકરીઓના અભ્યાસ અને બાળકોના સ્વાસ્થ્ય માટેનો હશે. અમેરિકાને એકાએક ભારતીય બાળાઓ માટે કુણી લાગણી જન્મી છે.

વિદેશી સંસ્થાઓ સ્કૂલો ખોલવા અને ગરીબોને સ્વાસ્થ્ય સેવા પૂરી પાડવા નાણા ખર્ચે છે તેમાં કેટલાક અભ્યાસુઓને ધર્માંતરણ, રાજકીય ભાંગફોડ કે જાસૂસીનો આડકતરો પ્રયાસ લાગે છે.

ખ્રિસ્તી શિક્ષણસંસ્થાઓ અને મિશનરીઓ પાસે ચિક્કાર સંપત્તિ-વિદેશી મદદનો પ્રવાહ છે. નદીઓમાં આવેલ પૂર, ભૂકંપ અને કુદરતી આફતો વખતે અનાથ બેઘરને રીતસર ધર્માંતર કરવા ખરીદી લેવાય છે એવું કેટલાંક નિરીક્ષકોનું માનવું છે.

દેશમાં ૨૦૦ પ્રચારક શિક્ષણ સંસ્થાનમાંથી દરરોજ મિશનરી તૈયાર થાય છે. ૮૦,૦૦૦ મિશનરી છે જેમાં બ્રધર્સ, ધર્મપ્રચારિકાઓ અને કેચિસ્ટ છે. ૪૮૦૦૦ સાધ્વી

પણ કાર્યરત છે. ૨૫૦૦૦ જેટલા ચર્ચ, ૧૦૬૩૫ વિદ્યાલયો, અસંખ્ય અનાથાલયો અને દવાખાના દ્વારા વનવાસી ગિરીજનો અને ભોળા દેશબંધુઓને આકર્ષવામાં આવે છે.

વીસ ભાષાઓમાં લાખો બાઇબલના પાઠોનો પ્રચાર થાય છે. રામાયણ, ગીતા, શિક્ષાપત્રી, ગાયત્રીમંત્ર કે નવકારમંત્ર કરતાં એક હજાર ગણો પ્રચાર ઇસાઇઓ દ્વારા બાઇબલનો થાય છે.

મોટા ઉદ્યોગગૃહો અને બહુરાષ્ટ્રીય કંપનીઓની અને વિદેશી હૂંડિયામણની સહાય તેમને અવિરત મળતી રહે છે.

એક પક્ષે ધર્મના ક્ષેત્રે વેટિકન દ્વારા પ્રતિનિધિત્વ ધરાવતી ચર્ચ સંસ્થા સક્રિય છે. જ્યારે બીજે પક્ષે અમેરિકન આગેવાની ધરાવતું યુરોપિયન અમેરિકન જૂથ હિન્દુસ્તાનના એક સ્વતંત્ર લોકશાહી ધરાવતા રાષ્ટ્ર તરીકેનું અસ્તિત્વ નબળું બનાવવા કટિબદ્ધ છે.

આ દ્વિપાંખિયું આક્રમણ ખાળવા માટે આર્યસમાજે ઘોરનિદ્રામાંથી જાગવાનો અને રામકૃષ્ણ મિશનને હિન્દુત્વ પ્રતિ વફાદારી બતાવવાનો સમય હવે પાકી ગયો છે. હિંદુ પ્રજાના સમગ્ર ધર્મો અને સંપ્રદાયોએ મળી ભારતીય સંસ્કૃતિની રક્ષા કરવાના આ દિવસો છે.

૩૦ મે ૧૯૬૩ના હરિજનના અંકમા પૂ.મહાત્મા ગાંધીએ લખેલું કે ખ્રિસ્તીવાદ એ એક સામ્રાજ્યવાદી ધર્મ છે. ઇતિહાસે આ વિધાનની યથાર્થતા સાબિત કરી છે.

જો આ આક્રમણનો સામનો કરવામાં નહિ આવે તો ભારત રાજકીય રીતે આઝાદ તો હશે જ પરંતુ સાંસ્કૃતિક અને આર્થિક રીતે ગુલામ હશે.

અભણ ગ્રામપ્રજા, ભલા ભોળા વનવાસી કે પછાતજનોને જો સમાજ અને ધર્મના મુખ્યપ્રવાહથી અળગા રાખીશું તો તે ક્રિપ્ટો ક્રિશ્ચિયન - પ્રછન્ન ઇસાઇઓ બની જશે જેઓ બહારથી તો હિન્દુ હશે પરંતુ અંદરથી પૂર્ણ ઇસાઇ.

પશ્ચિમી મિશનરીઓએ, આપણા લોકોને પશ્ચિમી વિદ્યાઓનો થોડો પરિચય કરાવ્યો એટલું જ બાકી તો તેણે તેનું પૂરું જ્ઞાન ન આપ્યું. આથી પ્રજા પરંપરાગત સંસ્કારો ને સંસ્કૃતિથી અળગી થાય છે. ગુરુકુળની શિક્ષણપદ્ધતિનો છેદ ઉડાડી દીધો. નાનાં નાનાં ક્ષેત્રોમાં હોસ્પિટલો સ્થાપી, પ્રાચીન ધન્વંતરી વિદ્યા અને વૈદકીય ચિકિત્સાનો લોપ કરી લોકોને પરાવલંબી બનાવ્યા.

વૈદકીય ધર્મના તમામ ફિરકાઓ, જૈનો અને સ્વામિનારાયણના મંડળો, શિવપંથી કે વૈષ્ણવજનોએ, સ્વાધ્યાય પરિવારે હિન્દુ પ્રજાનું ઐકય બતાવી સંસ્કૃતિ અને ધર્મનું રક્ષણ કરવું પડશે.

# ગાંધીજીના જીવન ઉપર જૈનધર્મનો પ્રભાવ હતો

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સમગ્રજીવનમાં જૈન ધર્મના સિદ્ધાંતો વણાઇ ગયા હતા. તેમના જીવનના કેટલાક પ્રેરક પ્રસંગો તેની સ્પષ્ટ પ્રતીતિ કરાવે છે.

જૈનાચાર્ય પૂ.બહેચરજી સ્વામીની પ્રેરણાથી ગાંધીજીએ વિલાયતમાં માંસ, મદિરા અને સ્ત્રીસંગથી દૂર રહેવાની પ્રતિજ્ઞાઓ લીધી હતી. મહાત્મા ગાંધીજીએ આ ત્રણેય પ્રતિજ્ઞાઓ વિલાયતમાં પાળી. ભારત પાછા આવ્યા તેજ દિવસે યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રનો મેળાપ થતાં તે સંયમનો તંતુ લંબાયો. શ્રીમદ્જીના સમાગમને કારણે ગાંધીજીના જીવનમાં જૈનધર્મની વ્યાપક અસર જોવા મળે છે.

ગાંધીજી કરતાં શ્રીમદ્જી લગભગ પોણાબે વર્ષ મોટા હતા, બાવીસ વર્ષની ઉંમરે ગાંધીજી શ્રીમદ્ રાજચંદ્રના સંપર્કમાં આવ્યા, આ વયે, ઇંગ્લેન્ડ જઇ બેરિસ્ટર થઇ આવેલા યુવાન ગાંધીજી, જેમણે કોલેજનો કે શાળાનો મેટ્રિક સુધીનો પણ અભ્યાસ કર્યો ન હતો અને જેમને અંગ્રેજી ભાષા આવડતી ન હતી, એવા રાજચંદ્રજીથી અત્યંત પ્રભાવિત થઇ ગયા.

આ બન્ને મહાન વિભૂતિઓ પ્રથમ મિલન વખતે કોઇ ભૌતિક નહીં પણ આધ્યાત્મિકતાના સ્તર પર બિરાજતી હોવી જોઇએ. યુવાન વયે મહાત્મા ગાંધીજી શ્રીમદ્ રાજચંદ્રને પોતાના આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે સ્વીકારે એ ઘટના ગાંધીજી તથા શ્રીમદ્જી બન્ને પ્રત્યે અહોભાવ પ્રેરે તેવી છે. ગાંધીજી આફ્રિકામાં હતા ત્યારે ત્યાં આશ્રમમાં સાપનો ઘણો ઉપદ્રવ હતો. બાળવયથી ગાંધીજીના અજ્ઞાત મનમાં સાપનો ડર પેસી જ ગયો હતો. એ કાળમાં હિંસક પ્રાણીના નાશનો વિચાર અહીં કંઇક ખૂટે છે મૂળમાં જોવું જરૂરી છે. ગાંધીજીને જ્યારે જ્યારે ધર્મ કે અધ્યાત્મ સંબંધી કોઇ મૂંઝવણ થતી ત્યારે ત્યારે તેઓ શ્રીમદ્જી સાથે પત્રવ્યવહાર દ્વારા સમાધાન મેળવતા. ગાંધીજીએ પત્ર લખ્યો, ઉત્તરમાં શ્રીમદ્જીએ માનવીની મૂળભૂત સંરક્ષણ વૃત્તિ પર ઘા કર્યો હતો. ગાંધીજીને સમાધાન થયું અને આશ્રમમાં કદી સાપ ન મારવાનો નિશ્ચય કર્યો. આ પત્રની પ્રેરણાથી ગાંધીજીના જીવનમાં ભયથી નિર્ભયતાની યાત્રામાં બળ મળ્યું.

સામાન્ય માન્યતા એવી હતી કે વેપાર અને પરમાર્થ અથવા ધર્મ એ બે અલગ વસ્તુ છે. વેપારમાં ધર્મ કરવો એ ગાંડપણ છે એમ કરવા જતાં બન્ને બગડે આ માન્યતાને કારણે કેટલાંય જીવોની મૂંઝવણ વધી જાય, અથવા આ માન્યાતા ખોટી ન હોય તો આપણા કપાળે કેવળ નિરાશા જ લખાયેલી હોય, પરંતુ શ્રીમદ્ અને ગાંધીજી બેઉ દઢપણે માનતા કે એવી એક પણ વસ્તુ નથી. એવો એક પણ વ્યવહાર નથી કે જેમાંથી આપણે ધર્મને દૂર રાખી શકીએ. શ્રીમદ્જીએ પોતાના જીવનમાં હીરાના વેપારમાં અનુકંપા અને ધર્મભાવનાને કારણે લાખો રૂપિયાનો નફો જતો કરેલો.

ગાંધીજીએ ખૂબ સ્પષ્ટતાથી લખ્યું છે કે, ધાર્મિક મનુષ્યનો ધર્મ તેના પ્રત્યેક કાર્યમાં જણાવો જ જોઇએ. ગાંધીજીએ પણ સ્વાતંત્ર્ય ચળવળ કે રાજકરણનાં કાર્યોમાં ધર્મબુદ્ધિને છેદ દીધો નથી, તે આપણે સૌ જાણીએ છીએ.

મુંબઇમાં એક વખત શ્રીમદ્ અને ગાંધીજી વચ્ચે દયાધર્મ અંગે ચર્ચા ચાલી, ચામડું વાપરવું કે નહીં તેનો વિચાર ચાલતો હતો. છેવટે બન્ને એવા મત પર આવ્યા કે ચામડા વિના તો ચલાવી શકાય જ નહીં. ખેતીમાં કોસ વગેરેમાં તેની જરૂર પડે. પરંતુ ચામડું માથે તો ન જ પહેરીએ.

ગાંધીજીએ જરા ચકાસણી કરતાં શ્રીમદ્જીને પૂછ્યું, આપને માથે ટોપીમાં શું છે ? અહર્નિષ આત્મચિંતનમાં રહેનારા શ્રીમદ્જી પોતે શું પહેરે ઓઢે છે તેનો ઝાઝો ખ્યાલ રહેતો નહિ. પરંતુ ગાંધીજીએ નિર્દેશ કર્યો કે તુર્ત જ ટોપીમાંથી ચામડું તોડી કાઢ્યું. ત્યાર પછી ગાંધીજીએ પણ ચામડાના બેરીંગવાળા ચરખાના મોડેલનો અસ્વીકાર કર્યો. આ પ્રસંગથી આ બન્ને આત્માઓની અપારકરુણાબુદ્ધિ, નિરાભિમાનતા અને સરળતાના દર્શન થાય છે.

સામાન્ય જનસમાજમાં એવી એક છાપ છે કે જૈન ધર્મ કર્મત્યાગ તરફ ઝોક આપતો ધર્મ છે પણ સદ્ભાગ્યે શ્રીમદ્દે પોતાના ગાંધીજી જેવા સાથી દ્વારા સમાજગત સાધનોને ઝોક આપ્યો આ વાત જ્યારે શ્રીમદ્ના અનુરાગીજનો માનવા લાગશે ત્યારે શ્રીમદ્ના નામે જેમ ભક્તિ અને જ્ઞાનધારાઓ વિકસી છે તેમ કર્મધારા પણ વિકસશે જ.

શ્રીમદજીને સાચા અર્થમાં ઓળખવા ગાંધી વિચારને પાયામાં રાખવો પડશે અને ગાંધીજીને અર્થમાં ઓળખવા શ્રીમદ્ વિચારને પાયામાં રાખવો પડશે.

પ્રિટોરિયામાં ગાંધીજીને ઘણા મિત્રોએ ખ્રિસ્તી ધર્મમાં રસ લેવા જણાવ્યું. વેલિંગ્ટનના સંમેલનમાં તો ઘણા મિત્રોએ ખ્રિસ્તી ધર્મ સ્વીકારી લેવા પણ કહ્યું એટલેજ આ પ્રસંગ પછી ગાંધીજીનું હૃદયમંથન વ્યાપક કક્ષાએ પહોંચ્યું.

જો કે ગાંધીજી ખ્રિસ્તી ધર્મ સ્વીકારવા તૈયાર ન હતા પરંતુ હિંદુ ધર્મની ત્રુટિઓ તેની સમક્ષ તરવરવા લાગી. છેવટે પોતાની મુંઝવણ પત્ર દ્વારા ગાંધીજીએ શ્રીમદ્જી પાસે મૂકી. આમાના ત્રણ પત્રો ઉપલબ્ધ છે. જેમાં શ્રીમદ્દે આ વિષયમાં વિશદ ચર્ચા કરી અને માર્ગદર્શન આપ્યું. તે અંગે ગાંધીજી લખે છે કે, હિંદુધર્મમાં મને શંકા પેદા થઇ તે સમયે તેના નિવારણમાં મદદ કરનાર રાયચંદભાઇ હતા.

માંકડ મારવા તે હિંસા છે એ વાત ગાંધીજી આ રીતે સમજતા કે માંકડ ઉત્પન્ન થાય તેવી અસ્વચ્છતા રાખવી તે પણ હિંસા છે. પંચશીલની વાત જીવનમાં ઉતારી, જૈન ધર્મના સૂત્રાત્મક સિદ્ધાંતો ગાંધીજીએ આચરણમાં મૂકયા હતા.

જૈનમુનિ કવિવર્ય પૂ. નાનચંદજી મહારાજે ગાંધીજીમાં રહેલી અહિંસા, સત્યનિષ્ઠા અને શ્રદ્ધાભક્તિની સાચી ઓળખ કરી લીધી હતી. તેથી તો જગતને બોધ દેવાને અવનિમાં ગાંધીજી આવ્યા. જેવા અનુપમ કાવ્ય વડે ગાંધીજીની સત્ય અહિંસાની વાતની પૂજ્ય મહારાજ સાહેબે અંજલિ આપી છે. તેમના શિષ્ય મુનિશ્રી સંતબાલે ગુરુપ્રેરણા અને આંતરચેતના દ્વારા ગાંધી વિચારનો મહિમા કરતો સ્વરચિત આચારાંગસૂત્ર વિવરણ ગ્રંથ ગાંધીજીને સમર્પિત કરતાં લખ્યું છે કે,

**જેની પ્રવૃત્તિ માત્ર અનેકાંત છે,**
**જે પ્રવૃત્તિવીર છતાં નિવૃત્તિધીર છે.**
**જે એકદેશીય છતાં સકલદેશીય છે.**
**જે અનાસકત અને ત્યાગના અવિરોધ**
**સહારાની જીવંત પ્રતિમા છે.**

ભગવાન મહાવીરની અનેકાંતદષ્ટિ અને સક્રિય અહિંસાની વાત ગાંધીજીએ કેટલી બધી આત્મસાત કરી લીધી હોવાનું મુનિશ્રીએ પીછાની લીધું હશે તેની કંઇક ઝાંખી, અર્પણ કર્યાના લખાણોમાંથી પણ મળે છે. પૂ. સંતબાલજી તથા કવિવર્ય નાનચંદ્રજી મહારાજ સાહેબે ગાંધીજીના કાર્યને આગળ ધપાવવામાં યોગદાન આપ્યું. સંપ્રદાયમાંથી સાંપ્રદાયિકતાના વિષને દૂર કરી સર્વધર્મ-સમભાવનાં અમૃત પાયા. જેમાંથી મહાત્મા ગાંધીજીએ દેશને સત્યાગ્રહ અને રચનાત્મક કાર્યોનો માર્ગ તૈયાર કરી આપ્યો, ધર્મદષ્ટિ, સર્વોદય કે અહિંસક સમાજરચના કહો તેનો પાયા ગાંધીજી એ પોતાના વિચાર અને કાર્યથી તૈયાર કરી આપ્યો. પૂ.સંતબાલજીના ભાલનળકાઠાંના પ્રયોગે તે ઝીલી લીધો.

વિદ્વાનશ્રાવક વીરચંદ રાઘવજી ગાંધીએ ઇંગ્લેન્ડમાં જૈન લિટરરી સોસાયટી સ્થાપી લોકોને માંસાહાર છોડાવી શાકાહાર તરફ વાળતા હતા, ત્યાંથી તેમને મહાત્મા ગાંધીજીનો પરિચય થયો. બન્નેએ સાથે નિરામિષ આહારના પ્રયોગો કર્યા હતા. આવી બધી પ્રવૃત્તિની પ્રેરણાથી સ્વામી વિવેકાનંદે સ્થાપેલા રામકૃષ્ણમિશન, પૂ. આત્માનંદજી મહારાજના મિશનનું કાર્ય વિજયવલ્લભસૂરી મહારાજે જૈનોની એકતા અને ભારતીય સાંસ્કૃતિક વિકાસનાં કાર્યો આગળ વધાર્યા.

અહિંસાનો સામુદાયિક પ્રયોગ કરી ભારતને આઝાદી અપાવવાનું અભૂતપૂર્વ અને અદ્દભુત કહી શકાય એવું અહિંસક કામ ગાંધીજીએ કરી બતાવ્યું. અહિંસાના આ પ્રયોગકાર્યમાં મહાવીરનું તપ, મૌન અને પ્રાર્થનાનો ગાંધીજીએ સામુદાયિક ઉપયોગ પણ કર્યો. સ્ત્રી જાતિની ગુલામીની બેડીઓ તોડવામાં જેમ ભગવાન મહાવીરની ચંદનબાલા સમયના અભિગ્રહની તપશ્ચર્યાનું પ્રદાન ઉપયોગી બન્યું, તેમ ગાંધીજીના તપત્યાગ અને બલિદાનને નિમિત્તે ભારતમાં સ્ત્રીઓને મતદાનનો અધિકાર રાજ્ય શાસનમાં આપ્યો અને પુરુષપ્રધાન સમાજરચનામાં સ્ત્રીઓ માટે અનેક ક્ષેત્રો ખુલ્લાં મૂકવાની પ્રેરણા મળી.

શ્રીમદ્દરાજચંદ્ર, ગાંધીજી અને સંતબાલ જેવી વિભૂતિઓએ વકતવ્ય અને કર્તવ્યને જીવનની એક રેખા પર રાખ્યા. શ્રીમદ્દજી અન સંતબાલ જેવા મહાન સંતોના વિચારો સાથે મહાત્મા ગાંધીજીના વિચારોનું સામંજસ્ય એટલે રાજસત્તા અને ધર્મસત્તાનો સમન્વય કહી શકાય.

ગાંધીજીએ પોતાના જીવનમાં સર્વધર્મસમભાવને આત્મસાત કરેલો. શ્રીમદ્‌જીના જીવન વ્યવહાર થી, જૈનોના મહાવ્રત અપરિગ્રહની એટલી પ્રબળ અસર ગાંધીજી પર પડી કે તેઓ દઢપણે માનતા થયાં કે સત્યશોધક, અહિંસાવાદી, પરિગ્રહ ન કરી શકે. જીવનના દરેક સ્તરે ગાંધીજીએ અપરિગ્રહવ્રતની પ્રાણ પ્રતિષ્ઠા કરી અને આ શ્રદ્ધા જ્યારે ઐચ્છિક ગરીબાઇ વ્રતમાં પરિણમી ત્યારે એ વિચારધારાએ સમગ્રરાષ્ટ્રને સમાજવાદનો આદર્શ આપ્યો.

બ્રહ્મચર્ય અને સાધનશુદ્ધિના વિચારોની અસર પણ ગાંધીજીના જીવનમાં જોવા મળે છે. રાજકરણ અને સ્વાતંત્ર્યસંગ્રામના વિવિધ પ્રસંગોમાં તેમની અનેકાંત દષ્ટિનાં દર્શન થયા વિના રહેતા નથી. દરેક વ્યક્તિ, સાથે કામ કરવાવાળી હોય કે સામા પક્ષની હોય, તેના મતને લક્ષમાં લેવો ધીરજપૂર્વક તેનું ચિંતન કરવું, તે અભિગમમાં પરમત સહિષ્ણુતાના સિદ્ધાંતને સ્વીકારતો જોવા મળે છે. જૈનદર્શનની સૂક્ષ્મ અને ઊંડી અહિંસા ગાંધીજીએ આત્મસાત કરી શ્રીમદ્‌જીએ જૈન કર્મયોગમાં મૂર્તિમંત કરીને ચરિતાર્થ કરી. આમ ગાંધીજીના સમગ્રજીવનમાં જૈનધર્મ-વિચારધારા અને જૈનસંતોની વ્યાપક અને પ્રબળ અસર જોવા મળે છે.

# સાહિત્ય અને કલાના સર્જનનો ઉદ્દેશ શુભતત્ત્વોનાં દર્શન હોય તો જ સાર્થક

કાવ્ય, સાહિત્ય કે સંગીત આદિ કળા જો આત્માર્થે ન હોય તો કલ્પિત એટલે નિરર્થક સાર્થક નહીં તે - જીવનની કલ્પના માત્ર. ભક્તિ પ્રયોજનરૂપ કે આત્માર્થ ન હોય તો બધું જ કલ્પિત.

શ્રીમદ્જીએ આ એક વાકયમાં ખૂબ જ ગહન વાત કહી છે. ગાગરમાં સાગર જેવા આ મહત્ત્વના એક વાક્ય ઉપર ચિંતન કરીએ તો, કલા અને સાહિત્યસર્જનને એક નવી દિશા મળશે.

પરમકૃપાળુ શ્રીમદ્જીના કહેવાનું તાત્પર્ય છે કે, કાવ્ય, સાહિત્ય કે સંગીત વગેરે કલાઓમાં જો આત્મશ્રેયનું ધ્યેય ભળે, તે સર્જનને આત્મકલ્યાણનું કારણ મળે તો તે કલા સાર્થક બને. કલાનું અંતિમ ધ્યેય, પરમ સમીપે પહોંચવાના હેતુ રૂપ હોય તો જ કલા, સાધના બની શકે અને તે સ્વ-પરને કલ્યાણકારી બની શકે.

સંગીત, કલા કે સાહિત્યજગતના સાધકો કદાચ આ વાત સંપૂર્ણ રીતે ન પણ સ્વીકારે પરંતુ અનેકાંત દષ્ટિએ વિચારતા આ તથ્યનો સ્વીકાર થઇ શકે.

સાંપ્રત સમાજજીવનનો પ્રવાહ, માનવમનની કલ્પનાશક્તિ અને વિવિધ કલાઓના અનેક પાસાઓને લક્ષમાં લઇને જ આ વિધાનનો યથાર્થ સ્વીકાર થઇ શકે. કલાકારને સર્જન સ્વાતંત્ર્યનો અધિકાર છે, સ્વચ્છંદતાનો નહિ. સદ્આચરણમાંથી પરાવર્તિત થયેલી કલામાં સાત્ત્વિકતા આવશે માટે જ ગાંધીજી કહેતા કે શીલ એવું સર્જન.

અહીં એ વાતનું પણ સ્મરણ રાખવું પડશે કે આ વિધાન શ્રીમદ્જી કહે છે અને શ્રીમદ્જીની દરેક વાત કે વિચાર આત્મલક્ષી જ હોય.

કોઇ કલાકાર કે સર્જકને કલાકૃતિના સર્જનનું આપણે કારણ પૂછીએ તો મહદ્અંશે એ જવાબ દેશે કે હું મારા નિજાનંદ માટે કલાકૃતિનું સર્જન કરું છું. મારા આત્માના આનંદ માટે રચના કરું છું તો કલાકારની આ નિજાનંદની વાત અને શ્રીમદ્જીની આત્મશ્રેયાર્થેની વાત તદ્દન સમીપ છે.

સંસ્કૃતિને જીવનનું બળ પૂરું પાડનારા, એનું પોષણ સંવર્ધન કરનારાં પરિબળોમાં સાહિત્ય, સંગીત અને કલાનો સમાવેશ થાય છે એક સંસ્કૃત સુભાષિતમાં, કવિતા સાહિત્ય અને સંગીત વગેરે કલા વિનાના મનુષ્યને પશુ સમાન ગણ્યો છે.

સાહિત્ય સંગીત અને લલિતકલાઓથી માનવજીવન સભર બને છે, મધુર બને છે માટે અહીં જીવનમાં કલાની આવશ્યકતા જ નહીં પરંતુ અનિવાર્યતા સ્વીકારી છે. પરંતુ જીવનની સભરતા અને મધુરતા શું ? માત્ર કલ્પનામાં વિહાર કરવાથી જીવનમાં સભરતા અને મધુરતા આવી શકે ? સર્જનશક્તિને ખિલવવા માટે કલ્પનાના વિકાસની એક નિશ્ચિત હદ છે એ સરહદ પાર કર્યા પછીની કલ્પના નિરર્થક છે.

કાવ્ય, સાહિત્ય કે સંગીત વગેરે કલાઓ માત્ર ભક્તિ પ્રયોજનરૂપ ન હોય તો તે માત્ર કલ્પિત અને નિરર્થક બની રહેશે. જે કલા દ્વારા આત્મગુણોનો વિકાસ થાય તે કલા જ સાર્થક. જે સર્જનમાં નિજસ્વરૂપને પામવાની ઝંખના નથી તે કૃતિ ઇન્દ્રિયોના મનોરંજન કરનારી નિવડે છે જેનું પરિણામ ભોગ-ઉપભોગ અને તૃષ્ણા વધારનારું, રાગ-દ્વેષ અને સંસાર વધારનારું હોય છે. સૂરદાસ, તુલસીદાસ, મીરાં, નરસિંહ, કબીર કે અવધૂત આનંદઘનજીનું સંગીત કે કાવ્યસાહિત્ય, ભક્તિ પ્રયોજનરૂપ કે આત્માર્થે હોવાથી, ચિરંજીવ બની અમરત્વને પામ્યું.

જાણે ઉપર ઉપરથી છીછરા પાણીમાં છબછબિયાં કરાવતી કલા અને સાહિત્ય કૃતિઓ ક્ષણિક આનંદ આપે અને તેનું આયુષ્ય માત્ર પરપોટા જેટલું હોઇ, કાળના પ્રવાહમાં વિસ્મૃત બની જાય. પરંતુ શ્રીમદ્જી જેવા સર્જકની કૃતિઓ સ્વ-પરની કલ્યાણકારી બની ગઇ, કારણકે તેમાં આત્મતત્વના ઊંડાણમાં ડૂબકી લગાવ્યા પછીની નિજી ભાવ કે ઉત્કટસંવેદના વ્યકત થઇ છે. શુદ્ધ આચરણમાં પરાવર્તિત થયેલી

સર્જકતાએ આત્માની અમરતાનું ગાન પ્રગટ કર્યું છે. સાધનાની પગદંડી પર ચાલતા પરમતત્ત્વની અનુભૂતિ માટે જે કૃતિઓની રચના સહજભાવે થઇ તે ચિરંતન બની અમર બની ગઇ.

અશ્લીલ કલા કે સાહિત્ય ઇન્દ્રિયોને બહેકાવનારું કે નૈતિક અધઃપતન કરાવનાર છે. ધર્મ કે નીતિશાસ્ત્રોએ આવી કલા કે સાહિત્યનો નિષેધ કર્યો છે, કે જેના દર્શન, શ્રવણ કે વાંચનથી વિકાર અને દ્વેષભાવ વધે, હિંસા, ઝનૂન, વેરની વસુલાત, બળાત્કાર, છેતરપિંડી, ચોરી, લૂંટ જીવનમાં વિલાસિતા અને વ્યસનો વધે આવી સાહિત્ય કે કલા કૃતિઓ જીવનના મૂળભૂત સંસ્કારોનું ધોવાણ કરી નાખશે.

જયારે સત્ત્વશીલ કલા કે સાહિત્યથી તો જીવનસંસ્કારથી સભર બનશે, નીતિમત્તાનું ધોરણ ઊંચું આવશે અને માનવજીવન ઊર્ધ્વગામી બનશે રાષ્ટ્રભાવના અને કુટુંબ પ્રેમની રચના, કર્તવ્યભિમુખ કરાવનારી છે, તો પ્રકૃતિગાન જીવનનો નિર્દોષ આનંદ છે. જે આત્મક્ષેયના અંતિમ ધ્યેય તરફ લઇ જશે.

સાહિત્યનો ઉદ્દેશ માત્ર ધર્મોપદેશ કે નીતિના પ્રસાર પ્રચારનો જ નથી પરંતુ સાહિત્યસર્જનનો મૂળ ઉદ્દેશ તો શુભતત્ત્વોના દર્શનનો જ હોવો જોઇએ. માટે જ સદ્‌સાહિત્યને જીવનનો અમૃતકુંભ કહ્યો છે.

પ્રેમ અને સ્નેહ કવિતાનું પ્રથમ પગથિયું છે, સર્જનને સાત્ત્વિકતાની એ ઊંચાઇએ પહોંચાડવાનું છે, જ્યાં સ્પંદનો પ્રેમની દિવાલોને અતિક્રમી વીતરાગભાવનું દર્શન કરે.

સાંપ્રત જીવનશૈલીમાં સંવેદના જ્યાં બૂઠ્ઠી થઇ ગઇ હોય, ત્યાં સત્ત્વશીલ સાહિત્ય ઊર્મિતંત્રને રણઝણતું કરી લાગણીને સંસ્પર્શ કરશે જેથી સંવેદનશીલતા જાગૃત થશે.

કવિતાસર્જનની પ્રાથમિક દશા કદાચ પ્રેમ અને વિરહની હોય. પ્રિયતમાના અંગલાલિત્યના વર્ણનથી શરૂ થતી કવિની યાત્રા પ્રભુના વિવિધરૂપ અને ગુણના વર્ણનમાં

જ પહોંચવાના ધ્યેયયુક્ત હોવી જોઇએ. પ્રાથમિક દશાથી શરૂ થયેલી કવિની યાત્રાએ પરમાર્થદશા સુધી પહોંચવાનું છે.

પ્રભુની પ્રતિમા કે મંદિરનાં શિલ્પો, ભક્તિસંગીત, પ્રેરણાદાયક જીવનચરિત્રો, દૃષ્ટાંતકથાઓ, આત્મકથાઓ, લેખ, કાવ્યો, નિબંધ કે કલાનાં વિવિધ સ્વરૂપોના સર્જનનું અંતિમ લક્ષ્ય આત્મશ્રેય હોય તો જ કલ્યાણકારક બની શકે.

સંગીત, સાહિત્ય કે વિવિધ કલાઓના વાહક, સમૂહમાધ્યમોનું કોમ્પ્યુટર સાથે જોડાણ, ઇન્ટરનેટ, વીડિયો, ઓડીઓ, પુસ્તકો, વર્તમાનપત્રો, સામયિક પ્રકાશન જાણે માનવજીવન પ્રવાહ સામે એક ધસમસતું પૂર કે વાવાઝોડું આવ્યું છે. માત્ર આંખ મીંચી દેવાથી પૂર ઓસરશે નહિ કે વાવાઝોડું શાંત થશે નહિ. સસલાંવૃત્તિને બદલે આ આક્રમણનો સામનો કરી પૂરના પ્રવાહને યોગ્ય રીતે વાળીશું તો તે વિનાશને બદલે નવરચનાનું નવસર્જનનું કે કલ્યાણનું કાર્ય કરશે.

આ અંગેના કાર્યક્રમોની વિચારણા વખતે શ્રીમદ્જીની સાહિત્ય, સંગીત કે કલા આત્માર્થે જ હોય તે વાત દીવાદાંડી સમાન બની રહેશે કારણકે વિવિધ કલાઓ એ સાહિત્યજીવનનું એક અંગ છે જીવનને ઘડવામાં જીવનને સુસંસ્કૃત બનાવવામાં તેનું ઘણું મોટું યોગદાન છે માટે તે ક્ષેત્રની વિશુદ્ધિ માનવજીવનને ઊંચાઇ પર લઇ જશે.

## સરળતા જ જીવન સૌંદર્ય

આ સમગ્ર સંસારમાં મનુષ્યો ચિત્ર-વિચિત્ર સ્વભાવના હોય, ભિન્ન ભિન્ન પ્રકૃતિના હોય છે. કોઈ સરળ હોય, કોઈ વક્ર એટલે વાંકો હોય કોઈ શરીરથી સુંદર હોય પણ મનથી મલિન હોય, કોઈ મૂર્ખ હોય કોઈ ચતુર અને બુધ્ધિશાળી હોય. કોઈ સુસ્ત આળસુ અને મંદ હોય તો કોઈ ચપળ અને સ્ફૂર્તિમાન હોય.

ભગવાને વૃક્ષોને પ્રતીક બનાવી મનુષ્યોના સ્વભાવની સરખામણી કરતી એક ચોભંગી દર્શાવી છે.

**चतारि रूक्खा पण्णता-तं जहा –**
**ऊज्जु णाममेगे उज्जु**
**ऊज्जु णाममेगे वंके**
**वंके णाममेगे वंके**

અહીં વૃક્ષોના ચાર પ્રકારની વાત કરવામાં આવી છે.

એક શરીરથી કોમળ ઋજુ અને સુંદર હોય અને કાર્યથી પણ સુંદર ફળફૂલ દેવાવાળું હોય. તકલીફ વિના સમયે સમયે મધુર ફળો આપ્યાં કરે.

કોઈક વૃક્ષો જોવામાં સરળ હોય, કોમળ પણ હોય પરંતુ ફળો આપવામાં વક્ર હોય. સમયેસમયે ફળો ન આપે. કોઈ એક વર્ષ ફળ આપે તો કોઈ એક વર્ષ ફળ ન પણ આપે. ઘણી વાર આવાં વૃક્ષોની સેવા કરવામાં આવતી હોય છતાંય ફળો ન આવે. ત્રીજા પ્રકારના વૃક્ષો દેખાવ શરીર આકારમાં વક્ર-વાંકા ચૂંકા હોય પરંતુ ફળો આપવામાં સરળ હોય છે તેનો બાહ્ય આકાર આકર્ષિત ન હોય પરંતુ સમયે સમયે ફળ આપી તેની સેવા કરવાવાળાનું મન સદૈવ પ્રસન્ન રાખે છે.

ચોથી શ્રેણીનાં વૃક્ષોનું શરીર પણ વાંકુચુંકુ અને ફળ દેવામાં પણ વક્રતા ક્યારેક થોડાં ફળો આપે, તે પણ ખાટા કડવા કે સ્વાદવિહીન હોય.

વૃક્ષો તો એક પ્રતીક છે. વૃક્ષોની જેમ મનુષ્યોના પણ ચાર પ્રકાર છે.

**एवा मेव चत्तारि पुरिस जाया, पण्णता, तं जहा –**
**ऊज्जु णाममेगे उज्जुववहारे**
**ऊज्जु णाममेगे वंकववहारे**
**वंके णाममेगे उज्जुववहारे**
**वंके णाममेगे वकववहाटे**

જૈનાચાર્ય નિત્યાનંદસૂરિએ આ સૂત્રનું રસદર્શન કરતાં કહ્યું છે કે સ્વભાવ, પ્રકૃતિથી માનવીના ભિન્ન ભિન્ન ચાર પ્રકાર છે.

વૃક્ષોના સ્વભાવની જેમ મનુષ્યના પણ ચાર પ્રકાર છે. કેટલાંક મનુષ્ય શરીરથી સીધા સરળ દેખાવમાં સુંદર ભોળા અને માસુમ લાગે છે. એમના વ્યવહાર આચાર મન અને બુધ્ધિ સરળ અને અન્યને ગમે તેવા હોય છે. તેવા મનુષ્યનું વ્યક્તિત્વ અને સરળતા બાળક જેવા નિર્દોષ હોય છે. જે અન્યનું મન હરી લે છે. દસલક્ષણાધર્મમાં સરળતાને ઉત્કૃષ્ઠ સ્થાન આપ્યું છે. ચોભંગીના પહેલા ભાંગામાં માનવીનો જે પ્રકાર બતાવ્યો છે અને તેને બાળકના સ્વભાવ સાથે સરખાવ્યો છે તે સરળતા અને નિર્દોષતા તરફ અંગુલિનિર્દેશ કરે છે.

બીજા ભાંગામાં માનવીના બીજા પ્રકારની વાત કહી છે જે શરીરથી સરળ પણ મનથી વક્ર હોય. બહાર જે જીવન દેખાતું હોય જેવું અંદરથી નથી દેખાતું. 'મુખમાં રામ બગલમાં છૂરી' કે 'બતાવવાના જુદા અને આપવાના જુદા' જેવું હોય છે. આવી વ્યક્તિઓના જીવનમા દંભ અને લુચ્ચાઈ બન્ને હોય છે.

આવી વ્યક્તિઓની વાતચીત અને પહેરવેશ પરથી તો એ સજ્જન લાગે છે. બહારની તેની પ્રતિભા જોઈ લોકો તેને સત્પુરુષ ધર્માત્મા કે સજ્જન સમજવા લાગે છે. પરંતુ આવા કહેવાતા ધર્મરાજની નજીક આવતા મામા શકુનિ જેવા માયા કપટ જોવા મળે છે.

કબીરે કપટીને દાડમની કળી સાથે સરખાવેલ છે. જ્યાં કપટભર્યું હેત દેખાતું હોય ત્યાં જવું નહીં. બહારથી લાલ દેખાય પણ અંદરથી જૂઓ તો ધોળું ધબ. આવી કપટી વ્યક્તિનું જીવન સુખી શાંત ન હોય મનમાં વક્રતા અને સંતાપ હોય તે ચિંતારહિત નિર્ભય જીવન જીવી ન શકે, વળી અંતે તેની દુર્ગતિ થાય છે. આ માયા તેને તિર્યંચયોનિમાં લઈ જાય છે.

ત્રીજા ભાંગામાં બતાવ્યા પ્રમાણેની વ્યક્તિ બહારથી વક્ર હોય. ભવાંતરે તે પશુ-પક્ષી બને છે. શરીર વક્ર હોય, હાલચાલ અને વ્યવહારમાં પણ વક્રતા લાગતી હોય પરંતુ આવી વ્યક્તિ મનથી સરળ હોય, શાંત હોય.

કોઈ શાપને કારણે અષ્ટાવક્ર ઋષિનું શરીર આઠ જગ્યાથી વાંકુચૂંકુ હતું. એનું બેડોળ અને વાંકુ શરીર જોઈ લોકો હસતા હતાં. પરંતુ અષ્ટાવક્ર ઉચ્ચ જ્ઞાની સરળ અને શાંત સ્વભાવના હતાં. એમની વિદ્વત્તાની પ્રશંસા સાંભળી રાજા જનકે તેને રાજસભામાં જ્ઞાનચર્ચા માટે આમંત્રિત કર્યા. જ્યારે વાંકાચૂંકા બેડોળ શરીરવાળા અષ્ટાવક્ર રાજસભામાં પ્રવેશ્યા ત્યારે, ત્યાં ઉપસ્થિત સભાજનો હસવા લાગ્યા કે શું આવી વ્યક્તિને રાજાએ જ્ઞાનચર્ચા માટે આમંત્રિત કરી છે? સભાસદોનું હાસ્ય સાંભળી અષ્ટાવક્રઋષિ પાછા જવા લાગ્યા, ત્યારે રાજા જનકે બે હાથ જોડી વિનમ્રતાથી કહ્યું, ''મહારાજ, જ્ઞાન આપ્યા વિના જ કેમ પાછા ફરી રહ્યાં છો? અષ્ટાવક્ર ઋષિએ કહ્યું, રાજા, મેં તો સાંભળ્યું હતું કે તમારી સભા જ્ઞાનીઓની સભા છે આ સભામાં એક એક મોટો વિદ્વાન અને આત્મજ્ઞાની વ્યક્તિ હશે. પરંતુ અફસોસ અને આશ્ચર્ય સાથે કહેવું પડે છે કે આ આત્મજ્ઞાનીઓની સભા છે કે ચમારોની સભા?

ચમાર શબ્દ સાંભળીને સર્વ વિદ્વાનો ઉત્તેજિત થઈ ઉશ્કેરાઈ ગયા. રાજા જનકે સભાસદોને શાંત રહેવા જણાવ્યું અને ઋષિઅષ્ટાવક્રજીને પૂછ્યું, મહારાજ આ આત્મજ્ઞાનીઓની સભાને ચમારોની સભા કહી આપે અહીં ઉપસ્થિત વિદ્વાનો અને ઋષિઓનું અપમાન કેમ કર્યું?

અષ્ટાવક્ર કહે, ''આત્મજ્ઞાની કોણ હોય?'' જે આત્મા છોડીને માત્ર

ચામડીની કિંમત કરે, જેને માત્ર બાહ્ય રૂપરંગ શરીરમાં જ રસ હોય, જેને આત્મા સાથે લેવા દેવા નથી, બાહ્યશરીર અને ચામડીમાં જેનું મન રત હોય તે ચમાર છે.

જેનો આત્મા પરમપવિત્ર પાપરહિત નિર્મળ અને સરળ હોય, ભલે તેનું શરીર બેડોળ કે વાંકુ હોય છતાંય તે વ્યક્તિ સાચા અર્થમાં સુંદર છે.

શુભાશુભ નામકર્મના ઉદય પ્રમાણે શરીર મળે છે પરંતુ મનની સરળતાનો પવિત્રતા સાથે સંબંધ છે.

માનવીના ચોથો પ્રકારમાં જણાવ્યું છે કે બહારનું શરીર રૂપરંગ ચાલ, વક્ર હોય અને મન જીવન અને વ્યવહાર પણ વક્ર હોય, આવી વ્યક્તિઓ દુર્ભાગી છે. જેનું ચરિત્ર રામાયણની મંથરા જેવું હોય છે.

એક વૃધ્ધ સ્ત્રીનું વાંકુ કુબડુ શરીર જોઈ લોકો તેની મજાક કરતાં હતાં. તેનાંથી આ વૃધ્ધ સ્ત્રી દુ:ખી હતી. તેનું દુ:ખ જોઈ નારદજીએ કહ્યું, જો તમે ઈચ્છતા હો તો હું પ્રભુને પ્રાર્થના કરી, તમારું વાંકુ, ચુંકું, કુબડું શરીર સારું કરાવી આ બેડોળતા દૂર કરાવી દઉં. વૃધ્ધા બોલી કે જો તમે કરાવી શકતા હો તો, ભગવાન પાસે એક કામ કરાવો, આ તમામ ગ્રામવાસીઓને કુબડા બનાવરાવી દો. આ લોકો મારી મજાકમશ્કરી કરે છે તેની તેને આવી જ સજા મળવી જોઈએ.

વૃધ્ધા માત્ર શરીરથી જ નહિ મનથી પણ વક્ર હતી. પોતાનું દુ:ખ દૂર કરવાને બદલે બીજાં બધા દુ:ખી થાય, તેનું સુખ છીનવાઈ જાય અને તે મારા જેવા દુ:ખી બને તે કેટલી નીચ મનોવૃત્તિ.

વૃધ્ધાનો આ જવાબ સાંભળી નારદજી શું બોલે? તેણે ચુપચાપ ચાલતી પકડી.

ભગવાન મહાવીરે આવી મનોવૃત્તિવાળા લોકોને કૃષ્ણલેશ્યાવાળા લોકો કહ્યાં છે. તેમની બહાર અને અંદર બધું જ કાળું મલિન કુરુપ અને બદસૂરત જે સંસારમાં

ક્યારેક સુખી ન રહી શકે.

બીજાનું દુ:ખ દર્દ જોઈ માત્ર દુ:ખની અનુભૂતિ થાય તેટલુ જ નહિ દુ:ખીનું દર્દ દૂર કરવા તેની પીડા ઓછી કરવા આપણી યથાશક્તિ પુરુષાર્થ કરવો તે અનુકંપા દયા અને કરૂણાભાવ છે.

બીજાનું સુખ સમૃધ્ધિ, ઉપલબ્ધિ અને સત્કાર્ય જોઈ પ્રસન્ન થવું અને તે કાર્યની ખરા હૃદયથી અનુમોદના કરવી તે પ્રમોદભાવના છે. આવી ભાવના જ આત્મોત્થાન કરાવે.

જીવનમાં સુખશાંતિ અને આનંદ જોઈતો હોય તો બાળક જેવું સરળ બનવું જોઈએ જો આ શ્રેણીમાં જેવું સરળ જીવન જીવવું, શરીર સ્વરૂપવાન મળવું તે આપણાં હાથની વાત નથી. પરંતુ મનનું સૌંદર્ય ખીલવવું તે આપણા પુરુષાર્થ પર નિર્ભર છે. જેનુ મન નિર્દોષ પવિત્ર અને સરળ હશે તેના નિજી જીવનમાં સૌંદર્ય અભિપ્રેત બનશે તે જ આ ચૌભંગી ચોપાઈનો દિવ્યસંદેશ છે.

# દર્પણ તૂલ્ય બનવાનો પુરુષાર્થ કરીએ

જ્ઞાની પુરુષોએ માનવના ચાર પ્રકાર બતાવ્યા છે. એક દર્પણ-અરીસા સમાન, બે ધજા-પતાકા સમાન, ત્રણ ઠુંઠા જેવો અને ચોથો પ્રકાર તીક્ષ્ણ કાંટા જેવો છે.

અરીસો-કાચ કે દર્પણ, સ્વચ્છતા અને સત્યનું પ્રતીક છે. દર્પણ સામે જેવો ચહેરો જેવુ રૂપ આવે તેવું જ તેમાં પ્રતિબિંબિત થાય છે. જેવા આપણે છીએ દર્પણમાં બરાબર તેવું જ આપણું પ્રતિબિંબ દેખાશે. જરા પણ આઘુ પાછુ નહિ, જરા ઓછું અદકું પણ નહિ, માટે કહેવત છે કે 'દર્પણ જૂઠ ન બોલે.'

જે માનવીનું હૃદય એટલું નિર્મળ સરળ હોય એ સત્પુરુષ કે સદ્‌ગુરુ પાસેથી જે ઉપદેશ સાંભળશે તે એ જ રૂપમાં તેના હૃદયમાં ઉતારી લેશે. તે પોતાના મનથી એમાં કાંઈ જોડશે નહિ. જે તત્વનું શ્રવણ કરે છે જે ઉપદેશ કાન દ્વારા હૃદયમાં ઉતારશે તે જ રૂપમાં તેને ગ્રહણ કરી આચરણમાં લેવા પુરુષાર્થ કરશે. આ મુમુક્ષુતા સરળતા અને પાત્રતાનું લક્ષણ છે. આમ દર્પણ જેવા સરળ હૃદયવાળો માનવી ધર્મ શ્રવણ માટે યોગ્ય પાત્ર છે.

બીજો પ્રકાર ધ્વજા-પતાકા સમાન છે. મંદિર પર ચઢાવેલી ધ્વજાને જોઈશું તો ક્યારેક પૂર્વ તરફ હવા ચાલતી હોય તો આ ધ્વજા પૂર્વ તરફ લહેરાવા માંડશે. પશ્ચિમ તરફ હવાનો ઝોંક હશે તો એ તરફ ઝૂકી જશે. હવા દિશા બદલે તેની સાથે ધ્વજા પોતાની દિશા બદલી એ તરફ લહેરાવા માંડશે.

ધ્વજા જેવા માનવીને પોતે નક્કી કરેલું કોઈ લક્ષ હોતું નથી. પોતાની સંકલ્પશક્તિ વડે તે નિર્ણયો ન લે, બીજાનાથી દોરવાઈ જાય. સ્વાર્થ માટે સિધ્ધાંત સાથે બાંધ-છોડ કરી લે. આવી વ્યક્તિ 'ઢાલ જોઈને ઢળે અને હવા જોઈને ચળે' એવી ચંચળ ચિત્તવૃત્તિવાળી હોય છે. વૈચારિક ક્ષમતાનો અભાવ, અવિકસિત નિર્ણયશક્તિ, ઘેટાંના ટોળાની જેમ અનુકરણ કરવાવાળી વ્યક્તિ હોય છે.

આવી વ્યક્તિ સ્વાર્થ પ્રમાણે મત, પક્ષ કે નિર્ણયો બદલતી હોય છે.

રાજાએ પોતાના રાજ્યમાં એક વ્યક્તિની સ્વાસ્થ્ય મંત્રી તરીકે નિમણુંક કરી. મંત્રીશ્રીએ એક સભામાં કહ્યું, કે રીંગણાનો શાક તરીકે વધુ ઉપયોગ ન કરવો તેનાથી શરીરમાં ગરમી વધે, તામસી વૃત્તિ વધે, વળી બહુબીજવાળા રીંગણા ખાવાથી સુક્ષ્મ હિંસાનું પાપ લાગે. માટે શક્ય તેટલું રીંગણાથી દૂર રહેવું.

બીજે દિવસે રાજાના પ્રમુખસ્થાને એક આરોગ્ય પરિષદ ભરાણી. રાજાએ પોતાના પ્રવચનમાં શાકભાજીમાં રીંગણા ઉત્તમ છે અને રીંગણાનું શાક મને બહુ પ્રિય છે એવું કહ્યું, સ્વાસ્થ્ય મંત્રીએ પોતાના વક્તવ્યમાં રીંગણાના વખાણ કરી અને કહ્યું કે જેને પોતાના ખેતર-વાડીમાં રીંગણા ઉગાડવા હોય તેને રાજ્ય તરફથી આ અંગે સહાય અને સુવિધા મળશે. પરિષદની કાર્યવાહી પુરી થયા પછી એક શાણા સજ્જને આરોગ્ય મંત્રીશ્રીને પૂછ્યું કે "કાલની સભામાં તો તમે રીંગણાના અવગુણ કહી તે ન ખાવાની સલાહ આપી અને આજે તેની તરફેણ કરી તેનું કારણ શું?"

પ્રધાને કહ્યું, "રાજાને રીંગણા ભાવે છે તે તમે સાંભળ્યું ને? રીંગણા, મારા શેઠ નથી રાજા મારા શેઠ છે. રીંગણાના ગુણ અવગુણ સાથે મારે શું લેવા દેવા? તમે સમજ્યાને?"

પેલો શાણો સજ્જન શું બોલે? આ પ્રકારના માનવો સ્થાપિત હિત અને સ્વાર્થની હવા પ્રમાણે ધજા-પતાકાની જેમ ફરફરે છે.

ત્રીજા પ્રકારના માનવીઓ કે જેને પોતાનું મૌલિક ચિંતન વિચાર જેવું કશું હોતું નથી. જે મુર્ખ અને હઠાગ્રહી હોય છે: જેઓ બીજાના ઉપદેશ કે સારી સલાહ માનવા તૈયાર પણ નથી. તેવા દુરાગ્રહી વ્યક્તિઓને જ્ઞાનીજનોએ 'ઠુંઠા' સમાન ગણાવ્યા છે. ઝાડના તદ્દન સુકાઈ ગયેલા 'ઠુંઠા' પર તમે ગમે તેટલું પાણી સીંચો તો પણ તે નવપલ્લવિત થશે નહિ. આવા સુકા ઠુંઠા પર તમે ઘી કે અમૃતનું સિંચન કરો તો પણ તે કોળશે નહિં. શેકેલું ભુંઝેલું બીજ ઉપજાઉ ફળદ્રુપ જમીનમાં વાવીએ તેને નિયમિત જળસિંચન કરીએ છતાંય તેમાં બીજ અંકુરિત ન થાય તેવું જ આ ઠુંઠાનું છે.

આ ઠૂંઠા જેવા માનવની ભીતરમાં જીવનશક્તિ ચેતના કે સ્ફૂરણા નથી હોતી. આવી વ્યક્તિઓની અંદર અહંકાર પંથ કે સંપ્રદાયની પક્કડ "હું કહું કે હું કરું તે જ સાચુ'ની માન્યતાની પક્કડ હોય છે. તે સત્ય, હકીકત કે વાસ્તવિકતાનો સરળતાથી સ્વીકાર ન કરી શકે. સામે સૂરજ દેખાતો હોય તો પણ કહે કે હજુ રાત છે.

બીજી વાત એ કે રસ્તામાં પડેલ ઠૂંઠા સાથે કોઈ અથડાય તો તે ઘાયલ થઈ જાય તેમ આ ઠૂંઠા જેવી વ્યક્તિ સાથે કોઈ દલીલબાજી કરે કે ટક્કર લે તો વિવાદ કલહ સર્જાઈ જાય અને સામેવાળી વ્યક્તિ ક્ષુબ્ધ બની જાય.

ચોથા પ્રકારના માનવો તીક્ષ્ણ કાંટા સમાન છે. રસ્તે ચાલતા બાવળના ઝાડ પાસેથી પસાર થયા તેનો કાંટો કપડામાં ભરાઈ ગયો, હવે કપડા પકડી અને કાંટો કાઢવાની કોશીશ કરીએ તો કાંટો આંગળીમાં ખૂંચી જાય અને આંગળી લોહીલુહાણ કરીનાખે. બીજા હાથેથી કાંટો આંગળીમાંથી કાઢવાનો પ્રયત્ન કરતા બીજો હાથ પણ ઘાયલ થઈ જાય છે.

તો સદા કાંટા જેવા તીક્ષ્ણ, ઝેરીલા, ઝગડાળુ બીજાને ઘાયલ કરવાવાળાને દૂરથી સૌગ્ગજથી નમસ્કાર સારા એટલા માટે જ્ઞાનીઓએ આવી વ્યક્તિને તીક્ષ્ણ કંટક સમાન ગણાવી આપણને સાવધાન કર્યા છે.

જ્ઞાન, બુધ્ધિ તર્ક કે સમજદારીનો ઉપયોગ આપણે એવી જગાએ જ કરવો જોઈએ કે જ્યાં તેનું મૂલ્ય હોય, એનાથી કોઈ લાભાન્વિત થાય. સાંપને દૂધ પાવાથી સાંપ આપણને જ દંશ દે તેવી શક્યતા રહેલી છે. વળી સાંપને દૂધ પાવાથી તેનું વિષ વધશે એટલે જ્ઞાનનો ઉપયોગ પાત્ર વ્યક્તિ જોઈને કરવો જોઈએ.

જિનસૂત્રની ૪૩૧માં ગાથામાં ૪ પ્રકારના શ્રાવક બતાવ્યા છે —

**चतारी समणोवासगा पण्णता तं महा –**

**ऊदाग समाणं, पडा ग समाणं**

**रवाणु समाणं रवरकंटक समाणं**

આ ગાથાનું વિવેચન કરતા જૈનાચાર્ય વિજય નિત્યાનંદસૂરિ કહે છે કે દર્પણ સમાન, પતાકા સમાન, ઠુંઠા સમાન અને કંટક સમાન એ ચાર પ્રકારના માનવોમાં દર્પણ સમાન માનવી શ્રાવક શ્રેષ્ઠી છે.

જ્ઞાનીઓ આ માનવીનું આ ચાર પ્રકારમાં અલગ વિભાજન કરીને આપણને દર્પણ જેવા માનવ બનવાની પ્રેરણા આપે છે.

ધ્વજા, ઠુંઠા કે કંટક જેવા ન જ બનીએ અને આત્મ નિરિક્ષણ કર્યા પછી આમાનાં આપણા સ્વદોષનું દર્શન કરી, એ દૂર કરીશું તો આપણાં આત્મગુણોનો વિકાસ સાધી શકીશું.

## દર્શનસાહિત્યમાં આત્મચિંતન

ભારતીય સંસ્કૃતિને ઘડનારાં પરિબળોમાં સાહિત્યનું યોગદાન મૂલ્યાયવાન રહ્યું છે. સાહિત્ય, સંગીત અને લલિતકલાઓથી માનવજીવન સભર બને છે, મધુર બને છે, સાહિત્ય અને કલાના સર્જનનો ઉદ્દેશ શુભ તત્ત્વનાં દર્શનનો હોય તો જ તે સાર્થક ગણાય.

દર્શન એટલે જોવું તે - તત્ત્વજ્ઞાનને એક વિશિષ્ટ દષ્ટિકોણથી સમજવાનો પ્રયત્ન કરે છે. વ્યાવહારિક સત્યનું દર્શન તો ઘણા લોકો કરી શકે છે. પરંતુ પારમાર્થિક સત્યનું દર્શન બહુ જ થોડા કરી શકે છે.

દર્શન એ જ સમાજ, સભ્યતા તથા સંસ્કૃતિનો અમૂલ્ય ભંડાર છે. કોઇપણ સભ્યતા તથા સંસ્કૃતિનો વાસ્તવિક પરિચય મેળવવા માટે તેની દાર્શનક વિચારધારાનું જ્ઞાન મેળવવું જરૂરી છે. પાશ્ચાત્યદર્શનમાં અનેક દેશોની વિચારધારાઓનો સંગમ થયો છે. તેમાં મુખ્યતઃ ગ્રીક, ખ્રિસ્તી તેમજ આધુનિક વિચારધારાઓનો ત્રિવેણીનો સંગમ થયો છે. ગ્રીક દાર્શનિકોએ સર્વ પ્રથમ જડજગતનું વિવેચન કર્યું. પછી અંતર્મુખી દષ્ટિ અપનાવી ચેતન આત્માનું વિશ્લેષણ કર્યું અને આ બંનેનો સમન્વય તત્ત્વમાં કર્યો. યુરોપને ધાર્મિક અંધવિશ્વાસથી મુક્ત કરી, દર્શનનું સ્વતંત્ર વૈજ્ઞાનિક વિશ્લેષણ કરવામાં વિશેષ ફાળો ગ્રીકદર્શને આપેલો છે.

યુરોપની દાર્શનિક પરંપરામાં સોક્રેટીસ, પ્લેટો અને મધ્યયુગની ચિંતનધારા પર એરીસ્ટોટલનો ઘણો પ્રભાવ પડેલો છે.

પૂર્વનું તત્ત્વજ્ઞાન આત્મજ્ઞાનને પ્રધાનતા આપે છે. પશ્ચિમનું તત્ત્વજ્ઞાન, તાર્કિક તેમજ બૌદ્ધિક બાબતોને વધુ મહત્ત્વ આપે છે, તેની દષ્ટિ બહિર્મુખી છે. આધ્યાત્મિક રહસ્યોની શોધને બદલે જગતના વ્યાવહારિક પ્રશ્નોની ચર્ચામાં તેને વિશેષ રસ છે. ડૉ. રાધાકૃષ્ણનના મતે પૂર્વમાં ધર્મનો અર્થ મોટે બાગે આત્મપરાયણ જીવન થાય છે માટે અહીં ધર્મને નામે બહુ ઝઘડા થયા નથી કે લોહીની નદીઓ વહી નથી.

વિશ્વની તમામ દાર્શનિક પરંપરાઓએ આત્મા વિષે ચિંતન અને મનોમંથન કરેલું જ છે. પશ્ચિમની સંસ્કૃતિએ વિચારશૈલી પર ભાર આપ્યો. તેમણે વિચારધારાને Philosophy એવું નામ આપ્યું. પશ્ચિમનું વિચારશાસ્ત્ર જ્યાં પૂરું થાય છે, ત્યાંથી પૂર્વનું દર્શન આગળ વધે છે. બારતીય ચિંતકોને અનુભવ થયો છે કે કેટલાંક સત્યો માત્ર વિચારવાથી પામી શકાતા નથી. પરંતુ કોઇપણ સત્યને પામવા માટે તેના વિચારનું દોહન, ચિંતન, મનન અને મંથન કરવું પડે છે તો જ એ વિચાર આત્મસાત્ થાય. આચરણ પછી જ સત્ય પામી શકાય છે. આધ્યાત્મિક પછીના ચિંતનમાંથી જ દર્શન પ્રગટે અને તે ચિંતન, ચિરંતન બનીને શાસ્ત્ર બની જાય છે.

જે સાહિત્ય અને કળામાં ધર્મ, તત્ત્વજ્ઞાન અને દર્શન અભિપ્રેત છે તેવું સાહિત્ય કોઇપણ સંસ્કૃતિને જીવનનું બળ પૂરું પાડનાર, એનું પોષણ સંવર્ધન કરનાર ઊંચું પરિબળ બની જાય છે.

વેદો, શ્રુતિઓ, સ્મૃતિઓ, ઉપનિષદો, પુરાણો, ગીતા જેવા ગ્રંથો અને રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યોમાં ઠેર ઠેર દાર્શનિક આત્મચિંતનનું નિરૂપણ થયું છે. ઉપનિષદ કહે છે કે વેદ ઋષિપ્રણિત નથી એ પરમાત્માના પોતાના ઉદ્ગાર છે.

વેદનું પ્રામાણ્ય સ્વીકારનાર દર્શનોએ વૈદિકદર્શન, ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા (વેદાન્ત) આ છ દર્શનો આસ્તિકદર્શનો કે વૈદિક દર્શન કહેવાયાં. જ્યારે ચાર્વાક, જૈન અને બૌદ્ધ દર્શનો વેદનિરપેક્ષ વિચારસરણી ધરાવતા હોઇ તેમને અવૈદિક દર્શનો કહે છે.

વિવિધ વિચારધારાઓવાળાં આ દર્શનો એકબીજાનાં વિરોધી નહીં પણ એકબીજાનાં પૂરક છે. ભારતીયદર્શનોનું સ્વરૂપ આધ્યાત્મિક છે અને તે જીવનની વધુ નજીક છે. દર્શનનું અંતિમ લક્ષ્ય મોક્ષપ્રાપ્તિ હોવાથી, જ્ઞાન ખાતર જ્ઞાન નહિ, પણ મોક્ષ માટે જ્ઞાનપ્રાપ્તિની વાત છે. વિદ્યા એને જ કહેવાય જે મુક્તિ અપાવે. આ વિદ્યા અથવા અજ્ઞાન આપણા સર્વ દુઃખનું મૂળ અને આત્મા માટે કર્મબંધનું કારણ છે.

જ્ઞાનપ્રાપ્તિ બાદ જગત પ્રત્યે જોવાની માણસની દૃષ્ટિ બદલાઇ જાય છે. તે જ ખરો વૈષ્ણવજન કે શ્રાવક બને છે.

મોક્ષપ્રાપ્તિ માટેના સાધનામાર્ગમાં ત્યાગ અને વીતરાગ તથા સંન્યાસીની ભાવના પાયારૂપે રહેલા છે. ત્યાગ એટલે કર્મત્યાગ નહિ, વૈરાગ્ય એટલે નરી નિષ્ક્રિયતા નહિ. ત્યાગનો સાચો અર્થ કર્મફળત્યાગ. શ્રીકૃષ્ણે આ વાત ગીતામાં નિષ્કામ કર્મયોગ દ્વારા સમજાવી છે.

ન્યાયદર્શનના પ્રણેતા ગૌતમમુનિ છે. સત્યને જાણવા માટે જ્ઞાનનાં સાધનોની વિસ્તૃતચર્ચા આ દર્શનમાં કરેલી છે. આત્મા દેહથી ભિન્ન છે. જગતનો કર્તા ઇશ્વર છે વગેરે બાબતો અનુમાન પ્રમાણ દ્વારા સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, દુઃખ, જ્ઞાન વગેરેને આત્માનાં લક્ષણો કહ્યાં છે. વૈશેષિકદર્શનના પ્રણેતા કણાદ મુનિએ દ્રવ્ય, ગુણ, કર્મ સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ આ સાત પદાર્થોના ધર્મો સંબંધી દર્શનનું નિરૂપણ કર્યું હોઇ તેને વૈશેષિકદર્શન નામ જ્ઞાનનો અભાવ છે, તે ગણ્યું છે. પુરુષ પ્રકૃતિથી જુદો છે એમ સમજવું તેનું નામ વિવેકજ્ઞાન અને વિવેકજ્ઞાન એ જ મોક્ષનું સાધન કહ્યાં છે. પ્રકૃતિ સ્વયં વિકાર પામી આ જગતરૂપે રિણમે છે. આ દર્શન માનતું હોઇ પછી તેને ઇશ્વરના સ્વીકારની જરૂર રહેતી નથી. સાંખ્યદર્શન દ્વારા કપિલમુનિએ ઉપનિષદની માનસશાસ્ત્રીય વિચારધારાને દાર્શનિક પ્રતિષ્ઠા આપી છે. યોગદર્શનમાં પાતંજલિ મુનિએ યોગ એટલે ચિત્તવૃત્તિનિરોધ એમ કહેલું છે. વિદ્વાનો યોગ શબ્દનો અર્થ જીવાત્માને પરમાત્મા સાથે જોડવો એમ પણ કરે છે. જેમિની મુનિએ રચેલ પૂર્વમીમાંસા સૂત્રોમાં ઉપાસના અને જ્ઞાનમાત્ર કર્મની સમજણ આપવા માટે જ છે. કર્મને જ વેદોનો મધ્યવર્તી વિચાર ગણી, યજ્ઞ અનુષ્ઠાનનું વિધિવત્ વર્ણન કર્યું છે, જ્યારે ઉત્તરમીમાંસા વેદાન્તી કર્મકાંડનું ખંડન કરી આત્મસાક્ષાત્કાર તથા બ્રહ્મજ્ઞાનને જ વેદોની મધ્યવર્તી વિચારધારા ગણે છે.

ગીતામાં શ્રીકૃષ્ણે આત્મા વિશે કહ્યું છે કે :

नैनं छिदन्ति शस्त्राणि, नैनं दहति पावक : ।
न चैनम् क्लेन्दन्त्यापः न शोषयति मारुत : ॥

શસ્ત્ર છેદી શકતું નથી. અગ્નિ બાળી શકે નહિ, પાણી ડુબાડી શકે નહિ અને પવન શોષી શકે નહિ.

કબીરજી અને ગંગાસતી જેવા અનેક દાર્શનિક સંત-કવિઓએ ગીતો રચ્યાં, તો વેદાન્ત, દર્શનનાં સૂત્રો પર શંકરાચાર્ય, રામાનુચાર્ય, નિમ્બાર્ક અને વલ્લભાચાર્ય જેવાએ વિદ્વત્તાપૂર્ણ ભાષ્યો રચ્યા. આધુનિક યુગમાં સ્વામીવિવેકાનંદ, રામતીર્થ, રમણ મહર્ષિ, મહાયોગી અરવિંદ, ટાગોર, આનંદશંકર ધ્રુવ, પંડિત સુખલાલજી, મુનિશ્રી સંતબાલ, આચાર્ય વિનોબા અને ગાંધીજીના સાહિત્યમાં આપણને દાર્શનિક આત્મચિંતનની ઝલક જણાય છે, તો ઓશો અને કૃષ્ણમૂર્તિએ આગવી દષ્ટિથી આત્માની વાત કરી છે.

વેદાન્ત દાર્શનિકસાહિત્યમાં આત્મચિંતનની વિચારણા કરી. હવે અવૈદિક દર્શનોમાંના એક ચાર્વાકદર્શનમાં આત્મા વિષેના ખ્યાલનો અભ્યાસ કરીએ. તેમના મતે આત્મા જેવું કોઇ ચૈતન્યરૂપ અને સ્વયંપ્રકાશ તત્ત્વ છે જ નહિ. ચૈતન્ય વિશિષ્ટ એવું જે આપણું આ ભૌતિક સ્થૂળ શરીર એ જ સાચું છે. તે માને છે કે પૃથ્વી, જલ, તેજ અને વાયુનાં જડ તત્ત્વોમાંથી ચૈતન્ય વિશિષ્ટ એવા શરીરનો પ્રાદુર્ભાવ થાય છે. દેહાત્મવાદી ચાર્વાકદર્શનના મત મુજબ ઇશ્વર જેવું કોઇ પારમાર્થિક સત તત્ત્વ અસ્તિત્વ ધરાવતું નથી. ભૌતિકવાદી કે જડવાદી દર્શન હોવાને કારણે અહીં દાર્શનિક આત્મચિંતનનો નકારાત્મક અભિગમ જણાય છે.

ભારતીય સંસ્કૃતિની બ્રાહ્મણ અને શ્રમણ એ બે મુખ્ય દાર્શનિક પરંપરા ગણાય. શ્રમણપરંપરામાં બૌદ્ધ દર્શન અને જૈનદર્શન સાહિત્યમાં આત્માનું વિશિષ્ટ ચિંતન કરવામાં આવ્યું છે. બૌદ્ધ દર્શનમાં ત્રિપિટક ગ્રંથ અને તેની ભાષ્ય અને ટીકાઓના વિપુલ સાહિત્યમાં વિવિધ રીતે આત્મચિંતન નિરૂપાયેલું છે.

બુદ્ધ, પરિવર્તનશીલ દૃષ્ટ ધર્મો સિવાય કોઇ અદષ્ટ સ્થાયી દ્રવ્ય કે આત્મતત્ત્વનો સ્વીકાર કરતા નથી. તેમના મતે આ સંસાર અનિત્ય છે. ક્ષણિક છે. જેને આપણે જીવાત્મા કહીએ છીએ, તેને એક નિરંતર ચાલતી પ્રક્રિયાનો પ્રવાહ ગણે છે. જીવનાં

સંવેદનોને આત્માના ગુણરૂપે સ્વીકાર્યા. ચેતનાની ભિન્ન ભિન્ન અવસ્થાનો સ્વીકાર કર્યો. પરંતુ ચૈતન્યતત્ત્વની નિત્યતાને સ્વીકારી નહીં. રોગ, દ્વેષ કે સુખ દુઃખ જેવાં સંવેદનો જેની સાથે જોડાયેલાં છે, તે ભૌતિક કલેવર પોતે જ આત્મા છે અને તૃષ્ણાઓના બુઝાઇ જવાથી નિર્વાણ તરફ લઇ જઇ શકાય છે એવો બુદ્ધનો મત હતો. અનાત્મવાદ કે નરાત્મવાદ એ બુદ્ધિદર્શનનું વિશિષ્ટ આત્મચિંતન છે.

જૈનદર્શને કર્મવાદ અને મોક્ષના સંદર્ભે પારદર્શક આત્મચિંતન રજૂ કર્યું છે. તેમના મતે સ્થૂલપદાર્થનું દર્શન ચર્મચક્ષુઓનો વિષય છે અને આત્મસ્વરૂપનું દર્શન દિવ્ય ચક્ષુઓનો વિષય છે. દર્શનાવરણીય કર્મના ક્ષય કે ક્ષયોપક્ષમથી ચર્મચક્ષુ રૂપ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે અને પદાર્થદર્શનની દૃષ્ટિ ખુલે છે, પછી મોહનીય કર્મના ક્ષય-ઉપશમ કે ક્ષયોપશમથી આત્માના શુદ્ધ સ્વરૂપનું દર્શન થાય છે. દાર્શનિક કર્મવિજ્ઞાન દ્વારા, આત્માની શુદ્ધિકરણની પ્રક્રિયાના ક્રમિક વિકાસના તબક્કાને ગુણસ્થાનક (ગુણઠાણા) ના સંદર્ભે સમજાવી છે. ચાર અનુયોગમાંથી દ્રવ્યાનુયોગમાં આત્માની સમજણ આપી છે. છ દ્રવ્ય, નવ તત્ત્વ અને આઠ કર્મની ગહન અને સૂક્ષ્મ ચર્ચા દ્વારા આત્માથી પરમાત્મા સુધી પહોંચવાનું માર્ગદર્શન આપેલ છે.

**આનંદકંદ છે આત્મા, આનંદ એમાંથી મળે**
**અન્યે ન વલખાં મારતો, એ મારવાથી શું મળે ?**

આત્મા સત્, ચિત્ આનંદસ્વરૂપ છે. સત્ એટલે નિત્ય, ચિત્ એટલે જ્ઞાનયુક્ત ચૈતન્ય અને આનંદ એ પરમાત્મા સ્વરૂપ છે. આત્મા તરફ અંતરદૃષ્ટિ જ આનંદ આપી શકે, બહાર ગમે તેટલા ભટકીએ પરંતુ પર પદાર્થમાંથી આનંદ મળી શકે નહિ. આનંદ કર્મજન્ય નથી, આત્માની પોતાની અનુભૂતિ છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન મહાવીરે કહ્યું કે આત્મામાં સ્વરૂપનું અજ્ઞાન છે તેનાથી જ બધાં દુઃખો ઉત્પન્ન થાય છે. સ્વના જ્ઞાનમાં દુઃખનાશ અભિપ્રેત છે.

જૈન આગમસાહિત્યના આધારે અનેક ગ્રંથોની રચના થઇ. આચાર્ય ઉમાસ્વાતિ, કુંદકુંદાચાર્ય, આચાર્ય હરિભદ્રસુરી, સિદ્ધસેન દિવાકર, હેમચંદ્રાચાર્ય અને

ઉપાધ્યાય યશોવિજયજી જેવા મહામનીષીઓએ પોતાના સાહિત્યમાં જૈનદર્શન પ્રમાણેના આત્મસ્વરૂપના વિચારો સ્પષ્ટ કર્યા છે. અવધૂત આનંદઘનજી, બનારસીદાસ કે શ્રીમદ્ રાજચંદ્ર જેવા મહાન જૈન કવિઓએ પોતાની દિવ્ય કાવ્યકૃતિમાં આત્માની અમરતાને ગાઇ છે. જૈનદર્શન અનેકાંતવાદી છે. તેથી તે આત્માનું જુદા જુદા સ્વરૂપે દર્શન કરાવે છે. કર્મથી લેપાયેલો જીવાત્મા સર્વ કર્મોથી મુકત થાય છે ત્યારે શુદ્ધાત્મા બને છે. દ્રવ્યાત્મક દષ્ટિએ આત્મા નિત્ય છે એટલે મૂળ દ્રવ્ય તત્ત્વરૂપી આત્માનો કયારેય નાશ થતો નથી, પરંતુ પર્યાયાત્મક દષ્ટિએ આત્મા અનિત્ય છે, એટલે કર્મોને કારણે તે એક જ પર્યાયમાં નિત્ય રહી શકતો નથી, ટકી શકતો નથી. દાખલા તરીકે એક ગતિમાં તેનું આયુષ્ય પૂર્ણ થતાં કર્મ અનુસાર બીજી ગતિમાં અથવા બીજી યોનિમાં જવું જ પડે છે. આમ, અનેકાંત દષ્ટિકોણથી પ્રચલિત દષ્ટિબિંદુ અને સત્ય કે યથાર્થ દષ્ટિબિંદુથી આત્માની સ્થિતિની સ્પષ્ટતા કરી છે.

જૈનાચાર્ય હરિભદ્રસુરીએ આત્માને છ પદ દ્વારા સમજાવ્યો છે. (૧) આત્મા છે (૨) નિત્ય છે. (૩) કર્મનો કર્તા છે (૪) કર્મફળનો ભોકતા છે (૫) આત્માનો મોક્ષ છે. (૬) અને મોક્ષનો ઉપાય સુધર્મ છે.

ભારતનાં અન્ય દર્શનોએ કરેલી તાત્ત્વિક વિચારણા છ પદની અંદર સમાઇ જાય છે. ઉપરાંત, આત્માને અનંત જ્ઞાન, દર્શન અને વીર્યશક્તિનો સ્વામી કહ્યો છે. તેજપુંજ સત્ચિત્ અને આનંદસ્વરૂપ આતમાને અનંતસુખનો સ્વામી કહ્યો છે. આત્માનો મૂળગુણ - જ્ઞાન છે. અક્ષરના અનંતમાં ભાગનું જ્ઞાન આત્માની જે દશામાં હોય તે આત્માની પ્રાથમિક અવસ્થા છે. તેને નિગોદની સ્થિતિ પણ કહે છે. કર્મક્ષય પ્રમાણે આત્માનો શુદ્ધતાનો ક્રમિક વિકાસ થાય છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ, આ વિકાસનો અંતિમ તબક્કો છે. ત્યાર પછી આત્મા સિદ્ધત્વ પામી દિગંતમાં બિરાજે છે.

અનંત તીર્થંકરો કહેતા આવ્યા છે કે રાગદ્વેષ છોડવાથી કર્મ આવરણ તૂટતા આત્મગુણોનું પ્રગટીકરણ થતાં, આત્મા વીતરાગી બને છે અને તે મુકતાત્મા બને છે. જૈનદર્શને સર્વ ભવિ આત્મામાં પરમાત્મા થવાની યોગ્યતા બતાવી છે.

આ દર્શનો તે સનાતત સત્યોની ખોજમાં ઘૂમતી સમસ્ત માનવજાતિની બુદ્ધિપ્રતિભાનું અત્યંત કીમતી ફળ છે. ભારતીય દર્શનસાહિત્યમાં આત્મચિંતન દ્વારા મોક્ષપ્રાપ્તિનાં સાધનો અને માર્ગ બતાવ્યાં છે. મનોવૈજ્ઞાનિક અને વૈજ્ઞાનિક સત્યો પર આધારિત આ દર્શનોમાં ધર્મ અને તત્ત્વજ્ઞાનનો સુંદર સમન્વય છે. બુદ્ધિ સાથે શ્રદ્ધા પર ભાર મૂકીશું, વિવેક સાથે પુરુષાર્થ અને નીતિમત્તા પર લક્ષ રાખીશું તો આ પરંપરા સ્વપરના કલ્યાણનું કારણ બનશે.

# ગુણવંત બરવાળિયા 'ગુંજન'ના પુસ્તકો (સર્જન અને સંપાદન)

- ઊર નિર્ઝરા (સ્વરચિત કાવ્યોનો સંગ્રહ)
- તપાધિરાજ વર્ષીતપ (જૈનદર્શનમાં તપ)
- કલાપી દર્શન (કવિ કલાપીની જન્મશતાબ્દી નિમિતે પ્રગટ થયેલ તેમના જીવન-કવન અને વિવેચનના લેખોનો સંચય)
- હૃદય સંદેશ (શિક્ષણ અને વિદ્યા-જગતને લગતા લેખો)
- પ્રીત - ગુંજન (સો વર્ષના પ્રણય કાવ્યોનો પ્રતિનિધિ સંગ્રહ)
- શૈલેષી (આલોચના અને ઉપાસના)
- અહિંસા મીમાંસા
- Commentry on Non-Violence (અહિંસા મીમાંસા અંગ્રેજી)
- વાણીના ઝરૂખેથી (વાગ્મિતા)
- ચંદ્રસેન કથા
- અધ્યાત્મનિષ્ઠ સંતબાલજી
- સંકલ્પસિધ્ધિના સોપાન
- અમરતાના આરાધક
- આગમ દર્શન (પરિચય પુસ્તક)
- ભગવાન મહાવીર અને સંયમ જીવન
- દામ્પત્ય વૈભવ (દામ્પત્ય જીવનને લગતાં લેખોનો સંચય)
- દાર્શનિક દ્રષ્ટા
- વિશ્વવાત્સલ્યનો સંકલ્પ
- અભિવંદના
- જીવનનું રહસ્ય
- કામધેનું (હિન્દી-અંગ્રેજી)
- ઉત્તમ શ્રાવકો
- અધ્યાત્મ સુધા
- અધ્યાત્મ આભા
- અમૃત ધારા

- અધ્યાત્મ અમૃત (જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલના દશાબ્દી વર્ષ નિમિત્તે સભ્યોના અધ્યાત્મ વિષયક લેખનો સંગ્રહ)
- શ્રીમદ રાજચંદ્ર-એક દર્શન (શ્રીમદ્જીના જીવનના વણસ્પર્શ્યા પાસાનું દર્શન)
- સર્વધર્મ દર્શન
- અમરસેન વયરસેન કથા
- Glimpses of world religions (સર્વધર્મ દર્શન અંગ્રેજી)
- શાકાહાર (અનુવાદ-ડૉ. મધુબહેન બરવાળિયા)
- દુલેરાય માટલિયા કૃત બે વિરલ વિભૂતિઓ શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી
- જ્ઞાન સાધના અને સરસ્વતી વંદના
- મર્મસ્પર્શ
- મૃત્યુનું સ્મરણ
- ભારતીય સંસ્કૃતિમાં દાન ભાવના
- જૈનધર્મ (પરિચય પુસ્તિકા)
- આપની સન્મુખ
- વિચારમંથન

પ્રાપ્તિ સ્થાન :
- નવભારત સાહિત્ય મંદિર
  ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૦૨.
  ગાંધી રોડ, દેરાસર પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧.
- ચિંતન પ્રકાશન : ૧/૩૧૬, સિધ્ધિવિનાયક,
  હિંગવાલા લેન એક્ષ., મુંબઇ-૭૫. ફોન : ૨૫૧૨ ૫૬૫૮.

